# બૃહદ સાબરકાંઠાનો

# કેળવણીનો ઇતિહાસ

**(સાબરકાંઠા અને અરવલ્લી)**


















જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અરવલ્લી (મોડાસા)
કોલેજ કેમ્પસ, ધનસુરા રોડ,
મુ.પો.તા. મોડાસા, જિ.અરવલ્લી.
પીન- 383315
ઇ-મેલ: dietaravalli@gmail.com

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ઇડર (સાબરકાંઠા)
લાલોડા રોડ,
મુ.પો.તા. ઇડર, જિ. સાબરકાંઠા.
પીન- 383430
ઇ-મેલ: dietidar@gmail.com

# લેખન – સંપાદન

## સાબરકાંઠા

શ્રી એચ બી. મછાર (જી.મા.નિયામક)
શ્રી પ્રકાશભાઈ વૈદ્ય
શ્રી ગૌતમભાઈ ભટ્ટ (આચાર્ય)
શ્રી નરેન્દ્ર પટેલ (S.I.)
શ્રી રમેશભાઈ પટેલ (S.I.)
શ્રી ભાવેશભાઈ પ્રજાપતિ (S.I.)
શ્રી હિતેશભાઈ નાયક (S.I.)
શ્રી અંકુર એસ.પટેલ (S.I.)
શ્રી હિતેશ આર. પટેલ (S.I.)
શ્રી મિતુલ મકવાણા (S.I.)
શ્રી દિપકકુમાર પટેલ (S.I.)
શ્રી સાગર જોષી (ઉ.શિ.)
શ્રી દુર્ગેશ પટેલ (આચાર્ય)
શ્રી શશાંકર પાટીલ (ઉ.શિ.)
શ્રી દિલીપ આર.પટેલીયા ( મુ.શિ.)
શ્રી અશ્વિન મહેતા (આચાર્ય )
શ્રી મુકેશભાઈ પટેલ (સી.આર.સી.કો.ઓ.)
શ્રી જયેશ પટેલ (મ.શિ.)
શ્રી કેયુર પ્રજાપતિ (મ.શિ.)
શ્રી આશિષ ચૌધરી (મ.શિ.)
શ્રી કિશનસિંહ પરમાર (મુ.શિ.)
શ્રી સજ્જનબેન પી.ચોહાણ (મ.શિ.)
શ્રી દિલીપ પટેલ (મુ.શિ.)
શ્રી ભાવનાબેન મોદી (મુ.શિ.)
શ્રી અશ્વિનભાઈ સુથાર (S.I.)

શ્રી નીરવ પટેલ (મ.શિ.)
શ્રી કિરણભાઈ પટેલ (આચાર્ય )
શ્રી શૈલેશભાઈ પટેલ (મુ.શિ.)
શ્રી રમેશભાઈ સાધુ (સી.આર.સી.કો.ઓ.)
શ્રી દિનેશભાઈ ઠાકોર (મ.શિ.)
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (આચાર્ય )
શ્રી હિરેન મહેતા (ઉ.શિ.)
શ્રી કરશન દેસાઈ (મ.શિ.)
શ્રી પીયુષભાઈ દવે (આચાર્ય )
શ્રી રણછોડભાઈ ચૌધરી (પ્રોફેસર )
ડૉ.ભગવાનદાસ પટેલ (પ્રોફેસર)
શ્રી જશુભાઈ પટેલ ( આચાર્ય )
શ્રી પ્રકાશભાઈ સુથાર (આચાર્ય )
શ્રી પીયુષ ડી જોષી (સી.આર.સી.કો.ઓ.)
શ્રી પ્રકાશભાઈ વણકર (સી.આર.સી.કો.ઓ.)
શ્રી પીયુશભાઈ જોષી (બી.આર.સી.કો.ઓ.)
શ્રી શાંતિભાઈ પ્રજાપતિ (નિવૃત્ત શિક્ષક )
શ્રી અશોક બારોટ (આચાર્ય )
શ્રી દિનેશ પંચાલ (મુ.શિ)
શ્રી પાર્થિક ઠક્કર (ઉ.શિ.)
શ્રી જયેશભાઈ પટેલ ( સંપાદક પ્રજાસેતુ)
શ્રી એમ .પી.કોટવાલ (ગ્રંથપાલ )
શ્રી અંકુર દેસાઈ (આચાર્ય )
શ્રી દીપકભાઈ ડી. પંચાલ (ઉ.શિ.)

## અરવલ્લી

શ્રી ધર્મેન્દ્રકુમાર ત્રિવેદી (S.I.)
શ્રી આર.સી.મહેતા (આચાર્ય)
શ્રી રાકેશભાઈ મહેતા (આચાર્ય)
શ્રી પીન્ટુભાઈ આર.ખાંટ
શ્રી પટેલ પ્રભુદાસ જે. (આચાર્ય)
શ્રી શંભુજી ખાંટ (પ્રોફેસર)
શ્રી અશ્વિન રાઠોડ (મ.શિ.)
શ્રી મિનેષકુમાર પંચાલ
શ્રી મોતીભાઈ બી.નાયક
શ્રી અશોકભાઈ એસ. વણકર
શ્રી નરેન્દ્રભાઈ આર. પંડ્યા
શ્રી કમલેશકુમાર વી. ભરવાડ
શ્રી સચિન આર. ખોરસિયા
શ્રી ઉદેસિંહ એલ.ઝાલા
શ્રી આરાધનાબેન પી. બારીયા
શ્રી ઈલાબેન કે. અસારી
શ્રી પંકજભાઈ ચૌહાણ (બી.આર.સી.)
શ્રી કમલેશ એન. પંડ્યા
શ્રી સંદીપભાઈ કે. પટેલ
શ્રી અમિતભાઈ બી. પટેલ
શ્રી કમલેશભાઈ પટેલ
શ્રી દિલીપભાઈ એન. પટેલ
શ્રી નારાયણભાઈ એન.ખરાડી
શ્રી વણકર દશરથભાઈ
શ્રી કે. ચંદ્રરાવ

---

© જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,ઈડર
(સાબરકાંઠા) અને અરવલ્લી

પ્રથમ આવૃત્તિ : વર્ષ ૨૦૨૦-૨૧

# બૃહદ સાબરકાંઠાનો

# કેળવણીનો ઇતિહાસ

## (સાબરકાંઠા અને અરવલ્લી)

**પ્રેરક**

શ્રી ડૉ. ટી .એસ. જોષી નિયામક, જીસીઈઆરટી - ગાંધીનગર

**માર્ગદર્શક**

શ્રી કે.ટી.પોરાણિયા પ્રાચાર્ય, DIET – ઈડર, જિલ્લો – સાબરકાંઠા

**સંપાદક**

શ્રી મોહનભાઈ આઈ. પટેલ
નિવૃત્ત આચાર્ય
માય ઓન હા. હિંમતનગર

શ્રી એન .ડી.પટેલ
સિ.લેકચરર DIET-મોડાસા
જિલ્લો - અરવલ્લી

શ્રી અશ્વિન મો. પટેલ
સિ.લેકચરર DIET-ઈડર
જિલ્લો - સાબરકાંઠા

ડૉ.મદનસિંહ જી. ચૌહાણ
સિ.લેકચરર DIET-ઈડર
જિલ્લો - સાબરકાંઠા

**સહ સંપાદક**

શ્રી જીજ્ઞેશભાઈ સુથાર
(આચાર્ય, સરસ્વતી હા.,મોડાસા )

શ્રી સુભાષ પટેલ 'એકાંત'
( શ્રી એમ.પી.શાહ હા. જીતપુર )

શ્રી ઈશ્વરભાઈ પ્રજાપતિ
( આચાર્ય, આકરૂન્દ પ્રા. શાળા )

શ્રી હિતેન્દ્રકુમાર વી. પટેલ
(ઉ.શિ, કાંકણોલ પ્રા.શાળા )

**પ્રકાશક**


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અરવલ્લી (મોડાસા)
કોલેજ કેમ્પસ, ધનસુરા રોડ,
મુ.પો.તા. મોડાસા, જિ.અરવલ્લી.
પીન- 383315
ઇ-મેલ: dietaravalli@gmail.com

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ઇડર (સાબરકાંઠા)
લાલોડા રોડ,
મુ.પો.તા. ઇડર, જિ. સાબરકાંઠા.
પીન- 383430
ઇ-મેલ: dietidar@gmail.com

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
# ઈડર (સાબરકાંઠા)

લાલોડા રોડ, મુ.પો.તા. ઈડર, જિ. સાબરકાંઠા.પીન- 383430 ઇ-મેલ: dietidar@gmail.com

## કેળવણીના ઈતિહાસ પુસ્તક સર્જન વેળાએ .......!



નમસ્કાર .......!

સારસ્વત મિત્રો .

"જમીન ખોદો તો પથ્થર નીકળે,
મથતા રહો ક્યાંક ઈશ્વર નીકળે.
ઈતિહાસમાં ખોવાઈ છે ભવ્યતા,
શોધતા રહીએ તો નક્કર નીકળે." - અમાસ

વિશ્વ કેળવણીમાં નાલંદા અને તક્ષશિલા જેવી વિશ્વવિદ્યાલયોથી ભારતીય સંસ્કૃતિ ગૌરવ લઈ રહી છે. અને તે પહેલાં પણ વૈદિક શિક્ષણ પ્રણાલીનો ઈતિહાસ આપણને પૌરાણિક કાળ સુધી લઈ જાય છે. ભગવાન કૃષ્ણ હોય કે રામ,તેમણે પોતાના ગુરુના આશ્રમમાં જઈ અભ્યાસ કર્યો છે. અને બીજા શિષ્યોની જેમ કરવા પડતા તમામ કાર્યો કર્યા છે. આ બધી બાબતોની માહિતી આપણને આપણા વેદો, ઉપનિષદો અને પૌરાણિક ગ્રંથોમાંથી મળી રહે છે. જેથી આપણે તેનું ગૌરવ લઈ શકીએ છીએ.

સાંપ્રત સમયમાં ચાલતી શિક્ષણ પ્રવાહની પ્રણાલી વિશે આપણને કેટલી ખબર છે ? જો આ પ્રશ્ન પૂછીએ તો તેનો બરાબર જવાબ મળતો નથી. શિક્ષણ આટલું ફૂલ્યું ફાલ્યું છે,પણ તે માટે સમાજના કેટલા બધા લોકોએ પોતાનો સમય ,પૈસા અને સંસાધનોનો ભોગ આપ્યો છે.? જો એ બાબતને આપણે યાદ ન રાખીએ તો આપણી કેળવણી અધૂરી ગણાય, ખરૂ ને !

જી.સી.ઈ.આર.ટી.ના માનનીય નિયામક શ્રી ડૉ.ટી.એસ.જોષી સાહેબ ઉત્તમ કેળવણીકારની સાથે-સાથે દીર્ઘદ્રષ્ટા પણ છે. તેમણે આ વિચારને લઈ દરેક જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ લખવાનું કાર્ય રાજ્યના તમામ DIETને સોંપ્યું છે ત્યારે તેઓશ્રી માને છે, કે સમાજના જે મહાનુભાવોએ શિક્ષણમાં પોતાનું જીવન સોંપ્યું છે તેઓને આવનારો સમય અને સમાજ યાદ કરે તે માટે શિક્ષણનો ઈતિહાસ લખાવો જોઈએ.આ એક સુવર્ણ પાનું બની રહેવું જોઈએ. એવા ભાવ સાથે બૃહદ સાબરકાંઠા જિલ્લાનો કેળવણીના ઈતિહાસનું નવલું પુસ્તક સર્જન પામ્યું છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કેળવણીના ઈતિહાસનું આ પુસ્તક સમાજના જાગૃતવર્ગને શિક્ષણ માટે પથદર્શક બની રહેશે. એટલું જ નહીં પણ આપણા વડીલોએ કરેલું ભગીરથ કાર્ય આપણે આગળ વધારવું જોઈએ અને જે દાતાઓએ દાન કરેલ છે તેઓ માટે અહોભાવ પેદા કરશે. તેમજ સંશોધન કરનારાઓ માટે આ પુસ્તક સંશોધન કાર્યને વેગવંતુ બનાવવા મદદરૂપ બની રહેશે, કારણકે બૃહદ સાબરકાંઠાના શિક્ષણના ઈતિહાસ પર આવું પુસ્તક લેખન કાર્ય કરવાનો પ્રથમ પ્રયાસ છે.

આ સાથે 'બૃહદ સાબરકાંઠાના કેળવણીનો ઈતિહાસ' પુસ્તક ગુજરાતના શિક્ષણપ્રેમીઓના કરકમળમાં મૂકતાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર અને મોડાસા, ઉમાશંકર જોષીના કાવ્ય જેવી મૃદુતા અને પન્નાલાલની નવલકથાની મૌલિક સાહજિકતાનો અનેરો ઉત્સાહ અનુભવે છે.આશા છે આ પુસ્તક આપ સૌને 'ખપ' લાગશે. એટલું જ નહી આપણા જિલ્લાના કેળવણીના ઈતિહાસને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરી રહ્યાં છીએ ત્યારે આપ આ સંદર્ભે આપના અભિપ્રાયો અને સૂચનો ભવિષ્યમાં ઉપયોગી બની રહેશે . આ સાથે આ પુસ્તકમાં સહયોગ આપનાર નામી અનામી સર્વેને અભિનંદન સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ. આ પુસ્તક આપા સૌને ગમશે એવી આશા સહ ધન્યવાદ .....

કે.ટી.પોરાણિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,ઈડર
જિલ્લો – સાબરકાંઠા

# પ્રસ્તાવના

કવિ ન્હાનાલાલે સાબરકાંઠાને ગુજરાતની 'ભિતરિયા ભૂમિ' તરીકે ઓળખાવી છે. આ જિલ્લો ઉત્તર ગુજરાતમાં આવેલો છે. ગુજરાત રાજ્યની ઉત્તર-પૂર્વ દિશાએ રાજસ્થાનની સરહદને સ્પર્શીને વિસ્તરેલ સાબરકાંઠા સંસદીયક્ષેત્રનું કુલ ક્ષેત્રફળ ૭૩૯૦ ચોરસ કિલોમીટર છે. ૨૩°૩' ઉત્તર અક્ષાંશથી ૨૪°૨૩' ઉત્તર અક્ષાંસ તથા ૭૨°૪૩' પૂર્વ રેખાંશથી ૭૩°૨૯' પૂર્વ રેખાંશની વચ્ચે આવેલો આ વિસ્તાર અરવલ્લીની ગિરિમાળાઓથી સુશોભિત છે.

અરવલ્લીની ગિરિમાળાઓ, જંગલો, નદીઓ તથા વનરાજીથી સુશોભિત સાબરમતીના કિનારે વિકસિત આ પ્રદેશની સંસ્કૃતિના મૂળ આશરે બે લાખ વર્ષ પુરાણા છે. દ્વાપરયુગમાં 'ઇલ્વભૂમિ' તરીકે ઉલ્લેખ કરેલો જોવા મળે છે. સાબરકાંઠાની ભૂમિ પુરાતનકાળથી મનોહર છે. અહીંની ભીની માટીમાંથી સુગંધ પ્રસરે છે. આ ધરતી ભારતીય સંસ્કૃતિથી તરબતર છે. પ્રકૃતિ અહીં સ્વયં નૃત્ય કરે છે. અહીંની અહલાદકતા કોઈપણ સંવેદનશીલ માનવીને જાગૃત બનાવી મૂકે છે.

સાબરકાંઠા જિલ્લાનો ઈતિહાસનો સંદર્ભ ક્ષત્રપ કાળ 'સિરકા' (ઇ.સ.૮૫ થી ૪૦૦) સુધી પ્રાપ્ત નથી. ઈસ.૪૬૭માં શામળાજીમાંથી ગુપ્તકાલીન કેટલાક ઉત્કૃષ્ટ નમૂનાઓ મળ્યા હતા. ચીની યાત્રિક હ્યુ-એન-સાંગ (ઇ.સ.૬૪૦) 'અટાલી' નામના પ્રદેશનો તેના વર્ણનમાં ઉલ્લેખ કરે છે. જેનું સંભવતઃ મુખ્ય મથક ઇડર નજીકના વડાલી (વડથલી) દ્વારા પ્રતિનિધિત્વ કરાતું હોઈ શકે. આ જિલ્લો માળવાના પરમારની હકુમત હેઠળ હતો. માળવાના રાજા ભોજ પરમારના દેહાંત પછી આ જિલ્લો અણહિલવાડ પાટણના ચાલુક્યના તાબામાં આવ્યો (ઇ.સ.૧૦૫૪-૫૫). ૧૦-૧૧મી સદીમાં માળવાના પરમાર રાજાઓ જેવા કે, માલવપતિ મુંજ, સિંધુરાજ, રાજાભોજનો સમાવેશ થાય છે. ઇ.સ.૧૨૦૩ સુધી ચાલુક્ય વંશના રાજાઓ, અર્જૂનદેવ, કરણદેવ વાઘેલાએ રાજ કરેલ છે. ઇ.સ. ૧૨૯૮થી મુસ્લિમ શાસનની શરૂઆત થઈ. જે ૪૫૨ વર્ષ સુધી ચાલી. અહમદશાહે આ કાળમાં અહમદનગરની સ્થાપના કરી જે 'હિંમતનગર' તરીકે ઓળખાય છે. ઇ.સ.૧૮૨૦માં અંગ્રેજ હકૂમતની શરૂઆત થઈ અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન રહ્યું હતું.

ઇડર જિલ્લાનું મુખ્યમથક બની રહ્યું. અનેક રાજા- રાજવીઓએ ઈડરીયાગઢમાંથી શાસન કર્યું. છેલ્લે ૧૮૬૯માં રાજા કેશરીસિંહજી તથા ૧૯૧૦થી મહારાજા દોલતસિંહજી એ આઝાદી સુધી શાસન ધૂરા સંભાળી.

આ જિલ્લો અગાઉ મહીકાંઠા એજન્સીનો ભાગ હતો. ૧૯૪૮માં એને 'મહીકાંઠા જિલ્લો' એવું નામ આપવામાં આવ્યું. પરંતુ મહીનદી આ જિલ્લામાંથી પસાર થતી ન હોઈ, સાબરમતી નદીના કિનારે આ જિલ્લો આવેલો હોવાથી 'સાબરકાંઠા' જિલ્લો નામ આપવામાં આવ્યું. તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૪૯થી સાબરકાંઠા જિલ્લો અસ્તિત્વમાં આવેલો છે. સાબરકાંઠા નવેમ્બર ૧૯૫૬માં બૃહદ્ મુંબઈ રાજ્યનો ભાગ હતો. પરંતુ ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની અલગ રચના થયા બાદ રાજ્યનો એક અભિન્ન હિસ્સો થયો. જે ઉત્તર ગુજરાતમાં સમાવિષ્ટ છે. આઝાદી પછી આ જિલ્લામાં ૧૦ તાલુકાઓ હતા. હિંમતનગર, પ્રાંતિજ, ઇડર, ખેડબ્રહ્મા, ભિલોડા, વિજયનગર, મેઘરજ, મોડાસા, માલપુર અને બાયડ ત્યાર બાદ પુનઃરચના થતાં બીજા નવા તાલુકાઓ તલોદ, ધનસુરા, વડાલી અને પોશીના ઉમેરાયા. આમ કુલ ૧૪ તાલુકાઓ અસ્તિત્વમાં આવ્યા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ મૂળ સાબરકાંઠામાંથી નવનિર્મિત જીલ્લો અરવલ્લી અસ્તિત્વમાં આવ્યો. આમ, માલપુર, મેઘરજ, મોડાસા, બાયડ, ભિલોડા, ધનસુરા તાલુકાઓનો અરવલ્લી જિલ્લામાં સમાવેશ કરવામાં આવ્યો. સને ૨૦૦૬ના વર્ષમાં આંકડા મુજબ જિલ્લામાં કુલ ૧૩૮૬ ગામો, ૧૦ શહેરો અસ્તિત્વમાં હતા અને સાક્ષરતા દર ૬૧.૩૨% હતો.

સાહિત્યક્ષેત્રે આ જિલ્લાના સાહિત્યકારોએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ જિલ્લાનું નામ રોશન કર્યું છે. કવિ શ્રી ઉમાશંકર જોષી ('નિશીથ'ના સર્જક, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા), પન્નાલાલ પટેલ ('માનવીની ભવાઈ'ના સર્જક, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા), શ્રી રમણલાલ સોની 'સુદામો' (બાળવાર્તાકાર), ભોગીલાલ ગાંધી 'ઉપવાસી', જયવદન પટેલ, પરાજિત પટેલ, દેવેન્દ્ર પટેલ, પ્રતાપસિંહ રાઠોડ ( સારસ્વત),

અરવિંદ ગજ્જર, રમેશ પટેલ (ક્ષ) જિલ્લાનું સાહિત્યક્ષેત્રે નામ ઉજ્વલ કર્યું છે. કલાક્ષેત્રે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી, રામાયણ ધારાવાહિકના 'લંકેશ' તરીકે પ્રખ્યાત અરવિંદ ત્રિવેદી, મનોજ જોષી (અડપોદરા), ભીખુદાન ગઢવી, બાપુલાલ નાયક, સુંદરભાઈ નાયક, ભરતભાઈ વ્યાસ, પ્રકાશ વૈધ, અરવિંદ પંડ્યા, રમેશ કરોલકાર વગેરેએ અભિનયનાં અજવાળા પાથર્યા છે.

જીવનનું ઘડતર કરવાનું કામ શિક્ષણ કરે છે અને આ કળા કેવી રીતે પ્રાપ્ત કરવી તે કામ કેળવણી કરે છે. કેળવણી એ જીવન વ્યાપ્ત છે. કેળવણી એ માણસને પોતાની આજીવિકા આપે એટલું પૂરતું નથી, પણ જીવન કેવી રીતે જીવવું તેની ફિલસૂફી પણ આપે છે. કેળવણીનું મુખ્ય કામ દરેક માણસની અંદર પડેલ સર્જક તત્વને સક્રીય બનાવવાનું છે. માણસ કોઈ પણ પરિસ્થિતિમાં મુકાય ત્યારે તેનો રચનાત્મક ઉપયોગ કરી શકે એવી સ્થિતિમાં હોવો જોઈએ - અને તે કેળવણી દ્વારા જ સાર્થક થઈ શકે .

આઝાદી પ્રાપ્ત કર્યા પછી આપણા દેશ સમક્ષ અનેક પડકારો હતા. ટાંચા આર્થિક સાધનો સામે વિકાસની લાંબી કેડી કંડારવાની હતી. આપણા શિક્ષણવિદો, કેળવણીકારો અને કર્મઠ નેતાઓએ સુચારું આયોજન દ્વારા આ કાર્યને પાર પાડવા કમર કસી હતી. સાક્ષરતા દર ઘણો જ નીચો હતો. ૧૯૫૧ના ગેઝેટ મુજબ સાબરકાંઠા જિલ્લામાં કુલ ૯૧,૧૧૮ લોકો જ શિક્ષિત હતા. જે કુલ વસ્તીના માત્ર ૧૩.૩૨% હતા. તેમાં પુરુષોનો સાક્ષરતા દર ૨૧.૬૩% અને મહિલાઓનો સાક્ષરતા દર માત્ર ૪.૭૮% હતો. આવી વિકટ પરિસ્થિતિમાં જિલ્લાને વિકાસને પંથે અગ્રેસર કરવો ખૂબ જ કઠિન કાર્ય હતું. અહીં નોંધપાત્ર બાબત એ છે કે સાર્વજનિક મંડળોએ ગ્રામ્ય તથા શહેરી ક્ષેત્રે ખૂબ જ સહકારથી કાર્ય કરી શિક્ષણ ક્ષેત્રે પાયાનું કામ કર્યું છે. પોતાના જ ગામમાં પાયાનું પ્રાથમિક શિક્ષણ મળી રહે તે અગત્યની બાબત હતી. શરૂઆતમાં પ્રાથમિક શાળાઓની સ્થાપના અને ત્યારબાદ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ કાર્યરત કરવા ભગીરથ પુરુષાર્થ કરવામાં આવ્યો છે.

આપણી ભાવિ પેઢીના બાળકો સાબરકાંઠા જિલ્લાના કેળવણીના ઇતિહાસથી પરિચિત થાય અને જિલ્લાના જુદા જુદા ગામોમાં સૌપ્રથમ શિક્ષણની જ્યોત પ્રગટાવનાર મહાનુભાવ પ્રત્યે પોતાનો અહોભાવો વ્યક્ત કરી શકે તથા કેળવણીનો ઈતિહાસ સંશોધન ક્ષેત્રે અતિ ઉપયોગી બની શકે એ હેતુથી આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ પુસ્તક લખવાની પ્રેરણા અમોને જી.સી.ઇ.આર.ટી.ના નિયામક માનનીય ડૉ. ટી. એસ. જોષી સાહેબ તથા સચિવશ્રી વિનયગીરી ગોસાઇ સાહેબે પૂરી પાડી છે. આ તબક્કે અમો જી.સી.ઇ.આર.ટી.-ગાંધીનગર રિ. એસો. અખિલભાઈ ઠાકર અને ભાર્ગવભાઈ ઠક્કર તથા ઈસિતાબેન મહેતાનો આભાર વ્યક્ત કરીએ છીએ. બૃહદ સાબરકાંઠા જિલ્લાનો કેળવણીનો ઇતિહાસ તૈયાર કરવામાં જિ. શિ. અધિકારીશ્રી એસ.કે.વ્યાસ સાહેબ, જિ.પ્રા.શિ.અધિકારીશ્રી હર્ષદભાઈ ચૌધરી સાહેબ, જિ.શિ.અધિકારીશ્રી ગાયત્રીબેન પટેલ, જિ.પ્રા.શિ. અધિકારીશ્રી સ્મિતાબેન પટેલ અને પૂર્વ જિ.પ્રા.શિ. અધિકારીશ્રી એ.કે. મોઢપટેલ સાહેબ, નાયબ જિ.પ્રા.શિ. સમીરભાઈ પટેલ સાહેબ અને સમગ્ર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના બી.આર.સી.કૉ. અને સી.આર.સી.કૉ.નો સહયોગ પ્રાપ્ત થયો છે. સાથે સાથે જિલ્લાના ચુનંદા શિક્ષક મિત્રોનો એ સમગ્ર જિલ્લાની જુદી જુદી શાળાઓ, સંસ્થાઓમાં રૂબરૂ જઈ માહિતી એકત્ર કરવાનું ભગીરથ કામ તેમણે પૂર્ણ કર્યું છે. તદ ઉપરાંત જિલ્લા માહિતી ખાતામાંથી તથા અન્ય સ્ત્રોતો દ્વારા સંદર્ભ ગ્રંથોની મદદ લઈને આ પુસ્તક તૈયાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે ત્યારે નામી અનામી સંસ્થાઓનો ઉલ્લેખ કરવાનો પ્રયાસ કર્યો છે છતાં પણ માહિતીઉપલબદ્ધ નહોવાના કારણે તથા જાણે અજાણે સ્થાન મર્યું ના હોય તો ક્ષમ્ય ગણાશે અને ભવિષ્ય માટે આપના સૂચનો આવકાર્ય છે. આ પુસ્તક 'બૃહદ સાબરકાંઠાની કેળવણીનો ઇતિહાસ' , બાળકો, શિક્ષકો અને કેળવણીકારો માટે ઉપયોગી શૈક્ષણિક સંદર્ભ ગ્રંથ બની રહેશે. અંતે આ પુસ્તક લેખન કાર્ય દરમિયાન ક્ષતિ રહી જવા પામી હોય તો ક્ષમ્ય ગણશો. અમોને આશા છે કે આ ભગીરથ કાર્ય કેળવણીના ઈતિહાસ સંદર્ભે પથદર્શક બની રહેશે. શુભમ ભાવતું ......

**અશ્વિન મો. પટેલ**

**(સિ.લેક્ચરર)**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન -ઈડર , જિલ્લો - સાબરકાંઠા**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાનાં નંબર |
|---|---|---|
| ૧ | સ્વતંત્રતા પૂર્વેની કેળવણી | ૧ |
| ૨ | પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ અને પ્રગતિ | ૧૦ |
| ૩ | માધ્યમિક  શિક્ષણનો પ્રારંભ અને વિકાસ | ૧૭ |
| ૪ | ઉચ્ચ શિક્ષણના મંડાણ અને વિકાસ | ૨૯ |
| ૫ | શિક્ષણ સામેના પડકારો | ૪૫ |
| ૬ | શિક્ષણ ક્ષેત્રે મહત્વનુ યોગદાન આપનાર વ્યક્તિ વિશેષ | ૪૭ |
| ૭ | શિક્ષણના આધારસ્તંભ સમી સંસ્થાઓ | ૬૩ |
| ૮ | કેળવણી ક્ષેત્રે કામગીરી કરતી વિશિષ્ટ, નિર્દિષ્ટ સંસ્થાઓ | ૮૦ |
| ૯ | સંદર્ભ સાહિત્ય | ૧૦૪ |


<u>બૃહદ સાબરકાંઠા જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ પુસ્તક ડિજિટલ સ્વરૂપે (e-book)</u>

આપેલ QR Coad સ્કેન કરીને પુસ્તક ડાઉનલોડ કરી શકો છો, તેમજ www.dietidar.in અને www.dietmodas.in વેબસાઈટનાં DOWNLOADS ઓપ્શનમાં પણ ઉપલબ્ધ છે.

## ✵ કેળવણીના કસબી ✵



# પ્રકરણ : ૧
# સ્વતંત્રતા પૂર્વેની કેળવણી

ભારતમાં કેળવણીનો સંબંધ ઐતિહાસિક રીતે વ્યક્તિગત વ્યવહાર સાધક રહેલો છે. ગુરુ અને શિષ્યના વ્યક્તિગત આદાન-પ્રદાન અને વ્યવહાર પર આધારિત કેળવણી સદીઓ સુધી એક આદર્શ વ્યક્તિ કેન્દ્રિત સંસ્થા બની રહી હતી. સમય જતાં એણે ગુરુકૂલ, વિદ્યાપીઠ વિગેરે જેવું વ્યાપક સંસ્થાત્મક સ્વરૂપ પ્રાપ્ત કર્યું. નાલંદા, વલભી અને તક્ષશીલા તેના જ્વલંત ઉદાહરણ છે. સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખી કેળવણી આપવાની વ્યવસ્થા ઊભી થઈ. કેળવણીની નીતિનું સુરેખ સવિસ્તાર બયાન આપવાની પ્રણાલિકા બ્રિટીશ યુગમાં થવા પામી છે. તે ત્રણ ભાગમાં વહેંચી શકાય.

૧. ઈ.સ. ૧૭૮૫ થી ૧૮૫૪ સુધીમાં બ્રિટીશ રાજ્યની શૈક્ષણિક નીતિની પૂર્વ તૈયારીના ઈતિહાસની મૂલ્યવાન પાયાની સામગ્રી અનેક દસ્તાવેજોમાંથી પ્રાપ્ત થાય છે.

- ચાર્લ્સ ગ્રાન્ટના નિરીક્ષણો (ઈ.સ. ૧૭૯૭)
- ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ચાર્ટરો (ઈ.સ. ૧૮૧૩, ૧૮૩૩, ૧૮૫૩)
- મહત્વના અધિકારીઓના લેખપત્રો (ઈ.સ. ૧૮૨૩, ૧૮૩૫, ૧૮૪૭, ૧૮૫૦)
- લોર્ડ મિન્ટોનો શૈક્ષણિક લેખ (ઈ.સ. ૧૮૧૧)
- ગવર્નર જનરલના લેખપત્રો , ગવર્નરના લેખપત્રો

૨. ઈ.સ. ૧૮૫૪ થી ૧૯૧૯ સુધીના ગાળા દરમ્યાન રાજ્યની શિક્ષણ નીતિમાં ખેડાણ, વિકાસ, દ્રઢીકરણ અને મૂલ્યાંકનની સામગ્રી આ પ્રમાણેના દસ્તાવેજોમાંથી મળી આવે છે.

- વૂડનો ખરીતો અથવા આજ્ઞા પત્ર (ઈ.સ. ૧૮૫૪)
- યુનિવર્સિટી આયોજન માટેની મધ્યસ્થ સમિતિનો અહેવાલ (ઈ.સ. ૧૮૫૫)
- ભારતીય યુનિવર્સિટી ધારો - ઈ.સ. ૧૮૫૭
- આજ્ઞા પત્રો (ઈ.સ. ૧૮૫૮, ૧૮૫૯)
- ભારતીય સરકારનો શૈક્ષણિક નીતિ વિષયક ઠરાવ (ઈ.સ. ૧૯૦૪, ૧૯૧૩)
- ફરજિયાત શિક્ષણ વિશેનો ધારો (ઇ.સ. ૧૯૧૮)

3. ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૩૭ના દ્વિમુખી શાસનકાળમાં તથા ૧૯૩૭ થી ૧૯૪૭ સુધીના પ્રાંતીય સ્વાયત્તતા શાસનકાળમાં શૈક્ષણિક નીતિના મંડાણ, દ્રઢીકરણ અને મૂલ્યાંકનમાં ફાળો આપનાર દસ્તાવેજો આ પ્રમાણે છે.

- ભારતનો ચેમ્સ ફર્ડનો ધારો - ઈ.સ. ૧૯૧૯
- હાર્ટોગ શિક્ષણ સમિતિનો અહેવાલ - ઈ.સ.૧૯૨૯
- પ્રાંતીય પ્રાથમિક કેળવણી તથા પ્રાંતીય સ્વાયત્તાના ધારાઓ અનુક્રમે ઈ.સ. ૧૯૨૯-30 અને ઈ.સ.૧૯૩૫
- બુનિયાદી કેળવણી વિશે ડૉ.ઝાકીર હુસૈન સમિતિનો અહેવાલ - ઈ.સ. ૧૯૩૭
- વુડ અને એબર્ટ સમિતિના અહેવાલ - ઈ.સ. ૧૯૩૭
- ખેર સમિતિનો અહેવાલ - ઈ.સ. ૧૯૩૯-૪૦
- પ્રૌઢ શિક્ષણ સમિતિનો અહેવાલ - ઈ.સ. ૧૯૩૯
- સાર્જન્ટ સમિતિનો અહેવાલ - ઈ.સ. ૧૯૩૯
- નેશનલ પ્લાનિંગ સમિતી અહેવાલ
- પ્રાંતીય સરકારોના વાર્ષિક અહેવાલો તથા મધ્યસ્થ સરકારની કેળવણી વિકાસની પંચવર્ષીય સમીક્ષાઓના અહેવાલો - ઈ.સ. ૧૯૨૨-૨૭

બ્રિટિશ યુગની કેળવણીમાં 'વૂડનો ખરીતો - ઈ.સ. ૧૮૫૪'એ વર્તમાન કેળવણીનો પાયો નાંખ્યો છે અને શિક્ષણની ઈમારતનું વ્યવસ્થિત માળખું ઊભું કર્યું છે. એના વિશિષ્ટ ઉદ્દેશો દ્વારા પ્રજાના બૌદ્ધિક, નૈતિક અને ભૌતિક વિકાસનું શ્રેય સધાયુ છે. કંપની સરકારે વિવિધ ખાતાઓના સંચાલનમાં ઉપયોગી થાય તેવા કાર્યક્ષમ કર્મચારી તૈયાર કર્યા છે. તેનો ઉદ્દેશ યુરોપિયન વિદ્યાઓ અને વિજ્ઞાનના જ્ઞાનનો ફેલાવો કરવો અને તેના દ્વારા પોતાની સમૃદ્ધિ વધારવાનો રહ્યો છે. છતાં, ભારતમાં અંગ્રેજી પદ્ધતિની નવી કેળવણી પ્રથાનું નિર્માણ કરવામાં આ ધારાઓનું ઐતિહાસિક મૂલ્ય ઘણું રહ્યું છે.

હંટર શિક્ષણ પંચ - ઈ.સ. ૧૮૮૨ (ડૉ. ડબલ્યુ. ડબલ્યુ. હંટર)એ સાર્વજનિક શિક્ષણનો વિસ્તાર કરવા અને લોકપ્રિય કરવા સૂચનો કરેલાં છે. દેશી શાળાઓને માન્યતા આપી સામાન્ય લોકોનું શિક્ષણ ઉચ્ચ વર્ગના લોકો સાથે સમાન ગતિથી આગળ વધવા સૂચનો કરેલ છે.

સાર્જન્ટ સમિતિ (૧૯૪૪) એ પણ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ૪૦ વર્ષમાં ૬થી ૧૪ વર્ષના બાળકો માટે સાર્વત્રિક, ફરજિયાત શિક્ષણ માટે ભગીરથ પ્રયત્નો કરવા સૂચનો કરેલ. પ્રાથમિક શિક્ષકોને આર્થિક રીતે પગભર કરવા પગાર ધોરણો વધારવા અને પ્રાથમિક કેળવણીના ૭૦% નાણાં શિક્ષકોના પગાર પેટે ખર્ચવા ઐતિહાસિક સૂચનો કરેલ.

ઇન્ડિયન યુનિવર્સિટી કમિશન (ઈ.સ. ૧૯૦૨) લોર્ડ કર્ઝને સૂચવ્યું હતું. જેનો આદર્શ હતો ભારતીય યુનિવર્સિટીઓને ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ સમાન બનાવવી. આ કમિશને યુનિવર્સિટી સુધારણા અંગે ક્રાંતિકારી ફેરફારો કરવા મહત્વનું કામ કર્યું છે.

ફેડલર કમિશન (ઈ.સ.૧૯૧૭-૧૮)માં જયોર્જ પંચમે માધ્યમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા ડોક્ટર માઇકલ ફેડલરના અધ્યક્ષ પદે આ કમિશન રચ્યું હતું. જેણે માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી પગલાં ભરવા અનેક વ્યવહારુ સૂચનો કરેલ છે.

## ❋ <u>બ્રિટીશ રાજ્યની શૈક્ષણિક નીતિની સમીક્ષા</u>

બ્રિટીશ રાજ્ય એ વિદેશી શાસન હતું. શૈક્ષણિક નીતિના ઘડવૈયાઓએ બ્રિટનમાંની કેળવણીની ઘટનાઓ હંમેશા ધ્યાનમાં રાખી હતી. બ્રિટનમાં નિષ્ફળ ગયેલી નીતિ અને રીત રસમો તેમણે ભારતમાં અપનાવવાની ચાલુ રાખી હતી. જે શિક્ષણનીતિઓ બ્રિટનમાં શ્રેષ્ઠ ન હોય તે ભારતમાં શ્રેષ્ઠ હોય તેવું અધિકારીઓ માનતા હતા. કેટલાક અધિકારીઓમાં દૂરંદેશીપણું અને વિકાસની દ્રષ્ટિ હતી પણ તે ખૂબ ઓછા પ્રમાણમાં હતી. બ્રિટીશ રાજ્યની ભારતમાંની શૈક્ષણિક નીતિ પર રાષ્ટ્રવાદીઓએ આકરી ટીકા કરી છે. ગોખલેએ આ શિક્ષણનીતિ 'ટૂંકી દ્રષ્ટિવાળી, અપૂરતી, રાષ્ટ્રના વિકાસ માટે વિઘાતક, શંકાશીલ અને જનતા જનાર્દનના કલ્યાણની ભાવના વિહોણી' ગણાવી હતી. આ શિક્ષણનીતિમાં ભારતના શિક્ષણ અને સંસ્કૃતિના ભવ્ય વારસાની સદંતર અવહેલના કરવામાં આવી હતી.

પુસ્તકિયા, શ્રમ તરફ સૂગ ધરાવનારા, સુંવાળી મનોવૃત્તિ વાળા, કૌશલ્ય અને સર્જનશક્તિ વિહોણા, પશ્ચિમ તરફ પ્રેરણા માટે મીટ માંડનારા, માહિતીનો બોજ ઉચકનાર બુદ્ધિજીવીઓ, રાષ્ટ્રને બહુધા નિરુપયોગી નાગરિકો બ્રિટીશ રાજ્યની શૈક્ષણિક નીતિથી ઘડાયા.

આચાર્ય એમ. આર. પ્રાંજપે એ પણ બ્રિટિશરોની શૈક્ષણિક નીતિની આકરી ટીકાઓ કરી છે. તેઓ જણાવે છે, 'બ્રિટીશ રાજ્યની શૈક્ષણિક નીતિનો હેતુ બ્રિટીશ રાજ્ય માટે અંગ્રેજી જાણનાર નીચલી પાયરીના કર્મચારીઓ તૈયાર કરવાનો હતો. વિદેશી ભાષાને શિક્ષણના માધ્યમ તરીકે લાદીને ભારતની ભાષાઓ અને લોકોની બુદ્ધિને સંકુચિત કરી દેવાનો એક પ્રયાસ હતો. આ કેળવણીએ ભારતને ધર્મ વિમુખ કર્યો તેથી નૈતિકતાનું ધોરણ નીચું ગયું છે.'

આઝાદી પૂર્વે પ્રાથમિક શિક્ષણનો પાયો નંખાયેલો જોવા મળે છે. રાષ્ટ્રીય વિકાસમાં શિક્ષણ એક મહત્વનો ભાગ ભજવે છે. ૬થી ૧૧ વર્ષની વયના જૂથનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી વિસ્તાર સિવાયના વિસ્તારોમાં સને ૧૮૫૬થી પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે. બ્રિટિશ શાસન દરમિયાન પ્રાથમિક શિક્ષણની પ્રક્રિયા શરૂ થયેલી જોવા મળે છે. હિંમતનગર તાલુકામાં ૧૮૫૬ થી ૧૯૪૦ સુધી ૩૮ પ્રાથમિક શાળાઓ શિક્ષણ કાર્ય કરાવતી હતી. ઇડર

તાલુકામાં ૨૯ પ્રાથમિક શાળાઓ, ખેડબ્રહ્મા તાલુકામાં ૫ પ્રાથમિક શાળાઓ, પોશીના વિસ્તારમાં ૨ પ્રાથમિક શાળાઓ, પ્રાંતિજ તાલુકામાં ૨૯ પ્રાથમિક શાળાઓ, તલોદ તાલુકામાં ૨૦ પ્રાથમિક શાળાઓ પ્રાથમિક શાળાઓ, વિજયનગર તાલુકામાં ૪ પ્રાથમિક શાળાઓ, મોડાસા તાલુકામાં ૨૧ પ્રાથમિક શાળાઓ, બાયડ તાલુકામાં ૩૦ પ્રાથમિક શાળાઓ, મેઘરજ તાલુકામાં ૭ પ્રાથમિક શાળાઓ, માલપુર તાલુકામાં ૮ પ્રાથમિક શાળાઓ, ધનસુરા તાલુકામાં ૧૪ પ્રાથમિક શાળાઓ કાર્યરત હતી.

### ❋ <u>આશ્રમશાળાઓ</u>

૧૯૫૪થી આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓની શરૂઆત થયેલી જોવા મળે છે, પરંતુ તેની સંખ્યા ખૂબ ઓછી જોવા મળે છે.

### ❋ <u>સાબરકાંઠા જિલ્લો (વિભાજિત)માં ૧૮૫૬ થી ૧૮૮૩ સુધીમાં પ્રથમ ૨૧ પ્રાથમિક શાળાઓ નીચે મુજબ જોવા મળે છે.</u>

- ૧૮૫૬ - પ્રાંતિજ પ્રાથમિક શાળા - ૧ (નગરપાલિકા પાસે)
- ૧૮૫૭ - પ્રાંતિજ પ્રાથમિક શાળા - ૨ (SBI બેંક પાસે)
- ૧૮૬૦ - વડાલી પ્રાથમિક શાળા (રેલવે સ્ટેશન રોડ)
- ૧૮૬૧ - ઓરણ પ્રાથમિક શાળા (તા.- પ્રાંતિજ)
- ૧૮૬૨ - ચોટાસણ પ્રાથમિક શાળા (તા.- ઈડર)
- ૧૮૬૩ - સોનાસણ પ્રાથમિક શાળા (તા.- પ્રાંતિજ)
- ૧૮૬૫ - ઉમેદગઢ પ્રાથમિક શાળા (તા.- ઈડર)
- ૧૮૬૬ - ખેરોલ પ્રાથમિક શાળા (તા.- તલોદ)
- ૧૮૬૬ - ઈડર પ્રાથમિક શાળા (મહામંદિર પાસે)
- ૧૮૬૮ - ઈલોલ પ્રાથમિક શાળા (તા.- હિંમતનગર)
- ૧૮૬૯ - પુંસરી પ્રાથમિક શાળા (તા.- તલોદ)
- ૧૮૭૦ - ખેડબ્રહ્મા પ્રાથમિક શાળા
- ૧૮૭૦ - બડોલી પ્રાથમિક શાળા (તા.- ઈડર)
- ૧૮૭૦ - રાયગઢ પ્રાથમિક શાળા (તા.- હિંમતનગર)
- ૧૮૭૧ - મુડેટી પ્રાથમિક શાળા (તા.- ઈડર)
- ૧૮૭૨ - દેશોતર પ્રાથમિક શાળા (તા.- ઈડર)
- ૧૮૭૫ - હડિયોલ પ્રાથમિક શાળા (તા.- હિંમતનગર)
- ૧૮૭૬ – મોહનપુર પ્રાથમિક શાળા (તા.- તલોદ)
- ૧૮૭૮ - રણાસણ પ્રાથમિક શાળા (તા.- તલોદ)
- ૧૮૭૯ – બાલીસણા પ્રાથમિક શાળા (તા.- પ્રાંતિજ)
- ૧૮૮૦ - જાદર પ્રાથમિક શાળા (તા.- ઈડર)

### ❋ <u>અરવલ્લી જિલ્લાની (વિભાજિત)માં ૧૮૫૬ થી ૧૮૮૦ સુધી પ્રથમ ૧૧ પ્રાથમિક શાળાઓ</u>

- મોડાસા તાલુકા પ્રાથમિક શાળા, ચાર રસ્તા મોડાસા. - ૧૯૫૮
- સાકરીયા પ્રા. શાળા. તા. મોડાસા – ૧૮૫૮
- બાયડ તા. પ્રા.શાળા, જી.બાયડ - ૧૮૬૦
- ડેમાઇ પ્રા. શાળા - ૧ - ૧૮૬૦
- ડેમાઈ પ્રા.શાળા - ૨ - ૧૮૬૩
- આંબલીયારા પ્રા.શાળા તા. બાયડ - ૧૮૬૮
- સાઠંબા પ્રા.શાળા. તા. બાયડ - ૧૮૬૯
- ચોઈલા પ્રા.શાળા. તા. બાયડ - ૧૮૭૦
- ગાબટ પ્રા. શાળા. તા. બાયડ - ૧૮૭૦
- લીંબ પ્રા. શાળા. તા. બાયડ - ૧૮૭૭
- વડગામ પ્રા. શાળા. તા. ધનસુરા - ૧૮૮૦

### ❋ <u>ખેડબ્રહ્મા</u>

ખેડબ્રહ્મા તાલુકા શાળાનો ઈતિહાસ ખૂબ જ ગૌરવપૂર્ણ રહ્યો છે.

આ નગરની પહેલી ગુજરાતી શાળા ૧૮૭૦માં ભાવનગર સ્ટેટના મહારાજા પ્રતાપસિંહજીના શાસન હેઠળ સ્થપાઈ હતી. નગરજનોની શિક્ષણની ભૂખ અને પ્રબળ ઈચ્છા અને મહારાજાના પ્રોત્સાહનથી તાલુકા શાળાની શરૂઆત જ્યાં હાલ ખેડબ્રહ્મા શાળા નંબર - ૨ આવેલી છે, ત્યાં નાનકડી ઓરડીમાં કરવામાં આવી હતી. શરૂઆતમાં માટી અને ચૂનાની દિવાલો ઉપર નળિયાની છત હતી. જ્યાં ૧ થી ૬ સુધીનો અભ્યાસ ચાલતો હતો. માત્ર કુમાર વિદ્યાર્થીઓ જ ભણતા હતા. બાળકો બ્રહ્મા વાવનું પાણી પીતા. કન્યા કેળવણી તો શૂન્ય હતી.

ખેડબ્રહ્મા તાલુકામાં આઝાદી પૂર્વેની પ્રાથમિક શાળાઓ નીચે મુજબ જણાય છે.:

- ખેડબ્રહ્મા તાલુકા પ્રાથમિક શાળા – ૧૮૭૦
- લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા - ૧૮૮૪
- રાધીવાડ પ્રાથમિક શાળા - ૧૯૨૭
- દેરોલ પ્રાથમિક શાળા - ૧૯૨૯
- ઊંચી ધનાલ પ્રાથમિક શાળા - ૧૯૪૩
- ખેરોજ પ્રાથમિક શાળા - ૧૯૪૬

## ❋ <u>પ્રાંતિજ</u>

પ્રાંતિજ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની શરૂઆત હાલ જ્યાં પ્રાંતિજ - ૧ પ્રાથમિક શાળા છે, ત્યાં ૧૮૫૬માં થઈ હતી. **જે સાબરકાંઠાની જૂનામાં જૂની પ્રાથમિક શાળા** છે. તે સમયે શાળામાં માત્ર કુમાર છાત્રો અભ્યાસ કરતા હતા. કન્યાઓના શિક્ષણ માટે હાલની પ્રાંતિજ - ૪ શાળા છે ત્યાં અલાયદી વ્યવસ્થા હતી. પ્રાંતિજ - ૧ કુમાર શાળા બનાવવા માટે પ્રાંતિજના ‘કસ્બાતી’ પરિવાર દ્વારા જમીન દાનમાં આપવામાં આવી હતી અને તે સમયે શાળાઓનું સંચાલન લોકલ બોર્ડ એટલે મ્યુનિસિપાલીટી દ્વારા થતું હતું. તે સમયે મિશ્ર શાળાઓ અસ્તિત્વમાં જોવા મળતી નથી. માત્ર ચાર જ ઓરડાથી આ કુમાર શાળાની શરૂઆત થઈ હતી. કન્યા શાળામાં અલગ રૂમની વ્યવસ્થા ન હોવાના કારણે એક સળંગ ઓરડાની ત્રણ ફૂટ જેટલા ઊંચા લાકડાના પાર્ટીશનથી આડશ ઊભી કરી અલગ વર્ગોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અંગ્રેજોના શાસનકાળમાં ઓરણ એક સ્ટેટ હતું. તે સમયે ઓરણમાં મુસ્લિમ રજવાડા દ્વારા ગામમાં ઉર્દૂ શાળા ચલાવવામાં આવતી હતી. જેમાં મુસ્લિમ કુમારો અને કન્યાઓ અભ્યાસ કરવા આવતાં હતાં. ત્યારબાદ ગામની મુલાકાતે આવેલા એક અંગ્રેજ અમલદારના પ્રયત્નોથી ૧૮૬૧માં પ્રાથમિક શિક્ષણની સુવિધા માટે શાળાની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં આજુબાજુના ગામોમાંથી બાળકો ભણવા આવતા હતા. ઓરણ પ્રાથમિક શાળાએ પ્રાંતિજ તાલુકાની બીજા નંબરની સૌથી જૂની પ્રાથમિક શાળા છે.



ઘડકણ પ્રાથમિક શાળાની સ્થાપના ૧ એપ્રિલ, ૧૮૮૬ના રોજ કરવામાં આવી હતી. આ શાળામાંથી મળેલ બેલ (ઘંટ) પર ૩૧/૧૦/૧૮૮૮ની તારીખ વાંચવા મળે છે. એ સમયે આ ગામના ફાઈનલ પાસ થયેલ શ્રી રણછોડભાઈ ભગવાનદાસ પટેલ બાળકોને ભણાવતા હતા.

ઘડી પ્રાથમિક શાળા પ્રાથમિક શાળાની શરૂઆત સને ૧૮૭૧માં બ્રિટિશ ગવર્મેન્ટ અને ગ્રામજનોના સહિયારા પ્રયાસથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઘડી ગ્રામપંચાયત દ્વારા શાળાની જમીન દાનમાં મળતાં શાળાના બાંધકામના મુખ્ય દાતા શ્રી શેઠ દલસુખરામ લીલાધર જોષી (બારામતી) એ ૧૦૦૦૦/- રૂ સને ૧૯૫૦માં આપતા શાળાનું મકાન બાંધવામાં આવ્યું. આ શાળાએ એન. બી. જોષી (પ્રિન્સિપાલ મોડાસા કૉલેજ), કૈલાસપુરી ગોસ્વામી (શિક્ષણ મંત્રીના PA), આનંદપુરી ગોસ્વામી (કલેકટર ત્યારબાદ આરોગ્ય સચિવ તરીકે પ્રમોશન મેળવી નિવૃત્ત થયા), અશ્વિનભાઈ ભોગીભાઈ શાહ (ઉદ્યોગપતિ ,પુના), ડોક્ટર કે. એમ. ત્રિવેદી, ડોક્ટર ગિરધરભાઈ રાઠોડ જેવા મહાનુભાવો આપ્યા છે.

## ❋ <u>વડાલી</u>

આઝાદી પૂર્વે વડાલી શહેર ઇડર સ્ટેટના તાબા હેઠળ હતું. આ સિવાય આ તાલુકામાં મેઘ, ધરોઇ, ડોભાડા, બાબસર, નાદરી, ગોતા જેવા દેશી રજવાડાં રાજ્ય કરતાં હતાં. આઝાદી પૂર્વે ઈડરના મહારાજા દ્વારા ૪/૧/૧૮૬૦ના રોજ વડાલી વિસ્તારમાં એક શાળા શરૂ કરવામાં આવી હતી. જે વડાલીના હાલના શિક્ષણનું ‘ગર્ભ બીજ’ હતું. અહીં તે સમયે ધોરણ - ૮ સુધીનું શિક્ષણ અપાતું હતું. તે સમયે કન્યા શિક્ષણ અંગે

કોઈ જાગૃતિ જોવા મળતી નથી. તે સમયે સમાજ અત્યંત રૂઢીચુસ્ત હતો. ‘બાળવિવાહ’ એ કન્યા કેળવણી માટે સૌથી મોટી અડચણરૂપ જોવા મળે છે. વડાલીમાં સ્વ. રૂપાળીબાએ વડાલી નગરના મધ્યમાં આવેલ આઝાદ ચોકમાં સ્ટેટ સમયની જૂની જેલનું સમારકામ કરાવી તારીખ. ૪ મે ૧૯૩૦ના રોજ સ્વ. રૂપાળીબા કન્યા શાળાની સ્થાપના કરી હતી. જેના પ્રથમ નોંધાયેલ વિદ્યાર્થી હતા સરલાબેન ગ્યાસુદ્દીનભાઈ કલાલ. જે પછીથી વડાલી નગરની ખૂબ મોટી સંખ્યા ધરાવતી શાળામાં વિકસિત થઇ હતી.

ડોભોડા પરગણું આજુબાજુના ૨૦ જેટલા ગામોનું વેપાર કેન્દ્ર હતું. મા.ઠા.સા. શ્રી લક્ષ્મણસિંહજી કિશોરસિંહજીએ ૧ નવેમ્બર ૧૯૩૪માં પ્રારંભિક શિક્ષણ માટે શાળાની સ્થાપના કરી હતી. આ શાળાનું શિક્ષણ આપવાનું કાર્ય શ્રી લાલજી મોતીરામ માસ્તરે કરેલું. તે સમયે ૩૨ જેટલા કુમારો સાથે ૨ કન્યાઓ શિક્ષણ માટે જોડાયેલી. આ શાળાના પ્રથમ વિદ્યાર્થી શ્રી જોષી  શાંતિલાલ છોટાલાલ હતા. ગોતા પરગણામાં સને ૧૯૧૪માં પ્રાથમિક શાળા શરૂ થયેલી. આઝાદી પૂર્વે વડાલી નગરની આસપાસ કોઈ માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળા આ વિસ્તારમાં ન હોતી.

### ❋ પોશીના

આદિવાસી વિસ્તાર એવા પોશીનામાં પોશીના પ્રાથમિક શાળા ૧૯૧૯માં શરૂ થયેલી. અહીં જૈન પરીવારો મોટા પ્રમાણમાં રહેતા જોવા મળેલ છે. જેઓ કુંભારીયા મંદિરનો વહીવટ કરતા. આ શાળા ઈડર સ્ટેટ કેળવણી ખાતાવતી પોશીના દરબાર રાજશ્રી મારફતે શરૂ થયેલી જોવા મળે છે.

લાંબડીયા પ્રાથમિક શાળાની સ્થાપના ૧૯૨૯માં થયેલી માલૂમ પડે છે. તારીખ ૧૩ નવેમ્બર ૧૯૨૯માં શાળાની સ્થાપના થયેલી જોવા મળે છે. તે સમયે ‘મહેતાજી છગન કેસર’ અભ્યાસ કરાવતા હતા. તે સમયે આ શાળામાં ૧૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. આ વિસ્તારની આઝાદી પૂર્વેની ત્રીજા ક્રમની શાળા દેલવાડા(છોછર) પ્રાથમિક શાળા (ચિત્ર-વિચિત્ર મેળાના સ્થળ ગુણભાંખરી પાસે) માલૂમ પડે છે. જેની સ્થાપના ૩૧ ડિસેમ્બર ૧૯૪૭ના રોજ થઈ હતી.

### ❋ હિંમતનગર



હડીયોલ પ્રાથમિક શાળા

હડીયોલ ગામમાં શાળાની શરૂઆત થઈ તે સમયે હડિયોલ ગામની સીમ એટલે કે આકોદરા ગામ સુધી સયાજીરાવ સ્ટેટ વડોદરાનો વિસ્તાર લાગુ પડતો અને હડિયોલ - ગઢોડા ગામ ઈડર સ્ટેટમાં આવતું. ઈડર સ્ટેટના હિંમતસિંહ મહારાજનો દરબારગઢ હિંમતનગરમાં હતો. જેમાં હડિયોલ ગામના નથુભાઈ લીલાભાઈ પટેલ (‘નાઝર’ દરબારગઢ), જીવાભાઈ ભગાભાઈ પટેલ (મોટા) (‘મહેકમ’ દરબારગઢ) અને દેવચંદભાઈ ભાઈચંદભાઈ પટેલ (‘મહેકમ’ દરબારગઢ) નોકરી કરતા અને તેમના પ્રયત્નોથી જે તે સમયે હિંમતસિહ મહારાજાએ હડિયોલ ગામને

ગામઠી શાળા ફાળવેલી અને ગઢોડા ગામને ચોરો(ચબૂતરો/ઓટલો) ફાળવેલો. આ ગામઠી શાળા મારફતે ગામનું શિક્ષણ કાર્ય થતું અને આજુબાજુના ગામના વિદ્યાર્થીઓ પણ અહીં શિક્ષણ લેવા આવતા. ત્યારબાદ સરકારશ્રી દ્વારા ઈ.સ. ૧૮૭૫માં વિધિવત સરકારી શાળા શરૂ કરવામાં આવેલ, જે શાળા એક થાંભલાવાળા હોલમાં શરૂ કરવામાં આવી હતી. જેનાથી શિક્ષણ કેળવણી વધી. હીરાબેન જીવાભાઈ ભગાભાઈ ગામના પ્રથમ મહિલા શિક્ષિકા હતા. ત્યારબાદ ગામમાં ક્રમશઃ ઘણી બહેનો વિશ્વ મંગલમ અનેરામાં બુનિયાદી શિક્ષણ મેળવી મહિલા શિક્ષિકા તરીકે જોડાઈ. હાલ હડિયોલ ગામે ગુજરાતને અંદાજે ૭૦૦થી વધુ શિક્ષકો આપ્યા છે તે પૈકી ૧૦૬ જેટલા નિવૃત શિક્ષકો હયાત છે.

અરવલ્લીની ગિરિમાળાની આથમણી ટૂંક સમા ‘અનગઢ પર્વત’ની તળેટીમાં ઐતિહાસિક વિરાસતવાળું પંખીના માળા જેવું નાનકડું માંડ સાડા ત્રણ હજારની વસ્તીવાળું ગામ એટલે ‘અડપોદરા’. અહીં ઉત્તર ગુજરાતના પ્રખ્યાત લોકમેળા પૈકીનો ‘ઝાલા બાવજીનો મેળો’ દર વર્ષે ભાદરવા માસના બીજા શનિવાર અને રવિવારના દિવસે ભરાય છે. આ ઐતિહાસિક એટલા માટે કે અનગઢ પર્વત ઝાલા બાવજીના ડુંગર ઉપર સંવત ૧૫૪૨માં મુગલો ગાયો લઈ જતા હતા ત્યારે કચ્છ-કાઠિયાવાડમાં આવેલ કંકાવટી નગરીના રાજા વિરમમદેવજી એટલે કે ઝાલાબાવજી પોતાના સૈનિકોના કાફલા સાથે મોગલો સામેના યુદ્ધમાં ડુંગર ઉપર વીરગતિ પામેલા અને દેવ તરીકે પ્રગટ થયા. આ સમયે સાથે આવેલ કાફલાના સૈનિકો પાછા કંકાવટી નગરી પરત ના ફરતા ડુંગરની તળેટીમાં આવી ત્યાંજ વસવાટ કરવા લાગ્યા. જે આજે અડપોદરા ,વગડી અને ઝાલાનગર(ભુખ્યાડેરા) ગામ તરીકે આજે અસ્તિત્વમાં છે. અડપોદરા ગામે ધોરણ ૧ થી ૮ સુધીની પ્રાથમિક શાળા અને ધો ૯ થી ૧૨ ની ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલી છે. આ ગામના અનેક પરિવારો વ્યવસાય અર્થે મુંબઈ મુકામે વસવાટ કરે છે. જેમાં જૈન અને બ્રાહ્મણ પરિવારો મુખ્ય છે. આ પરિવારો દ્વારા ગામની શૈક્ષણિક સંસ્થાઓમાં માતબર રકમનાં દાન પ્રાપ્ત થયેલ છે.



વકતાપુર પ્રાથમિક શાળા (જૂની)

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે પ્રાથમિક શાળાની શરૂઆત સને ૧૮૮૩માં થઈ હતી. જે કુમાર શાળા હતી. આઝાદી પૂર્વે આ ગામ સ્ટેટ ગણાતું હતું. આ શાળા તે સમયના ઠાકોર સાહેબ શ્રી હમીરસિંહજી માનસિંહજીના વરદ હસ્તે કરવામાં આવી હતી. જે ત્રણ ઓરડાની હતી. ત્યારબાદ ૧૯૪૦માં કન્યાશાળાની નજીકમાં જ શરૂ કરવામાં આવી હતી. તે સમયની તે ‘પગાર કેન્દ્ર શાળા’ હતી અને ‘તાલુકા શાળા’ તરીકે ઓળખાતી. આ શાળાના પ્રથમ આચાર્ય રા.રા. મનસુખલાલ નાનારામ હતા. .ઈ.સ.૧૯૩૩થી ‘રૂપાલ યુવક સંઘ’ દ્વારા ગામમાં શિક્ષણ માટે મહામૂલું યોગદાન અપાયું છે.

રાયગઢ પ્રા. શાળા – ઈ.સ. ૧૮૭૦ , ઈલોલ પ્રા.શાળા ઈ.સ. ૧૮૭૮, કડોલી પ્રા. શાળા ઈ.સ. ૧૮૮૫, દેરોલ પ્રા. શાળા ઈ.સ. ૧૮૮૫

- **<u>વિજયનગર</u>**

વિજયનગરમાં વિજયનગર પ્રાથમિક શાળા - ૧ ૧૮૯૪માં શરૂ થઈ હતી.

## ❋ બાયડ

બાયડ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની શરૂઆત સને ૧૮૭૦માં થઈ હતી. બાયડ મુકામે આવેલી તાલુકા પ્રાથમિક શાળાની સ્થાપના ૭ એપ્રિલ ૧૮૭૦ના રોજ થઈ હતી. ત્યાર પછી ડેમાઇ ખાતે ૧૮૭૩માં પ્રાથમિક શાળાની સ્થાપના થઈ. ત્યાર પછી આંબલીયારા મુકામે ઈ.સ.૧૮૭૮માં પ્રાથમિક શાળાની શરૂઆત થઈ. આંબલીયારા સ્ટેટ ૧૩૮૪થી અસ્તિત્વમાં આવેલું છે. દિલ્હીથી આવેલા ચૌહાણ વંશના ખ્યાતિ પામેલા રાજાઓ દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. ૧૭૭૧માં વીર પ્રતાપી ભાથીજી ચૌહાણના સમયમાં આંબલીયારા સ્ટેટનો સુવર્ણકાળ હતો. તારીખ ૨૮ ફેબ્રુઆરી ૧૯૬૨ના રોજ ગ્રામ પંચાયતે ઠરાવ કરી શાળાને જમીન બક્ષિસમાં આપેલ છે.




ઈ.સ.૧૮૬૯માં સાઠંબા અને ઈ.સ. ૧૮૭૦માં ગાબટ અને ચોઈલા ખાતે પ્રાથમિક શિક્ષણની શરૂઆત થઇ હતી. રમોસ પ્રાથમિક શાળા ૧૯૧૫માં શરૂ કરવામાં આવી હતી. તે વખતે તે સ્ટેટનું ગામ હતું. તેના છેલ્લા રાજા શ્રી ઠાકોર માનસિંહજી હતા. ઠાકોર સાહેબની પ્રેરણાથી ગામના અગ્રણી જેસીંગભાઈ જસકરણભાઈ પટેલે પ્રાથમિક શાળા માટે મકાન બાંધવા જમીન દાન આપેલ છે. ત્યારબાદ ઈ.સ. ૧૮૮૩માં આંબલીયારા સ્ટેટના ખમીરવંતા ગામ તેનપુરમાં પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ થયો હતો. શરૂઆત ગામ વચ્ચે આવેલા એક નાના મકાનમાં થઈ હતી.

## ❋ મોડાસા



મોડાસા પ્રાથમિક શાળા

મોડાસા તાલુકાની સૌપ્રથમ પ્રાથમિક શાળા ૧૮૫૮માં (તા. ૧૫ જુલાઈ ૧૮૫૮) સાકરીયા ગામે સ્થપાઈ હતી. ત્યારબાદ સાયરા ગામે ૧૮૮૬માં તા. ૧ ફેબ્રુઆરી ૧૮૮૬નાં રોજ પ્રાથમિક શાળાની સ્થાપના થઇ હતી. ઈ.સ.૧૯૧૭માં લીંભોઇ મૂકામે તા. ૨૬ ફેબ્રુઆરી ૧૯૧૭માં

પ્રાથમિક શાળાની શરૂઆત થઇ હતી. શીણાવાડા પ્રાથમિક શાળા ૧૯૨૧માં શરૂ થઈ. મોડાસા તાલુકા પ્રાથમિક શાળા (જુની એન્ગ્લો વર્નાક્યુલર)ની શરૂઆત ઈ.સ.૧૮૯૯માં થઈ હતી. મહાદેવ ગ્રામ બાકરોલ ૧૮૮૩ (તા. ૨૯ નવેમ્બર ૧૯૮૩), મેઢાસણ પ્રાથમિક શાળા ૧૮૮૪, રેવન્યુ વિલેજ બડોદરા પ્રાથમિક શાળા ૧૯૪૧, સરડોઇ પ્રાથમિક શાળા ૧૯૪૨માં તા. ૧૫ જાન્યુઆરી ૧૯૪૨, દાવલી પ્રાથમિક શાળા ૧૯૭૪માં (તા. ૧ એપ્રિલ ૧૯૪૭), શામપુર પ્રાથમિક શાળા ૧૯૪૭માં શરૂ કરવામાં આવી હતી.

❋ **<u>માલપુર</u>**

માલપુર ગામનું નામ 'માલા ખાંટ' પરથી પડ્યું છે. આ મગોડી સ્ટેટનું ગામ હતું. જેના છેલ્લા રાજા મા. પ્રવીણચંદ્ર હતા. તેમના બે પુત્રો મા.મહિપાલસિંહજી અને મા.દિવ્યરાજસિંહજી હતા. ઈ.સ.૧૯૦૭માં માલપુર પ્રાથમિક શાળાની શરૂઆત થઇ હતી. પીપરાણા ગામ વાત્રક નદી કિનારે આવેલું પૌરાણિક ગામ છે. આ ગામમાં પ્રાથમિક શાળા ૬ એપ્રિલ ૧૯૩૮ના રોજ શરૂઆત થઈ હતી. આ શાળાનું નવું સંકુલ ૩૧ ડિસેમ્બર ૨૦૦૫ના રોજ બનાવવામાં આવ્યું છે.

અણિયોર ગામ એ મગોડી સ્ટેટ અને ઇડર સ્ટેટના રાજાઓની સરહદી ગામ હતું. જે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવાનું ગામ હતું. 'અણિઓર'ના અપભ્રંશથી 'અણિયોર' નામ પડ્યું છે. અહીં ઈ.સ.૧૯૨૫માં પ્રાથમિક શાળાની સ્થાપના થઈ છે. આ શાળામાંથી અત્યાર સુધી દસ હજાર વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે.

❋ **<u>આઝાદી પહેલાં માધ્યમિક શિક્ષણની વ્યવસ્થા :</u>**

આઝાદી પહેલાં અવિભાજિત સાબરકાંઠા જિલ્લામાં ખૂબ જ ઓછી માધ્યમિક શિક્ષણ આપતી શાળાઓ શરૂ થઈ હતી. પ્રાથમિક શિક્ષણ પ્રમાણમાં સારી રીતે આપવાની વ્યવસ્થા જોવા મળે છે. આ જિલ્લામાં સૌપ્રથમ માધ્યમિક શાળા મોડાસા તાલુકાના મુખ્ય મથક મોડાસા ખાતે ૩૦ જૂન ૧૯૧૯ના રોજ શરૂ કરવામાં આવી હતી. આ દિવસે 'મોડાસા કેળવણી મંડળ'નો પાયો નંખાયો હતો અને શાળાને 'મોડાસા હાઇસ્કૂલ' નામાભિધાન કરવામાં આવ્યું હતું. જે આજે 'કે. એન. શાહ હાઇસ્કૂલ - મોડાસા' તરીકે ઓળખાય છે. આ શાળાના પ્રથમ હેડમાસ્ટર મા.ભાઈચંદભાઈ એમ. શાહ હતા. કેળવણીના વિકાસ માટે તેમણે સરકારી નોકરી છોડી આ નોકરી સ્વીકારી હતી. આ શાળાના પ્રથમ આચાર્ય મોહનલાલ ગાંધી હતા. તેઓએ એ જમાનામાં મુંબઈથી વકીલાતની પદવી પ્રાપ્ત કરી હતી. પરંતુ સ્વદેશપ્રેમ અને વતનની મમતાને કારણે તેમણે મોડાસાને પોતાનું કર્મક્ષેત્ર બનાવ્યું હતું. આ મંડળે બહેનોનાં ધાર્મિક શિક્ષણ માટે ૧૯૨૧માં 'વનિતાશ્રમ' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. આ મંડળના સર્વપ્રથમ પ્રમુખ મથુરદાસ લાલચંદ ગાંધી હતા. જેઓ મોડાસાના સરદાર ગણાતા હતા.

સાબરકાંઠા જિલ્લાની ઇડર મુકામે આવેલ શ્રી સર પ્રતાપ હાઇસ્કૂલ આઝાદી પહેલાંની માધ્યમિક શિક્ષણ આપતી સંસ્થા છે. ઈ.સ.૧૮૯૦માં ઇડરના લોકવાત્સલ્ય, પ્રજાપ્રિય અને વિદ્યાપ્રેમી સ્વ. મહારાજા સાહેબશ્રી કેસરીસિંહજીની પ્રેરણાથી આ સંસ્થાનું બીજ રોપાયું હતું. તેમણે પોતાના વિદ્યાગુરુ પ્રોફેસર મેકનાટન પ્રત્યેના અનહદ પ્રેમને વ્યક્ત કરવા, તેમના હસ્તે 'મેકનાટન સ્કૂલ'ની શિલારોપણ વિધિ કરાવી હતી સને ૧૯૦૭માં મકાનનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ૨૬ જાન્યુઆરી ૧૯૦૦ના રોજ પોલિટિકલ એજન્ટ કર્નલ ફેરીસના ધર્મપત્નીના હસ્તે મેકનાટન સ્કૂલની ઉદઘાટન વિધિ કરવામાં આવી હતી. સમય જતાં ૧૯૨૮માં મેકનાટન સ્કૂલના બદલે મહારાજા શ્રી પ્રતાપસિંહજીના નામ પરાથી 'સર પ્રતાપ હાઇસ્કૂલ' નામાભિધાન થયું. આ શાળામાં મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોષી અને સાહિત્યકાર શ્રી પન્નાલાલ પટેલે અભ્યાસ કર્યો હતો.

બાયડ તાલુકાના ગાબટ ગામે આવેલી શ્રી સૂરજબા હાઇસ્કૂલની સ્થાપના ઇ.સ. ૧૯૩૬માં અંગ્રેજોના સમયમાં ઇડર સ્ટેટના તાબા હેઠળ સ્થપાઈ હતી. દેશ સ્વતંત્ર થતાં ગામના સરકાર માન્ય ટ્રસ્ટ દ્વારા ૧૯૫૪થી આજદિન સુધી 'ગાબટ કેળવણી મંડળ' આ સંસ્થાનો વહીવટ કરે છે.

પ્રાંતિજમાં આઝાદી પહેલાં માધ્યમિક શિક્ષણ આપતી સંસ્થાની સ્થાપના ૧૨ જાન્યુઆરી ૧૮૯૩માં થઈ હતી. આ સ્કૂલનું નામ શરૂઆતમાં એડવર્ડ મેમોરિયલ 'એ. વી. હાઇસ્કૂલ' હતું. પરંતુ ઈ.સ. ૧૯૩૫માં આ શાળાના વિદ્યાર્થી શ્રી રમણલાલ ભોગીલાલ યુવાન વયે અવસાન થતાં તેમના પિતાશ્રીએ તેમની યાદમાં દાન આપતાં, આ શાળાનું નામ 'શેઠ પી. એન્ડ આર. હાઇસ્કૂલ' આપવામાં આવ્યું છે. જેનું સંચાલન હાલ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા કરવામાં આવે છે.

હિંમતનગર મુકામે હિંમત હાઇસ્કૂલનો ગૌરવવંતો આરંભ ઈ.સ.૧૯૪૨માં થયો હતો. જેનું સંચાલન તે સમયના ઇડર સ્ટેટ સરકાર કરતી હતી સને ૧૯૫૨થી આજદિન સુધી આ સ્કૂલનું સંચાલન શ્રી હિંમતનગર કેળવણી મંડળ કરે છે.

❈ **<u>ઉચ્ચ શિક્ષણ</u>**

આઝાદી પૂર્વે સાબરકાંઠા જિલ્લામાં ઉચ્ચ શિક્ષણની કોઈ સવલતો પ્રાપ્ત ન હોતી.

❈ **<u>ખ્રિસ્તી મિશનરીઓનું શિક્ષણમાં યોગદાન</u>**

ગુજરાતના આદિવાસી લોકોમાં ખ્રિસ્તી મિશનની શરૂઆત કરનાર સંસ્થા હતી 'ચર્ચ મિશનરી સોસાયટી(CMS)'. જેની સ્થાપના સને ૧૭૯૯માં ઇંગ્લેન્ડમાં કરવામાં આવી હતી. આ સંસ્થાએ સને ૧૮૮૦માં સાબરકાંઠાના આદિવાસીઓમાં ધર્મ પ્રચારની શરૂઆત કરી હતી. જેમણે આ વિસ્તારના લુસડીયા, બીલડીયા, માંકરોડા, કોટડા, મોટા કંથારીયા, જેસીંગપુરા વગેરે વિસ્તારોમાં શાળાઓ શરૂ કરી હતી. જેમણે આગળ જતા શૈક્ષણિક પ્રવૃત્તિઓ પણ કરી હતી. શરૂઆતમાં સમાજસેવાની પ્રવૃત્તિઓ આરંભી હતી. ૧૮૮૮માં લુસડીયામાં એક સભાકેન્દ્ર બનાવવામાં આવ્યું હતું. ૧૮૮૭માં મિશન શાળા શરૂ કરવામાં આવી હતી. તે સમયે આ શાળામાં એકથી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ ચાલતો હતો અને વધુ અભ્યાસ માટે અહીંથી ૪૦ કિલોમીટર દૂર ખેરવાડા બોર્ડિંગમાં રહીને અભ્યાસ કરવો પડતો. તે સમયે બાઇબલનું શિક્ષણ ફરજિયાત હતું. ૧૯૫૦ પછી લુસડીયામાં ધોરણ - ૭ સુધીની શાળા બની હતી. શાળાઓમાં શિક્ષકો પ્રેમ, સેવાભાવ અને ખંતથી અભ્યાસ કરાવતા હતા. મિશન શાળાના ફળસ્વરૂપે ગામને એક ડોક્ટર 'ડી. કે. ક્રિશ્ચયન' મળ્યાં, જેમણે આજીવન પોતાના વતનમાં મેડીકલ સેવાઓ આપી. મિશન શાળાને કારણે આસપાસના ગામોમાં શિક્ષણની અસર વર્તાઇ, આજે આ વિસ્તારના અનેક વિદ્યાર્થીઓ શિક્ષકો, પ્રથમ- બીજા વર્ગના અધિકારીઓ, ડૉક્ટરો અને એન્જિનિયરો અને અન્ય નોકરીઓ કરતા થયા છે. જે મિશન શાળાનું એક મોટું શૈક્ષણિક યોગદાન છે.

# પ્રકરણ : ૨

## પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ અને પ્રગતિ

૧૯૫૧ના સેન્સેસ મુજબ સાબરકાંઠામાં ૯૧,૧૧૮ લોકો શિક્ષિત હતા. જે કુલ વસતીના ૧૩.૩૨% હતા. જેમાં પુરુષો ૨૧.૬૩% અને સ્ત્રીઓ માત્ર ૪.૭૮% સાક્ષર હતી. ૧૯૬૧માં સાક્ષરતા દર ૨૪.03% હતો. જેમાં પુરુષોનું સાક્ષરતા દર ૩૬.૨0% અને સ્ત્રીઓનો સાક્ષરતા દર ૧૧.૨૬% હતો. આમ દસ વર્ષમાં સાક્ષરતા દર ૧0.૭૧% વધેલો માલૂમ પડે છે. આ ૧0 વર્ષમાં પુરુષોના સાક્ષરતા દરમાં ૧૪.૫૭% અને સ્ત્રીઓના સાક્ષરતા દરમાં ૬.૪૮%નો વધારો જોવા મળે છે. આનું કારણ આઝાદી પછી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે વધારે મહત્વ આપવામાં આવ્યું તે છે. પહેલી જૂન ૧૯૫૬થી ૬થી ૧૧ જુથના બાળકો માટે ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાનો ઠરાવ કરવાથી પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધવા લાગેલો. એક હજારની વસ્તી ધરાવતા ગામોમાં એક પ્રાથમિક શાળા હોવી જોઈએ એવું બીજી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં નક્કી કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય વિકાસમાં શિક્ષણ એક અગત્યનો ભાગ ભજવે છે. તેથી ૬ થી ૧૧ વર્ષની વયજૂથના છોકરી અને છોકરાઓ માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવાથી સાક્ષરતા દરમાં વધારો માલૂમ પડેલ છે. પંચાયતી રાજના અમલીકરણ પછી પણ ગામડાઓમાં રાજ્ય શિક્ષણ બોર્ડ અને શહેરોમાં મ્યુનિસિપાલીટી બોર્ડ દ્વારા પ્રાથમિક શિક્ષણ આપવામાં આવતું હતું. ત્યાર બાદ જિલ્લા પંચાયતને પ્રાથમિક શિક્ષણનો વહીવટ સોપાતાં પ્રાથમિક શાળાઓનો વ્યાપ વધેલો માલૂમ પડે છે. સને ૧૯૬૧-૬૨માં કુલ ૧૧૫૮ પ્રાથમિક શાળાઓ હતી, જે ૧૯૬૯-૭0 સુધીમાં ૧૩૬૭ થઇ હોવાનું માલૂમ પડે છે. આ ગાળા દરમિયાન ૧૮.૫%નો વધારો થયેલો માલૂમ પડે છે અને આ ગાળા દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૨૨,૬૨૮ થી ૧,૫૩,૯૮૨ થયેલી જોવા મળે છે. જેમાં ૨૫.૫૭%નો વધારો થયેલો જોવા મળે છે. આ ગાળા દરમિયાન પ્રાથમિક શિક્ષકોની સંખ્યા ૨૮૮૯ થી વધીને ૪૧૨૧ જોવા મળે છે. જેમાં ૪૨.૬૪% વધારો થયેલો જોવા મળે છે. ૧૯૬૯-૭0ના ગાળામાં ૧,૫૩,૯૮૨ વિદ્યાર્થીઓમાં છોકરીઓનું ભણવાનું પ્રમાણ ૩૫.0૨% માલૂમ પડે છે. આમ, કન્યા કેળવણીક્ષેત્રે સારી જાગૃતિ માલૂમ પડે છે. ઈ.સ.૧૯૭0માં ૭૬.0૫% ગામોમાં પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા જોવા મળે છે અને ઈ.સ.૧૯૬૧માં ૬૨૨ ગામોમાં પ્રાથમિક શાળાની સુવિધાઓ ન હતી. તે ૧૯૭૧માં ઘટીને ૩૩૭ ગામો થયેલ માલૂમ પડે છે. ઈ.સ.૧૯૭૧માં એક શિક્ષકની પ્રાથમિક શાળાઓની સંખ્યા ગ્રામ્ય કક્ષાએ ૪૧.૪૩% માલૂમ પડે છે.

દર ૫.૩૨ કિમીના ગ્રામ્ય વિસ્તારમાં એક પ્રાથમિક શાળા શરૂ થયેલી જણાય છે. આમાં તાલુકાવાર થોડોક તફાવત જોવા મળે છે. ૧૯૭0-૭૧માં બાયડ તાલુકામાં ૪.0૭ કિમીએ, જ્યારે વિજયનગર તાલુકામાં ૮.૯૫ કિમીનાં વિસ્તારમાં એક પ્રાથમિક શાળા અસ્તિત્વમાં હતી. આમ, આદિવાસી જનસંખ્યાના વિસ્તારમાં આનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ઈ.સ.૧૯૬૧માં દર ૧000ની વસ્તીએ શાળાએ જતાં બાળકો ૧૧૩.૩૬ હતા, જે ૧૯૭૧માં ૧૩0 થયેલ જોવા મળે છે. જેમાં પણ તાલુકાવાર તફાવત જોવા મળે છે, જેમાં માલપુર, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓમાં આ દર ઓછો જોવા મળે છે. એક શિક્ષક દીઠ ભણતા વિદ્યાર્થીનું પ્રમાણ ૧૯૬0-૬૧ માં ૩૯.૭૩% હતું જે ઘટીને ૧૯૭0-૭૧માં ૩૬% માલૂમ પડે છે.

### પ્રાથમિક શિક્ષણની સુવિધાઓ

| વર્ષ | ૧૯૭૧ -૭૨ | ૧૯૭૫-૭૬ | ૧૯૭૯-૮0 |
|---|---|---|---|
| શાળાઓની સંખ્યા | ૧૪0૧ | ૧૪૭૩ | ૧૬૮૮ |
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૧૬૫૯૮૬ | ૧૮0૯૭૬ | ૨૨૫૩૭૩ |
| શિક્ષકોની સંખ્યા | ૪૪૫૪ | ૫0૪૯ | ૫૯૯૯ |

**૧૯૮૧ માં ગ્રામ્ય કક્ષાએ શિક્ષણની વ્યવસ્થા**

| તાલુકો | કુલ ગામો | શિક્ષણ સુવિધાયુક્ત ગામો | ટકાવારી |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૩૦ | ૧૨૪ | ૯૫.૩૮% |
| પ્રાંતિજ | ૧૩૩ | ૧૩૨ | ૯૯.૨૫% |
| ઈડર | ૧૯૩ | ૧૮૯ | ૯૭.૯૩% |
| ખેડબ્રહ્મા | ૧૩૨ | ૧૨૦ | ૯૦.૯૧% |
| વિજયનગર | ૮૫ | ૭૧ | ૮૩.૫૩% |
| ભિલોડા | ૧૫૮ | ૧૫૦ | ૯૪.૯૪% |
| મેઘરજ | ૧૨૭ | ૧૧૮ | ૯૨.૯૧% |
| મોડાસા | ૧૪૦ | ૧૩૩ | ૯૫.00% |
| માલપુર | ૧૦૦ | ૭૨ | ૭૨.00% |
| બાયડ | ૧૬૧ | ૧૪૭ | ૯૧.30% |
| કુલ | ૧૩૫૯ | ૧૨૫૬ | ૯૨.૪૨% |




પ્રાંતિજ, ઈડર, હિંમતનગર અને મોડાસા તાલુકામાં શિક્ષણ પ્રાપ્તિની સુવિધાઓ વિશેષ જોવા મળે છે, જ્યારે માલપુર, વિજયનગર, તાલુકાઓમાં શિક્ષણ સુવિધાઓનું પ્રમાણ અન્ય તાલુકાઓ કરતાં ઓછું જોવા મળે છે. કુલ ૧૩૫૯ ગામોમાંથી ૧૨૫૬ ગામોમાં શિક્ષણ સુવિધા ઉપલબ્ધ છે જે ૯૨.૪૨% માલૂમ પડે છે.

**સને ૧૯૮૧માં શહેરી વિસ્તારમાં દર દસ હજારની વસ્તીએ પ્રાથમિક શાળાઓની સંખ્યા**

| શહેરનું નામ | પ્રાથમિક શિક્ષણની સંસ્થાઓનું પ્રમાણ |
|---|---|
| હિંમતનગર | ૩.૦૦૩ |
| પ્રાંતિજ | ૨.૭૫૨ |
| ઈડર | ૨.૫૪૪ |
| ખેડબ્રહ્મા | ૫.૩૭૩ |
| મેઘરજ | ૪.૬૪૮ |
| મોડાસા | ૩.૪૩૯ |
| માલપુર | ૪.૨૭૫ |
| તલોદ | ૪.૬૫૨ |
| સરેરાશ | ૩.૪૯૭ |




ત્રીજી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં ૬ થી ૧૧ વય જૂથના તમામ છોકરા-છોકરીઓને મફત-ફરજિયાત શિક્ષણ આપવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે દરેક ગામમાં ઓછામાં ઓછી એક પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ કરવાં માટે સઘન પ્રયાસો હાથ ધરેલા માલૂમ પડે છે. ૧૯૮૦ થી ૧૯૯૦ દરમ્યાન પ્રાથમિક શિક્ષણની સુવિધાઓ આ મુજબ છે.

**પ્રાથમિક શિક્ષણની સુવિધાઓ**

| વર્ષ | ૧૯૭૯-૮૦ | ૧૯૮૪-૮૫ | ૧૯૮૯-૯૦ |
|---|---|---|---|
| શાળાઓની સંખ્યા | ૧૬૮૮ | ૨૦૧૪ | ૨૨૬૫ |
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૨૨૫૨૯૩ | ૨૭૩૭૩૨ | ૩૦૫૦૯૮ |
| શિક્ષકોની સંખ્યા | ૫૯૯૯ | ૭૧૮૧ | ૯૧૧૫ |

ઉપરોક્ત વિગતો જોતાં માલૂમ પડે છે કે આ સમયગાળામાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે જિલ્લાએ ખૂબ પ્રગતિ કરી છે.

## ૧૯૯૧ માં ગ્રામ્ય કક્ષાએ શિક્ષણની વ્યવસ્થા

| તાલુકો | કુલ ગામો | શિક્ષણ સુવિધાયુક્ત ગામો | ટકાવારી |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૩૨ | ૧૨૮ | ૯૬.૯૭% |
| પ્રાંતિજ | ૧૩૨ | ૧૩૨ | ૧૦૦.૦૦% |
| ઇડર | ૧૯૮ | ૧૮૮ | ૯૭.૪૧% |
| ખેડબ્રહ્મા | ૧૩૩ | ૧૩૧ | ૯૮.૫૦% |
| વિજયનગર | ૮૫ | ૮૨ | ૯૬.૪૭% |
| ભિલોડા | ૧૬૦ | ૧૫૭ | ૯૮.૧૩% |
| મેઘરજ | ૧૨૭ | ૧૨૫ | ૯૮.૩૩% |
| મોડાસા | ૧૪૦ | ૧૪૦ | ૧૦૦.૦૦% |
| માલપુર | ૯૮ | ૮૬ | ૮૭.૭૬% |
| બાયડ | ૧૬૩ | ૧૫૪ | ૯૪.૪૮% |
| કુલ | ૧૩૬૩ | ૧૩૨૩ | ૯૭.૦૭% |




આમ, ઉપરોક્ત વિગતો જોતા ૧૯૯૧ સુધીમાં પ્રાંતિજ અને મોડાસા માં ગ્રામ્ય કક્ષાએ ૧૦૦% શિક્ષણ પ્રાપ્ત ગામો જોવા મળે છે. જિલ્લામાં કુલ ૧૩૬૩ ગામો માંથી ૧૩૨૩ ગામોમાં શિક્ષણ સુવિધા પ્રાપ્ત થયેલ છે. જે સરેરાશ ૯૭.૦૭% માલૂમ પડે છે.

**સને ૧૯૯૧માં શહેરી વિસ્તારમાં દર દસ હજારની વસ્તીએ પ્રાથમિક શાળાઓની સંખ્યાનું પ્રમાણ**

| શહેરનું નામ | પ્રાથમિક શિક્ષણની સંસ્થાઓનું પ્રમાણ |
|---|---|
| હિંમતનગર | ૩.૧૦૯ |
| પ્રાંતિજ | ૪.૩૪૩ |
| ઈડર | ૨.૦૦૮ |
| ખેડબ્રહ્મા | ૮.૭૦૫ |
| મેઘરજ | ૪.૮૨૭ |
| મોડાસા | ૪.૦૪૪ |
| માલપુર | ૫.૬૩૪ |
| તલોદ | ૫.૯૨૨ |
| સરેરાશ | ૪.૨૧૨ |




આમ, સાબરકાંઠા જિલ્લામાં ૧૯૯૧ સુધીમાં દર હજારની વસ્તીએ શહેરી વિસ્તારમાં સરેરાશ ૪.૨૧૨ પ્રાથમિક શાળાઓ જોવા મળે છે.

## ૨૦૦૧માં ગ્રામ્ય કક્ષાએ શિક્ષણની વ્યવસ્થા

| તાલુકો | ટકાવારી | તાલુકો | ટકાવારી |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૦૦.૦૦% | મોડાસા | ૧૦૦.૦૦% |
| પ્રાંતિજ | ૧૦૦.૦૦% | માલપુર | ૯૯.૦૦% |
| ઈડર | ૧૦૦.૦૦% | બાયડ | ૧૦૦.૦૦% |
| ખેડબ્રહ્મા | ૧૦૦.૦૦% | વડાલી | ૧૦૦.૦૦% |
| વિજયનગર | ૧૦૦.૦૦% | ધનસુરા | ૧૦૦.૦૦% |
| ભિલોડા | ૯૫.૮૦% | તલોદ | ૧૦૦.૦૦% |
| મેઘરજ | ૧૦૦.૦૦% | | |

આમ, કુલ ૧૩ તાલુકાઓમાંથી ૧૧ તાલુકાઓમાં દરેક ગામમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા માટે પ્રાથમિક શાળાઓ જોવા મળે છે. ફક્ત બે તાલુકા ભિલોડા અને માલપુરમાં ૧૦૦% ગામોમાં પ્રાથમિક શિક્ષણ માટે સુવિધા ઉપલબ્ધ નથી. આમ, ૨૦૦૧ સુધીમા સાબરકાંઠા જિલ્લાએ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી છે.

આઝાદી પૂર્વે કુલ ૧૪ તાલુકાઓમાં (૧૮૫૬ થી ૧૯૪૦) સુધી ૨૨૧ પ્રાથમિક શાળાઓ અસ્તિત્વમાં હતી. જ્યારે ૧૯૪૧ થી ૨૦૧૯ સુધીમાં ૧૪ તાલુકાઓમાં ૨૨૩૫ પ્રાથમિક શાળાઓ અસ્તિત્વમાં છે. આમ, ૨૦૧૯ સુધીમાં કુલ ૨૪૫૬ પ્રાથમિક શાળાઓ સાબરકાંઠા અવિભાજિત જિલ્લામાં માલૂમ પડે છે. વિભાજિત સાબરકાંઠા જિલ્લામાં આઝાદી પૂર્વે ૧૩૧ અને આઝાદી બાદ ૧૦૮૬ જ્યારે વિભાજિત અરવલ્લી જિલ્લામાં આઝાદી પૂર્વે ૯૦ અને આઝાદી બાદ ૧૧૪૯ પ્રાથમિક શાળાઓ અસ્તિત્વમાં આવી છે.

### સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુદાનિત નિવાસી પ્રા. શાળાની યાદી

- સોમનાથ ટ્રસ્ટ, બાયડ તા.બાયડ બક્ષીપંચ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, વારેણા
- વડોદરા જિલ્લા પછાતવર્ગ સેવા મંડળ,વડોદરા , ભીમનાથ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ધડુશાયાના મઠ
- શ્રી રામ કેળવણી ટ્રસ્ટ, ચાંદરેજ તા. બાયડ બક્ષીપંચ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ડાભા
- શ્રી ગ્રામ મંગલમ અંતોલી તા.મેઘરજ, બક્ષીપંચ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ઝેરીયાવાડા
- શ્રી ગ્રામ મંગલમ અંતોલી તા.મેઘરજ, બક્ષીપંચ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ઉચાપાદર
- શ્રી નવસર્જન સાર્વજનિક વિવિધ કાર્યકારી ચેરી. ટ્રસ્ટ, ડેભારી,મુ.મેઘરજ તા. મેઘરજ બક્ષીપંચ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ભેમાપુર
- શ્રી રંભોડા કેળવણી મંડળ, રંભોડા તા. માલપુર બક્ષીપંચ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, રંભોડા
- શ્રી જનસેવા ખાદી ગ્રામોધોગ વિકાસ સંઘ, ગુજેરી તા.ધનસુરા જનસેવા અનુદાનિત નિવાસી પ્રા. શાળા, નથવાસ
- વિકસતી જાતિ વિકાસ પરિષદ, હિંમતનગર મધુબા અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ભેંમપોડા
- ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, મોડાસા તા.મોડાસા, વિપુલ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, નવા ગારૂડી
- શ્રી માનવસેવા ટ્રસ્ટ, ટીંટોઇ તા.મોડાસા બક્ષીપંચ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ટીંટોઇ
- શ્રી ઠાકોર સમાજ સેવા મંડળ, નવા ભેટાલી બક્ષીપંચ અનુદાનિત નિવાસી પ્રા. શાળા, નવા ભેટાલી તા.ભિલોડા

- શ્રી જનસેવા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, ગુજેરી, જનસેવા અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ગુજેરી, તા.ધનસુરા
- પંચવટી એજ્યુકેશન ટ્રસ્ટ, ખાત્રજ, તા. મહેમદાવાદ, જિ. ખેડા ,સરસ્વતી અનુદાનિત નિવાસી પ્રા. શાળા, ઉભરાણ તા.માલપુર,
- દુર્ગા એજયુકેશન ટ્રસ્ટ, મુ. ના.જિ.ગાંધીનગર, પાવન અનુદાનિત નિવાસી મા. શાળા,ગાબટ તા,બાયડ
- શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ,મોડાસા દીનબંધુ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, શીકાવાવ

# પ્રકરણ-૩
# માધ્યમિક શિક્ષણનો પ્રારંભ અને વિકાસ

આઝાદી પૂર્વે ભારતમાં માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે જોઈએ તેટલો વિકાસ થયેલો માલૂમ પડતો નથી. આઝાદી પૂર્વે મોડાસા તાલુકામાં ફક્ત ૧૯૧૯માં શ્રી મોડાસા હાઈસ્કૂલ એક માધ્યમિક શાળા સ્થાનિક કેળવણી મંડળ દ્વારા શરૂ થયેલ માલૂમ પડે છે. આઝાદી બાદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનાં પગરણ મંડાયેલાં માલૂમ પડે છે.

૧૯૬૧ના ગેઝેટ મુજબ સાબરકાંઠા અવિભાજિત જિલ્લામાં ૪૦ માધ્યમિક શાળાઓ શરૂ થયેલી માલૂમ પડે છે. જેમાં ૪૪૧ શિક્ષક શિક્ષણ કાર્ય કરી રહ્યા હતા અને ૯૯૮૫ વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા હોય તેવું માલૂમ પડે છે. જે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| હિંમતનગર | ૭ | બાયડ | ૫ |
| ઈડર | ૬ | ભિલોડા | ૧ |
| ખેડબ્રહ્મા | ૨ | ધનસુરા | ૩ |
| પોશીના | ૨ | માલપુર | ૧ |
| પ્રાંતિજ | ૩ | મેઘરાજ | ૧ |
| તલોદ | ૩ | મોડાસા | ૨ |
| વડાલી | ૧ | | |
| વિજયનગર | ૩ | | |
| કુલ | ૨૭ | કુલ | ૧૩ |

વિભાજિત સાબરકાંઠા જિલ્લામાં ૨૭ અને વિભાજિત અરવલ્લી જિલ્લામાં ૧૩ એમ કુલ ૪૦ માધ્યમિક શાળાઓમાં શિક્ષણનું કાર્ય કરતી હતી. આદિવાસી વિસ્તારોમાં માધ્યમિક શાળાઓનું પ્રમાણ ઓછું માલૂમ પડે છે.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મોડાસા શહેર કેન્દ્રસ્થાને માલૂમ પડે છે. મોડાસા મુકામે મોડાસાના કેળવણી ક્ષેત્રના પ્રણેતા અને સ્વાતંત્ર્ય સેનાની શ્રી મથુરદાસ ગાંધીના પ્રમુખપદે ૩૦ જૂન ૧૯૧૯ના રોજ "શ્રી મોડાસા કેળવણી મંડળ" ની સ્થાપના કરવામાં આવી. આ મંડળ સંચાલિત શ્રી મોડાસા હાઈસ્કૂલની શરૂઆત ૧૯૧૯માં કરવામાં આવી હતી. તે આજે આ સંસ્થા "શ્રી કે. એન. શાહ હાઈસ્કૂલ – મોડાસા" નામે ઓળખાય છે. આ સંસ્થાનો ગૌરવવંતો ઈતિહાસ છે. સને ૨૦૧૯માં આ શાળાને ૧૦૦ વર્ષ પૂરા થતાં ભવ્ય શતાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. શાળાનું અદ્યતન સુવિધા યુક્ત મકાન પણ (પાંચ કરોડના ખર્ચે) બનાવવામાં આવ્યું છે. ૧૯૧૯માં આ શાળાની શરૂઆત ૮૨ વિદ્યાર્થીઓ અને ચાર શિક્ષકો થી થઈ હતી. આજે ૧૭૬૫ વિદ્યાર્થીઓ અને ૭૧ કર્મચારી ભાઈ-બહેનો આ સંસ્થામાં કાર્યરત છે.

❋ <u>**સરપ્રતાપ હાઈસ્કૂલ ઈડર**</u>

ઈ.સ.૧૮૯૦માં ઈડરના લોક વત્સલ્ય પ્રજાપ્રેમી અને વિદ્યાપ્રેમી શ્રી મહારાજા સાહેબ શ્રી કેસરીસિંહજીની પ્રેરણાથી એક નાનકડી શૈક્ષણિક સંસ્થાનું બીજ રોપાયું હતું. ઈ.સ. ૧૮૯૮માં ધોરણ ચાર અને ઈ.સ.૧૮૯૯માં ધોરણ પાંચની શરૂઆત થઈ હતી. ઈ.સ.૧૯૦૦માં

“મેકનાટન સ્કૂલ ” શરૂ કરવામાં આવી હતી. ઈસ ૧૯૨૮માં “મેકનાટન” સંકુલને બદલે મહારાજા શ્રી પ્રતાપસિંહજીના નામથી “સર પ્રતાપ હાઈસ્કૂલ” નામાભિધાન કરવામાં આવ્યું હતું. ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ કવિ શ્રી ઉમાશંકર જોષી અને શ્રી પન્નાલાલ પટેલે આ સંસ્થામાં અભ્યાસ કર્યો હતો. ઈ.સ.૧૯૯૦માં આ સંસ્થાએ શતાબ્દી વર્ષ અને ૨૦૧૫માં સવાસો વર્ષ પૂરા થતાં સવા શતાબ્દી વર્ષની ઉજવણી કરી હતી. ૧૯૩૭માં ઇડર સ્ટેટના તાબા હેઠળ ગાબટ મૂકામે માધ્યમિક શાળા શરૂ થઈ હતી.

૧૯૫૪માં “શ્રી ગાબટ કેળવણી મંડળ” તાલુકો બાયડની સ્થાપના થયા બાદ ગાબટના પનોતા પુત્ર શ્રી કે.કે શાહનાં “માતૃશ્રી સૂરજબા”ના નામે “શ્રી સૂરજબા હાઈસ્કૂલ” નામકરણ કરવામાં આવ્યું હતું. ઈ.સ. ૧૯૫૦માં બાયડ તાલુકાના મુખ્ય મથક બાયડ ખાતે શ્રી બાયડ કેળવણી મંડળ સંચાલિત શ્રી એન. એચ. શાહ, (સાઠંબાવાળા) હાઈસ્કૂલની સ્થાપના થઈ હતી. ઈ.સ.૧૯૫૧માં માલપુર ખાતે શ્રી માલપુર કેળવણી મંડળ દ્વારા શ્રી પાનાચંદ ગુલાબચંદ મહેતાના માતબર દાનથી “શ્રી પી.જી.મેહતા હાઈસ્કૂલ”ની સ્થાપના કરવામાં આવી હતી જે આજે વટવૃક્ષ બની કેળવણી ક્ષેત્રે ઉત્તમ યોગદાન આપી રહી છે.

હિંમતનગર ખાતે આઝાદી પૂર્વે શ્રી હિંમતસિંહજી મહારાજની પ્રેરણાથી ૧૯૪૨માં શ્રી “હિંમત હાઈસ્કૂલ”ની સ્થાપના થઈ હતી. આઝાદી પછી ૧૯૪૭થી તેનું સંચાલન મુંબઈ રાજ્ય સરકાર કરતી હતી. ૧૯૫૨માં હિંમતનગર કેળવણી મંડળની સ્થાપના થતાં આજદિન સુધી આ કેળવણી મંડળ આ સંસ્થાનું સંચાલન કરી રહી છે. પ્રાંતિજ મુકામે સ્કૂલની સ્થાપના ૧૨/૧/૧૮૮૩માં થઈ હતી. જેનું સંચાલન હાલ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા કરવામાં આવે છે પહેલા આ સ્કૂલનું નામ “એડવર્ડ મેમોરિયલ” એ.વી.સ્કૂલ રાખેલ હતું , પરંતુ શ્રી રમણલાલ ભોગીલાલ આ શાળાના વિદ્યાર્થી યુવાન વયે અવસાન પામતાં તેમના પિતાશ્રીએ દાન આપતાં આ શાળાનું નામ શેઠ પી. એન્ડ આર. હાઈસ્કૂલ રાખવામાં આવ્યું.




ઈ.સ.૧૯૫૧માં જિલ્લાના માલપુર ખાતે શ્રી માલપુર કેળવણી મંડળે શ્રી “પી.જી.મેહતા હાઈસ્કૂલ”ની સ્થાપના કરી હતી. ૧૯૫૧માં બાયડ તાલુકાના સાઠંબા ગામે પણ માધ્યમિક શાળા શરૂ થઈ હતી. બાયડ તાલુકાના ચોઈલા ગામે સને ૧૯૫૦માં રામજી મંદિરના મહંત શ્રી કોમલ દાસજી મહારાજશ્રીની પ્રેરણાથી અને તેમની અધ્યક્ષતામાં “ચોઈલા એજ્યુકેશન સોસાયટી”ના નામે રજિસ્ટર કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવી હતી અને સૌપ્રથમ ૧૯૫૩માં ‘રામજી મંદિર’ પરિસરમાં આવેલા ઓરડામાં હાઈસ્કૂલની શરૂઆત કરવામાં આવી હતી. આ ગામનાં શ્રેષ્ઠી શ્રી ઉગરચંદ ગુલાબચંદના સુપુત્ર શેઠ શ્રી ચીમનલાલ ઉગરચંદ દ્વારા માતબર રકમનું દાન મળતાં તેમના પિતાશ્રીના નામથી શાળાનું નામ શેઠ “શ્રી ઉગરચંદ ગુલાબચંદ હાઈસ્કૂલ” નામકરણ કરવામાં આવ્યું હતું. ગામના આગેવાન શ્રી દેવાભાઈ ગોપાલભાઈ પટેલે પોતાની આઠ વીઘા જમીન દાન આપતાં ચોઈલા હાઈસ્કૂલના પરિસરને અડી ઉચ્ચતર માધ્યમિક વિભાગનું નામકરણ “શ્રી દેવાભાઈ

ગોપાલભાઈ પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા" કરવામાં આવ્યું અને ૧૯૫૫માં તમિલનાડુના ગવર્નર શ્રીમાન કે. કે. શાહ સાહેબના વરદ હસ્તે શાળાનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. શાળાનું બાંધકામ પૂર્ણ થતાં તે સમયના સાબરકાંઠાના સાંસદ શ્રીમાન ગુલઝારીલાલ નંદાના વરદ હસ્તે શાળાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

બાયડ તાલુકાના ડેમાઈ ગામે માધ્યમિક શિક્ષણની શરૂઆત આઝાદી પછી ૧૯૫૬માં થઈ હતી. શાળાના મકાન માટેની જમીન અને ૧૧ હજાર રૂપિયાનું દાન શ્રી નારાયણભાઈ શામળભાઈ પટેલે આપતાં શાળાનું નામ "શ્રી નારાયણભાઈ શામળભાઈ પટેલ હાઈસ્કૂલ ડેમાઈ" રાખવામાં આવ્યું. આ શાળા શરૂ કરવામાં ગામના આગેવાન શ્રી રમણભાઈ ખેમચંદ ભાઈ મોદી, શ્રી માધુસિંહ, રેવાભાઈ પટેલ, શ્રી હરિવલ્લભદાસ મૂળજીદાસ શાહ, શ્રી નવનીતલાલ મણીલાલ શાહનું મહત્વનું યોગદાન રહ્યું હતું. તે સમયે બાયડ તાલુકા શરાફી મંડળીની સ્થાપના ૨૫ મે ૧૯૫૬ના રોજ શરૂ કરવામાં આવી હતી. તેમાં ડેમાઈના વતની સ્વ. કાલીદાસ કાકાએ વિશેષ ફાળો આપ્યો હતો. સને ૧૯૫૩માં પ્રાંતિજ તાલુકાના ઘડી ગામે ઘડી કેળવણી મંડળના નેજા હેઠળ માધ્યમિક શાળા શરૂ કરવામાં આવી. શ્રી ભોગીલાલ પુંજાભાઈ શાહ તથા શ્રી કાંતિલાલ શિવશંકર ત્રિવેદી જેવા જ્ઞાનપિપાસુ મહાનુભાવોના સહયોગથી શાળા શરૂ કરવામાં આવી હતી. શ્રી મોહનલાલ બી. દેસાઈ તરફથી તે સમયે ૮૦૦૦ રૂપિયાનું દાન મળતા શાળાનું નામકરણ "શ્રી એન. વી. દેસાઈ હાઈસ્કૂલ ઘડી" રાખવામાં આવ્યું છે. પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે "તાજપુર વિભાગીય સાર્વજનિક હાઈસ્કૂલ" નામનું શૈક્ષણિક સંકુલ ઊભું કરાતાં ૧૦ એપ્રિલ ૧૯૫૮ના રોજ ગામલોકોના સહયોગથી પ્રાપ્ત થયેલ જમીનમાં શાળાના નવીન મકાનમાં શિક્ષણકાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વિજયનગર તાલુકાના મુખ્યમથક વિજયનગર મુકામે વિજયનગરના રાજવી પરિવારના રાજા મહારાજ રમેશજીએ આઝાદી પછી મહારાજા હાઈસ્કૂલ "એમ. એચ હાઈસ્કૂલ" વિજયનગરની સ્થાપના કરી હતી.



**શેઠ બી.જે.હાઈસ્કૂલ , જાદર**

ઈડર તાલુકાના જાદર ગામે ૩ માર્ચ ૧૯૫૪ના રોજ જાદર ગામના આસપાસના ગામોના આગેવાન સ્વ. શેઠ શ્રી હરિભાઈ કેવળભાઈના પ્રમુખ સ્થાને સંમેલન ભરવામાં આવ્યું હતું. તે સમયે જિલ્લા કલેકટર શ્રી લાલવાણી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને જાદરના ખ્યાતનામ વિદ્યાપ્રેમી વૈદરાજ શ્રી મોહનલાલ રાજારામ જોષી સ્વાગત પ્રમુખ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ દિવસે જાદર વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવી હતી. સને ૧૯૫૫ સુધીમાં એસ.એસ.સી. સુધીની સંપૂર્ણ માધ્યમિક શાળાઓમાં રૂપાંતર કરવામાં આવ્યું હતું. સરકારશ્રીએ ૧૦,૦૦૦ ચોરસ વાર જમીન ભેટ આપી હતી. શેઠ શ્રી મનુભાઈ ભીખાભાઈ પરિવાર તરફથી ૧૯૫૮માં ૧૫૫૫૧/- રૂપિયાનું દાન

મળતાં ૧૯૫૮માં પૂણ્ય શ્લોક સ્વ. શેઠ શ્રી ભીખાભાઈ જીવાભાઈ સાથે શાળાનું નામ જોડવામાં આવ્યું. શાળાના મકાનનું ઉદઘાટન એ વખતના મુંબઈ રાજ્યના મજૂર અને કાયદા પ્રધાન શ્રી શાંતિલાલ શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા મુકામે ૧૯૫૨માં ગામના અગ્રણી એડવોકેટ શ્રી શિવશંકર જોષી, દેવજીકાકા મુખી, ચીમનભાઈ, પોપટભાઈ, શંકરભાઈ, છોટાભાઈ, રણછોડલાલ જેવા ગામના અગ્રણીઓના સહકારથી માધ્યમિક શિક્ષણની શરૂઆત થઇ હતી. જે શેઠ કે. ટી. હાઈસ્કૂલના નામે ખ્યાતનામ બની છે. ૧૯૮૨થી ૧૯૯૯ સુધી શ્રી શિવશંકર જોષીએ પ્રમુખ સ્થાને રહી સંસ્થાનો અવિરત વિકાસ કર્યો હતો. સ્વ રણછોડભાઈ ત્રિવેદી તથા હાલના પ્રમુખ શ્રી અશ્વિન જોષીએ શાળાને પ્રગતિ પંથે અગ્રેસર બનાવી છે.

વડાલી મુકામે ૧૯૫૩માં શ્રી ચંદુલાલ મોહનલાલ દોશીના પ્રમુખ પદે શ્રી વડાલી કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવી હતી અને તે જ વર્ષે "મહેતાઓના ઉપાશ્રય"માં લાકડાના મકાનમાં ધોરણ ૭ અને ૮ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. તે સમયે ૫૩ છોકરાઓ અને ૧૨ છોકરીઓ અભ્યાસ કરતી હતી. ઈ.સ. ૧૯૫૩થી શરૂ થયેલી સંસ્થાને એ સમયના નગર શ્રેષ્ઠી શ્રી ભુરાલાલ છગનલાલ શાહના પરિવાર તરફથી ૨૧000/- રૂપિયાનું દાન મળતાં તેમના પિતાશ્રી શેઠ છગનલાલ જીવરાજની પુનિત સ્મૃતિમાં શાળાનું નામકરણ તારીખ ૬/૧/૧૯૬0ના રોજ વડાલી વિદ્યામંદિરના સ્થાને "શેઠ છગનલાલ જીવરાજ શાહ હાઈસ્કૂલ વડાલી" ટૂંકમાં "શેઠ સી. જે. હાઈસ્કૂલ" તરીકે નામકરણ કરવામાં આવ્યુ. શ્રી સુરેશભાઈ ગાંધી (અગ્રણી સામાજિક કાર્યકર અને કલા ક્ષેત્રમાં જાણીતા), શ્રી દીપકભાઈ દવે (રાજ્ય પાઠ્યપુસ્તક સલાહકાર બોર્ડના સભ્ય) ,શ્રી તખતસિંહ ડી. (હડિયોલ, સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન), શ્રી પ્રકાશ સુથાર (રાષ્ટ્રપતિ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા) જેવા તેજસ્વી વિદ્યાર્થીઓ આ સંસ્થાએ આપ્યા છે.

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે હાઈસ્કૂલની સ્થાપના ૧ જૂન ૧૯૫૮થી કરવામાં આવી છે. ૧૯૪૯ સુધી ભિલોડામાં 'એન્ગ્લો વર્નાક્યુલર' ધોરણ સાત સુધીનું શિક્ષણ આપવા આવતું હતું. તે સમયે ભિલોડામાં ભિલોડા વિદ્યોત્તજક મંડળ, શિક્ષણ માટે કાર્યરત મંડળ હતું. ત્યારબાદ ૨૭ ઓગસ્ટ ૧૯૪૮ના રોજ શ્રી ભિલોડા શાળા ફંડ સમિતિની રચના થઈ. પરંતુ ૧૯૪૯ મે-જૂનમાં ઇડર રાજ્યનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું. આ સમયે શ્રી મોતીલાલ શિવરામ ત્રિવેદીના અથાગ પ્રયત્નોથી ૨૯ માર્ચ ૧૯૫0ના રોજ જન સેવા સંઘ ભિલોડાની રચના થઈ. શ્રી ભિલોડા શાળા ફંડ સમિતિની રચના ફંડ ઉઘરાવી હાઈસ્કૂલ માટે મકાન બાંધવા કરવામાં આવી હતી. આથી ૮ માર્ચ ૧૯૫૯ના રોજ આ સમિતિ દ્વારા શાળાના મકાનનું બાંધકામ કરવામાં આવ્યું. ભિલોડા જન સેવા સંઘને બાકીના ફંડની રકમ પરત આપવામાં આવી હતી. શરૂઆત ધો.૮ ના ૮ વિદ્યાર્થી થઈ હતી. મુંબઈના "માતૃશ્રી ન.રા.આશર ટ્રસ્ટે" ભિલોડા હાઈસ્કૂલના વધારાના રૂમો બાંધવા 30,000 રૂપિયાની ઉદાર સખાવત કરી હતી. આથી ૨૮ સપ્ટેમ્બર ૧૯૫૮ના રોજ જાહેરસભાએ ઠરાવ કરી ભિલોડા ઇંગલિશ હાઇસ્કૂલનું નામ "ન.રા.આ. વિદ્યાલય" રાખવાની મંજૂરી આપી. હતી તારીખ ૮ જૂન ૧૯૬૧ના રોજ ગુજરાતના કવિવર શ્રી ઉમાશંકર જોષી ના પ્રમુખસ્થાને શેઠ શ્રી દ્વારકાદાસ તથા ખીમજી મુળજીના વરદહસ્તે નામકરણ વિધિ કાર્યક્રમ શાળા પટાંગણમાં રાખવામાં આવ્યો હતો. હાઈસ્કૂલને અડીને એક ખેતર ૪ એકર અને ૩૬ ગુંઠાની જમીન આવેલી હતી. જે સ્કૂલના ભાવિ વિકાસ માટે મહત્વની હતી. આ ખેતરના માલિક શ્રી ગોવિંદજી લખાભાઇ પંચાલે પોતાની સ્વર્ગસ્થ પત્ની ભૂરીબાઈના પુણ્યાર્થે ખેતર સંસ્થાને દાનમાં આપી દીધું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસા અને બાયડ તાલુકામાંથી ધનસુરા તાલુકાનું નિર્માણ થયું છે. ધનસુરા ખાતે ૧૯૩૫માં "સરસ્વતી ઇંગલિશ" નામે શાળા શરૂ થઈ હતી. ધનસુરામાં હાઈસ્કૂલની સ્થાપનાનું શ્રેય વિઠ્ઠલદાસ પ્રેમચંદદાસ મહેતા, શિવલાલ સાંકળચંદ મહેતા, વાડીલાલ પી. મહેતાને ફાળે જાય છે. મોડાસા તાલુકામાં મોડાસા હાઈસ્કૂલની સ્થાપના બાદ બીજા ક્રમે ધનસુરા મુકામે હાઈસ્કૂલની સ્થાપના થઈ હતી. જેમાં "શ્રી બી. એસ. પંડ્યા" મુખ્ય રહ્યા હતા. જિલ્લાની સર્વપ્રથમ એન.સી.સી પ્રવૃત્તિ આ સંસ્થામાં શરૂ કરવામાં આવી હતી. જેનો શ્રેય આચાર્ય ધીરુભાઈ વી. મહેતાની ફાળે જાય છે. એન.સી.સી નિમિત્તે શાળામાં ૧૯૬૪માં ગુજરાતના રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગે મુલાકાત લીધી હતી. ત્યારબાદ શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, શ્રી કે. કે. શાહ (કેન્દ્રીય મંત્રી) વગેરેએ મુલાકાત લીધી હતી. રમતગમત ક્ષેત્રે શાળાએ રાજ્ય કક્ષાએ અને

એન.સી.સી. ક્ષેત્રે દિલ્હીમાં પ્રજાસત્તાક પરેડમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. તે સમયે ૨.૨ ફાયરિંગમાં આ શાળા ભારતમાં બીજા ક્રમે આવી હતી. ૧૯૭૧માં સ્વ. વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ પણ આ શાળાની મુલાકાત લીધી હતી અને કેન્દ્રીય મંત્રી કુમુદબેન જોષી તથા ઉમાશંકર દીક્ષિતે પણ સંસ્થાની મુલાકાત લીધી હતી.

તત્કાલીન શિક્ષણ મંત્રી અને ધનસુરાના પનોતા પુત્ર મા. શ્રી કરસનદાસ સોનેરીના પ્રયત્નોથી નવોદય વિદ્યાલય પણ ધનસુરા ખાતે કાર્યરત છે. ધનસુરા તાલુકામાં બીજા ક્રમે આકરુન્દ ગામે હાઈસ્કૂલની શરૂઆત થઇ હતી. તે સમયે આકરુન્દ "મરાઠી ફણસે" પરિવારની જાગીર હતી. ગામના કેળવણીકાર 'જેસીંગભાઈ રેવાભાઈ પટેલ'ના પ્રયત્નોથી અને ભૈયાદાદાના સહકારથી શ્રીમતી પદ્માવતી કૃષ્ણકુમાર ફણસેએ વિશાળ જમીન દાનમાં મળતાં હાઈસ્કૂલનું ભવ્ય મકાન બનાવવામાં આવ્યું. શિવલાલ પાનાચંદ શાહ, મોહનલાલ છોટાલાલ શાહ જેવા વિદ્યાપ્રેમી વડીલોનો આ સંસ્થાના નિર્માણમાં સિંહ ફાળો રહેલો છે.

ભિલોડા તાલુકામાં "શ્રી શામળાજી પ્રદેશ કેળવણી મંડળ" દ્વારા માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે મહત્વનું યોગદાન રહ્યું છે. માનનીય શ્રી કલજીભાઈ આર. કટારાએ આ વિસ્તારમાં અનેક માધ્યમિક શાળાઓની સ્થાપનામાં મહત્વનું કાર્ય કર્યું છે. હાલ તેમના સુપુત્ર શ્રી દિલીપભાઈ કટારા શિક્ષણ ક્ષેત્રે મહત્વનું યોગદાન આપી રહ્યા છે. આ કેળવણી મંડળે આ વિસ્તારમાં નીચે મુજબની માધ્યમિક શાળાઓ શરૂ કરી છે.

- શ્રી આર્ય જ્યોતિ હાઇસ્કૂલ, શામળાજી (ઈ.સ.૧૯૭૩)
- શ્રી ગર્લ્સ હાઇસ્કૂલ, શામળાજી (ઈ.સ.૧૯૮૭)
- શ્રી ભારતીય મંદિર, દાવલી (ઈ.સ.૧૯૮૯)
- દહેગામ ગ્રુપ હાઈસ્કૂલ કેન્દ્ર શાળા (ઈ.સ. ૧૯૮૭)
- મહેરુ હાઈસ્કૂલ, મહેરુ (જૂન ૧૯૮૭)

આ સિવાય આશ્રમશાળાઓ પણ આ વિસ્તારમાં આ કેળવણી મંડળ હસ્તક શરૂ કરવામાં આવી છે.

- આદિવાસી આશ્રમશાળા, સુનોખ
- ઉ.બુ. આશ્રમ શાળા, વાલરણ (ઈ.સ.૧૯૮૯)
- દિધીયા આશ્રમશાળા, દિધીયા

શ્રી કેશવદાસજી મહારાજ તથા શ્રી સુરમલ સિંહ જી જાડેજાએ આ મંડળ સંલગ્ન રહી વિશેષ સહયોગ પ્રદાન કર્યો છે.

### કન્યા કેળવણી ક્ષેત્રે સંત શ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલયનું પ્રદાન ખેડબ્રહ્મા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર અને ઈડર વિભાગ ઉપક્રમે શ્રી કચ્છ કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત "સંત શ્રી રામજીબાપા ક. ક. પા. કન્યા વિદ્યાલય" અને "શ્રી કચ્છ કડવા પાટીદાર ઉ.મા કન્યા વિદ્યાલય" ખેડબ્રહ્મા મુકામે કન્યા કેળવણીનું ઉમદા કાર્ય કરે છે.

<u>પ્રારંભિક ઇતિહાસ</u>

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ખેડબ્રહ્મા, વડાલી, ઈડર અને વિજયનગર તાલુકાના જાગૃત વાલીઓએ ભેગા મળી 'પ્રગતિ યુવક મંડળ'ની રચના કરી. આમ આ મંડળનો ઉદ્દેશ શિક્ષણનો વ્યાપ કરવો , સંસ્કાર સંવર્ધનનું કાર્ય કરી સમાજના રીત રિવાજો વિશે જાગૃતિ લાવવી તથા મૂલ્યનિષ્ઠ સમાજની પરંપરાઓ જાળવવાવો હતો. શરૂઆતમાં આ અંગે એક-બે દિવસની શિબિરો શરૂ કરેલ જેના ફલશ્રુતિ રૂપે કોઠીકંપા ખાતે મળેલ સભામાં ખેડબ્રહ્મા મુકામે જમીન ખરીદી કન્યા છાત્રાલય શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણય મુજબ સમાજના વડીલો સ્વ.ખેતાબાપા, સ્વ.નાનજી બાપા, સ્વ.કાનજીબાપા અને શ્રી ખીમજી બાપાએ ખેડબ્રહ્મા મુકામે જમીન ખરીદી. જે મુજબ જૂન ૧૯૮૦થી ખેડબ્રહ્મા મુકામે ખેડબ્રહ્મા સમાજવાડીમાં કન્યા છાત્રાલય શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ ૧૯૮૩માં સમાજના વિકાસનું ચિંતન કરનાર વડીલો સાથે મળી સમાજમાં ક્રાંતિ લાવવી હશેતો તે શિક્ષણથી જ શક્ય બનશે અને તે પણ કન્યા કેળવણીથી વિશેષ શક્ય બનશે. આથી ડિસેમ્બર ૧૯૮૪માં "શ્રી કચ્છ કડવા પાટીદાર કેળવણી મંડળ"ની રચના કરવામાં આવી. જૂન ૧૯૮૫થી કન્યા વિદ્યાલયનો શુભારંભ ખેડબ્રહ્મા સમાજવાડીમાં કર્યો.

ખેડબ્રહ્મા તાલુકાના સમાજના જાગૃત આગેવાનોએ ખરીદેલ જમીન ચારે તાલુકાઓને અર્પણ કરી. આ જમીનમાં કન્યા વિદ્યાલય અને કન્યા છાત્રાલયના નવીન ભવનનું નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેના પ્લાન એસ્ટીમેન્ટ સેવાભાવી સિવિલ એન્જિનિયર શ્રી રમણભાઈએ તૈયાર કરેલ છે. સમાજના દાતાઓના આર્થિક સહયોગથી એક જ કેમ્પસમાં અધ્યતન ભૌતિક સુવિધાઓ ધરાવતાં બે ભવનોનું નિર્માણ થયું. સાથે સાથે રંગમંચ, અતિથિ ભવન, આરોગ્ય ભવન, પ્રાર્થના હોલ, ભોજનાલય, સ્વતંત્ર વોટર સપ્લાય પ્લાન્ટ, વોટર કુલર, કોમ્પ્યુટર સેન્ટર જેવી સુવિધાઓ સાકાર થયેલ છે. આ કાર્યોમાં સમાજના અગ્રણી મહાનુભાવોએ સતત સહકાર આપેલ છે.

હાલ છાત્રાલયમાં ધોરણ ૫ થી ૧૨ ની ૩૩૦ દીકરીઓ રહીને અભ્યાસ કરે છે. જૂન ૧૯૮૫ શરૂ થયેલ કન્યા વિદ્યાલયમાં કે.જી.થી ધોરણ ૧૨ સુધીના શિક્ષણની વ્યવસ્થામાં ૫૦૦થી પણ વધારે દીકરીઓ અભ્યાસ કરી રહી છે. ૧૯૯૭થી અદ્યતન કોમ્પ્યુટર સેન્ટર શરૂ કરેલ છે. આ સંસ્થાએ બોર્ડમાં ઉત્તમ પરિણામો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રાજ્યકક્ષા સુધી સિદ્ધિઓ મેળવી છે. ઓલ ઇન્ડિયા કચ્છ કડવા પાટીદાર સમાજમાં આ સંસ્થાએ ટોચનું સ્થાન પ્રાપ્ત કરી નામના મેળવેલ છે.



સંત શ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય

અમેરિકા નિવાસી “સંત શ્રી રામજી બાપા”ના પુત્ર શ્રી પ્રેમજીભાઈએ આ સંસ્થાની મુલાકાત લઇ તેમના પિતા સંત શ્રી રામજીબાપાનું નામ વિદ્યાલય સાથે જોડવાની સંમતિ આપી. તે જ પ્રમાણે કન્યા વિદ્યાલયમાં “સ્વ.મા. મનજીબાપા” તથા ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા તરફથી “મા ઉમા” નું નામ જોડવાની સંમતિ આપી. અનેક કેળવણીકારો, સાહિત્યકારો, સરકારી મંત્રીશ્રીઓ, સામાજિક કાર્યકરોએ, સંતશ્રીઓ એ આ સંસ્થાની મુલાકાત લઇ અહોભાવ વ્યક્ત કર્યો છે. કેળવણીકાર અને વિદ્વાન આચાર્ય ડોક્ટર દાઉદભાઈ ઘાંચી, સાહિત્યકારોશ્રી મણીલાલ હ. પટેલ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી ગૌતમભાઈ પટેલ, શ્રી અશોકપુરી ગોસ્વામી, શ્રી અજિત ઠાકોર, શ્રી અદમ ટંકારવી, શ્રી ભગવતીપ્રસાદ પંડ્યા, શ્રી ભોળાભાઈ પટેલે આ સંસ્થાની મુલાકાત લીધી છે. સંયોજક તરીકે આ સંસ્થાના મંત્રીશ્રી જેઠાભાઇ કે. પટેલે ઉમદા ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત છાત્રાલયો (સાબરકાંઠા-અરાવલ્લી) સંયુક્ત જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે ઉમદા કાર્ય કરી રહ્યા છે. જે નીચે મુજબ છે.

- ઉમા કન્યા છાત્રાલય, ખેડબ્રહ્મા
- શ્રી ઉમા કન્યા છાત્રાલય, હિંમતનગર
- શ્રી કે. પી. પટેલ વિદ્યાર્થી ભવન. મોડાસા
- શ્રી ઓઢવ કન્યા છાત્રાલય, ધનસુરા
- સંત શ્રી નથુરામબાપા છાત્ર નિવાસ, વડાલી
- શ્રી ઉમા બોયઝ હોસ્ટેલ, હિંમતનગર
- શ્રી ઓઢવ કુમાર છાત્રાલય, ધનસુરા

આવાં અનેક સમાજના છાત્રાલયો સાબરકાંઠા જિલ્લામાં શિક્ષણનો વ્યાપ વધારવા સક્રિય ભૂમિકા અદા કરી રહ્યાં છે.

સાબરકાંઠા જિલ્લામાં ૧૯૭૦ થી ૧૯૮૦ અને ૧૯૮૦ થી ૧૯૯૦ના ગાળામાં માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે સારો વિકાસ થયો જોવા મળે છે. આ ૨૦ વર્ષના ગાળામાં ગ્રામ્ય કક્ષાએ અનેક જાહેર કેળવણી મંડળોએ સમાજના શ્રેષ્ઠીઓ પાસેથી શાળાના મકાનો માટે ઉદાર સખાવત પ્રાપ્ત કરી સુવિધાયુક્ત શાળાઓનાં મકાન બનાવ્યાં છે. અનેક સમાજના દાતાશ્રીઓ તરફથી વિનામૂલ્યે શાળાઓ માટે જમીનો પ્રાપ્ત કરેલ છે. જે એક ક્રાંતિકારી પગલું છે.

બાયડ તાલુકાના જીતપુર ગામે ડોક્ટર શ્રી બી. એમ. શાહ તથા પ્રાથમિક શાળાના નિષ્ઠાવાન શિક્ષક શ્રી બેચરભાઈ કાલીદાસ પટેલના નેતૃત્વમાં ૧૯૬૭માં ગુરુપૂર્ણિમાના દિવસે 'શ્રી જીતપુર ગ્રુપ કેળવણી મંડળ'ની સ્થાપના કરવામાં આવી હતી. અને ગામના એક મકાનમાં ધોરણ આઠનો વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૬૮માં મુખ્ય દાતાશ્રી મોતીચંદદાસ પુરુષોત્તમદાસ શાહ અને ગ્રામજનોના સહયોગથી શાળાનું નવીન મકાન બનાવવામાં આવ્યું છે.

બાયડ તાલુકાના આંબલીયારા ગામે માધ્યમિક શાળાની સ્થાપના ૧૯૬૨માં થઈ તા.૧ જૂન ૧૯૬૨થી શાળા શરૂ થઈ. શાળાને મંજૂરી ૨૬ નવેમ્બર ૧૯૬૨ના રોજ મંજૂરી મળી છે. "શ્રી આંબલીયારા ગ્રુપ કેળવણી મંડળ" દ્વારા આ શાળાનું સંચાલન થાય છે. આ મંડળના પ્રથમ પ્રમુખ શ્રી તુલસીભાઈ છગનભાઈ પટેલ હતા. સહાયક તરીકે શ્રી પુંજાભાઈ ભુલાભાઈ પટેલ હતા અને પ્રથમ આચાર્ય શ્રી શ્યામલાલ ત્રિકમલાલ ગાંધી હતા. ઈ.સ.૧૯૭૬ સુધી ધોરણ ૮ થી ૧૧ હતાં. ૧૫ જુલાઈ ૧૯૭૬થી ઉચ્ચતર માધ્યમિક શાળાની શરૂઆત થઈ. તા. ૧૬ જુલાઈ ૧૯૯૭ના રોજ શાળાનું નામાભિધાન શ્રી ટી. સી. પટેલ હાઈસ્કૂલ અને શ્રીમતી ધૂળીબેન ટી. પટેલ ઉચ્ચતર મા. શાળા કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા મુકામે સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય ૧૯૭૦થી શરૂ કરવામાં આવી છે. આ શાળામાં કે.જી.થી ધોરણ ૧૨ સુધી શિક્ષણ એક જ કેમ્પસમાં આપવામાં આવે છે. સને ૧૯૮૯થી ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહ અને ૧૯૯૯થી ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શરૂ થયેલ છે. સને ૧૯૮૫-૮૬માં આ શાળાને 'ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શાળા એવોર્ડ' પ્રાપ્ત થયેલ છે. આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી વિજય ખરાડી તાપી જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર તરીકે નિયુક્ત થયા છે. શાળામાં અદ્યતન લેબોટરી અને સુસજ્જ લાયબ્રેરી ઉપલબ્ધ છે. ગુજરાત રાજ્યની પ્રોજેક્ટ શાળાઓમાં સાબરકાંઠાની પાંચ શાળાઓ પૈકી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

**ઈ.સ.૧૯૭૧ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૮ થી ૧૧ ની શાળાઓ આ પ્રમાણે હતી .**

હિંમતનગર ૧૮, પ્રાંતિજ ૨૪, ઇડર ૨૪, ખેડબ્રહ્મા ૩, વિજયનગર ૪, ભિલોડા ૧૦, મોડાસા ૧૬, મેઘરાજ ૨, માલપુર ૩, બાયડ ૧૪ એમ કુલ ૧૧૮.

સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૧૭ ગામોમાં ધોરણ ૮ થી ૧૧ નાં વર્ગોવાળી ૧૧૮ શાળાઓ હતી. આદિવાસી વસ્તી ધરાવનાર તાલુકાઓ ખેડબ્રહ્મા, વિજયનગર અને મેઘરજમાં માધ્યમિક શિક્ષણ આપતી શાળાઓની સંખ્યા ખૂબ જ ઓછી જોવા મળે છે. ૧૯૬૧ થી ૧૯૮૦ દરમિયાન કુલ ૨૦૨ માધ્યમિક શાળાઓ સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત હતી.

**૧૯૬૯માં શહેરી વિસ્તારમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.**

હિંમતનગર ૬, ધનસુરા ૨, ઇડર ૨, ખેડબ્રહ્મા ૧, મોડાસા ૪, પ્રાંતિજ ૩, તલોદ ૩ એમ કુલ ૨૧ શાળાઓ હતી.

ઈ.સ.૧૯૬૧-૬૨માં સાબરકાંઠા જિલ્લામાં ૪૭ માધ્યમિક શાળાઓ હતી. જે ૧૯૬૯-૭૦માં ૧૩૪ થઈ. તે સમયે વિદ્યાર્થીઓની સંખ્યા દસ વર્ષમાં ૧૧,૯૨૬ માંથી વધીને ૩૫,૧૫૧ થઈ હતી. કુલ ૧૯૪.૭૪% નો વધારો થયો હતો.

સને ૧૯૬૧માં સેકન્ડરી સ્કુલ સર્ટીફીકેટ એક્ઝામિનેશન (એસ.એસ.સી) પરીક્ષાનાં ફક્ત બે જ કેન્દ્રો હતા. એક મોડાસામાં અને બીજું પ્રાંતિજમાં. ઈ.સ.૧૯૬૩માં હિંમતનગર, ૧૯૬૬માં તલોદ અને ૧૯૬૮ ઇડરમાં એસ.એસ.સી પરીક્ષા કેન્દ્રો ચાલુ થયા હતા.

૧૯૬૧માં ૨૪૯૨ વિદ્યાર્થીઓએ એસ.એસ.સી.ની પરીક્ષા આપી હતી. જેમાંથી ૮૮૫ વિદ્યાર્થી પાસ થયા હતા. જે પરીક્ષાનું પરિણામ ૩૫ .૫૧% હતું. ૧૯૭૦માં ૬૪૭૩ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. પરિણામ ૪૭.૨૧% આવ્યું હતું.

**૧૯૬૧થી ૭૦ સુધીના એસ.એસસી. પરીક્ષાના પરિણામો આ પ્રમાણે છે.**

| વર્ષ | પરીક્ષામાં બેઠા | પાસ | ટકાવારી | વર્ષ | પરીક્ષામાં બેઠા | પાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૧ | ૨૪૯૨ | ૮૮૫ | ૩૩.૫૧ | ૧૯૬૬ | ૫૪૮૦ | ૨૨૫૨ | ૪૧.૦૯ |
| ૧૯૬૨ | ૨૯૨૦ | ૧૦૪૯ | ૩૫.૯૨ | ૧૯૬૭ | ૫૬૨૯ | ૨૬૮૩ | ૪૭.૬૬ |
| ૧૯૬૩ | ૩૨૨૪ | ૧૩૨૯ | ૪૧.૨૨ | ૧૯૬૮ | ૫૯૫૯ | ૨૮૦૦ | ૪૬.૯૯ |
| ૧૯૬૪ | ૩૬૮૦ | ૧૬૦૬ | ૪૩.૬૪ | ૧૯૬૯ | ૫૯૫૩ | ૨૯૪૧ | ૪૯.૪ |
| ૧૯૬૫ | ૪૬૬૨ | ૨૦૦૨ | ૪૨.૯૪ | ૧૯૭૦ | ૬૪૭૩ | ૩૦૫૬ | ૪૭.૨૧ |




**૧૯૭૦ થી ૧૯૮૦ માધ્યમિક શિક્ષણની સુવિધાઓ.**

| વિગત | ૧૯૭૧-૭૨ | ૧૯૭૫-૭૬ | ૧૯૭૯-૮૦ |
|---|---|---|---|
| સંસ્થાઓ | ૧૭૪ | ૧૭૬ | ૧૯૮ |
| વિદ્યાર્થીઓ | ૪૪૭૯૫ | ૪૮૦૪૧ | ૪૪૨૯૭ |
| શિક્ષકો | ૧૬૮૬ | ૧૯૪૨ | ૧૮૯૩ |




**શહેરી વિસ્તારોમાં ૧0000ની વસ્તીએ માધ્યમિક શાળાઓની સંખ્યા.**

| શહેર | માધ્યમિક શિક્ષણ આપતી સંસ્થાઓનું પ્રમાણ | શહેર | માધ્યમિક શિક્ષણ આપતી સંસ્થાઓનું પ્રમાણ |
|---|---|---|---|
| હિંમતનગર | ૨.૫૦3 | મેઘરજ | ૧.૫૪૯ |
| મોડાસા | ૧.૨૫ | પ્રાંતિજ | ૧.૬૫૧ |
| ખેડબ્રહ્મા | ૧.૫૨૬ | તલોદ | ૨.૩૨૬ |
| માલપુર | ૨.૬૮૭ | સરેરાશ = ૧.૯૫0 | |

**૧૯૮0થી ૧૯૯0 સુધી માધ્યમિક શિક્ષણ/ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની વિગતો**

| વિગત | ૧૯૭૯-૮0 | ૧૯૮૪-૮૫ | ૧૯૮૯-૯0 |
|---|---|---|---|
| સંસ્થાઓ | ૨0૯ | 3૨૯ | ૪3૫ |
| વિદ્યાર્થીઓ | ૪૮૫૬3 | ૬૪૭૯૫ | ૭03૭૬ |
| શિક્ષકો | ૨0૪૫ | ૨૮૬૪ | 33૪૯ |

આ દસકામાં (૧૯૮0થી ૧૯૯0માં) માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ ક્ષેત્રે સારી પ્રગતિ થયેલી માલૂમ પડે છે.

**૧૯૯૧ થી ૨૦૦૦ સુધીમાં શહેરી વિસ્તારોમાં માધ્યમિક/ઉ.મા. શિક્ષણ સંસ્થાઓનું ૧૦૦૦૦ (દસ હજાર)ની વસ્તીએ પ્રમાણ**

| ક્રમ | શહેર | સંખ્યા/ પ્રમાણ | ક્રમ | શહેર | સંખ્યા/ પ્રમાણ |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨.૧૩૮ | ૫ | મેઘરજ | ૧.૨૦૭ |
| ૨ | ઈડર | ૧.૬૦૬ | ૬ | પ્રાંતિજ | ૧.૪૪૮ |
| ૩ | ખેડબ્રહ્મા | ૧.૧૬૧ | ૭ | મોડાસા | ૦.૭૧૪ |
| ૪ | માલપુર | ૧.૮૭૮ | ૮ | તલોદ | ૧.૪ |

❖ **<u>સાબરકાંઠા જિલ્લામાં ખ્રિસ્તી મિશનરીઓની શૈક્ષણિક પ્રવૃત્તિઓ(માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે)</u>**

ગુજરાતમાં આદિવાસીઓમાં ખ્રિસ્તી મિશનોની સ્થાપના કરનાર સંસ્થા હતી "ચર્ચ મિશનરી સોસાયટી (CNS)" જેની સ્થાપના ઈ.સ.૧૭૯૯માં "ઇન્વેન્જિકલ એગ્લિંકન સોસાયટી" દ્વારા ઇંગ્લેન્ડમાં કરવામાં આવી હતી. આ સંસ્થા દ્વારા ૧૮૮૦માં સાબરકાંઠાના આદિવાસી લોકોમાં ધર્મ પ્રચારની શરૂઆત કરવામાં આવી હતી. ખ્રિસ્તી ધર્મપ્રચારની શરૂઆત ખેરવાડાથી થઈ આગળ જતાં લુસડીયા, બિલડિયા, માંકરોડા, કોરડા, મોટા કંથારીયા, જેસીંગપુર વગેરે સ્થળે અનેક શાળાઓ શરૂ કરવામાં આવી હતી.

જે સમાજમાં શિક્ષણનું મહત્વ બિલકુલ ન હતું. ત્યાં ખ્રિસ્તી મિશનરીઓએ ધર્મ પ્રવૃત્તિની સાથે શિક્ષણ દ્વારા આજથી લગભગ ૧૨૫ વર્ષ પૂર્વે સામાજિક આર્થિક પરિવર્તનની પ્રક્રિયા વેગવાન બનાવી હતી.

પ્રોટેસ્ટન્ટ મિશનરીઓ દ્વારા સાબરકાંઠા જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ તો ચાલતી જ હતી. પણ માધ્યમિક શાળાઓ નહોતી. સને ૧૯૫૭માં આ મિશનરીઓએ બીલડીયામાં "સેન્ટ એન્ડ્રુઝ હાયર સેકન્ડરી સ્કુલ"નું ઉદ્ઘાટન કર્યું હતું. જે આ વિસ્તારની પ્રથમ માધ્યમિક શાળા હતી. ત્યાં વિદ્યાર્થીઓને રહેવા છાત્રાલયની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આજે પણ છાત્રાલય સગવડ ઉપલબ્ધ છે. આજે પણ આ શાળાનું સંચાલન સરકારી ગ્રાન્ટ દ્વારા પ્રોટેસ્ટન્ટ મિશનરી સંસ્થા દ્વારા થઈ રહ્યું છે.

કેથોલિક મિશનરીઓનો સાબરકાંઠામાં ૧૯૬૨માં પ્રવેશ થયો હતો. તેમનું પ્રથમ કેન્દ્ર ભિલોડા પાસે માંકરોડા હતું. "ફાધર યેસ્વાસએ" ખેતી વિકાસની સાથે શિક્ષણ વિકાસ માટે છાત્રાલયોની સ્થાપના કરી હતી. આજે સાબરકાંઠામાં વિજયનગર, ભિલોડા અને મેઘરજમાં કેથોલિક મિશનરીઓનાં ચાર કેન્દ્રો છે.

આઝાદી પછી સરકારે આદિવાસીઓ માટે કેટલીક યોજનાઓ મૂકી જેના લીધે સાબરકાંઠામાં આદિવાસીઓમાં શિક્ષણનો ફેલાવો થયો છે. ભિલોડા તાલુકામાં આદિવાસી પેટા યોજનાઓ દ્વારા શિક્ષણ માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શિક્ષણની સગવડો પૂરી પાડવામાં આવી છે. ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન અમલમાં મુકાયેલી આદિવાસી કલ્યાણ યોજનાઓ પ્રમાણે સરકારે ૩૬૦૦ રૂપિયાથી ઓછી આવક ધરાવનાર વાલીઓ માટે તમામ બાળકોને સંપૂર્ણ શિક્ષણ મફત અને ૪૬૦૦ રૂપિયાથી નીચે આવક ધરાવનાર પરિવારોમાં એક બાળક સિવાય તમામ બાળકોને એસ.એસ.સી.ના અભ્યાસ માટે અડધી ફી આપે છે.

### આઝાદી બાદ સાબરકાંઠા-અરવલ્લી સંયુક્ત જિલ્લામાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો વ્યાપ ( શાળાઓની સંખ્યા )

| ક્રમ | તાલુકો | ૧૯૪૧-૬૦ | ૧૯૬૧-૮૦ | ૧૯૮૧-૨૦૦૦ | ૨૦૦૧ - ૨૦૧૦ | ૨૦૧૦-૨૦૧૯ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૭ | ૩૨ | ૫૮ | ૩૬ | ૩૫ | ૧૬૮ |
| ૨ | ઈડર | ૬ | ૩૫ | ૪૭ | ૨૫ | ૨૫ | ૧૩૮ |
| ૩ | પ્રાંતિજ | ૩ | ૨૫ | ૮ | ૧૫ | ૯ | ૬૦ |
| ૪ | તલોદ | ૩ | ૧૨ | ૧૭ | ૮ | ૯ | ૪૯ |
| ૫ | ખેડબ્રહ્મા | ૨ | ૭ | ૨૮ | ૧૨ | ૯ | ૫૮ |
| ૬ | વિજયનગર | ૩ | ૧૧ | ૨૭ | ૮ | ૬ | ૫૫ |
| ૭ | વડાલી | ૧ | ૫ | ૧૩ | ૨ | ૭ | ૨૮ |
| ૮ | પોશીના | ૨ | ૩ | ૭ | ૮ | ૭ | ૨૭ |
| ૯ | બાયડ | ૫ | ૧૨ | ૧૯ | ૩ | ૭ | ૪૬ |
| ૧૦ | ભિલોડા | ૧ | ૨૬ | ૪૦ | ૮ | ૦ | ૭૫ |
| ૧૧ | ધનસુરા | ૩ | ૩ | ૮ | ૧ | ૦ | ૧૫ |
| ૧૨ | માલપુર | ૧ | ૯ | ૧૦ | ૨ | ૩ | ૨૫ |
| ૧૩ | મેઘરજ | ૧ | ૯ | ૨૮ | ૫ | ૪ | ૪૭ |
| ૧૪ | મોડાસા | ૨ | ૧૩ | ૨૮ | ૧૪ | ૧૦ | ૬૭ |
| કુલ | | ૪૦ | ૨૦૨ | ૩૩૮ | ૧૪૭ | ૧૩૧ | ૮૫૮ |



## ❋ આશ્રમશાળાઓ

વેદકાલીન યુગમાં અભ્યાસ અર્થે આશ્રમો કાર્યરત હતા. ત્યારબાદ તે વિદ્યાપીઠોમાં પરિણમ્યા. સરકારશ્રી દ્વારા અંતરિયાળ વિસ્તારના બાળકો પ્રારંભિક શિક્ષણથી વંચિત ન રહી જાય, તે માટે બાળકો હોસ્ટેલમાં રહી ભણી શકે તે માટે વિવિધ કચેરી અંતર્ગત આશ્રમ શાળાઓ કાર્યરત છે . જે અંતર્ગત નાયબ નિયામક અનુસૂચિત જનજાતિ કચેરી અંતર્ગત કુલ ૪૭ આશ્રમશાળાઓ છે . નાયબ નિયામક કચેરી અનુસૂચિત જાતિ અંતર્ગત કુલ ૧૪ આશ્રમ શાળાઓ તથા નાયબ નિયામક કચેરી વિકસતી જાતિ અંતર્ગત કુલ ૯ આશ્રમ શાળાઓ કાર્યરત છે. જે થકી બૃહદ સાબરકાંઠામાં અંતરિયાળ વિસ્તારના શિક્ષણથી વંચિત બાળકો માટે શિક્ષણ તથા રહેવાની મફત વ્યવસ્થા પૂરી પાડે છે.

**સાબરકાંઠા જિલ્લાની આશ્રમ શાળાઓની યાદી**

| ક્રમ | સ્થળ | તાલુકો | ક્રમ | સ્થળ | તાલુકો |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા | ૧૫ | રાજપુર | વિજયનગર |
| ૨ | ધાડા | ખેડબ્રહ્મા | ૧૬ | પૃથ્વીપુરા | વિજયનગર |
| ૩ | મટોડા | ખેડબ્રહ્મા | ૧૭ | પાલ | વિજયનગર |
| ૪ | દિઘીયા | ખેડબ્રહ્મા | ૧૮ | વદરી | વિજયનગર |
| ૫ | ખેરગઢ | ખેડબ્રહ્મા | ૧૯ | ખારીબેડી | વિજયનગર |
| ૬ | પાટડીયા | ખેડબ્રહ્મા | ૨૦ | દેમતી | પોશીના |
| ૭ | વરતોલ | ખેડબ્રહ્મા | ૨૧ | કોટડા - જોટાસણ | પોશીના |
| ૮ | ખેરોજ | ખેડબ્રહ્મા | ૨૨ | દંત્રાલ | પોશીના |
| ૯ | આંતેરી | વિજયનગર | ૨૩ | ગણેર | પોશીના |
| ૧૦ | આંતરસૂબા | વિજયનગર | ૨૪ | દાંતીયા | પોશીના |
| ૧૧ | ચિત્રોડી | વિજયનગર | ૨૫ | આંજણી | પોશીના |
| ૧૨ | અભાપુર | વિજયનગર | ૨૬ | આંબા મહુડા | પોશીના |
| ૧૩ | ધોલવાણી | વિજયનગર | ૨૭ | પોશીના | ઇડર |
| ૧૪ | સારોલી | વિજયનગર | ૨૮ | ધોળીયા | ઇડર |

**અરવલ્લી જિલ્લાની આશ્રમ શાળાઓની યાદી**

| ક્રમ | સ્થળ | તાલુકો | ક્રમ | સ્થળ | તાલુકો |
|---|---|---|---|---|---|
| ૧ | ઇસરી | મેઘરજ | ૧૧ | આંબાબાર | ભિલોડા |
| ૨ | વડથલી | મેઘરજ | ૧૨ | ભિલોડા | ભિલોડા |
| ૩ | કંટાળુ | મેઘરજ | ૧૩ | કાળીડુંગરી | ભિલોડા |
| ૪ | વલુંલા | મેઘરજ | ૧૪ | શામળપુર | ભિલોડા |
| ૫ | અંતોલી | મેઘરજ | ૧૫ | વાઘપુર | ભિલોડા |
| ૬ | ઇટવા | મેઘરજ | ૧૬ | સુમોખ | ભિલોડા |
| ૭ | છીકારી | મેઘરજ | ૧૭ | જાંબુડી | ભિલોડા |
| ૮ | નવા ભેટાલી | ભિલોડા | ૧૮ | ભૂતાવડ | ભિલોડા |
| ૯ | રાણી ધુળેટા | ભિલોડા | ૧૯ | પૃથ્વીપુરા (જશવંતપુરા) | ભિલોડા |
| ૧૦ | અસાલ | ભિલોડા | | | |

# પ્રકરણ-૪
# ઉચ્ચ શિક્ષણનાં મંડાણ અને વિકાસ

**ભૂમિકા:-**

ભારતની આઝાદીએ અને તેના નવા રાજ્ય બંધારણે શિક્ષણ પ્રથા સમક્ષ નવી જરૂરિયાતો રજૂ કરી. એ વાતની તત્કાળ પ્રતીતિ થઈ કે આઝાદી પહેલાંની શિક્ષણ પ્રથા કાલગ્રસ્ત થઇ છે અને રાષ્ટ્રીય જરૂરિયાતો તથા આકાંક્ષાઓને સંતોષવા માટે તદ્દન અપર્યાપ્ત છે. આથી આ પ્રથામાં સંપૂર્ણ ફેરફારો જરૂરી બન્યા.

રાષ્ટ્રના વિકાસમાં અને પ્રગતિમાં શિક્ષણે મહત્વની ભૂમિકા ભજવવાની છે. તેના પર મહાત્મા ગાંધીએ આઝાદી લડત દરમિયાન જ યોજના ઘડી હતી. આના પરિણામે આઝાદી પછી અનેક પંચોએ અને સમિતિઓએ દેશમાં શિક્ષણની સમીક્ષા કરી છે.

❋ **<u>યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન ૧૯૪૮-૪૯ (ડૉ.. રાધાકૃષ્ણ કમિશન)</u>**

આ કમિશન સ્થાપવા પાછળનો ઉદ્દેશ એ હતો કે દેશની વર્તમાન અને ભાવિ જરૂરિયાતોને નજર સમક્ષ રાખીને યુનિવર્સિટી શિક્ષણમાં સુધારા અને વિસ્તરણ સૂચવવાં તેમજ યુનિવર્સિટીના શિક્ષણ અંગે અહેવાલ આપવો. આ કમિશનનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે ઉચ્ચ શિક્ષણ પૂરતું હતું

**<u>ભલામણો:-</u>**

ડૉ. એસ.રાધાકૃષ્ણના અ ધ્યક્ષ પદે રચાયેલ આ પંચે ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણું શિક્ષણ ભારતીય હોવું જોઈએ એટલે કે શિક્ષણની રચના દેશના ઇતિહાસ અને દેશની ભાવનાઓના પાયા પર હોવી જોઇએ.

- યુનિવર્સિટી અભ્યાસક્રમોમાં પ્રદેશના ધોરણ તરીકે સ્કૂલ અને ઈન્ટર મીડીએટ કૉલેજમાં ૧૨ વર્ષનું પૂર્ણ શિક્ષણ રાખવું અને પ્રથમ ડિગ્રીનો અભ્યાસક્રમ ત્રણ વર્ષનો રાખવો.
- શિક્ષણ આપતી યુનિવર્સિટીની વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦૦૦ની વધવી જોઈએ નહીં , તેમજ સંલગ્ન કોલેજોમાં આ સંખ્યા પાંચ હજારથી વધવી જોઈએ નહીં.
- કૉલેજમાં વાર્ષિક કામના દિવસોની સંખ્યા ૧૮૦ હોવી જોઈએ.
- વર્ષમાં કૉલેજનાં લેક્ચરો સુઆયોજિત હોવાં જોઈએ. પુસ્તકાલય, લેખિત સ્વાધ્યાય ટ્યુટોરીયલ દ્વારા તેની પૂર્તિ થવી જોઈએ.
- ઈન્ટરમિડીયેટ અને ડિગ્રી વર્ગોમાં એજ્યુકેશનના શિક્ષણ કાર્યક્રમો દાખલ કરવા.
- હાઈસ્કૂલ તથા યુનિવર્સિટી કક્ષાએ શિક્ષણ પ્રાદેશિક ભાષા અથવા કેન્દ્રીય ભાષા દ્વારા આપવું. પરંતુ માતૃભાષા, કેન્દ્રીય ભાષા હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન વિદ્યાર્થીઓને હોવું જોઈએ.
- વિદ્યાર્થીઓની સફળતા અને નિષ્ફળતાની ગણતરીમાં વિદ્યાર્થીઓના વર્ષ દરમિયાન રોજ-બરોજના વર્ગ કામને સ્થાન હોવું જોઈએ. તેમાં નિબંધ પ્રકારના પ્રશ્નો ઉપરાંત આત્મલક્ષી વસ્તુગત કસોટીઓનો સમાવેશ કરવો.
- યુનિ. શિક્ષણની જવાબદારી રાજ્ય સરકાર અને મધ્યસ્થ સરકાર બંનેએ ભાગીદારીમાં સંભાળવું.
- ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવાની જવાબદારી સરકારે સંભાળવી.
- સ્વાયત્ત એજ્યુકેશન કમિટીની રચના કરવી.
- શિક્ષણના પ્રત્યેક સ્તરે નૈતિક શિક્ષણ દાખલ કરવું.
- ગ્રામ્ય વિસ્તારો માટે ગ્રામ્ય વિદ્યાપીઠો અને ગ્રામીણ યુનિવર્સિટીઓની સ્થાપના કરવી.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ભારતમાં ઉચ્ચ શિક્ષણનો જે વિકાસ થયો અને જે રીતે તેનું નિર્માણ થયું તેમાં ડૉ. રાધાકૃષ્ણ યુનિવર્સિટી પંચ દ્વારા રજૂ કરેલા વિચારો પ્રતિબિંબિત થતા રહ્યા છે. જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમ, ત્રિ-વર્ષીય ડીગ્રી અભ્યાસક્રમ, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની રચના, ગ્રામવિદ્યાપીઠો શિક્ષકોનાં પગાર ધોરણો, નોકરીની શરતોની સુધારણા, સંશોધન કાર્યને વેગ, પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓનું સમૃદ્ધિકરણ, સંલગ્ન યુનિવર્સિટીઓએ અપનાવેલી શિક્ષણની જવાબદારીઓ, યુનિવર્સિટીના મંડળના બંધારણની સુધારણા આ બધામાં રાધાકૃષ્ણ યુનિવર્સિટી પંચની ભલામણનો પડઘો જોવા મળે છે.

ભારત સરકારે ૧૯૬૪ના જુલાઈની ૧૪ તારીખે એક ખાસ ઠરાવ રજૂ કરી યુ.જી.સી.ના અધ્યક્ષ ડૉ. ડી. એસ. કોઠારીના અધ્યક્ષપદે રાષ્ટ્રીય શિક્ષણપંચની નિમણૂંક કરી હતી. જેમાં વિશ્વના અન્ય ભાગોના કેળવણીકાર અને વિજ્ઞાનશાસ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. આના આધારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૬૮ નક્કી કરવામાં આવી. ઈ.સ. ૧૯૬૮ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ સ્વતંત્ર ભારતના શૈક્ષણિક ઇતિહાસમાં નોંધપાત્ર પગલું છે. તેમાં અનેક સિદ્ધિઓ જોવા મળી હતી. પણ નાણાંકીય જવાબદારીઓ અને સંચાલન વ્યવસ્થા તંત્રનો અપૂરતો સહકાર મળતાં અનેક પ્રશ્નો ઉભા થયા હતા. ત્યારબાદ ભારત સરકારના માનવ વિકાસ મંત્રાલય તરફથી સને ૧૯૮૬માં શિક્ષણની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રસિદ્ધ કરવામાં આવી. જેમાં અનેક મહત્વના ફેરફારો સૂચવ્યા હતા. જેના આધારે સમગ્ર દેશમાં ૧૦+૨+૩નું શૈક્ષણિક માળખું અમલમાં આવ્યું. શિક્ષણનું સામાન્ય માળખું રચાયું. (કૉમન કોર કરીક્યુલમ) સમાનતા માટેનું શિક્ષણ નવી શિક્ષણનીતિ ૧૯૮૬નો મુખ્ય વિચાર જોવા મળે છે અને ભારત સરકારે તાજેતરમાં શિક્ષણ નીતિ ૨૦૨૦ની જાહેરાત કરી છે અને શિક્ષણ ક્ષેત્રે નવી દિશાનાં પગરણ મંડાઇ રહ્યાં છે.

## -:સાબરકાંઠા જિલ્લામાં ઉચ્ચ શિક્ષણનો પ્રારંભ:-

આઝાદી પ્રાપ્ત થયા બાદ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ નોંધપાત્ર કામગીરી જણાય છે. માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે પણ ખૂબ જ ઝડપથી વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ જોવા મળે છે. પરંતુ, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કામગીરી ખૂબ જ વિલંબથી શરૂ થઈ હોય તેવું માલૂમ પડે છે. ૧૯૬૧-૬૩ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં માત્ર બે જ કૉલેજ કાર્યરત હતી. એક **આર્ટ્સ કૉલેજ મોડાસા** મૂકામે અને એક **વિજ્ઞાન કૉલેજ તલોદ** મુકામે હતી.




તલોદ કૉલેજ

❋ **૧૯૬૦થી ૧૯૭૦ના ગાળામા અન્ય છ કૉલેજની સ્થાપના થયેલી જોવા મળે છે. આમ, કુલ આઠ કોલેજોની સ્થાપના થઈ.**

- મોડાસા 3 (આર્ટ્સ, કોમર્સ, શિક્ષણ)
- તલોદ ૨ ( આર્ટ્સ, કોમર્સ, વિજ્ઞાન)
- હિંમતનગર ૧ (આર્ટ્સ, કોમર્સ)
- ઈડર ૧ (આર્ટ્સ, કોમર્સ)
- દરામલી ૧ (શિક્ષણ)

આ બધી કોલેજો ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન હતી તથા મોડાસા ખાતે ITI આ ગાળામાં સ્થપાઈ હોવાનું જોવા મળે છે

**સાબરકાંઠા જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સ્થપાયેલી વર્ષ વાર સંસ્થાઓ.**

| વિગત | ૧૯૭૧-૭૧ | ૧૯૭૫-૭૬ | ૧૯૭૯-૮૦ |
|---|---|---|---|
| સંસ્થાઓ | ૮ | ૧૧ | ૧૧ |
| વિદ્યાર્થીઓ | ૩૧૩૩ | ૬૪૬૧ | ૪૨૬૬ |
| શિક્ષકો | ૧૬૨ | ૨૬૨ | ૧૫૨ |

૧૯૮૧ સુધીમાં ખેડબ્રહ્મા માલપુર અને મેઘરજ તાલુકા સિવાય દરેક તાલુકામાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ કાર્યરત હતી.

- હિંમતનગર - 0૧ (આર્ટ્સ એન્ડ કોમર્સ)
- તલોદ - 03 (આર્ટ્સ એન્ડ કોમર્સ)
- ઈડર - 0૧ (આર્ટ્સ એન્ડ કોમર્સ)
- મોડાસા - 0૪ (આર્ટ્સ, કોમર્સ, વિજ્ઞાન, લો કૉલેજ)
- પ્રાંતિજ - 0૧ (આર્ટ્સ એન્ડ કોમર્સ)
- કુલ - ૧૦

૧૯૮૯-૯૦માં મોડાસા ખાતે એન્જિનિયરિંગ ડિગ્રી અને ડિપ્લોમા કૉલેજ શરૂ થઈ છે. જેમાં ડિગ્રી કૉલેજમાં ૧૫૦ વિદ્યાર્થીઓ અને ડિપ્લોમા કૉલેજમાં ૧૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ મંજૂરી પ્રાપ્ત થઈ છે.

પ્રાંતિજ તાલુકામાં ઉચ્ચ શિક્ષણ આપતી 'સાબર આર્ટ્સ અને કોમર્સ કૉલેજ'ની સ્થાપના ખાનગી ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૭૪માં થઈ હતી. ફક્ત એક જ વર્ષ પછી ખાનગી ટ્રસ્ટે કૉલેજને કાયમને માટે બંધ કરી દીધી હતી અને કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બનાવી દીધું હતું. પરંતુ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને અધ્યાપક મંડળની મદદથી બહુમુખી પ્રતિભાશાળી નેતા શિક્ષણશાસ્ત્રી ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ એવા પ્રો. કે. કા. શાસ્ત્રીની આગેવાની હેઠળ 'પ્રાંતિજ અધ્યાપક સમાજ - પ્રાંતિજ' નામથી નવા ટ્રસ્ટની રચના કરી કૉલેજને ફરી શરૂ કરી. આમ, માત્રને માત્ર અધ્યાપકો દ્વારા જ સંચાલિત આ પ્રથમ કોલેજે એક નવો ઈતિહાસ સર્જ્યો.

ઈ.સ.૧૯૭૫માં કૉલેજની પાસે ના તો પોતાની કોઈ જમીન હતી, ના કોઈ મકાન. પરંતુ કૉલેજના અધ્યાપકો પ્રાંતિજ વિસ્તારના નાગરિકો પ્રાંતિજ નગર પંચાયત, કમાલપુર ગ્રામ પંચાયત, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સુંદર સહયોગથી તથા સ્વ. ચુનીકાકા દેસાઈના માતબર આર્થિક સહયોગના કારણે હાલ કૉલેજ પાસે ચાર એકર જમીનમાં પથરાયેલું પોતાનું આધુનિક સુવિધાઓથી સજ્જ એવું વિશાળ કેમ્પસ છે. આ કૉલેજનું નામ 'શ્રીમતી મંગળાબેન ચુનીલાલ દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પ્રાંતિજ' રાખવામાં આવ્યું છે. સાંસ્કૃતિક ક્ષેત્રે આ કૉલેજ અગ્રેસર રહી છે. યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાઓમાં આ કૉલેજ બે વખત પ્રથમ સ્થાન અને એક વખત દ્વિતીય સ્થાન મેળવેલ છે. એન.સી.સી.ના ૧૭૮ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાએ છેલ્લા દાયકામાં ભાગ લીધો છે. આ સંસ્થામાં અભ્યાસ કરી ચૂકેલા જૈમીન ત્રિવેદી, પ્રશાંત ત્રિવેદી, રિયા મહેતા, મહેન્દ્ર પ્રજાપતિ, કિંજલ દવે અને સાગર નાયકે અભિનય ક્ષેત્રે અજવાળાં પાથર્યા છે.

ઈડર તાલુકામાં મૂળ ઈડરની પ્રજાને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણની સવલત મળી રહે એવા ઉદ્દેશથી રચાયેલી 'ઈડર પ્રજાકીય વિદ્યોતેજક સમિતિ'માંથી વિશાળ વ્યાપવાળી સંસ્થા તરીકે 'ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ'ની રચના થઈ હતી. આ મંડળનો ઉદ્દેશ ઈડર, ભિલોડા, ખેડબ્રહ્મા અને વિજયનગર વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનો લાભ મળી રહે તે હતો. કુમુદચંદ્ર રાવલ, બહેચરસિંગજી રમલાવત, ડૉ. ચંપકલાલ મહેતા, હાથીભાઈ પટેલ, મહેન્દ્ર પંડ્યા વગેરે અગ્રણીઓની સક્રિયતાને કારણે જૂન ૧૯૭૦થી ઈડર ગઢના પ્રાંગણમાં આવેલ 'શ્રી ગિરિધર ગોવિંદરામ છાત્રાલય'માં તત્કાલીન મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઇ અને શિક્ષણ મંત્રી ગોરધનદાસ ચોખાવાલાના વરદ હસ્તે આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજનો આરંભ થયો. ઈ.સ. ૧૯૭૦માં આ કૉલેજના ગુજરાતી સાહિત્ય પરિષદના છઠ્ઠા જ્ઞાનસત્રનું ત્રિદિવસીય આયોજન થયું હતું. જેમાં સર પ્રતાપ ઈડર હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી ઉમાશંકર જોષી અને પન્નાલાલ પટેલનું વાત્સલ્ય મળ્યું હતું. આ અલ્પવિકસિત પંથકમાં એક આદર્શ કૉલેજ શરૂ કરવા માટે 'ઈડર આંજણા પાટીદાર હિતવર્ધક કેળવણી મંડળ' તરફથી એસ.ટી. ડેપો નજીક ૭ એકર જમીન દાનમાં મળી. 'દુર્ગા ઓઇલ મિલ'ના શ્રેષ્ઠી મનુભાઈ પટેલ તરફથી માતબર રોકડ રકમનું દાન મળ્યું. બંને પ્રકારના દાનના કારણે 'ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એમ. પટેલ કોમર્સ કૉલેજ' નામાભિધાન સાથે કૉલેજને પોતાનું કેમ્પસ મળ્યું. આ વિસ્તારની ગામે-ગામે દૂધ મંડળીઓ, પંચાયતો, મુંબઈમાં સ્થિત આ વિસ્તારના પ્રજાજનો તરફથી નાના-મોટા અનુદાનથી અનેક શૈક્ષણિક સુવિધા યુક્ત મકાનો ઉપલબ્ધ થયાં. ઈ.સ. ૧૯૭૯થી કેળવણી મંડળના પ્રમુખ શ્રી કુમુદચંદ્ર રાવલના રાહબર હેઠળ સમાજના શ્રેષ્ઠીઓ તરફથી અવિરત દાન મળતું રહેતાં આજે અનેક શૈક્ષણિક સુવિધાઓ યુક્ત વિદ્યા સંકુલ બની રહ્યું છે.




ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એમ. પટેલ કોમર્સ કૉલેજ

આ કૉલેજની શરૂઆતથી જ દ્રષ્ટિવંત આચાર્ય અને શિક્ષણનિષ્ઠ અધ્યાપકો મળતા રહ્યા છે. આચાર્ય શ્રી હરિહર શુક્લ અને આચાર્ય ધર્માંશુ વસાવડાના માર્ગદર્શન હેઠળ સંસ્થાએ ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાનો સર કર્યા છે. આ કૉલેજના ભૂ.પૂ. અધ્યાપક શ્રી કરસનદાસ સોનેરી રાજ્ય સરકારના પ્રધાનમંડળમાં મંત્રી પદે સ્થાન પામેલ છે. સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી મણીભાઇ હ. પટેલ આ કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક રહી ચૂક્યા છે. કૉલેજની સ્થાપનાકાળથી આજ દિન સુધી અનેક મહત્વની ઘટનાઓ, પ્રવૃત્તિઓ આ કોલેજે ઉજાગર કરી છે.

- ગુજરાત યુનિવર્સિટીનો આંતર વિભાગીય ખેલકૂદ મહોત્સવ તત્કાલીન રાજ્યપાલ કે. કે. વિશ્વનાથન અને કુલપતિ ઈશ્વરભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.

- સ્વાતંત્ર્યોતર હિન્દી ગુજરાતી કાવ્ય સાહિત્ય અને કથા સાહિત્ય અંગેના બે ભારતીય કક્ષાના પરિસંવાદ તેમજ ઉમાશંકર જોષી અને પન્નાલાલ પટેલના સાહિત્ય સર્જનનું મૂલ્યાંકન કરતું સર્જક સત્ર યોજાયું હતું.
- ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી જેવા સુવિખ્યાત અભિનેતાઓના 'અભિનય સમ્રાટ' અને 'પારિજાત' નાટકોની ભજવણી તેમજ ખ્યાતનામ લોકકલાકારોના ડાયરાનું આયોજન થયું હતું.
- ઈ.સ. ૧૯૭૭-૭૮ના વર્ષનો ગુજરાત સંગીત નૃત્ય નાટ્ય અકાદમીનો આંતર વિભાગીય નાટય મહોત્સવ યોજાયો તે સાથે જ બે દિવસીય નાટય તાલીમ શિબિરનું આયોજન થયું.
- આંતરરાજ્ય સાંસ્કૃતિક વિનિમય અન્વયે કૉલેજના રંગ ભવનમાં તમિલનાડુ અને ઓરિસ્સાના લોકનૃત્યનો કાર્યક્રમ યોજાયો.
- ઈ.સ. ૧૯૫૫માં કૉલેજને ૨૫ વર્ષ પૂરાં થતાં એક સપ્તાહ સુધી અનેક શૈક્ષણિક સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત થયા.

સમયની માંગને અનુસરીને સંચાલક મંડળે બી.સી.એ., પી.જી.ડી.સી.એ. ની કોલેજો શરૂ કરી છે. કોમર્સ વિદ્યાશાખામાં અંગ્રેજી માધ્યમના વર્ગો શરૂ કર્યા છે.

ઇડર તાલુકાના દરામલી મુકામે 'કે. કે. પટેલ વિદ્યા સંકુલ - દરામલી' ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અવિરત કાર્ય કરી રહી છે. આદ્યસ્થાપક 'સ્વ. કાંતિલાલ કે. પટેલે' ૧૯૭૦ની સાલમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્ કૉલેજની શરૂઆત કરી છે. આ કૉલેજની સ્થાપના સમયે સાબરકાંઠામાં ફક્ત બે જ બી. એડ્ કૉલેજ અસ્તિત્વમાં હતી. આ કૉલેજમાં ૧૯૯૪માં પ્રિન્સીપાલ તરીકે શ્રી ડૉ. રતિભાઈ એમ. પટેલ જોડાતાં તેમણે સંચાલકશ્રીઓના સહયોગથી કૉલેજના વિકાસમાં તેમની શક્તિઓ કામે લગાડી અને ૧૯૯૯માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું કાયમી જોડાણ મેળવ્યું અને એન.સી.ટી.ઈ.ની કાયમી માન્યતા ઈ.સ.૨૦૦૦માં મેળવી, ૨૦૦૨માં UGCની નવમા પ્લાન્ટની ગ્રાન્ટ મળતાં તેમાંથી નવીન લાઈબ્રેરીનું મકાન, વિજ્ઞાન પ્રયોગશાળા અને મનોવિજ્ઞાનની પ્રયોગશાળાનો વિકાસ કરવામાં આવ્યો.

આ સંસ્થાના સફળ સંચાલનમાં ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડૉ. ભગાભાઈ એસ. પટેલ, ડૉ. દશરથભાઈ એસ. પટેલ, ડૉ. બીપીનભાઈ ડી. પટેલનો વિશેષ સહયોગ રહેલો છે. આ કૉલેજમાં એમ. એડ. નો અભ્યાસક્રમ પણ ચાલે છે.

## શ્રી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા.

મોડાસા નગર ઐતિહાસિક મહત્વ ધરાવતું પ્રગતિશીલ વિચારધારા ધરાવતા ગૃહસ્થો અને નાગરિકો ધરાવતું નગર છે. જેમાં શિક્ષણની વિવિધ સુવિધાઓને કારણે તે વિદ્યાનગરી, અભ્યાસનગરી બન્યું છે. મોડાસાના જાણીતા ધારાશાસ્ત્રી ભોગીલાલ દામોદર શાહે ૧૯૫૭ના ફેબ્રુઆરીમાં શ્રી રમણલાલ પી. સોનીના પ્રમુખસ્થાને સભા બોલાવીને મોડાસામાં ઉચ્ચ શિક્ષણ કૉલેજની સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ૧૯૬૦માં આ પ્રદેશમાં ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ અવતરિત કરવાના વિચારો સ્થાનિક સમાજમાં આકાર પામ્યા અને 'શ્રી મથુરભાઇ લાલજીભાઇ ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ - મોડાસા'ની ઉત્સાહભેર રચના થઈ. આ મંડળની સ્થાપનામાં અનેક સમાજના આગેવાનોએ પોતાનો સહયોગ આપ્યો છે. તત્કાલીન પ્રમુખ શ્રી રાયચંદદાસ


કૉલેજનું ઉદ્ ઘાટન-પ્રવચન કરતા તત્કાલીન કેળવણી પ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ

ખાતુભાઈ શાહ સહિત શ્રી હરિભાઈ મથુરભાઈ ગાંધી, શ્રી રમણભાઈ પી. સોની, શ્રી છબીલદાસ લ. શાહ, શ્રી હીરાલાલ વી. દેસાઇ, શ્રી વાડીલાલ પી. મહેતા, શ્રી ડૉ. નાથાલાલ જે. શાહ, શ્રી નટવરભાઈ બી. શાહ, શ્રી વિઠ્ઠલભાઈ સી. શાહ(મામા), શ્રી નવનીતલાલ એમ. ગાંધી, શ્રી મગનલાલ ગી. શાહ, શ્રી ભોગીલાલ ડી. શાહ,

શ્રી સોમાલાલ કે. શાહ, શ્રી એચ.એમ.પટેલ, શ્રી હીરાલાલ એસ. શાહ, શ્રી ભોગીલાલ સી. શાહ, શ્રી શિવલાલ એસ. શાહ, શ્રી મનસુખલાલ એસ. શાહ જેવા વિદ્યાપ્રેમીઓએ આ પ્રદેશના વિશાળ હિતમાં ઈ.સ. ૧૯૬૦માં ઉચ્ચ શિક્ષણનું મંગલાચરણ કર્યું.

શ્રી મથુરદાસ લાલજીભાઈ ગાંધી જેવા સંનિષ્ઠ રાષ્ટ્રસેવક, સ્વાતંત્ર્ય સેનાની, સરદાર શ્રીના જેવા સંકલ્પબદ્ધ પ્રજ્ઞા પુરુષ તેવા મથુરદાદાના શુભ નામને જોડીને ‘શ્રી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ – મોડાસા’ની સ્થાપના થઈ. જે આજે કેળવણીનું વિશાળ વટવૃક્ષ બનીને વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો, શિક્ષણ, ફાર્મસી, બી.બી.એ., એમ.એસ.ડબલ્યુ, એમ.એડ, પી.ટી.સી અને અંગ્રેજી માધ્યમની શાળા તથા પત્રાચાર અભ્યાસક્રમો સહિત છાત્રાલય, પ્રયોગશાળા, પુસ્તકાલય, કોમ્પ્યુટર લેબ જેવી વિવિધ શિક્ષણ સુવિધાઓથી સંપન્ન છે. મોડાસા પ્રદેશ ઉપરાંત સમગ્ર સાબરકાંઠા, પડોશના પ્રદેશો એવા મહેસાણા, ખેડા, પંચમહાલ અને રાજસ્થાન જેવા વિસ્તારના હજારો વિદ્યાર્થીઓને આ વિદ્યાસંકુલનો લાભ મળ્યો છે.

આ કૉલેજ કેળવણી મંડળને નેતૃત્વ આપનારા પ્રમુખશ્રીઓ અને હોદ્દેદારોનું ઉત્તરદાયિત્વ પ્રશંસનીય રહ્યું છે. શ્રી રાયચંદભાઈ ખાતુદાસ શાહ, શ્રી જે. બી. શાહ , શ્રીમતી રેખાબેન જે. બી. શાહ , શ્રી બી. એમ. શાહ, શ્રી મગનલાલ ગી. શાહ, શ્રી જે.સી. શાહ, ડૉ. મુકુંદભાઈ વી. શાહ, ડૉ. અરૂણભાઈ એન. શાહ અને વર્તમાન પ્રમુખ શ્રી નવીનચંદ્ર આર. મોદી જેવા પ્રમુખશ્રીઓના સફળ નેતૃત્વ થકી આ મંડળે વિકાસ કૂચ સતત પ્રગતિશીલ અને પ્રેરણાત્મક રાખી છે. ‘શ્રી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા’ની સ્થાપના ૧૯૬૦માં થઈ, સાથે સાથે વિનયન અને વિજ્ઞાન કૉલેજનો પણ ૫૦ વર્ષનો જૂનો ઈતિહાસ સંપન્ન થતાં ડિસેમ્બર ૨૦૦૯થી ડિસેમ્બર ૨૦૧૧ સુધી સમગ્ર વર્ષ અને વૈવિધ્યસભર શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સહ-અભ્યાસિક પ્રેરક પ્રવૃત્તિઓની દબદબાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

**કૉલેજના આદ્યસ્થાપક આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર**



મોડાસા પ્રદેશની કાયાપલટ કરવામાં પ્રમુખ ભૂમિકા ભજવનાર મોડાસા કૉલેજ કેમ્પસના આદ્યસ્થાપક સાહિત્ય વર્તુળના ‘સવ્યસાચી’ ગુજરાતી વિશ્વકોશના મૂખ્ય સંપાદક એવા અગ્રણી કેળવણીકાર ધીરુભાઈ ઠાકર હતા. જૂનાગઢ જિલ્લાના કોડીનાર ગામમાં ૨૭ જૂન ૧૯૧૮માં જન્મ થયેલો. વતન વિરમગામ. તેમના પુરુષાર્થ શીલ જીવનના ચાર તબક્કા (૧) વિદ્યાર્થી જીવન (૨) ગુજરાત કૉલેજનું અધ્યાપન (૩) મોડાસા આર્ટ્સ કૉલેજમાં આચાર્ય પદ મોડાસા શિક્ષણ સંકુલની સ્થાપના (૪) વિશ્વકોશની સંકલ્પના અને તેનો અમલ. વિદ્યાર્થીકાળથી તેજસ્વી રામનારાયણ વિશ્વનાથ પાઠક જેવા ઉચ્ચકોટિના પંડિતજીનું માર્ગદર્શન મેળવીને ‘મણિલાલ નટુભાઈ ત્રિવેદી’નું એક અધ્યયન વિષય પર યુનિવર્સીટી ઓફ બોમ્બે માંથી પી.એચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી ગુજરાત કૉલેજના યુવાન અધ્યાપક તરીકે ચાહના મેળવી સન ૧૯૪૧ થી સન ૧૯૬૦ . ત્યારબાદ મોડાસા નગરને કર્મભૂમિ બનાવી. ૧૯૬૦ થી ૧૯૭૮ કુલ ૧૮ વર્ષ મોડાસા નગરમાં સ્થપાયેલી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના પ્રથમ આચાર્ય બન્યા. હજારો વિદ્યાર્થીઓનું ઘડતર કરી કેળવણીના માધ્યમ દ્વારા આ પ્રદેશની કાયાપલટ કરવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો. નાટ્ય ક્ષેત્રે પણ માતબર પ્રદાન કર્યું . તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક , સાહિત્ય ગૌરવ પુરસ્કાર આદી અનેક માન સન્માનથી નવાજવામાં આવ્યા. મોડાસા કૉલેજમાંથી નિવૃત્ત થયા બાદ (૧૯૭૮)માં ગુજરાતી ભાષામાં વિશ્વકોશ બનાવવાનું બીડું ઝડપ્યું. ગુજરાતી વિશ્વકોશના "વિશ્વકર્મા" તરીકે કીર્તિ પ્રાપ્ત કરી છે. ૯૨ વર્ષની વય સુધી પણ વિદ્યાક્ષેત્રે સાહિત્યક્ષેત્રે સક્રિય રહ્યા છે.

**આ કૉલેજનાં નોંધપાત્ર વિદ્યાર્થીઓ**

- શ્રી કરશનદાસ સોનેરી - પૂર્વ શિક્ષણ મંત્રી
- શ્રી દિલીપસિંહ પરમાર – ધારાસભ્ય

- શ્રી પ્રવીણભાઈ દરજી - પદ્મશ્રી પુરસ્કાર જાણીતા સાહિત્યકાર
- શ્રી મણીલાલ હ. પટેલ - જાણીતા સાહિત્યકાર
- શ્રીમતી રમીલાબેન બારા - સાંસદ શ્રી
- શ્રી અનિલભાઈ જોષી - જાણીતા કવિ
- શ્રી કનુભાઈ મણીભાઈ પટેલ ( સહકારી આગેવાન )

## શ્રી બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન મોડાસા

મોડાસા બી. એડ. કૉલેજનો શુભારંભ ૧૯૬૮માં થયો હતો. ૧૯૬૯માં કૉલેજનું સ્વતંત્ર સુવિધા યુક્ત મકાનનું નિર્માણ થયું હતું. આ સંસ્થાના આદ્યસ્થાપક આચાર્ય, ખ્યાતિ પ્રાપ્ત કેળવણીકાર ડૉ. દાઉદભાઈ ઘાંચી સાહેબ હતા. આ કૉલેજ સાથે કેળવણી મંડળના દ્વિતીય, સફળ વિકાસ વાંચ્છું પ્રમુખશ્રી શાહ જયંતીભાઈ ભોગીલાલના પિતાશ્રી ભોગીલાલ દામોદર શાહનું નામાભિધાન થયેલું છે. આથી 'શ્રી બી. ડી. શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન' તરીકે આ કૉલેજ ઓળખાય છે. આ કૉલેજને ૧૯૮૩માં 'રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ કૉલેજ'નો પુરસ્કાર એનાયત થયેલ છે. આ કૉલેજમાં શિક્ષણનું અનુસ્નાતક કેન્દ્ર, સેવા વિસ્તરણ કેન્દ્ર, સતત શિક્ષણ કેન્દ્ર, સી.ટી.ઈ. (કૉલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન), ડૉ. દાઉદભાઈ ઘાંચી શૈક્ષણિક સંશોધન કેન્દ્ર, ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘ, ડૉ. મનહર કાછીયા પ્રેરિત માનવ સંશાધન વિકાસ કેન્દ્ર, IGNOU બી.એડ. અનુસ્નાતક કેન્દ્ર અને BAOU કાર્યરત છે.

ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘની સ્થાપના ૧૯૬૯-૭૦ના વર્ષથી કાર્યરત છે. જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી તાલીમાર્થી સંઘના ૪૨૦૦ જેટલા સભ્યો છે. આ સંસ્થા દ્વારા ડૉ. દાઉદભાઈ ઘાંચી પ્રેરિત કલ્યાણ નિધિ યોજનામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને માંદગી સમયે રૂપિયા ૫૦૦૦ અને નોકરી દરમ્યાન મૃત્યુ સમયે રૂપિયા દસ હજારની સહાય અપાય છે. સભ્યોના સંતાનોને શૈક્ષણિક સિદ્ધિ માટે પુરસ્કારો, સભ્યોની વિશિષ્ટ સિદ્ધિ માટે સન્માન માટે વાર્ષિક સ્નેહમિલનના કાર્યક્રમો દ્વારા અપાય છે.

**મોડાસા બી.ડી.શાહ કૉલેજ ઑફ એજ્યુકેશનના અદ્યસ્થાપક ડૉ.દાઉદભાઇ ઘાંચી**



ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાનું કલોલ ગામએ દાઉદભાઈની જન્મભુમિ. ગુજરાત કૉલેજમાંથી ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યું અને સ્નાતકની પદવી મેળવી, અનુસ્નાતકની પદવી બહારથી અભ્યાસ કરી ઉચ્ચ ક્રમે મેળવી. પ્રકાશ કૉલેજ ઓફ એજ્યુકેશનમાં અધ્યાપન કર્યું. ત્યારબાદ વિદ્યાનગરની એમ.બી.પટેલ એજ્યુકેશન કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યું. પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી. તેમણે શ્રેષ્ઠતમ પરંપરાઓ સર્જીને કૉલેજને વિશ્વ ફલક પર ગૌરવાન્વિત કરી છે. બહુશ્રુત, બહુઆયામી નવો ચીલો ચાતરનાર ઉધમી, વિદ્યાવ્યાસંગી અને વિદ્યાર્થી વાત્સલ્ય રહીને કૉલેજને સોળે કળાએ ખીલવવાનો શ્રેય મેળવીને સૌના હૃદયમાં સ્થાન પામ્યા છે. નવા પ્રયોગો, નવિન વિચારસરણી દ્વારા નવવિચાર પ્રવર્તકના પુરસ્કર્તા તેઓશ્રી આજે પણ સંસ્થાના ઉચ્ચ આદર્શ છે. આદિવાસી જિલ્લો ગણાતા સાબરકાંઠાની મરુભૂમિને કાર્યરત કરી ડૉ. દાઉદભાઈ શિક્ષણ સેવાની 'સરિતાએ' સાચા અર્થમાં નંદનવન બનાવી. વિદેશમાં પણ શિક્ષણ ક્ષેત્રે એમણે સારી સિદ્ધિ પ્રાપ્ત કરી. આગવી પ્રતિભા સ્થાપી, ફુલ બ્રાઇટ સ્કૉલર તરીકે સન્માન મેળવ્યું. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ રહી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવી ક્ષિતિજે પ્રયોગશીલ દ્રષ્ટિથી યુનિ. ના કાર્યને વેગ આપી પ્રગતિની દિશા આપી છે .

## શ્રી શામળાજી પ્રદેશ કેળવણી મંડળ ભિલોડા.

શ્રી કલજીભાઈ આર. કટારાના નેતૃત્વમાં સ્થપાયેલ આ કેળવણી મંડળ, શામળાજી પ્રદેશમાં ઉચ્ચ શિક્ષણનું મહત્વનું કાર્ય કરી રહ્યું છે. તેમના સુપુત્ર શ્રી દિલીપભાઈ કટારા આજે આ મંડળનું નેતૃત્વ કરી ઉચ્ચ શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે. આ કેળવણી મંડળ સંચાલિત ઉચ્ચતર શિક્ષણની નીચે મુજબની સંસ્થાઓ હાલ કાર્યરત છે.

- શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ - શામળાજી
- બી. એડ. કૉલેજ – શામળાજી, બહેરામપુરા કોલોની, તા ભિલોડા.

- આર્ય વિદ્યાલય સંચાલિત ITI - શામળાજી.
- કલજી આર. કટારા નર્સિંગ કૉલેજ - શામળાજી.
- દિલીપભાઈ કે. કટારા એમ. એસ. ડબ્લ્યુ. કૉલેજ




શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ - શામળાજી

આ વિસ્તારમાં ૮૫% આદિવાસી લોકો વસે છે. આ વિસ્તારમાં શ્રી કે.આર.કટારા આર્ટ્સ કૉલેજ શામળાજીની સ્થાપના થતાં વિદ્યાર્થીઓ સ્પોર્ટ્સ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સહભાગી થયા છે. યુનિવર્સિટી કક્ષાએ વિદ્યાર્થીઓ એકથી દસ ક્રમમાં ઉત્તીર્ણ થયા છે. એન. સી. સી.માં રાષ્ટ્રને ગૌરવ અપાવે એવી પ્રવૃત્તિઓ હાથ ધરી છે. એન. સી. સી.ના વિદ્યાર્થી ધવલ ભગોરાએ ૨૬ જાન્યુઆરી ૨૦૨૦માં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનની રેલીનું નેતૃત્વ દિલ્હી મુકામે કર્યું. સ્પોર્ટ્સમાં યુનિવર્સિટી કક્ષાએ અનેક વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી ગૌરવંતા પરિણામો પ્રાપ્ત કર્યા છે.

### વિજયનગર તાલુકામાં ઉચ્ચ શિક્ષણનો પ્રારંભ અને વિકાસ

આઝાદી પછી આદિવાસી વિસ્તાર એવા વિજયનગરમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ ક્રમશઃ થતો ગયો, પરંતુ ઉચ્ચ શિક્ષણ અંગે સુવિધાઓ પ્રાપ્ત ન હતી. આવા કઠિન સંજોગોમાં "રાજપુર કેળવણી મંડળે" ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિજયનગરમાં મહત્વનો ફાળો આપ્યો છે.

આ વિસ્તારમાં રાજપુર કેળવણી મંડળે ઉચ્ચ શિક્ષણ માટે જે પ્રગતિના મંડાણ કર્યા છે. તેમાં મંડળના પ્રમુખ શ્રી મણીભાઇ એન. પટેલનો વિશેષ ફાળો રહ્યો છે. ૧૯ ઓગસ્ટ ૧૯૭૦માં રાજપુર કેળવણી મંડળની સ્થાપના થઈ. આ કેળવણી મંડળ હસ્તક નીચે મુજબની શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે.

- બી.એડ કૉલેજ
- પીટીસી કૉલેજ
- I.T.I.
- P.G.D.C.A.
- M.S.W. કૉલેજ

### શિક્ષણ સંકુલ અંદ્રોખા

વિજયનગર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં શ્રી આર. કે. પટેલના નેતૃત્વમાં અંદ્રોખા મુકામે ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ કાર્યરત થઈ છે. આ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ સંસ્થામાં શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ જીવનમાં અનેક ક્ષેત્રોમાં મહત્વનું પદ પ્રાપ્ત કર્યું છે.

આ મંડળ હસ્તક નીચેની સંસ્થાઓ કાર્યરત છે.

- B.Ed. કૉલેજ – ૨૦૦૭
- P.G.D.C.A. કૉલેજ – ૨૦૧૫

- આર્ટ્સ કૉલેજ – ૨૦૧૧
- M.S.W. કૉલેજ – ૨૦૧૩
- સાયન્સ કૉલેજ – ૨૦૧૫
- લૉ કૉલેજ – ૨૦૧૭
- નર્સીંગ કૉલેજ – ૨૦૧૯

આ સંસ્થાઓમાં આજુબાજુના ૨૫ કિલોમીટર વિસ્તારમાં આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.




આર.કે.પટેલ શિક્ષણ સંકૂલ , અંદ્રોખા

### <u>વિશ્વ મંગલમ મંડળ સંચાલિત, "વિદ્યાનગરી" મોતીપુરા, હિંમતનગર</u>

ઈન્ટરનેશનલ મૂલ્યોના શિક્ષણનો ઉત્તમ વિકાસ એટલે વિદ્યાનગરી- હિંમતનગર.

શ્રી ડી. એલ. પટેલ એક શિક્ષક , આચાર્ય તથા સંચાલક તરીકે શિક્ષણ ક્ષેત્રે સફળ સુકાની રહ્યા છે. માધ્યમિક, ઉ.મા., ઉચ્ચ શિક્ષણ તથા ટેકનિકલ ક્ષેત્રે તેમણે નવા આયામ ઉભા કર્યા છે. હિંમતનગર મુકામે મોતીપુરા વિસ્તારમાં સ્થિત "વિદ્યાનગરી" નામે સંસ્થાએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભર સંસ્થાઓના વિકાસથી નવાં ક્ષેત્રો ખૂલ્યાં છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં મૂલ્ય શિક્ષણ સાથે શિક્ષણ તીર્થ શૈક્ષણિક સંકુલની વિવિધ સંસ્થાઓ સર્વોત્તમ પરિણામો મેળવી પ્રગતિનાં સોપાન સર કરી અગ્રેસર રહી છે. હાથમતી નદીના કિનારે નૈસર્ગિક વાતાવરણમાં શિક્ષણની અનેરી સુવાસ ફેલાવી રહી છે.

### <u>એસ.એમ. પંચાલ સાયન્સ કૉલેજ તથા આર્ટ્સ કૉલેજ તલોદ.</u>

આઝાદી પ્રાપ્ત થયા બાદ ગુજરાતમાં પણ ઉચ્ચ શિક્ષણ અંગે જાગૃતિ આવવા લાગી હતી. સાબરકાંઠા જિલ્લાના અગ્રણી ધારાશાસ્ત્રી શાંતિભાઈ શાહના પ્રમુખપણા હેઠળ જિલ્લાના અગ્રણી કાર્યકર્તાઓ, ધારાસભ્યશ્રીઓ, વેપારી બંધુઓ, ખેડૂતો અને સમાજના અન્ય વર્ગના ભાઈઓની એક સભા ૨૩ ઓક્ટોબર ૧૯૫૯માં તલોદ મુકામે માર્કેટયાર્ડ સમિતિના મકાનમાં મળી હતી. આ મિટિંગમાં તલોદ મુકામે આર્ટ્સ અને સાયન્સ કૉલેજ શરૂ કરવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહિયલ ગામના વતની સ્વ. શેઠ શ્રી હીરાલાલ પ્રભુરામ (ચેવલા બીડી વાળા) પેઢીના સંચાલકો જયશંકરભાઈ બી. ઉપાધ્યાય અને સ્વ.શેઠ શ્રી મંગળદાસ બી ઉપાધ્યાય તરફથી ૧,૨૬,૦૦૧/- રૂપિયાના દાનની જાહેરાત થતાં આર્ટ્સ કૉલેજનું નામ 'શેઠ એચ. પી. આર્ટ્સ કૉલેજ' રાખવામાં આવ્યું. આ પ્રસંગે સહકારી આગેવાન શ્રી ચુનીકાકા દેસાઈ પરિવાર તરફથી મહીયલ ગામતળની જમીન આશરે દસ વીઘા તથા એક લાખ રોકડા દાન તરીકે જાહેરાત કરવામાં આવી. આ ઉપરાંત મહિયલ ગામતળના ગૌચર માંથી ૨૧ એકર જમીન સરકાર પાસે મંજૂરી મેળવી આપવાનું મહિયલ ગ્રામ પંચાયતે જાહેર કર્યું.

તલોદ નજીકના સલાટપુર ગામના વતની શેઠ શ્રી મોતીલાલે (મેમ્કો વાળા) તેમના ધર્મપત્ની શાંતાબેન ના નામે માતબર રકમ ૧,૫૧,૦૦૧/- રૂપિયાનું દાન જાહેર કરતાં તેમના નામે 'શ્રીમતી એસ.એમ.પંચાલ સાયન્સ કૉલેજ' નામકરણ કરવામાં આવ્યું. આ અંગે એક

સંચાલક મંડળની સ્થાપના કરવામાં આવી. "સાબરકાંઠા મહાવિદ્યા મંડળ, તલોદ" એવું સંચાલક મંડળનું નામ આપવામાં આવ્યું. આ પ્રસંગે અનેક મહાનુભાવોએ દાનની જાહેરાત કરી. ૧૫ જૂન ૧૯૭૦માં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇના મંગળ પ્રવચનથી કૉલેજના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થયો.

સાબરકાંઠા જિલ્લાના કલેકટરશ્રી તરફથી સાબરકાંઠા જિલ્લા નાની બચત યોજનામાંથી ફાળવેલ રકમ માંથી ૭૫ હજાર રૂપિયા ફાળવણી થતાં કૉલેજમાં હોસ્ટેલના મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું. હોસ્ટેલમાં રસોડાની સુવિધા પણ ઊભી કરવામાં આવી. યુજીસીની ગ્રાન્ટમાંથી સાયન્સ કૉલેજમાં કેમેસ્ટ્રી તથા બાયોલોજી વિષયોની પ્રયોગશાળાઓને અદ્યતન સામગ્રીથી સજ્જ બનાવવામાં આવી હતી. તલોદ ગ્રુપની વિવિધ કાર્ય કરતી સેવા સહકારી સોસાયટીઓ આ કૉલેજને અવારનવાર આર્થિક સહયોગ આપે છે. સને ૧૯૭૦થી આ સંસ્થામાં કોમર્સ વિદ્યાશાખા શરૂ કરવામાં આવી છે. તેમાં ધી તલોદ ગ્રુપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી તલોદનો આર્થિક સહયોગ રહ્યો છે. તદુપરાંત સાબરકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘ, હિંમતનગર તરફથી પણ આર્થિક અનુદાન પ્રાપ્ત થયેલ છે.

આ કેમ્પસમાં તમામ કોલેજોની સંયુક્ત લાઇબ્રેરી માટે સ્વ.શેઠ શ્રી મંગળદાસ ઉપાધ્યાય તરફથી ઉદાર સખાવત પ્રાપ્ત થઈ છે. શેઠ શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય તરફથી વોટર કુલર માટે ધન પ્રાપ્ત થયેલ છે.આ સંસ્થાના કેમ્પસમાં બોટોનિકલ ગાર્ડન અને આચાર્યશ્રીનું નિવાસસ્થાન પણ બનાવવામાં આવેલ છે.

❋ **I.T.I ( ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ઇન્સ્ટિટ્યૂટ) સંસ્થાઓ÷**

હિંમતનગર મોડાસા અને ઇડર મુકામે સરકારી આઇ.ટી.આઇ.સંસ્થાઓ કાર્યરત છે

**૧. હિંમતનગર આઇ.ટી.આઇ.**

આઇ.ટી.આઇ. હિંમતનગરની સ્થાપના ૭ જુલાઇ ૧૯૯૨માં ન્યાયમંદિર પાસે પ્રતાપ પેલેસ ખાતે ભાડાના મકાનમાં શરૂઆત થઇ હતી. ત્યારબાદ ૨૫ ઓગસ્ટ ૨૦૦૭થી હિંમતનગર ઇડર બાયપાસ રોડ ઉપર નવા મકાન ખાતે આઇ.ટી.આઇ. હિંમતનગર કાર્યરત થઇ છે. આ સંસ્થામાંથી અત્યાર સુધી ૧૪,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જુદા જુદા કોર્સ પૂર્ણ કરી વિવિધ વ્યવસાય, નોકરી-ધંધામાં ફરજ બજાવી રહ્યા છે. આ સંસ્થામાં કુલ ૧૬ કોર્ષમાં અભ્યાસક્રમ ચાલી રહ્યા છે. આઇ.ટી.આઇ. કૉલેજ હિંમતનગરને STRIVE પ્રોજેક્ટ અંતર્ગત ૫ માંથી ૨.૯૮ ગ્રેડિંગ મળેલ છે. જે અંતર્ગત સદર કૉલેજને પાંચ વર્ષ સુધી ‘વર્લ્ડ બેંક’ દ્વારા ગ્રાન્ટ પૂરી પાડવામાં આવશે. એપ્રેન્ટીસશીપ યોજના હેઠળ વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડની સહાય પણ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓ ભણતાં ભણતાં રોજગારી પ્રાપ્ત કરી ઉત્તમ વ્યવસાયિક કૌશલ્ય શીખવાની તક પ્રાપ્ત કરે છે.

**૨. સરકારી આઇ.ટી.આઇ. - ઈડર**

આ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઇડરની સ્થાપના ૧ જાન્યુઆરી ૨૦૦૦માં થઈ છે. શરૂઆતમાં માત્ર મહિલાઓ માટે જ આ સંસ્થા દ્વારા વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવતા હતા. પરંતુ છેલ્લાં થોડાક વર્ષોથી છોકરાઓ માટે પણ આ સંસ્થા વિવિધ અભ્યાસક્રમો ચલાવી રહી છે. અહીં જુદા જુદા ૧૨ અભ્યાસક્રમો ચાલે છે. કૉલેજમાં વિદ્યાર્થીઓની ભરતી પ્રક્રિયા વેબસાઈટ દ્વારા ઓનલાઇન પ્રક્રિયાથી કરવામાં આવે છે.

## સાબરકાંઠાના શિક્ષણનું સોનેરી છોગું મેડિકલ કૉલેજ

સાબરકાંઠાના શિક્ષણની સોનેરી કલગી એટલે હિંમતનગરની મેડિકલ કૉલેજ. એક સમય એવો હતો કે ગંભીર રોગોની સારવાર માટે અમદાવાદ કે અન્ય મોટા શહેરોમાં જવું પડતું હતું. પણ આજે સાબરકાંઠા અને રાજસ્થાનના નજીકના વિસ્તારના દર્દીઓને મફત અને ઉત્તમ સેવા આપવા હિંમતનગર મેડિકલ કૉલેજ અડીખમ ઉભી છે.



**જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કૉલેજ, હિંમતનગર**

જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કૉલેજ, હિંમતનગર,' ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી' દ્વારા લક્ષ્યાંકિત અને પ્રાપ્ત કરાયેલા ઉચ્ચ વ્યાવસાયિક ધોરણો પ્રાપ્ત કરવા માટે કટિબદ્ધ છે. આ મેડિકલ કૉલેજનો શિલાન્યાસ વર્ષ ૨૦૧૨માં કરવામાં આવ્યો હતો. કૉલેજ સાથે જોડાયેલ 300 પથારીવાળી શૈક્ષણિક અધ્યાપન હોસ્પિટલ, સર પ્રતાપ જનરલ હોસ્પિટલ, હિંમતનગર છે. બંનેનું યુગ્મ સમાજની ઉત્તમ સેવા કરી રહ્યું છે.

હિંમતનગર બસ સ્ટેન્ડથી ૨ કિમી દૂર આવેલી કૉલેજ અને હોસ્પિટલ ૨૫ એકરના કેમ્પસમાં પથરાયેલી છે. તે ગુજરાતની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સાથે સંકળાયેલ છે. મેડિકલ કૉલેજ, હિંમતનગર, ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી હેઠળ પ્રતિષ્ઠિત એક શૈક્ષણિક સંસ્થા છે. તે ગુજરાતની સૌથી ઝડપથી વિકસતી મેડિકલ કૉલેજ છે. તબીબી શિક્ષણ, સંશોધન અને આરોગ્ય સંભાળ સેવાઓ ક્ષેત્રે આ સંસ્થા ભારતની ટોચની મેડિકલ કોલેજોમાં સામેલ થવાનો પ્રયત્ન કરે છે અને ખૂબ ઝડપથી વાયુવેગે પ્રગતિ કરી રહી છે.

નવનિર્મિત જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કૉલેજનું ઉદ્દઘાટન અને રૂ. ૩૨૬ કરોડના ખર્ચે તૈયાર કરેલ મેડિકલ કૉલેજ, હોસ્ટેલ અને સ્ટાફ ક્વાટર્સના લોકાર્પણ કાર્યક્રમમાં (વર્ષ ૨૦૧૫) રાજ્યના તત્કાલીન મુખ્ય પ્રધાન શ્રીમતી આનંદીબહેન પટેલ હાજર રહ્યાં હતાં. આ મેડિકલ કૉલેજને સ્થાપવામાં હિંમતનગરના પનોતા પુત્ર શ્રી પ્રફુલ પટેલનો સિંહફાળો છે.

આ મેડિકલ કૉલેજ સર્વ સુવિધાઓથી સજ્જ છે. દર વર્ષે ૨૦૦ વિદ્યાર્થીઓ કૉલેજમાં એડમિશન લે છે. ચાલુ વર્ષે આ કૉલેજમાં શિક્ષણ પ્રાપ્ત કરેલ પહેલી બેચે પોતાનો ગ્રેજ્યુએશનનો કોર્ષ પૂર્ણ કર્યો. હવે તેઓ આગામી કોર્ષમાં કે સમાજસેવામાં જોડાશે. કોરોનાના કપરા કાળમાં મેડિકલ કૉલેજના ડોક્ટર્સ અને સ્ટાફે ખડેપગે રહી જિલ્લાના ધબકારા જીવંત રાખ્યા છે. અત્યારે પાંચ વર્ષના થઈ કુલ ૧૦૦૦ ડોક્ટર્સ પોતાનો અભ્યાસ કરી રહ્યા છે. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ એસોસિયેટ પ્રોફેસર્સ અને દીર્ઘદ્રષ્ટા ડીન છે. જેઓ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સતત જાગૃત રહે છે. તમામ વિદ્યાર્થીઓને રહેવા માટે, તેમજ હોસ્પિટલના સ્ટાફને રહેવા માટે ગગનચુંબી એપાર્ટમેન્ટ આવેલા છે. રહેઠાણની વ્યવસ્થા અત્યાધુનિક છે. વિદ્યાર્થીઓ માટે ઉત્તમ જમવાનું મળે તે માટે સુંદર કેન્ટીનની વ્યવસ્થા પણ છે. આ કૉલેજમાં ભણવા માટે દૂર દૂરથી વિદ્યાર્થીઓ ખૂબ આશાઓ લઈને આવે છે. કૉલેજ માતૃત્વના ભાવથી વિદ્યાર્થીઓની મનોકામનાઓ પૂર્ણ કરે છે. અહીં શિક્ષણ

મેળવનાર વિદ્યાર્થીઓ શિક્ષણ ઉપરાંત ગરીબ દર્દીઓના આશીર્વાદ પણ મેળવે છે. કૉલેજ જે ગતિથી પ્રગતિ કરી રહી છે તે જોતાં ભવિષ્યમાં અન્ય કોર્સ પણ ઉપલબ્ધ થશે. કૉલેજની ધ્યાન ખેંચે તેવી બાબત અહીંની સ્વચ્છતા અને મેનેજમેન્ટ છે.

### પીટીસી કૉલેજ કડીયાદરા

ઈડર તાલુકાની ઉત્તરે ગૌરવ નદીના કિનારે આવેલું કડિયાદરા ગામ સ્વતંત્ર સંગ્રામના સમયથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. પૂજ્ય સ્વ.પાવનદાદાએ ૧૯૧૨માં વૈદિક પાઠશાળાનો પ્રારંભ કર્યો હતો. ૧૯૨૦માં શેઠ શ્રી પ્રાણજી મૂળજીએ મિડલ સ્કૂલની સ્થાપના કરી હતી. (લાઈટ હાઉસ ઓફ ઇન્ડિયા સ્ટેટ)

શેઠ શ્રી ઠાકરસી મૂળજીના ટ્રસ્ટના નામે બુનિયાદી પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવી હતી. જેમાં કાંતણ, વણાટ, બાગાયતી ઉદ્યોગને લઈ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવતું હતું. ૧૯૫૨માં શિક્ષકોને પૂર્વ સેવા તાલીમ મળી રહે તે માટે સરકારશ્રીએ સરકારી બુનિયાદી પુરુષ અધ્યાપન મંદિરની સ્થાપના કરી હતી. નળિયાંવાળું જર્જરિત મકાન હતું. તેને ૨૦૦૪માં ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા રીનોવેશન કરી નવું અદ્યતન મકાન બનાવવામાં આવ્યું છે. આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી આનંદ પટેલ હાલ કલેકટર તરીકે ફરજ બજાવે છે.

### ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાબરકાંઠા - અરવલ્લી સંયુક્ત જિલ્લાઓની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ

| | | |
|---|---|---|
| ૧ | શેઠ એચ.પી.આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કોમર્સ કૉલેજ તલોદ - ૧૯૬૦ | ગ્રા.ઈન એઈડ |
| ૨ | શ્રીમતી એસ.એમ.પંચાલ સાયન્સ કૉલેજ તલોદ - ૧૯૬૦ | ગ્રા.ઈન એઈડ |
| ૩ | શ્રી એસ.કે.શાહ અને શ્રી ક્રિશ્ના ઓ.એન.આર્ટ્સ કૉલેજ , મોડાસ - ૧૯૬૦ | ગ્રા.ઈન એઈડ |
| ૪ | સર પી.ટી.સાયન્સ કૉલેજ ,મોડાસા - ૧૯૬૦ | ગ્રા.ઈન એઈડ |
| ૫ | શ્રી એસ.એસ.મહેતા આર્ટ્સ અને એમ.એમ.પટેલ કોમર્સ કૉલેજ , હિંમતનગર -૧૯૬૫ | ગ્રા.ઈન એઈડ |
| ૬ | શ્રી બી.ડી.શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન ,મોડાસા -૧૯૬૮ | ગ્રા.ઈન એઈડ |
| ૭ | શ્રી એચ.એસ.શાહ કૉલેજ ઑફ કોમર્સ , મોડાસા - ૧૯૬૮ | ગ્રા.ઈન એઈડ |
| ૮ | કૉલેજ ઑફ એજ્યુકેશન , દરામલી ,તા. ઇડર - ૧૯૭૦ | ગ્રા.ઈન એઈડ |
| ૯ | ઇડર આંજણા પાટીદાર એચ.કે. એમ. આર્ટ્સ અને પી.એન. પટેલ કોમર્સ કૉલેજ,ઇડર -૧૯૭૦ | ગ્રા.ઈન એઈડ |
| ૧૦ | શ્રી એન.એસ.પટેલ લૉ કૉલેજ , મોડાસા - ૧૯૭૩ | ગ્રા.ઈન એઈડ |
| ૧૧ | શ્રીમતી મંગલાબેન ચુનીલાલ દેસાઇ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ ,પ્રાંતિજ -૧૯૭૪ | ગ્રા.ઈન એઈડ |
| ૧૨ | ધી ધનસુરા પીપલ્સ કો.ઓ.બેંક લી. આર્ટ્સ અને કોમર્સ કૉલેજ ,ધનસુરા -૧૯૮૫ | ગ્રા.ઈન એઈડ |
| ૧૩ | શામળાજી પ્રદેશ કેળવણી મંડળ સંચાલિત શ્રી કલજીભાઇ આર. કટારા આર્ટ્સ કૉલેજ | ગ્રા.ઈન એઈડ |
| ૧૪ | ડી.,ડી.ઠાકર આર્ટ્સ અને કે. જે. પટેલ કોમર્સ કૉલેજ ખેડબ્રહ્મા - ૧૯૮૭ | ગ્રા.ઈન એઈડ |
| ૧૫ | લૉ કૉલેજ હીમતનગર -૧૯૮૯ | ગ્રા.ઈન એઈડ |
| ૧૬ | આર્ટ્સ કૉલેજ વિજયનગર -૧૯૮૯ | ગ્રા.ઈન એઈડ |
| ૧૭ | આદિવાસી આર્ટ્સ અને કોમર્સ કૉલેજ ભિલોડા -૧૯૬૯ | ગ્રા.ઈન એઈડ |
| ૧૮ | તલકચંદ માયાચંદ શાહ મહિલા આર્ટ્સ કૉલેજ -ઇડર -૧૯૯૨ | ગ્રા.ઈન એઈડ |
| ૧૯ | ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ,મેઘરજ -૧૯૯૨ | સરકારી |
| ૨૦ | એમ.એમ.ચૌધરી આર્ટ્સ કૉલેજ, રાજેન્દ્રનગર | ગ્રા.ઈન એઈડ |
| ૨૧ | ધી હીમતનગર ના.સ.બેંક લિમિટેડ સાયન્સ કૉલેજ હીમતનગર -૧૯૯૩ | ગ્રા.ઈન એઈડ |

| | | |
|---|---|---|
| ૨૨ | મહિલા આર્ટ્સ કૉલેજ, મોતીપુરા હીમતનગર -૧૯૯૪ | ગ્રા.ઈન એઈડ |
| ૨૩ | ધી સર્વોદય ના.સ.બેંક લી.મહિલા આર્ટ્સ કૉલેજ મહેતાપુરા, હીમતનગર -૧૯૯૪ | ગ્રા.ઈન એઈડ |
| ૨૪ | શેઠ શ્રી ભૂરાભાઈ છગનલાલ શાહ આર્ટ્સ કૉલેજ વડાલી, - ૧૯૯૫ | ગ્રા.ઈન એઈડ |
| ૨૫ | અરવલ્લી સદભાવના ચે.ટ્રસ્ટ સંચાલિત બી.એડ.કૉલેજ વિજયનગર -૨૦૦૫ | ગ્રા.ઈન એઈડ |
| ૨૬ | સાબર ગ્રામ સેવા મહાવિધ્યાલય, સોનાસણ ૧૯૮૭ | ગ્રા.ઈન એઈડ |
| ૨૭ | ધી ઇડર સહાકારી બેંક ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ફોર્મેશન ટેકનો.એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ બીસીએ એન્ડ પીજીડીસીએ કૉલેજ, ઇડર | સ્વ. નિર્ભર |
| ૨૮ | ગીતાંજલી કૉલેજ ઑફ એજુકેશન -તલોદ ૨૦૦૨ | સ્વ. નિર્ભર |
| ૨૯ | એક્સ્પરીમેન્ટલ કૉલેજ ઑફ એજ્યુકેશન ,પ્રાંતિજ | સ્વ. નિર્ભર |
| ૩૦ | હીમતનગર ના.સ.બેંક .કૉલેજ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ હીમતનગર-૧૯૯૬ | સ્વ. નિર્ભર |
| ૩૧ | આર.જી.બારોટ કૉલેજ ઑફ એજ્યુકેશન ભિલોડા - ૨૦૦૩ | સ્વ. નિર્ભર |
| ૩૨ | સરસ્વતી કૉલેજ ઑફ એજ્યુકેશન - મુ. વિરાવાડા , હિંમતનગર -૨૦૦૩ | સ્વ. નિર્ભર |
| ૩૩ | સરકારી બી.એડ. કૉલેજ ,મેઘરજ - ૨૦૦૩ | સરકારી |
| ૩૪ | કૉલેજ ઑફ એજ્યુકેશન- શામળાજી - ૨૦૦૩ | સ્વ. નિર્ભર |
| ૩૫ | અરવલ્લી સદભાવના ચે. ટ્રસ્ટ સંચાલિત બી.એડ. કૉલેજ વિજયનગર -૨૦૦૫ | સ્વ. નિર્ભર |
| ૩૬ | બી.એડ. કૉલેજ, બાયડ-૨૦૦૬ | સ્વ. નિર્ભર |
| ૩૭ | રાજપુર કૉલેજ ઑફ એજ્યુકેશન વિજયનગર-૨૦૦૬ | સ્વ. નિર્ભર |
| ૩૮ | એકતા કૉલેજ ઑફ એજ્યુકેશન, નવી મેત્રાલ , ખેડબ્રહ્મા -૨૦૦૬ | સ્વ. નિર્ભર |
| ૩૯ | કૉલેજ ઑફ એજ્યુકેશન છાપી , ઇડર- ૨૦૦૬ | સ્વ. નિર્ભર |
| ૪૦ | સરદાર બી.એડ.કૉલેજ અંતોલી ,તા મેઘરજ-૨૦૦૬ | સ્વ. નિર્ભર |
| ૪૧ | કૉલેજ ઑફ એજ્યુકેશન વિદ્યાનગરી ,હીમતનગર ૨૦૦૬ | સ્વ. નિર્ભર |
| ૪૨ | બી.એડ.કૉલેજ આંત્રોલી ૨૦૦૬ | સ્વ. નિર્ભર |
| ૪૩ | રાજપુર કેળવણી મંડળ સંચાલિત પી.જી.ડી.સી.એ.કૉલેજ ,વિજયનગર ૨૦૦૭ | સ્વ. નિર્ભર |
| ૪૪ | આર.કે.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન ,કરમીપુરા | સ્વ. નિર્ભર |
| ૪૫ | કૉલેજ ઑફ એજ્યુકેશન, સમર્થ (હાજીપુરા) મુ. હીમતનગર | સ્વ. નિર્ભર |
| ૪૬ | સંસ્કાર બી.એડ કૉલેજ, કોડિયાવાડા-૨૦૦૭ | સ્વ. નિર્ભર |
| ૪૭ | બી.એડ કૉલેજ, અન્દ્રોખા- ૨૦૦૭ | સ્વ. નિર્ભર |
| ૪૮ | માતૃશ્રી લલિતાબા સોની બી.એડ.કૉલેજ, મોડાસા-૨૦૦૭ | સ્વ. નિર્ભર |
| ૪૯ | દિવ્યચેતના કૉલેજ ઑફ એજ્યુકેશન - ભેટાલી તા ઇડર-૨૦૦૭ | સ્વ. નિર્ભર |
| ૫૦ | સમાજકાર્ય મહાવિદ્યાલય (MSW) , સલાલ , તા. પ્રાંતિજ | સ્વ. નિર્ભર |
| ૫૧ | સરકારી સાયન્સ કૉલેજ , લાલોડા , ઇડર | સરકારી |
| ૫૨ | ગ્રોમોર કૉલેજ ઑફ એજ્યુકેશન , બેરણા , હિંમતનગર-૨૦૦૮ | સ્વ. નિર્ભર |
| ૫૩ | શ્રી એસ.વી.ટી. કૉલેજ ઑફ એજ્યુકેશન , ઉજળેશ્વર , ધનસુરા - ૨૦૦૮ | સ્વ. નિર્ભર |
| ૫૪ | બી.એડ. કૉલેજ તખતપુર , માલપુર -૨૦૦૭ | સ્વ. નિર્ભર |
| ૫૫ | શ્રી વી.એસ.રાવલ કૉલેજ ઑફ એજ્યુકેશન .પ્રાંતિજ - ૨૦૦૭ | સ્વ. નિર્ભર |

| | | |
|---|---|---|
| ૫૬ | સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ , જાદર ,ઇડર- ૨૦૦૮ | સરકારી |
| ૫૭ | દિવ્યચેતના કૉલેજ ઑફ બી.સી.એ. ભેટાલી, તા. ઇડર | સ્વ. નિર્ભર |
| ૫૮ | સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ , કડોલી , હિંમતનગર-૨૦૦૮ | સરકારી |
| ૫૯ | સરકારી કોમર્સ કૉલેજ , વડાલી-૨૦૦૮ | સરકારી |
| ૬૦ | શ્રીમતિ કોકીલાબેન એ. મોદી MSW કૉલેજ , મોડાસા -૨૦૦૮ | સ્વ. નિર્ભર |
| ૬૧ | એમ.એડ. કૉલેજ વિદ્યાનગરી , હિંમતનગર | સ્વ. નિર્ભર |
| ૬૨ | એક્સપરીમેન્ટલ એમ.એડ. કૉલેજ, પ્રાંતિજ | સ્વ. નિર્ભર |
| ૬૩ | શ્રી બી.એચ. ગાંધી બી.બી.એ કૉલેજ, મોડાસા | સ્વ. નિર્ભર |
| ૬૪ | એમ.એલ. જે .ગાંધી (બાકોરવાલા),બી.સી. એ. કૉલેજ , મોડાસા - ૨૦૦૯ | સ્વ. નિર્ભર |
| ૬૫ | ગ્રોમોર કૉલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.)કૉલેજ, બેરણા , હિંમતનગર - ૨૦૦૯ | સ્વ. નિર્ભર |
| ૬૬ | સમર્થ બી.સી.એ. કૉલેજ , હાજીપુર - ૨૦૦૯ | સ્વ. નિર્ભર |
| ૬૭ | એસ. ડી. સોલંકી બી.સી.એ. કૉલેજ, કુશ્કી , ઇડર | સ્વ. નિર્ભર |
| ૬૮ | શ્રી કે.એચ. પટેલ એમ.એડ. કૉલેજ, મોડાસા | સ્વ. નિર્ભર |
| ૬૯ | આર.જી. બારોટ એમ.એડ. કૉલેજ, ભિલોડા - ૨૦૦૯ | સ્વ. નિર્ભર |
| ૭૦ | એમ.એન.પટેલ એમ.એડ કૉલેજ, વિજયનગર - ૨૦૦૯ | સ્વ. નિર્ભર |
| ૭૧ | રિદ્ધિ બી.સી. એ. કૉલેજ, મોતીપુરા ,હિંમતનગર | સ્વ. નિર્ભર |
| ૭૨ | સી.કે. પટેલ બી.સી એ. કૉલેજ, પ્રાંતિજ - ૨૦૧૦ | સ્વ. નિર્ભર |
| ૭૩ | ગ્રમોર બી.સી.એ. કૉલેજ, બેરણા, હિંમતનગર | સ્વ. નિર્ભર |
| ૭૪ | ડી. એલ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ બી.સી.એ. કૉલેજ , વિદ્યાનગરી , હિંમતનગર - ૨૦૧૦ | સ્વ. નિર્ભર |
| ૭૫ | સાંઇ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રદ્ધા બી.સી.એ.કૉલેજ ,મુ.પોયડા , તા. બાયડ | સ્વ. નિર્ભર |
| ૭૬ | મહાવીર નર્સિંગ કૉલેજ , વાત્રક , બાયડ | સ્વ. નિર્ભર |
| ૭૭ | દિવ્ય ચેતના એમ.એસ.ડબલ્યુ કૉલેજ, ભેટાલી , ઈડર - ૨૦૧૦ | સ્વ. નિર્ભર |
| ૭૮ | સી. કે. પટેલ એમ.એસ.ડબલ્યુ કૉલેજ , પ્રાંતિજ - ૨૦૧૦ | સ્વ. નિર્ભર |
| ૭૯ | સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત એમ.એસ.ડબલ્યુ. કૉલેજ ( આર.જી.બારોટ MSW કૉલેજ),ભિલોડા ૨૦૧૦ | સ્વ. નિર્ભર |
| ૮૦ | સરકારી આર્ટ્સ કૉલેજ, બાયડ - ૨૦૧૧ | સરકારી |
| ૮૧ | સાબર સમાજસેવા મહાવિદ્યાલય એમ.એસ.ડબલ્યુ કૉલેજ ,મુ. સોનાસણ , પ્રાંતિજ-૨૦૧૧ | ગ્રા.ઈન એઈડ |
| ૮૨ | ગ્રોમર એમ.એસ.ડબલ્યુ કૉલેજ, મુ. બેરણા , હિંમતનગર - ૨૦૧૧ | સ્વ. નિર્ભર |
| ૮૩ | ગ્રોમોર પી.જી.ડી.સી.એ. કૉલેજ, મુ .બેરણા, હિંમતનગર -૨૦૧૧ | સ્વ. નિર્ભર |
| ૮૪ | ડી.એલ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ બી.બી.એ કૉલેજ વિદ્યાનગરી હિંમતનગર- ૨૦૧૧ | સ્વ. નિર્ભર |
| ૮૫ | ડી.એલ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ પી.જી.ડી.સી.એ.કૉલેજ વિદ્યાનગરી હિંમતનગર - ૨૦૧૧ | સ્વ. નિર્ભર |
| ૮૬ | ગ્રોમોર ઇન્સ્ટિટયૂટ ઓફ કોમર્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, મુ. બેરણા, હિંમતનગર | સ્વ. નિર્ભર |

| | | |
|---|---|---|
| ૮૭ | શ્રી એકતા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ કૉલેજ,અંદ્રોખા, વિજયનગર | સ્વ. નિર્ભર |
| ૮૮ | આર્ડેકતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ પી.જી.ડી.સી.એ.કૉલેજ, નવી મેત્રાલ, ખેડબ્રહ્મા - ૨૦૧૧ | સ્વ. નિર્ભર |
| ૮૯ | ભાગ્યલક્ષ્મી નર્સિંગ કૉલેજ , મોડાસા - ૨૦૧૧ | સ્વ. નિર્ભર |
| ૯૦ | એમ.એસ.ડબલ્યુ કૉલેજ, અંદ્રોખા, વિજયનગર | સ્વ. નિર્ભર |
| ૯૧ | ગ્રોમોર ઇન્સ્ટિટ્યૂટ ઓફ એમ. એસ.સી (સી.એ. એન્ડ આઈ.ટી.) કૉલેજ , બેરણા, હિંમતનગર | સ્વ. નિર્ભર |
| ૯૨ | એમ.એડ. કૉલેજ ,દરામલી, ઇડર | સ્વ. નિર્ભર |
| ૯૩ | ચિત્રાસણી વુમન નર્સિંગ કૉલેજ , પ્રાંતિજ - ૨૦૧૨ | સ્વ. નિર્ભર |
| ૯૪ | રતનબા કૉલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ), ભિલોડા | સ્વ. નિર્ભર |
| ૯૫ | આર.વી. સોલંકી બી.બી.એ કૉલેજ ,કુશ્કી , ઈડર - ૨૦૧૩ | સ્વ. નિર્ભર |
| ૯૬ | જે.વી.સોલંકી MSW કૉલેજ , કુશ્કી , ઇડર | સ્વ. નિર્ભર |
| ૯૭ | એસ.બી. જોષી અને. બી.કે.જોષી આર્ટ્સ અને કોમર્સ કૉલેજ , બામણા , ઇડર - ૨૦૧૩ | સ્વ. નિર્ભર |
| ૯૮ | શ્રીમતી વી.વી.શાહ એમ.એસ.સી. ( C.A. & I. T.) કૉલેજ , મોડાસા - ૨૦૧૩ | સ્વ. નિર્ભર |
| ૯૯ | ગ્રોમોર સાયન્સ કૉલેજ , બેરણા , હિંમતનગર -૨૦૧૩ | સ્વ. નિર્ભર |
| ૧૦૦ | શ્રી સરસ્વતી સાયન્સ કૉલેજ . વિરાવાડા , હિંમતનગર - ૨૦૧૪ | સ્વ. નિર્ભર |
| ૧૦૧ | શ્રી ટી.એસ.પટેલ કૉલેજ - આંબલીયારા, તા : બાયડ - ૨૦૧૪ | સ્વ. નિર્ભર |
| ૧૦૨ | આર્ડેકતા સાયન્સ કૉલેજ - રાધીવાડ, તા: પ્રાંતિજ | સ્વ. નિર્ભર |
| ૧૦૩ | ડી.એલ.પટેલ વિજ્ઞાન કૉલેજ - વિદ્યાનગરી, મુ. હિંમતનગર | સ્વ. નિર્ભર |
| ૧૦૪ | સાયન્સ કૉલેજ - અંદ્રોખા, તા: વિજયનગર -૨૦૧૫ | સ્વ. નિર્ભર |
| ૧૦૫ | અંદ્રોખા પી.જી.ડી.સી.એ. કૉલેજ, તા: વિજયનગર -૨૦૧૫ | સ્વ. નિર્ભર |
| ૧૦૬ | શ્રી એમ.ડી.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ , મુ. તખતપુર , તા; માલપુર -૨૦૧૫ | સ્વ. નિર્ભર |
| ૧૦૭ | શ્રી નવચેતના કેળવણી મંડળ ઊંટરડા સંચાલિત એમ.એસ.ડબલ્યુ. કૉલેજ , મુ. ઊંટરડા, તા: બાયડ | સ્વ. નિર્ભર |
| ૧૦૮ | માતૃશ્રી નાનીબા કોમર્સ કૉલેજ , મુ. કુશ્કી , તા: ઈડર -૨૦૧૭ | સ્વ. નિર્ભર |
| ૧૦૯ | ગ્રોમોર બી.એસ.સી. , નર્સિંગ કૉલેજ , મુ. બેરણા , તા: હિંમતનગર -૨૦૧૧ | સ્વ. નિર્ભર |
| ૧૧૦ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કૉલેજ , હિંમતનગર - ૨૦૧૪ | સરકારી |
| ૧૧૧ | ડી.એલ.પટેલ કોમર્સ કૉલેજ ( ઇંગ્લીશ-ગુજરાતી) વિદ્યાનગરી , મુ. હિંમતનગર -૨૦૧૫ | સ્વ. નિર્ભર |
| ૧૧૨ | શ્રી ટી.એસ.પટેલ એમ.એસ.ડબલ્યુ. કૉલેજ , મુ. આંબલીયારા , તા: બાયડ | સ્વ. નિર્ભર |
| ૧૧૩ | સમર્થ સાયન્સ કૉલેજ , મુ. હાજીપુરા તા: હિંમતનગર | સ્વ. નિર્ભર |
| ૧૧૪ | ગવર્નમેન્ટ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ,મુ. ગાંભોઇ , તા: હિંમતનગર | સરકારી |
| ૧૧૫ | ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ , પોશીના -૨૦૧૬ | સરકારી |
| ૧૧૬ | સાંઈ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રદ્ધા એમ.એસ.ડબલ્યુ.કૉલેજ ,મુ. પોપડા , તા. બાયડ | સ્વ. નિર્ભર |
| ૧૧૭ | સાંઈ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સાયન્સ કૉલેજ ,મુ. પોપડા , તા. બાયડ | સ્વ. નિર્ભર |
| ૧૧૮ | એકતા નર્સિંગ કૉલેજ , ખેડબ્રહ્મા | સ્વ. નિર્ભર |
| ૧૧૯ | ગુજરાત સાયન્સ , આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ , મુ. મોયદ , તા: પ્રાંતિજ | સ્વ. નિર્ભર |
| ૧૨૦ | સરસ્વતી કૉલેજ ઑફ આર્ટ્સ - મુ. વિરવાડા , હિંમતનગર -૨003 | સ્વ. નિર્ભર |
| ૧૨૧ | શ્રીમતી એમ.એન.પટેલ એમ.એસ.ડબલ્યુ.કૉલેજ , મુ. વિજયનગર | સ્વ. નિર્ભર |

| | | |
|---|---|---|
| ૧૨૨ | શ્રી એમ.એન.પટેલ સાયન્સ કૉલેજ , મુ. વિજયનગર | સ્વ. નિર્ભર |
| ૧૨૩ | લૉ કૉલેજ અંદ્રોખા, તા: વિજયનગર | સ્વ. નિર્ભર |
| ૧૨૪ | શ્રી ટી.એસ.પટેલ બી.એ. /બી.એડ./બી.એસ.સી. બી.એડ. કૉલેજ , આંબલીયારા , તા: બાયડ | સ્વ. નિર્ભર |
| ૧૨૫ | ડી.એલ.પટેલ બી.એસ.સી. નર્સિંગ કૉલેજ , હિંમતનગર | સ્વ. નિર્ભર |
| ૧૨૬ | વડાલી કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કૉલેજ , વડાલી | સ્વ. નિર્ભર |
| ૧૨૭ | ડી.કે.રાવ સાયન્સ કૉલેજ , ભિલોડા | સ્વ. નિર્ભર |
| ૧૨૮ | દિલીપભાઈ કે. કટારા એમ.એસ.ડબલ્યુ. કૉલેજ , શામળાજી | સ્વ. નિર્ભર |
| ૧૨૯ | એમ.કે.શાહ સાયન્સ કૉલેજ, મોડાસા | સ્વ. નિર્ભર |
| ૧૩૦ | એમ.બી. ઉપાધ્યાય લૉ કૉલેજ , તલોદ | સ્વ. નિર્ભર |
| ૧૩૧ | દલીબા નર્સિંગ કૉલેજ (B.Sc.) , અંદ્રોખા, તા: વિજયનગર | સ્વ. નિર્ભર |
| ૧૩૨ | અક્ષર નર્સિંગ કૉલેજ , મુ.સાકરીયા , મોડાસા | સ્વ. નિર્ભર |
| ૧૩૩ | કલજીભાઈ આર.કટારા નર્સિંગ કૉલેજ (B.Sc.) , ભિલોડા | સ્વ. નિર્ભર |
| ૧૩૪ | રિધ્ધિ કૉલેજ ઑફ નર્સિંગ (B.Sc.) , હિંમતનગર | સ્વ. નિર્ભર |

**જી. ટી. યુ સંલગ્ન સાબરકાંઠા અરવલ્લી જિલ્લાની ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજો**

- ગવર્મેન્ટ પૉલીટેકનિક, ગઢોડા રોડ, હિંમતનગર
- વેદ વ્યાસ પોલીટેકનિક, સમર્થ કેમ્પસ, મુ - હાજીપુર,તાલુકો - હિંમતનગર (સાબરકાંઠા)
- ગ્રોમોર ફાઉન્ડેશન ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યૂટ,મુ - બેરણા,તાલુકો- હિંમતનગર,(સાબરકાંઠા).
- આર્ડેક્તા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી મુ - રાધીવાડ ,તાલુકો - ખેડબ્રહ્મા, (સાબરકાંઠા)
- ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનિકલ સ્ટડી, વિજાપુર વિલેજ એશિયન ગાર્નેટો પાસે, મુ - મોયદ, તાલુકો - પ્રાંતિજ,(સાબરકાંઠા)
- એશિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી , મુ - વડાલી (સાબરકાંઠા)

**જી. ટી. યુ સંલગ્ન સાબરકાંઠા અરવલ્લી જિલ્લાની ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજો**

- ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કૉલેજ , મોડાસા
- ગ્રોમોર ફાઉન્ડેશન ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યૂટ,મુ - બેરણા,તાલુકો- હિંમતનગર,(સાબરકાંઠા).
- ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનિકલ સ્ટડીઝ, મુ. મોયદ , તા. પ્રાંતિજ ( સાબરકાંઠા)
- સાબર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ , મુ. તાજપુર , તા. પ્રાંતિજ
- સમર્થ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, મુ.હાજીપુર, તા, હિંમતનગર
- તત્વ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનીકલ સ્ટડીઝ , મુ. મોડાસા
- આર્ડેક્તા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ,મુ - રાધીવાડ ,તાલુકો - ખેડબ્રહ્મા, (સાબરકાંઠા)

# પ્રકરણ - ૫

# શિક્ષણ સામેના પડકારો

સાબરકાંઠા જિલ્લોએ ગુજરાતના અન્ય જિલ્લાઓ કરતાં શરૂઆતથી જ સાક્ષરતા દરમાં ઘણો પાછળ હતો. ૧૯૫૧ ની વસ્તી ગણતરી પ્રમાણે સાબરકાંઠા જિલ્લામાં ૭૧,૧૧૮ લોકો શિક્ષિત હતા. સાક્ષરતા દર કુલ વસ્તીનો ૧૩.૩૨% હતો. જેમાં પુરુષોનું સાક્ષરતા દર ૨૧.૬૩% અને સ્ત્રીઓમાં સાક્ષરતા દર માત્ર ૪.૭૮% હતો. ૧૯૬૧માં સાક્ષરતા દર વધીને કુલ વસ્તીના ૨૪.૦૩% થયો. જેમાં પુરુષોનું સાક્ષરતા દર ૩૬.૨૦% અને સ્ત્રીઓમાં સાક્ષરતા દર ૧૧.૨૭% હતો.

આ જિલ્લામાં ચાર તાલુકાઓ ટ્રાયબલ વિસ્તારમાં આવેલા છે. ખેડબ્રહ્મા, ભિલોડા ,મેઘરજ, માલપુરનો તેમાં સમાવેશ થાય છે. આ તાલુકાઓમાં ૧૯૬૧ના સેન્સેસ મુજબ સાક્ષરતા દર નીચે પ્રમાણે જોવા મળ્યો છે.

| તાલુકો | કુલ સાક્ષરતા દર | પુરુષોમાં સાક્ષરતા દર | સ્ત્રીઓમાં સાક્ષરતા દર |
|---|---|---|---|
| ખેડબ્રહ્મા | ૧૩.૦૦% | ૨૦.૦૦% | ૫.૨૧% |
| ભિલોડા | ૨૦.૭૬% | ૩૩.૬૭% | ૭.૪૮% |
| મેઘરજ | ૧૨.૩૩% | ૨૦.૨૫% | ૩.૯૬% |
| માલપુર | ૧૯.૧૭% | ૨૯.૯૩% | ૭.૪૯% |

ઉપરોક્ત વિગતો જોતાં જણાય છે કે સાબરકાંઠા જિલ્લામાં ટ્રાયબલ વિસ્તારના તાલુકાઓમાં આઝાદી બાદ શરૂઆતથી જ શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી પુરુષો અને સ્ત્રીઓમાં અન્ય તાલુકાઓમાં કરતાં સાક્ષરતા દર ઓછો જોવા મળે છે. અને તેમાં પણ પુરુષો કરતાં સ્ત્રીઓમાં સાક્ષરતા દર ઘણો જ ઓછો જોવા મળે છે.

- ❖ આ માટે નીચે મુજબનાં કારણો જવાબદાર ગણાવી શકાય.
- અંધશ્રદ્ધા અને વહેમોને કારણે શિક્ષણ પ્રત્યે અરુચિ.
- આદીવાસી લોકો સામૂહિક વસાહતોને બદલે છૂટક છૂટક કાચા મકાનોમાં રહી ખેતી અને અન્ય વ્યવસાય ઉપર નિર્ભર હોવાથી તથા પ્રાથમિક શાળાઓની સુવિધાઓ પર્યાપ્ત ન હોવાથી શિક્ષણથી વંચિત રહેલ માલૂમ પડે છે.
- ખેતી અને છૂટક મજૂરી પર નિર્ભર આ સમાજની આર્થિક પરિસ્થિતિ પણ વિકટ હોવાથી બાળકોને પણ મજૂરીકામે મોકલતા હોવાથી શિક્ષણથી વંચિત રહે છે.
- છૂટક મજૂરીકામ માટે વતનથી દૂરના વિસ્તારોમાં વર્ષ દરમ્યાન મોટેભાગે બહારગામ રહેવાનું થતું હોવાથી શિક્ષણથી વંચિત રહે છે.

૧૯૭૧માં ગુજરાતમાં કુલ વસ્તીના ૬.૮૪% ટકા લોકો અનુસૂચિત જાતિના હતા. જેમાં સાબરકાંઠામાં ૮.૬૦% લોકો અનુસૂચિત જાતિના હતા. જેમાં ૮.૫૪% પુરુષો અને ૮.૬૬% સ્ત્રીઓ હતી. જ્યારે ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની ૧૩.૯૯% વસ્તી હતી. જેમાં સાબરકાંઠામાં ૧૫.૦૬% લોકો અનુસૂચિત જન જાતિના હતા. જેમાં ૧૪.૮૪% પુરુષો અને ૧૫.૫૮% સ્ત્રીઓ હતી. ૧૯૭૧માં ખેડબ્રહ્મા તાલુકામાં ૪૧ ગામો, વિજયનગર તાલુકામાં ૪૦ ગામો, ભિલોડા તાલુકામાં ૩૫ ગામો, મેઘરજમાં ૨૬ ગામો, માલપુરમાં સૌથી વધુ એટલે કે ૬૯ ગામો પ્રાથમિક શાળા વિહોણાં હતાં. જે અન્ય વિકસિત તાલુકાઓ કરતાં ઘણા વધારે માલૂમ પડે છે.

૧૯૭૧માં હિંમતનગર, ઇડર, મોડાસા અને તલોદમાં જ આર્ટ્સ-કોમર્સ કૉલેજ હતી. જ્યારે વિજ્ઞાન પ્રવાહની કોલેજો માત્ર મોડાસા અને તલોદ મુકામે જ હતી. જ્યારે ટ્રાયબલ વિસ્તારમાં એક પણ તાલુકામાં ઉચ્ચ શિક્ષણની એક પણ કૉલેજ ન હતી. ૧૯૭૧માં સાબરકાંઠા જિલ્લામાં માત્ર ૧૧૭ ગામમાં જ માધ્યમિક શાળાઓ હતી. જે કુલ ગામોના ૮.૪૪% હતી. ૧૯૬૭ સુધીમાં એસ.એસ.સી.ની પરીક્ષાના માત્ર બે જ કેન્દ્રો હતાં એક મોડાસામાં અને એક પ્રાંતિજમાં. આથી દૂર દૂરના વિદ્યાર્થીઓને એસ.એસ.સી.ની પરીક્ષા આપવા માટે ખૂબ જ અગવડતા પડતી હતી. ૧૯૬૩માં હિંમતનગરમાં, ૧૯૬૬માં તલોદમાં અને ૧૯૬૮માં ઇડરમાં એસ.એસ.સી.ની પરીક્ષાના કેન્દ્રો શરૂ થયા હતાં.

ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે સાબરકાંઠામાં મોટો શૂન્યવકાશ જોવા મળે છે. સને ૧૯૮૯-૯૦માં સર્વ પ્રથમ મોડાસા ખાતે ડિપ્લોમા અને ડિગ્રી એન્જિનિયરિંગ અભ્યાસક્રમ શરૂ થયા. આ પહેલાં સાબરકાંઠાના વિદ્યાર્થીઓને જિલ્લા બહાર ટેકનિકલ શિક્ષણ માટે બહાર ભણવા જવું પડતું હતું. તે વિદ્યાર્થીઓના વાલીઓને આર્થિક રીતે પોસાતું ન હોતું.

મેડિકલ કૉલેજ તો છેક ૨૦૧૫માં હિંમતનગર ખાતે શરૂ થઈ. આથી તબીબી શિક્ષણ માટે વિદ્યાર્થીઓને જિલ્લા બહાર અભ્યાસ માટે જવું પડતું હતું. આથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને પોસાતું ન હોતું ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારના વિદ્યાર્થીઓની આ બાબતે ખૂબ સહન કરવું પડ્યું છે.

# પ્રકરણ – ૬

## શિક્ષણ ક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર વ્યક્તિ વિશેષ

અમેરિકન કેળવણીકાર એડમન્ડ ગોર્ડ કહે છે કે, “શિક્ષણ દ્વારા જ સમાજ બેઠો થઈ શકે.” વર્તમાન સામાજિક વ્યવસ્થાના ‘ખેતરને નવેસરથી ખેડવું’ એ કેળવણીનો હેતુ હોવો જોઈએ. કેળવણી એ નવા સ્વરૂપનાં અને નવી સમાજવ્યવસ્થાનાં બીજ વાવવાનાં છે. ખેતરની માટી જ્યારે નવા પરિવર્તનોના છોડને ઊગવા ન દેતી હોય, ત્યારે તેને ફળદ્રુપ કરવાનું કામ કેળવણીએ કરવાનું છે. અને આ કામ માત્ર અને માત્ર શિક્ષણ જ કરી શકે છે.

સાબરકાંઠાને કેળવણીક્ષેત્રે અગ્રેસર કરવામાં અનેક શિક્ષણવિદોએ સહિયારો પુરૂષાર્થ કર્યો છે. દેશ આઝાદ થયો એ પહેલાં પણ કર્મઠ - સેવાભાવી વ્યક્તિઓએ પોતાનું યોગદાન શિક્ષણ ક્ષેત્રે આપ્યું છે.

### ૧. સ્વાતંત્ર સંગ્રામ વીર સેનાની અને શિક્ષણકાર શ્રી મથુરદાસ લાલજીભાઈ ગાંધી (૧૮૭૫ થી ૧૯૫૭)



મોડાસા અને સમસ્ત અરવલ્લી પંથકમાં આ વિરલ વ્યક્તિનું ઋણ કદાચ ક્યારેય નહીં ચૂકવી શકાય. ઈ.સ. ૧૯૦૫માં સમગ્ર દેશમાં સ્વદેશાભિમાન જાગૃત બન્યું હતું. સ્વદેશી ચળવળ વિસ્તરતી જતી હતી. તે પ્રવાહમાં સાબરકાંઠા-અરવલ્લીને જોતરવાનો યશ મથુરદાસ ગાંધીને જાય છે. સ્વતંત્રતા સંગ્રામની ચળવળ હોય કે પછી કેળવણીની સંસ્થાનો વિકાસ - મથુરદાસ ગાંધીની દૂરંદેશીનાં મીઠાં ફળ આજે પણ આ વિસ્તારના લોકો આરોગી રહ્યા છે. મથુરદાસ લાલજીભાઈ ગાંધીએ મોડાસાને કાર્યક્ષેત્ર બનાવીને તે વિસ્તાર અને મુંબઈ તથા ઇડર રહીને ઇડર સ્ટેટની વિરુદ્ધમાં જઈને અંગ્રેજો વિરુદ્ધ પ્રજાતંત્ર માટે લડત આપી હતી. તેમનો જન્મ ૧૮૭૫માં થયો હતો. તેમણે ધોરણ ૭ સુધી અભ્યાસ કર્યો હતો. તેમનો પ્રિય વિષય ગણિત હતો. શરૂમાં રજવાડાના ઠાકોરને ત્યાં નોકરી કરી . મુંબઈમાં ધંધો છોડી રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા.

ઈ.સ. ૧૯૦૫માં મોડાસામાં શંકર રામજીની ધર્મશાળામાં વલ્લભદાસ બાપુજી દેસાઈના પ્રમુખ પદે પ્રથમ રાજકીય સભા મળી હતી. જેમાં મથુરદાસે પ્રથમ રાજકીય ભાષણ કરીને સાબરકાંઠામાં રાષ્ટ્રીય લડત આરંભી હતી. તેમણે તેમના ભાષણમાં યુવાનોને વિલાયતી ચીજોનો બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞા લેવા આદેશ આપ્યો હતો. તેમણે સ્વદેશી વસ્તુઓ વાપરવા આગ્રહ રાખેલો. રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા હોવાથી તેમણે બીડી ઉત્પાદનનો ધંધો પડતો મૂકયો હતો. ગાંધીજી પ્રેરિત દરેક સત્યાગ્રહની લડતમાં તેમણે ભાગ લીધો હતો. ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહની લડતમાં ભાગ લઈ લાંબી જેલ ભોગવી હતી. તેઓ મોડાસા તાલુકા, ત્યારબાદ સાબરકાંઠા જિલ્લાની કોંગ્રેસના પ્રમુખ અને મુંબઈ ધારાસભાના સભ્ય પણ બન્યા હતા. મોડાસા શરૂથી જ શિક્ષણ ક્ષેત્રે સાબરકાંઠા જિલ્લામાં આગળ પડતું ગણાય છે. ૧૯મી સદીમાં મોડાસામાં એ. વી. સ્કૂલની સ્થાપના થયેલી અને આ સ્કૂલ મિડલ સ્કૂલ સુધી અભ્યાસ ચલાવતી હતી. પણ આગળનું શિક્ષણ તે સમયે સુલભ ન હોતું. માટે મોડાસા પ્રદેશમાં “દાદાના” હુલામણા નામથી જાણીતા બનેલા સ્વતંત્ર સેનાની, સામાજિક કાર્યકર અને વગદાર વેપારી શ્રી મથુરદાસ લાલજીભાઈ ગાંધીએ પોતાના સાથી કાર્યકરો શ્રી પુરુષોત્તમદાસ શાહ, રોહનલાલ ગાંધી, છોટાલાલ બુટાલા, શ્રી ભોગીલાલ શાહના સહકારથી તારીખ: ૩૦/૦૬/૧૯૧૯ના રોજ હાઈસ્કૂલ શરૂ કરી હતી અને શાળાનું નામ મોડાસા હાઈસ્કૂલ રાખ્યું હતું. તથા હાઈસ્કૂલનું મકાન બનાવવા જરૂરી ભંડોળ ઊભું કર્યું હતું. ૧૯૫૭માં ફેબ્રુઆરી માસમાં શ્રી રમણલાલ સોનીના પ્રમુખ પદે મળેલી સભામાં મોડાસામાં ઉચ્ચ શિક્ષણની કોલેજ સ્થાપવાનો પ્રસ્તાવ મૂકાયો અને સાબરકાંઠાના સ્વતંત્ર સેનાની કેળવણીકારના ઋણ સ્વીકાર રૂપે તેમના નામે ‘મથુરદાસ

લાલજીભાઈ ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ – મોડાસા'  ની સ્થાપના કરવામાં આવી. તેઓ ઈ.સ. ૧૯૫૭માં ૧૮ દિવસના ઉપવાસ કરી ઈચ્છા મૃત્યુ પામ્યા.

**૨. સોની રમણલાલ પીતાંબરદાસ 'સુદામો'  (બાળસાહિત્યકાર)**



**જન્મ : ૨૫/૦૧/૧૯૦૮ અને અવસાન: ૨૦/૦૯/૨૦૦૬**

બાળ સાહિત્યકાર, અનુવાદક અને કેળવણીકાર શ્રી રમણલાલ સોનીનો જન્મ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કોકાપુર ગામમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મોડાસામાં લીધું. ૧૯૪૦માં આગ્રા યુનિવર્સિટીમાંથી બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૪૫માં બી.ટી. થયા. ત્યારબાદ મોડાસા હાઈસ્કૂલમાં શિક્ષક અને પછી આચાર્ય તરીકે જોડાયા.

ગાંધીજીના રંગે રંગાઈ સત્યાગ્રહની લડતમાં સક્રીય ભાગ લીધો અને જેલવાસ ભોગવી, નોકરી છોડી, સાહિત્ય શિક્ષણ અને સમાજ હિતના કાર્યોમાં વધુ સક્રીય થયા. ખેડૂતો અને હરિજનોના ઉદ્ધાર માટે અનેક પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું. ઈ.સ.૧૯૫૨થી ૧૯૫૭ સુધી મુંબઈ ધારાસભાના સભ્ય પણ બન્યા. મોડાસામાં ઉચ્ચતર કેળવણી મંડળ સ્થાપવા માટેની ભૂમિકામાં તેઓએ મહત્ત્વનો સહકાર આપ્યો છે. ૧૯૫૭ના ફેબ્રુઆરી માસમાં તેમના પ્રમુખ સ્થાને બોલાવેલી સભામાં 'મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ' સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

રમણલાલ સોનીના બાળસાહિત્ય અને અનુવાદ ક્ષેત્રે વિશિષ્ટ સેવાઓની સાહિત્ય જગતે નોંધ લીધી છે. બાળસાહિત્ય સેવા માટે પહેલો જ 'ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક' એમને અપાયો છે. આ ઉપરાંત સાહિત્ય અને અનુવાદ સેવા માટે તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા બીજા અનેક એવોર્ડ મળેલા છે. ગુજરાત સરકારે તેમને લાખ રૂપિયાનો 'નરસિંહ મહેતા એવોર્ડ' પણ આપ્યો છે. તેમના બાળસાહિત્યના ૨૫ જેટલાં પુસ્તકો ગુજરાતી ઉપરાંત અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષામાં પ્રસિદ્ધ થયેલા છે.

**૩. સાહિત્યકાર અને કેળવણીકાર શ્રી પન્નાલાલ પટેલ**



**જન્મ : ૭/૫/૧૯૧૨**

**માંડલી, તાલુકો: સીમલવાડા,  જિલ્લો : ડુંગરપુર (રાજસ્થાન)**

**મૃત્યુ: ૬/૪/૧૯૮૯**

**અમદાવાદ**

પન્નાલાલ પટેલને 'સાહિત્ય જગતનો ચમત્કાર' અને 'ગુજરાતી સાહિત્યનું પરમ વિસ્મય' જેવા બિરુદોથી નવાજવામાં આવ્યા છે. એમનો જન્મ ૭ મે ૧૯૧૨ના રોજ હવે રાજસ્થાન રાજ્યમાં આવેલ ડુંગરપુર જિલ્લાના માંડલી ગામમાં નાનાશા અથવા નાનાલાલ અને હીરાબાને ત્યાં આંજણા ચૌધરી કુટુંબમાં થયો હતો. તેઓ તેમના ચાર ભાઈ-બહેનોમાં સૌથી યુવાન હતા. તેમના પિતા ખેડૂત હતા અને તેમના ગામમાં રામાયણ, ઓખાહરણ અને અન્ય ધાર્મિક વાર્તાઓનું પઠન કરતા હતા. આથી જ તેમને સમૃદ્ધ વારસો મળ્યો હતો. તેમના પિતા નાનપણમાં જ મૃત્યુ પામ્યા હતા. આથી માતા હીરાબાઈએ અનેક અડચણો અને અગવડતાઓ વચ્ચે તેમનો ઉછેર કર્યો હતો. તેઓ ઇડરની 'સર પ્રતાપ હાઈસ્કૂલ'માં માત્ર ચોથા ધોરણ સુધી અભ્યાસ કરી શક્યા હતા. આ શાળાજીવન દરમિયાન તેઓ કવિ શ્રી ઉમાશંકર જોષી ના મિત્ર બન્યા હતા.

માત્ર ચાર ચોપડી ભણેલા આ સાહિત્યકાર ઇડરના ડુંગરોમાં રહીને ગુજરાતની પ્રજાને તળપદી ભાષા દ્વારા ઉત્તમ સાહિત્યનું પ્રદાન કર્યું છે. નવલકથા, નવલિકા, નાટક, ચિંતન, બાળસાહિત્ય વિગેરેમાં પોતાની રચનાઓ દ્વારા ગુજરાતી સાહિત્યને બુલંદ કર્યું છે. તેમને ૧૯૮૫માં ભારતીય સાહિત્યનો પ્રતિષ્ઠિત 'જ્ઞાનપીઠ પુરસ્કાર' પણ એનાયત થયો છે. તેમની 'કંકુ' વાર્તા પર આધારિત ફિલ્મને શ્રેષ્ઠ પ્રાદેશિક ફિલ્મ તરીકેનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. જે આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં પણ ચારે બાજુથી પ્રશંસાને પાત્ર બની હતી. ગુજરાત સરકારે તેમને ૧૯૫૦માં ગુજરાતી સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર 'રણજિતરામ સુવર્ણચંદ્રક' આપ્યો હતો. પન્નાલાલ પટેલે ૬૧ જેટલી નવલકથા અને ૨૬ જેટલી ટૂંકી વાર્તાઓ લખી છે. તેમની નવલકથાઓમાં સંસ્કૃતિનો ધબકાર જોવા મળે છે.

## ૪. કવિશ્રી ઉમાશંકર જોષી



**જન્મ: ૨૧/૭/૧૯૧૧**

**મૃત્યુ: ૧૯/૧૨/૧૯૮૮**

'વાસુકી' ઉપનામ ધરાવતા ઉમાશંકર જોષી  વિશ્વકવિ છે. ઉમાશંકર જોષી ના પિતાશ્રી શામળાજી પાસેના ડુંગરમાં આવેલ લુસડીયા ગામના વતની હતા. તેમના પિતાશ્રીએ છપ્પનિયા દુકાળમાં લૂંટાયા પછી બામણામાં આવીને વસવાટ કર્યો હતો. બામણા ગામમાં જ ઉમાશંકર જોષી નો જન્મ થયેલો. ઈડર છાત્રાલયમાં રહી મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. ત્યારબાદ ઉચ્ચ અભ્યાસ અમદાવાદ કર્યો. 'નખી સરોવર ઉપર શરદપૂર્ણિમા' આ એમનું પ્રથમ કાવ્ય છે. એમણે કવિતા, નાટક, નવલિકા, નિબંધ, વિવેચન, નવલકથા, સંપાદન - સંશોધન ક્ષેત્રે અનન્ય કાર્ય કર્યા છે. ભારતીય સાહિત્યનો પ્રતિષ્ઠિત એવોર્ડ 'જ્ઞાનપીઠ એવોર્ડ' મેળવનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર છે. આ એવોર્ડ તેમના 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે ૧૯૬૭માં મળેલ છે. તેઓએ ગુજરાત વિદ્યાપીઠના વાતાવરણને કારણે આઝાદીની લડતમાં પણ ઝંપલાવ્યું હતું. ઇ.સ. ૧૯૩૬માં અર્થશાસ્ત્ર સાથે બી.એ અને ઇ.સ.૧૯૩૮માં ગુજરાતી મુખ્ય વિષય સાથે એમ.એ થયા. સંસ્કૃતના ઊંડા અભ્યાસી હતા. પુરાણોનું ઊંડું અધ્યયન અને રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્યના અભ્યાસી હતા. ભો. જે. વિદ્યાલયમાં અધ્યાપક થયા. સ્વૈચ્છિક રાજીનામું આપી 'સંસ્કૃતિ' માસિક શરૂ કર્યું. તેમણે દેશ વિદેશનો પ્રવાસ પણ કર્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે સેવાઓ આપી હતી. તેઓ રાજ્યસભાના નિયુક્ત સભ્ય પણ હતા. (૧૯૭૦-૭૬). તેઓ વિશ્વભારતી કલકત્તામાં વર્ષ ૧૯૭૯-૮૧ દરમ્યાન કુલપતિ પદે રહ્યા હતા. તેઓના સાહિત્યમાં ગાંધીવાદનો અહેસાસ થાય છે. તેઓ ગાંધીયુગના અગ્રણી સર્જક-વિવેચક છે. તેમની ગાંધી વિચારોથી પ્રભાવિત કવિતા વિશ્વપ્રેમ સુધી વિસ્તરી છે. તેમનો દેહ વિલય ૧૯ ડિસેમ્બર ૧૯૮૮ માં થયો હતો.

## ૫. કર્મવીર, ધર્મવીર, દાનવીર અને શિક્ષણવિદ પૂ. પ્રેમુભાઈ ઠાકર (સાબરકાંઠાના ભામાશા)



સાબરકાંઠાના ઇડર પંથકમાં આવેલા ગોધમજી ઉર્ફે ગાંઠીયોલ ગામના વતની લોકસંત પરમ પૂજ્ય જેશીંગ બાવજીની એકમાત્ર હાકલથી પોતાનો કરોડો રૂપિયાનો કારોબાર પડતો મૂકી સમાજસેવા અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું. બાવજીના આશીર્વાદ અને પ્રેરણાથી તેમણે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આદિવાસી વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય અને સમાજસેવામાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું.

શામળાજી જેવા આદિવાસી વિસ્તારમાં નૃસીંહભાઈ ભાવસાર (મોટાભાઇ) આદિવાસીઓની તન-મન-ધનથી સેવા કરી રહ્યા હતા. પ્રેમજીભાઈએ તેમનાથી પ્રભાવિત થઈ તેમના સાનિધ્યમાં સેવાયજ્ઞ શરૂ કર્યો. તેમણે આદિવાસી વિસ્તારમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓને બેઠી

કરી. આદિવાસી કન્યાઓ અભ્યાસ કરી શકે તે માટે છાત્રાલય બંધાવી આપ્યાં. સાબરકાંઠા જિલ્લાની ૮૮ સ્કૂલોમાં સ્કૂલ દીઠ રૂપિયા ૧૫૦૦૦/- આપીને 'આનંદીબેન પ્રેમજીભાઈ ઠાકર' પારિતોષિક યોજના શરૂ કરાવી. જે આજે પણ કાર્યરત છે. ઈ.સ.૧૯૮૫માં ગાંઠીયોલ ગામમાં શ્રીમદ જેશીંગબાપાની કૃપાથી 'જેશીંગબાપા હોસ્પિટલ' શરૂ કરી. જેમાં તેઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. સરકારી ગ્રાન્ટ વિના રૂપિયા પાંચ કરોડના માતબર દાન સાથે સાબરકાંઠા જિલ્લામાં આ હોસ્પિટલ તબીબીક્ષેત્રે સુંદર સેવાનું કાર્ય કરી રહી છે. અહીં હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ માટે 'મેડીકલ રિલિફ ફંડ યોજના' હેઠળ રાહત દરે દવાઓ આપવામાં આવે છે. તેમણે પર્યાવરણ ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપી અનેક વૃક્ષોના ઉછેર માટે આર્થિક યોગદાન પણ આપ્યું છે. સને ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે હિંમતનગર મુકામે પ્રશસ્તિપત્ર અને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. તેમણે 'સાબરકાંઠાના ભામાશા' તરીકે નામના મેળવી છે. તેમનાં આ ભગીરથ કાર્યોમાં તેમના ધર્મપત્ની આનંદીબેનનો હર હંમેશ સહયોગ રહ્યો છે. ૨૫ ઓક્ટોબર ૨૦૧૮માં પૂજ્ય પ્રેમજીકાકાએ ચિરવિદાય લીધી. આ વિશ્વ માનવે, પરિવાર, ધર્મ, નીતિ, સંપ્રદાય, પ્રદેશ અને દેશના સીમાડા વટાવી વિશ્વમાં માનવતાનો સંદેશ ફેલાવ્યો છે.

## ૬. આદિવાસી કલ્યાણ માટે આજીવન ભેખધારી પરભવના પિતરાઈ - શ્રી નૃસીંહભાઈ ભાવસાર



શ્રી નૃસીંહભાઈ ભાવસારનો જન્મ ૧ જાન્યુઆરી ૧૯૧૬ના રોજ વડાલીમાં થયો હતો. શરૂઆતમાં તેઓ ઈડર સ્ટેટની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા હતા. શિક્ષકની નોકરી દરમિયાન દેશમાં ચાલતી સ્વરાજ્યની લડત અને ગાંધીજીના વિચારોથી રંગાયા હતા. આઝાદી પહેલાં ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના એકદમ ડુંગરાળ અને ગીચ જંગલવાળા વિસ્તારમાં વસતા આદિવાસીઓની દશા બહુ જ ખરાબ હતી. એ પ્રજા અનેક દૂષણો, વ્યસનો, વહેમો, આદિમ કક્ષાની અંધશ્રદ્ધાઓ, રુઢીઓ, કુરિવાજો અને સાવ નિમ્ન કક્ષાનું જીવન જીવી રહી હતી. શાળાનું શિક્ષણ બાળકોને રાજ્યવ્યવસ્થા તરફથી મળતું ન હતું. આવા સંજોગોમાં ઉજળિયાત યુવાન રાજ્યની પ્રાથમિક શાળાની શિક્ષક તરીકેની નોકરી છોડી પોતે જેમને પરભવના પિતરાઈ માનતા હતા એવા આદિવાસી બાળકોને શિક્ષણ આપવા અને સમગ્ર વનવાસી પ્રજાને સંસ્કારવાનું એક અદકેરું કામ ઉપાડે છે ! તે યુવાન એટલે નૃસીંહભાઈ ભાવસાર. ટીંટોઈ પ્રાથમિક શાળામાં નોકરી કરતા હતા, ત્યારે શાળા છૂટયા પછી નરસિંહભાઈ શામળાજીમાંથી પસાર થતી મેશ્વો નદીના કિનારે ફરવા નીકળી પડતા અને આ વિસ્તારના આદિવાસીઓની પશુથી પણ બદતર હાલત જોઈ ગદગદિત થતા. તેમણે શામળાજીમાં પ્રાથમિક શાળા શરૂ કરી, અને આદિવાસી બાળકોને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. ઇડર રાજ્યના પોલીસ અધિકારીઓએ શામળાજીની આ શાળા બંધ કરવા તેમના ઉપર જોર જુલમ કર્યો. તેમણે ગાંધીજીના અહિંસાના શસ્ત્રથી પ્રતિકાર કર્યો. તેમણે પોતાનું ઘર-બાર, પરિવાર, સંસાર ત્યજી દઈ આજીવન કુંવારા રહી આદિવાસીઓની વચ્ચે રહી તેમના સર્વાંગી કલ્યાણ માટે જિંદગીભર કામ કર્યું. તેઓ વાંચનના ખૂબ શોખીન હતા. શાળામાં લાયબ્રેરી શરૂ કરી હતી. તેઓ આઝાદીની ચળવળના સમાચાર લોકોને સંભળાવે અને તે કાર્યમાં સક્રિય યોગદાન આપે. આથી ઈડર સ્ટેટના શિક્ષણ વિભાગે તેમની બદલીઓ કરવા માંડી. એમની બદલી વીરપુર અને ફરી ત્યાંથી ખેડબ્રહ્મા કરી. તેમણે 'રામલીલા' નામની નાટક મંડળી સ્થાપી અને તેના દ્વારા લોકોમાં શિક્ષણની જરૂરિયાત અંગે ભાષણો કરવા લાગ્યા. પછી ફરી તેમની બદલી સાબલવાડ કરી. આ બધા ગામો ઇડર સ્ટેટનાં હતાં. તેમણે પત્રિકા બહાર પાડી સ્વરાજ જાગૃતિ અંગે ચળવળ ચલાવી. આથી રાજ્ય વિરોધની પ્રવૃત્તિ કરવા બદલ તેમને બે માસની સજા ફટકારી. તેમણે જેલવાસ દરમિયાન આઝાદીની લડત માટેના ક્રાંતિકારીઓ વિશે જાણકારી મળી અને તેથી તેમની હિંમત વધી. ઇડર સ્ટેટે તેમની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખી લોકોને સહકાર ન આપવા દબાણ કરવા લાગ્યા. તેમણે શામળાજીમાં આઝાદી પૂર્વે ૨૬ જૂન ૧૯૪૭ના રોજ શામળાજીના આદિવાસીઓ માટે 'સેવા સમિતિની' રચના કરી. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સંસ્થામાં કાર્યરત રહ્યા. આ સમાજે તેમને 'મોટાભાઈ'ના હુલામણા નામથી નવાજ્યા છે. આજે પણ નૃસીંહભાઈ દ્વારા શરૂ થયેલ આદિવાસી સેવા સમિતિ શામળાજી દ્વારા સંચાલિત ભિલોડા, વિજયનગર અને મેઘરજ તાલુકામાં

અનેક સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓમાંથી ગુજરાતને સરકારી, અર્ધસરકારી અનેક ઉત્તમ કાર્યકર્તાઓ મળ્યા છે. કેટલાક તો ગુજરાતના શિક્ષણ, સર્વોદય અને રાજકારણમાં અગ્રેસર છે. તેમાંથી કેટલાક સેવાભાવીઓ સંસ્થાઓ સ્થાપી ગુજરાતને માર્ગદર્શન આપે છે. તારીખ ૯ નવેમ્બર ૧૯૯૪ના રોજ તેમનો સ્વર્ગવાસ તેમણે સ્થાપેલી સંસ્થામાં જ થયો હતો. તેમના મૃતદેહને સંસ્થાના ચોગાનમાં દફન કરી સમાધિ બનાવવામાં આવી છે. તેમણે લગભગ ૪૦ જેટલી શાળાઓની સ્થાપના આ વિસ્તારમાં કરી છે.

## ૭. શ્રી ગોવિંદભાઈ રાવલ (ગોરા)



કેળવણીકાર ગોવિંદભાઈ રાવલનો જન્મ ૨૧ ઓક્ટોબર ૧૯૩૧ને દશેરાના રોજ હડિયોલ (સાબરકાંઠા) મુકામે નાગર પરિવારમાં થયો હતો. બાળપણમાં જ માતા ગુજરી જતાં કથાકાર પિતા જેઠાલાલ રાવલે તેમનો ઉછેર કર્યો હતો. પિતા માણભટ્ટ હતા. ગામડે ગામડે મહાભારતની કથા કરતા હતા. આથી બાળપણમાં તેમની સાથે રહી મહાભારત અને રામાયણનું આકંઠ પાન કર્યું. પિતા સાથે ગામેગામ ભમતાં-ભમતાં પ્રાથમિક શિક્ષણ લીધું. માધ્યમિક શિક્ષણ હિંમત હાઈસ્કૂલ, હિંમતનગરમાંથી લીધું. મૂળ રસ સાહિત્યનો. વાંચવાની ભારે ભૂખ, વાંચતાં વાંચતાં ગાંધીસાહિત્ય હાથ ચડ્યું. એમાંથી સેવાભાવ જાગ્યો. આથી કૉલેજમાં ન જતાં ગૂજરાત વિદ્યાપીઠમાં ભણી સ્નાતક થયા. જીવનસંગીની સુમતીબેન પણ સ્નાતક. બન્નેએ મળી વિચાર્યું કે ગામડામાં બેસી શિક્ષણ મારફતે સમાજ સેવા કરવી. સને ૧૯૫૯માં પોતાના વતન હડીયોલમાં મહાદેવની ધર્મશાળામાં શાળાની શરૂઆત કરી હતી. આ સંસ્થા આગળ જતાં 'વિશ્વમંગલમ' તરીકે ઓળખાઈ. આ સંસ્થાના બે શિક્ષણ સંકુલ છે. (૧)અનેરા અને (૨)વૃંદાવન. આ સંસ્થાઓ દ્વારા શિક્ષણ સર્વોદય અને સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ હાલ ચાલે છે. જેમાં એક હજારથી વધુ કન્યા - કુમાર ભણે છે. તે સમયે આ પ્રદેશમાં કન્યાશિક્ષણ શૂન્ય હતું. આજે કુમાર કરતાં કન્યા વધુ ભણે છે. આ સંસ્થાની પી.ટી.સી. કૉલેજમાંથી શિક્ષિકા તરીકે પાંચ હજારથી વધુ બહેનો સાબરકાંઠાના ગામે ગામ પહોંચી પ્રાથમિક શિક્ષણ આપવાનું કામ કરી રહી છે. વિનય મંદિરના આચાર્ય તરીકે ૩૦ વર્ષ સુધી સેવા આપી એમણે સેંકડો વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કર્યું છે. સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે પ્રાથમિક શિક્ષણના વ્યાપને વિસ્તારવા અને ગુણવત્તા વધારવામાં તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. 'ગુજરાત કેળવણી પરિષદની' સ્થાપના કરવામાં તેમણે આગેવાની લીધેલી. ગુજરાતમાં 'બુનિયાદી શિક્ષણ'ના કામને ખીલવવામાં તેઓ અગ્રેસર રહ્યા છે. માતૃસંસ્થા 'ગૂજરાત વિદ્યાપીઠ'ના કુલનાયક (વાઈસ ચાન્સેલર) તરીકેની કામગીરી બજાવી ચૂક્યા છે. હાલમાં તેઓ વિનોબાજી સ્થાપિત 'આચાર્ય કુલ ગુજરાત'ના અધ્યક્ષ અને વિશ્વમંગલમ - અનેરાના સંચાલક છે. તેમને દર્શક, આનર્ત અને અંજારિયા એવોર્ડ મળેલ છે. ગોવિંદભાઈ સ્વભાવે શાંત, વૃત્તિથી ચિંતક, સારા વક્તા અને અચ્છા લેખક છે. તેમનો આંતરિક રસ અધ્યાત્મનો છે. ગુજરાતમાં સૌ કોઈ તેમને 'ગોરા'ના હુલામણા નામથી સંબોધે છે. તેમનું શિક્ષણ કાર્ય કેવળ પોતાની સંસ્થા વિશ્વમંગલમ્ સુધી મર્યાદિત ન રહેતાં સમસ્ત લોકજગત એ જ એમનું શૈક્ષણિક સત્ર. એમના જીવનસંગીની શ્રીમતી સુમતિબહેનના સાથ સહયોગ વિના વિશ્વમંગલમનું માંગલ્ય નિર્માણ ન થયું હોત, ન તો ગોવિંદભાઈ 'ગોરા' બની શક્યા હોત. ટૂંકમાં, કહેવું હોય તો 'ગોરા' સુમતિનું 'સુ-ગોરા' યુગલ ગુજરાત માટે એમની પેઢીનું એક નયોભિરામ પ્રેરણાદાયક આદર્શ જોડું છે. ગોરાના લખાણોમાં તેમની જીવનશૈલી પ્રગટ થાય છે. તેમાં સહજતા, નરમાઇ અને ચોક્કસ દિશા તરફ લઈ જતો અસ્ખલિત પ્રવાહ છે. તેમની ભીતર પડેલી સંભાવનાઓનું નિરંતર તેઓ પરિપોષણ, પરિપાર્જન કરતા રહે છે. તેમની પાસેથી સાર્વભૌમત્વ સાહિત્ય મળતું રહ્યું છે. તેમણે ૨૦થી વધારે પુસ્તકોનું સાહિત્ય સર્જન કર્યું છે.

## ૮. સુમતિબહેન રાવલ (સુગોરા)



સમાજને ૬૦૦૦ શિક્ષિકાઓની ભેટ ધરનાર સુમતિબેન રાવલ.

ગાંધી વિચારસરણીને વરેલાં મહિલા સુમતિબેનને પહેલી નજરે જોઈને કોઈને પણ ન લાગે કે આ મહિલાએ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિક્ષણ અને કેળવણીની મજબૂત કેડી કંડારી હશે! આજે તેઓની શિક્ષણ સાધનાના પ્રતાપે ૬ હજારથી વધુ મહિલાઓ શિક્ષિકાની નોકરી કરી ગર્વભેર અને સ્વમાનભેર જીવન જીવી રહી છે. હિંમતનગરથી પાંચ કિલોમીટરના અંતરે આવેલા હડિયોલ, ગઢોડા, આકોદરા અને પુરાલ ગામ "શિક્ષકોની ખાણ" તરીકે ગુજરાતમાં ખ્યાતિ પામ્યાં છે. જે સમયે કન્યા કેળવણીનું મહત્વ જ નહોતું. એ વખતે સુમતિબેને ઘરે ઘરે ફરીને દીકરીઓને ભણાવવા માટેની હિમાયત કરેલી. ૧૯૫૯થી સુમતિબેન રાવલ અને ગોવિંદભાઈ રાવલે આ વિસ્તારમાં 'વિશ્વમંગલમ્ સંસ્થા' રૂપે શિક્ષણનો પાયો નાંખ્યો અને દીકરાઓના શિક્ષણની સાથે સાથે દીકરીઓને પણ શિક્ષણ અપાય તે માટેના પ્રયાસો શરુ કર્યા. આ પ્રદેશના ગામોમાં ભાગ્યે જ એવું ઘર કે હરિજન ખોરડું હશે કે એની દીકરી એસ. એસ. સી સુધી ન ભણી હોય. સુમતિબેન રાવલ સ્ત્રી અધ્યાપન મંદિરના ૩૦ વર્ષો સુધી આચાર્ય રહ્યાં. અધ્યાપન મંદિરે આ પંથકને નવો વિચાર આપ્યો. લોકોએ જોયું કે દૂરથી આવેલી દીકરીઓ અનેરામાં પી. ટી. સી. થઇ તરત પ્રાથમિક શિક્ષિકા નોકરી મેળવી સુખનો રોટલો રળતી થઇ ગઈ અને પગભર બની ગઈ. આનાથી અભિપ્રેરિત થઈ આ વિસ્તારની કન્યાઓ એસ. એસ. સી. કરી પી. ટી. સી. થઈ પ્રાથમિક શિક્ષિકા બનવા લાગી. આજુબાજુના ૧૧ ગામોની એક પણ કન્યા એસ. એસ. સી. થયા વગરની નથી. આ પ્રદેશમાંથી ૧૦૦૦ શિક્ષિકાઓ અનેરાની છે. સુમતિબેન રાવલના હાથ અને હૂંફ નીચે ઘડાઈને ૬૦૦૦ શિક્ષિકાઓ ભાવિ પેઢીને ઘડે છે. આજે હડિયોલમાં ૮૦૦ ઉપરાંત શિક્ષકો છે. ગઢોડામાં ૬૦૦ ઉપરાંત શિક્ષકો છે. ક્યાંક તો એક ઘરમાં સાત સાત શિક્ષકો છે. ગુજરાતનો એવો કોઈ તાલુકો નહીં હોય કે જ્યાં આ ત્રણ ગામના શિક્ષકો નોકરી કરતા ન હોય. આટલા બધા શિક્ષકો તૈયાર કરવાનું શ્રેય ગાંધીવાદી સંસ્થા વિશ્વમંગલમ અનેરાને જાય છે.

વર્ષો પહેલાં શૈક્ષણિક ક્ષેત્રે પછાત ગણાતા આ વિસ્તારમાં કેળવણીના બીજ રોપનાર સુમતિબેન ભરૂચ જિલ્લાના આમોદ ગામના જૈન વાણીયા ભોગીલાલ જેઠાલાલ શાહ અને જશકોરબહેનના પુત્રી. તેમના કુટુંબ પર ગાંધીજીની ઊંડી અસર. ઘરમાં જૈન સંપ્રદાયની અસર પણ ગાંધીજીના સ્વરાજ્ય આંદોલનની હવાના કારણે તેમના પિતા શ્રી ભોગીલાલ પૂર્ણપણે ખાદીધારી. જાતે કાંતે, વણે અને તેની ખાદી પહેરે. નડિયાદની વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં આઠ વર્ષ ભણ્યાં અને બે વર્ષ શિક્ષિકા થઈ ભણાવ્યું. તેઓ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક છે. ગોવિંદભાઈ રાવલ સાથે આંતરજ્ઞાતીય લગ્ન કર્યા બાદ શરૂઆતમાં સાબરકાંઠાના જિલ્લાના આદિવાસી ક્ષેત્ર શામળાજીમાં ત્રણ વર્ષ શિક્ષણનું કામ કર્યું. અને પછી હડિયોલ મુકામે આવી મહાદેવની ધર્મશાળામાં શાળાની શરૂઆત કરી.

તેમને અનેરા 'પ્રેમના વૃંદાવન'માં વિશ્વમંગલમની શુભભાવનાએ અનેક સન્માન બક્ષ્યાં છે. દર્શક એવોર્ડ, મહાદેવ દેસાઇ એવોર્ડ, અંજારિયા એવોર્ડ અને સૌથી મોટો એવોર્ડ પોતાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિ ક્ષણ મળતો સંતોષ અને અંતરના આશીર્વાદનો એવોર્ડ......

## ૯. ડૉ. ભગવાનદાસ પટેલ (અરવલ્લી-સાબરકાંઠાના 'આધુનિક મેઘાણી')



આદિવાસી લોકસાહિત્ય, લોકબોલી અને સંસ્કૃતિના અભ્યાસસંશોધન માટે ભારત અને વિશ્વમાં જેઓનું નામ ખૂબ આદર સાથે લેવાય છે, એવા 'ડૉ. ભગવાનદાસ પટેલ'ના નામથી સાબરકાંઠા અને અરવલ્લીના ખૂબ ઓછા લોકો વાકેફ હશે.

ડૉ. ભગવાનદાસ પટેલે આદિવાસી લોકસંસ્કૃતિના અભ્યાસ સંશોધન માટે પોતાનું સમસ્ત જીવન સમર્પિત કરી દીધું

છે. અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા અને દક્ષિણ રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં વસતાં ડુંગરી ભીલ આદિવાસીઓની લોકવિદ્યાને સંપાદન, સંશોધન, અનુવાદ, આસ્વાદન અને સમીક્ષા દ્વારા ઉજાગર કરનાર ડૉ. ભગવાનદાસ પટેલ આભિજાત વર્ગ અને વ્યાપક આદિલોક વચ્ચેનો સેતુ બની રહ્યા છે. તેમણે જીવનના ચાર દાયકા આદિલોકની આરાધના કરી છે. તેઓ પોતાની જાતને 'આદિલોકની ટપાલ લઈ આવતા ટપાલી' તરીકે ઓળખાવે છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાનું જામળા તેમનું વતન ગામ. ખેડૂતપુત્ર ભગવાનદાસ શિક્ષણશાસ્ત્રમાં સ્નાતકત્વ પ્રાપ્ત કરીને ૧૯૭૦થી ખેડબ્રહ્માની કે. ટી. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા અને છેક નિવૃત્તિ સુધી 'કર્તવ્યનિષ્ઠ શિક્ષક' તરીકે ફરજ બજાવી. ખેડબ્રહ્મા ખાતે અધ્યાપન કાર્ય દરમિયાન તેઓ અરવલ્લીની ગિરિમાળાની તળેટીમાં અને ત્યાંના વનોમાં વસતા આદીલોકોના સંપર્કમાં આવ્યા. ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગ-ઐતિહાસિક સંસ્કૃતિઓ વિશે સંશોધન કરીને તેઓ પી.એચ.ડી. થયા. આદિવાસીઓના ડુંગરે ડુંગરે, છાપરે છાપરે ફરી અદભુત સાહિત્યનું સંપાદન કર્યું છે. તેમણે આદિવાસી લોકમુખે ગવાતાં અલભ્ય એક હજાર ઉપરાંત લોકગીતોનું સંપાદન કર્યું છે. આદિવાસી લોક સંસ્કૃતિના અભ્યાસ અને સંશોધનને લગતાં ૫૦ ઉપરાંત પુસ્તકોનું લેખન સંપાદન કર્યું છે. તેમણે આદિવાસી પરંપરા કંઠસ્થ સાહિત્યને કેસેટ્સ અને શબ્દસ્થ કર્યું છે. આદિવાસી પાસે મૌખિક પરંપરાના ચાર અદભુત મહાકાવ્યો છે અને ૨૧ આખ્યાનો છે. અત્યાર સુધીમાં તેમણે પંદરસોથી વધુ ઓડિયો કેસેટ અને ૧૫ વિડિયો કેસેટમાં આદિવાસી લોકોના કંઠસ્થ સાહિત્યનું દસ્તાવેજીકરણ કર્યું છે. તેઓએ આદિવાસી સાહિત્ય સંગ્રહ સાથે તેમની ભવ્ય પરંપરાઓના જતન માટે ભગીરથ કાર્ય કર્યું છે. સાથે સાથે તેમની નુકસાનકારક સંખ્યાબંધ રૂઢિઓ અને રીત-રિવાજોને બદલવામાં પણ તેઓ સફળ રહ્યા છે. ખાસ તો 'ડાકણપ્રથા'ને નાથવાનું ખૂબ મોટું કાર્ય તેમણે કર્યું છે. આ કાર્યમાં શિકાગો (અમેરિકા) સ્થિત આર્થર ફાઉન્ડેશનનો તેમને સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે. 'દર્પણ એકેડમી' અમદાવાદના સહયોગથી સાત વર્ષ સુધી ૧૩૭ ગામોમાં સ્ત્રી મહિમાનાં નાટકો કર્યા છે. તેના પરિણામે છેલ્લાં ૧૫ વર્ષથી 'ડાકણપ્રથા'ની એક પણ ઘટના આ વિસ્તારમાં બની નથી. ગુજરાત સાહિત્ય અકાદમીના તે સમયના અધ્યક્ષ ભોળાભાઈ પટેલ કહે છે કે, "તેમણે ભીલોનું જે મહાકાવ્ય આપ્યું છે તે અદભૂત છે. હોમર અને કાલીદાસને પણ અદેખાઈ આવે તેવી ઉપમા આ ભીલ મહાકાવ્યમાં છે." આદિવાસીઓનાં મહાભારત, રામાયણ અને બીજાં મહાકાવ્યોને તેમણે પુસ્તકોમાં મૂકતાં તેમનું કાર્ય ખૂબ વખણાયું છે.

ઈઝરાઈલ, ફ્રાન્સ, સ્પેન, બેલ્જિયમ, ઈંગ્લેન્ડ જેવા યુરોપના દેશોમાં 'વિશ્વ લોકનૃત્ય મહોત્સવ' અને પરિસંવાદોમાં સહભાગી થઈ. આદિવાસી સાહિત્ય સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર પણ તેમણે કર્યો છે.

તેમને ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય પરિષદ, કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ પુરસ્કારોથી નવાજ્યા છે. કેન્દ્ર સાહિત્ય અકાદમી દિલ્હીનું ભાષા – સન્માન, પાણીપતનું રામવૃત બેનીપુરી જન્મ શતાબ્દી સન્માન, ફ્રેન્ડશીપ ફોર્મ ઓફ ઇન્ડિયા દિલ્હીનો ભારત એક્સેલેન્સ એવોર્ડ જેવાં અનેક પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થયાં છે. જાણીતા કવિ મકરંદ દવે અને નિરંજન રાજગુરુએ તેમનાં સંશોધન કાર્યોને બિરદાવ્યાં છે.

### ૧૦. ડૉ. મોતીભાઈ પટેલ (શિક્ષણ અને સાહિત્ય જગતનું 'પાણીદાર મોતી')



ગુજરાતના શિક્ષણ જગત અને સાહિત્ય જગતમાં ખૂબ આદર અને ગૌરવ સાથે લેવાતું આ નામ છે. આઝાદી પહેલાં દસ વર્ષ અગાઉ ઇડર સ્ટેટના અંતરિયાળ એવા મેઘરજ તાલુકાના નાનકડા ઈસરી ગામમાં તેમનો જન્મ થયો હતો. મોતીભાઈ પટેલ સાચા અર્થમાં ગુજરાત શિક્ષણ અને સાહિત્ય જગતમાં એક અણમોલ મોતી છે. જાણીતા ચિંતક શ્રી ગુણવંત શાહ કહે છે, "મોતીભાઈ પાસે શિક્ષણની સુગંધ ધરાવતી અત્તરદાની છે." તેઓ

ગુજરાતના પ્રથમ હરોળના શિક્ષણશાસ્ત્રી તરીકે પોંખાયા છે. તેમના હાથ નીચે ઘણા સર્જકો, ઉત્તમ આચાર્યો અને ઉત્તમ શિક્ષકો બન્યા છે. તેઓએ ગુજરાત યુનિવર્સિટી અને ગૂજરાત વિદ્યાપીઠમાં મહત્વના હોદ્દા પર રહી એના વિકાસમાં મહત્વનું અનન્ય યોગદાન આપ્યું છે.

ઘરની આર્થિક સ્થિતિ ઘણી નબળી. ગામની સરકારી પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું. શરૂઆતમાં ખેતી, વેપારમાં જોડાયા પણ ફાવટ ન આવી. મામાની એક ટકોરે દસ રૂપિયા ખિસ્સામાં લઈ ૧૪ વર્ષની ઉંમરે ઘર છોડ્યું. શામળાજીથી હિંમતનગર આવ્યા. હિંમતનગરની હિંમત હાઈસ્કૂલમાં સૂઈ રહ્યા. દુકાને કામમાં લાગ્યા. ત્યાં ન ફાવ્યું. ત્યાંથી કડિયાદરા કાકાને ત્યાં ગયા. પ્રાથમિક શાળાના આચાર્ય એવા કાકાએ, પાસેના કંટાળું ગામે શિક્ષકની અવેજીમાં ત્રણ મહિના માટે મોતીભાઈને શિક્ષક તરીકે ગોઠવી દીધા. શામળાજીની આદિવાસી સેવા સમિતિના સંચાલક નૃસિંહભાઈ ભાવસારે તેમનું હીર પારખી શિક્ષણના કાર્યમાં પરોવી દીધા. શામળાજી આશ્રમશાળામાં આદિવાસી બાળકોને ખંતથી ભણાવવા લાગ્યા. શાળાના ઈન્સ્પેકશન વખતે નિરીક્ષક તેમના કામથી રાજી થતાં રાજસ્થાનની સરહદે વાઘપુર બદલ્યા. કાયમી શિક્ષક થવા નવશિક્ષક તાલીમ કેન્દ્ર, બોચાસણ ગયા. ત્યાં વિરલ શિક્ષકો શ્રી શીવાભાઈ ગોર અને રવિશંકર મહારાજ મળ્યા. સ્વરાજ્ય આશ્રમ વેડછીમાં પી.ટી.સી. કરી. ત્યાં જુગતરામ દવે અને ચીમનભાઈ ભટ્ટે જીવનમાં નવો વળાંક આપ્યો. પી.ટી.સી.માં બધા અધ્યાપન મંદિરોમાં સર્વ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. નોકરી છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતક થવા ગયા અને ૧૯૬૨માં પ્રથમ નંબરે પ્રથમ વર્ગમાં પાસ થયા. રાજપીપળામાં જી.બી.ટી.સી. કર્યું અને અમદાવાદની સી.એન.વિદ્યાલયમાં પી.ટી.સી. કૉલેજમાં અને પછી જી.બી.ટી.સી.માં અધ્યાપક બન્યા. ભણાવતાં ભણાવતાં એમ.એ. કર્યું. ૧૯૬૭થી ૧૯૭૦ સુધીમાં મોતીભાઈએ પોતાના વતનની ધરતી નજીક 'આદર્શ વનવાસી વિદ્યાવિહાર, ડોડીસરા'ની સ્થાપના કરી. ત્યારબાદ દ્વારકાની વિદ્યાપીઠ કૉલેજની શિક્ષણ વિદ્યાશાખા સંભાળવા આવી પહોંચ્યા. દ્વારકામાં 'તીન બત્તી' ચોકમાં બુધવારે ધોધમાર પ્રવૃત્તિઓ ચાલુ કરી દીધી. પરિસંવાદ, કાર્યશિબિરો, ગોષ્ઠીઓ, પ્રવચનો, સંગીતની બેઠકો કરી. અહીં તેઓ ૧૫ વર્ષ રહ્યા. જામનગર જિલ્લાની શિક્ષણ સમિતિના સભ્ય તરીકે આખા જિલ્લામાં પુસ્તકાલય સમૃદ્ધ બનાવ્યાં. 'પારેવડુ' ત્રિમાસિક શરૂ કર્યું. જે આજે 'શમણું' નામથી ગુજરાતમાં છવાયેલું છે. જીવનના અંતિમ પડાવમાં સુરેન્દ્રનગરની મૈત્રી વિદ્યાપીઠ બી.એડ કૉલેજના પ્રથમ આચાર્ય બન્યા. તેમની અંદર બેઠેલો આચાર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યો. ગુજરાતની એક આદર્શ બેનમૂન કૉલેજ બનાવી, તેમનું સ્વપ્ન સાકાર કર્યું. તેમના લેખો 'સંદેશ' દૈનિક સમાચારમાં 'સમકાલીન શિક્ષણ જગતની દશા અને દિશા'માં વર્ષો સુધી લખાયાં. ગુજરાતના શિક્ષણ અને સાહિત્ય જગતને તેમણે અનેક પુસ્તકો ભેટ ધર્યા છે. તેમને આજીવન 'શિક્ષણના ભેખધારી' રૂપે 'શ્રી નટુભાઈ ઠક્કર એવોર્ડ' પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત થાઈલેન્ડ, હોંગકોંગ, સિંગાપુર પ્રવાસ રૂપે અને વિશ્વશાંતિ પરિષદ નિમિત્તે સભ્ય તરીકે જાપાનની યાત્રા પણ ખેડી છે. છેલ્લાં ૨૦ વર્ષથી નિવૃત્તિના સમયગાળામાં ગુજરાતની શિક્ષણ સંસ્થાઓમાં જઈ શિક્ષણના વિચારો વહેંચવાનું કામ કરે છે.

### <u>૧૧. શ્રી ભોગીલાલ ગાંધી (સાહિત્યકાર)</u>



મોડાસા આમ તો ગુજરાતના ખૂણામાં છે. પણ ગુજરાતના જાહેર જીવન અને સાહિત્યિક પ્રવૃત્તિમાં આ નગરનું નોંધપાત્ર યોગદાન છે. 'તું તારા દિલનો દીવો થા ને, ઓરે ઓ ભાયા' જેવી અમર કાવ્ય કૃતિના સર્જક, ભોગીલાલ ગાંધી રૂપે અરવલ્લીએ આપેલ સાહિત્યજગતની અણમોલ ભેટ છે. ગુજરાતના મહાન વિચારક અને સક્રિય રાજપુરુષ તરીકે તેઓ ગુજરાતમાં જાણીતા છે. તેઓ મોડાસા, અમદાવાદ, ભરૂચ અને મુંબઈમાં ભણ્યા. ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક, ગાંધી પ્રભાવમાં 'સ્વાતંત્રતા સૈનિક' અને 'રચનાત્મક કાર્યકર' બન્યા. તેઓએ ધર્મો અને લોકશાહીથી માંડી સમાજવાદ અને સામ્યવાદ સુધીની વિવિધ રાજ્ય પદ્ધતિનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને તેના વિશે અનેક ગ્રંથો લખ્યા હતા. ઈ.સ. ૧૯૩૦, ૧૯૩૨, ૧૯૩૪ અને ૧૯૩૭ની આઝાદીની લડતમાં તેમણે ભાગ લીધો હતો અને ઘણાં વર્ષો જેલમાં કાઢ્યાં હતાં. સામ્યવાદના અભ્યાસથી સામ્યવાદ તરફ ઢળ્યા પણ વિનોબા, દાદા ધર્માધિકારી અને જયપ્રકાશ નારાયણના પ્રભાવથી પુનઃ ગાંધીમાર્ગે આવ્યા. તે પછી

પ્રગતિશીલ લેખક મંડળનું કુશળતાપૂર્વક સંચાલન કર્યું. 'વિશ્વમાનવ' સામયિક અને 'વિશ્વમાનવ સંસ્કાર ટ્રસ્ટ'નું સંપાદન નિભાવ્યું. ગુજરાત ગૌરવ લઈ શકે તેવી 'જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી'નું સંપાદન પણ કર્યું. સાહિત્ય સર્જન ક્ષેત્રે કવિતા, નવલિકા, નિબંધ, વિવેચન, અનુવાદ અને સંપાદનના ૮૦ કરતાં વધુ પુસ્તકો લખ્યાં છે. તેમની કવિતામાં 'ગાંધીવાદ અને રશિયન સમાજવાદ"ની પ્રબળ અસર વર્તાય છે. કેટલાક બંગાળી અને અંગ્રેજી ગ્રંથોના પણ સુંદર ગુજરાતી અનુવાદ કરેલા છે. ગુજરાત સાહિત્ય પરિષદે 'સંસ્કાર પ્રેરક સાહિત્ય' રચવા બદલ પહેલો જ 'સ્વામી સચ્ચિદાનંદ પુરસ્કાર' આપી તેમનું બહુમાન કર્યું હતું.

**૧૨. મોતીભાઈ નાયક (વિસરતી જતી વિરાસતના પ્રહરી શિક્ષક લોકશિક્ષક)**



મોતીભાઈ નાયક એક એવા લોકશિક્ષક છે, જેઓ પર આખું ગુજરાત ગૌરવ લઈ શકે. શિક્ષકની નોકરી પર્યંત (દરમિયાન) પોતે હસ્તગત કરેલી આગવી કળાઓ થકી કેળવણી ક્ષેત્રે અનેક કીર્તિમાનો પ્રસ્થાપિત કર્યા છે. ગુજરાતના શિક્ષણમંત્રીથી લઇ મુખ્યમંત્રી, રાજ્યપાલ અને ભારતના મહામહિમ રાષ્ટ્રપતિએ પણ મોતીભાઈનું બહુમાન કર્યું છે. નિવૃત્તિ બાદ પણ પોતાનું શિક્ષકત્વ મુરઝાવા ના દીધું બલ્કે ઓર ખીલ્યું છે. વારસામાં મળેલી કલા થકી આ લોક શિક્ષક લુપ્ત થતી જતી લોકકલાઓ, લોકસાહિત્ય, લોકબોલીઓ, વિસરાતી જતી ભવાઈ કલાના ભવ્ય વિરાસતના સંવર્ધન માટે તેઓ અવિરત પ્રવૃત્ત છે.

મોતીભાઈનો જન્મ સન ૧૯૪૮માં તળગાળા 'ભોજક' એટલે કે ભવાઈવેશ કરતાં કુટુંબમાં થયો હતો. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલું સરડોઇ ગામ તેઓનું વતન. માતાપિતા તરફથી કલાનો વારસો મળ્યો. ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી(ધોરણ છમાં ભણતા હતા ત્યારે) પ્રાથમિક શિક્ષણ અધવચ્ચે છોડી મહાલક્ષ્મી નાટક કંપનીમાં જોડાયા. અહીં અભિનયના ઓજસ પાથરવા લાગ્યા. તબિયત બગડતાં પુનઃ અભ્યાસ શરૂ કરી માધ્યમિક કક્ષા સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. ઓલ્ડ એસ.એસ.સી. પાસ કર્યા બાદ ૧૯૬૮માં પ્રાથમિક શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો. વધુ અભ્યાસ ચાલુ રાખી પી.ટી.સી.ની પદવી પ્રાપ્ત કરી. શ્રી શામપુર પ્રાથમિક શાળાના નિમણૂકના પ્રારંભિક દિવસોમાં જ જૂથ સભાઓમાં બાળગીતો, લોકગીતો, ભજનો લલકારતા જીવંત શિક્ષક મોતીભાઈને બાળ સાહિત્યકાર શ્રી રમણલાલ સોનીનો રાજીપો મળ્યો. તેઓ પોતાની શ્રેષ્ઠ શિક્ષક સુધીની આ તમામ સફળતાનો યશ રમણલાલ સોનીના આશીર્વાદને આપે છે.

મોડાસા તાલુકાની ખંભીસર પ્રાથમિક શાળામાં બદલી થતાં શાળાના જર્જરિત મકાનને ગામમાં જ 'માં ભોમની હાકલ' અને 'અધૂરા લગ્ન' નાટકો ભજવી લોકસહકારથી મળેલા ફાળામાંથી શાળાનું નવું મકાન બનાવ્યું. ગામના કોઈપણ જાતના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન માટેનું આ શાળા કેન્દ્ર બની ગયું. તેઓ લોકજાગૃતિ માટે આદર્શ શિક્ષક બની રહ્યા છે. તેઓ હાથે ચાલતી કઠપુતળીના માધ્યમથી જ્ઞાન સાથે ગમ્મત કરાવે છે. થોડા સમય પહેલાં દૂરદર્શન પર તેમનો 'દીવાદાંડી' કાર્યક્રમ ખૂબ જ લોકપ્રિય બન્યો હતો. સતત પાંચ વર્ષ સુધી દૂરદર્શનના દીવાદાંડી કાર્યક્રમથી તેઓએ કઠપૂતળી દ્વારા લોકોને મનોરંજન પૂરું પાડ્યું છે. તેઓ શ્રેષ્ઠ શિક્ષક ઉપરાંત એક સારા લેખક, સારા કલાકાર અને ઉમદા વ્યક્તિ છે. તેઓએ અનેક નાટકો, એકાંકીઓ અને ભવાઇ નાટકો લખેલાં છે. તેમના દ્વારા લખાયેલા બાળગીતો ગુજરાતના પ્રતિષ્ઠિત બાળસામયિકોમાં અનેકવાર ભજવાયાં છે. CCRT નવી દિલ્હી દ્વારા ચલાવવામાં આવતી કઠપૂતળીની તાલીમ પણ તેઓ લઈ આવ્યા છે અને બીજા અનેક શિક્ષકોને પણ તાલીમબધ્ધ કર્યા છે. ભારતના વિવિધ રાજ્યોમાં અનેક સેમિનારમાં તેઓએ ગુજરાત પ્રદેશનું પ્રતિનિધિત્વ કર્યું છે. આ લોક શિક્ષકને અનેક પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થયાં છે. ભારતની પ્રતિષ્ઠિત સંસ્થા આઇ.આઇ.એમ. દ્વારા ગુજરાતભરમાંથી ૩૦ 'ઇનોવેટિવ ટેલેન્ટેડ ટીચર' પસંદ કરવામાં આવ્યા હતા, જેમાં પ્રથમ ક્રમે મોતીભાઈનું નામ હતું. હાલ તેઓ આઇ.આઇ.એમ.માં તજજ્ઞ તરીકે સેવાઓ આપે છે. પદ્મશ્રી અનિલ ગુપ્તાની સંસ્થા 'સૃષ્ટિ' દ્વારા પણ મોતીભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. લોકસંસ્કૃતિના જતન માટે વિસરાતી જતી લોકકલાઓ માટે તેઓ હાલ સંશોધન કરી રહ્યા છે. તે માટે તેઓને નેશનલ ફેલોશિપ મળી છે. BBC London એ તેમના કાર્યોથી પ્રભાવિત

થઈ અનેક ટેલી ફિલ્મ્સ બનાવી છે. જે ખૂબ પ્રસિદ્ધિ પામી છે. તેઓ જી.સી.ઇ.આર.ટી., એન.સી.ઈ.આર.ટી. અને આઇ.આઇ.એમ. જેવી બીજી અનેક સંસ્થાઓમાં માનદ સેવા આપે છે. નિવૃત્ત થયા બાદ પણ હજુ પ્રવૃત્ત રહ્યા છે. તેઓને મળતું પેન્શન પણ પોતાના સંશોધન પાછળ ખર્ચી નાંખે છે.

**<u>૧૩. દેવેન્દ્ર પટેલ</u>** <u>(વિચક્ષણ પત્રકાર અને સર્જક)</u>



'કભી કભી' કોલમ થકી છેલ્લાં પાંચ દાયકાથી વિશ્વમાં વસતા લાખો વાચકોના હૃદયમાં રાજ કરતા 'પદ્મશ્રી' દેવેન્દ્ર પટેલ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના વતની છે. ગુજરાતી ભાષાને સાંપ્રત અને ચિરંતન એમ બંને કોઠેથી આત્મસાત કરનાર વર્તમાન અને આધુનિક લેખકોમાં દેવેન્દ્ર પટેલનું નામ મોખરે છે. તેમણે ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, વિદેશપ્રવાસ વર્ણનો, ગલ્ફવોરની કથાઓ અને ઈતિહાસ ગ્રંથો પણ લખ્યા છે.

સાહિત્યક્ષેત્રમાં તેમનું યોગદાન મૂલ્યવાન છે. તેઓ માત્ર એક પત્રકાર જ નહીં, પરંતુ એક ઉત્તમ ટૂંકીવાર્તાના લેખક પણ છે. તેમણે ગુજરાતીમાં અનેક નવલકથાઓ લખી છે. ટીવી સિરિયલ્સ અને ગુજરાતી ફિલ્મ માટે સ્ક્રીનપ્લે માટે નાટકો અને સ્ક્રિપ્ટસ પણ લખ્યા છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તેમના પુસ્તક 'ઇઝરાયલ-બાઇબલની ભૂમિ' માટે પ્રથમ ઈનામ આપવામાં આવ્યું છે. તેમણે પાટીદારોનો ઈતિહાસ, અમદાવાદનો ઈતિહાસ અને કચ્છનો ઈતિહાસ લખ્યો છે. તેમના ૬૦થી વધારે પુસ્તકો પ્રકાશિત થયાં છે. પત્રકારત્વ ક્ષેત્રમાં તેમનું યોગદાન અભૂતપૂર્વ છે. ચીલાચાલુ પત્રકારત્વથી જરા હટકે નવો જ ચીલો ચાતર્યો છે. દેવેન્દ્ર પટેલને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

**<u>૧૪. શ્રી સ્વ. કોદરલાલ કાળીદાસ શાહ</u>** <u>(કે. કે. શાહ)</u>



પૂર્વ રાજ્યપાલ તામીલનાડુ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી, ગાબટના પનોતાપુત્ર, ગાબટનું સતત હિત ઈચ્છનારા અને શિક્ષણથી વંચિત રહેનારાઓ માટેનું પ્રથમ પ્રેરણા સોપાન એટલે સ્વ. કે. કે. શાહ સાહેબ.

સ્વતંત્રતા સંગ્રામમાં ૧૯૩૨માં અને ૧૯૪૨માં જેલમાં પણ ગયેલા અને ૧૯૪૮માં વડોદરા મહારાજા સયાજીરાવ ગાયકવાડના સલાહકાર બન્યા. તેમણે સરદાર પટેલને ૫૬૨ રજવાડાં એકત્રિત કરવામાં સહાય પણ કરેલી. મુંબઈ નગરપાલિકાના સભ્ય પદે અને મુંબઈ વિભાગીય કોંગ્રેસના મંત્રી, ઉપપ્રમુખ અને ૧૯૫૭માં પ્રમુખ પદે રહ્યા હતા. ૧૯૭૦માં તેઓ કેન્દ્રીય પ્રધાનમંડળમાં મિનિસ્ટર ઓફ ઈન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ તરીકે રહ્યા. અને ત્યારબાદ તેઓ 'હેલ્થ એન્ડ ફેમિલી પ્લાનિંગના' પ્રધાન બન્યા. શ્રી કે. કે. શાહ સાહેબને વતન માટે ખૂબ પ્રેમ હતો. તેઓ પોતાના ગામ ગાબટમાં ગાળેલા બાળપણને હંમેશાં યાદ કરતા. ગાબટમાં આવેલી હાઈસ્કૂલને તેમની માતૃશ્રી સ્વ.સૂરજબાના નામે શાળાનું મકાન બાંધવા માટે અને શરૂ કરવા માટે શ્રીદાન કર્યું. તેમનો સમગ્ર પરિવાર આજે પણ સંસ્થાના વિકાસમાં સદાય સહભાગી બની રહ્યો છે.

**<u>૧૫. ડૉ. કરસનદાસ સોનેરી</u>** <u>(અરવલ્લીની ધરામાં પ્રગટેલ મઘમઘતું સોનેરી માનવ પુષ્પ)</u>



ડૉ. કરશનદાસ સોનેરી એ ગુજરાતના છેવાડાના એક ગામડામાંથી સ્વબળે આગવી કેડી કંડારનાર વિરલ વ્યક્તિ છે. આઝાદી પહેલાનાં એક દાયકા પૂર્વેની વાત છે. સાબરકાંઠાના ધનસુરા જેવા મોટા ગામમાં જ્યારે વીજળી પણ નહોતી આવી ત્યારે ફાણસનો જમાનો હતો. ફાણસ હોવી પણ શ્રીમંતાઈની નિશાની ગણાતી. તે

સમયે સમાજમાં જાગૃતિના અભાવે અસ્પૃશ્યતા, અંધશ્રદ્ધા, રૂઢિચુસ્ત રિવાજોથી સમાજ ખદબદતો હતો. એક સામાન્ય ખેતમજૂર વણકર પરિવારમાં જન્મેલો એવો ગરીબ બાળક કરશનદાસ સોનેરી ભણી ગણીને કૉલેજમાં પ્રોફેસર બની ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી અને વિધાનસભાના ઉપાધ્યક્ષ બનશે એવી તો કોઈએ કલ્પના પણ ક્યાંથી કરી હોય? તેમના પિતાજી હીરાભાઈ વણાટ કામ કરે. નાની વયમાં જ પિતાની છત્રછાયા ગુમાવતાં, માતૃશ્રી કોદરીબાએ મજૂરી કરી પેટે પાટા બાંધી કરશનદાસને 'સોનેરી' બનાવ્યા. તેઓ સાબરકાંઠાના પ્રથમ ગ્રેજ્યુએટ, પ્રથમ પ્રોફેસર, પ્રથમ પી.એચ.ડી. કરનાર અને પ્રથમ કેબિનેટમંત્રી બની રહ્યા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતન ધનસુરાની શાળાઓમાં લીધું. ઉચ્ચ અભ્યાસ માટે મોડાસા કૉલેજમાં પ્રવેશ લીધો. મોડાસા કૉલેજના પ્રથમ જી.એસ. બન્યા. પોતાના નેતૃત્વના ગુણનો પરિચય કરાવ્યો. ત્યારબાદ અમદાવાદ, ગુજરાત કૉલેજમાં અભ્યાસ કર્યો અને એમ.એ., એલ.એલ.બી., પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. શરૂમાં નડિયાદ કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા. ત્યારબાદ ૧૯૭૨માં ઇડર આર્ટ્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાયા. આ વિસ્તારના વિદ્યાર્થીઓના લાડીલા પ્રોફેસર બની રહ્યા. ૧૯૭૫થી ગુજરાત વિધાનસભામાં વિદ્યાર્થીઓના જબરજસ્ત સહકારથી અને તેમની લોકપ્રિયતાથી વિજયી બન્યા. ૧૯૮૫માં ગુજરાત વિધાનસભાના નાયબ અધ્યક્ષ અને ૧૯૯૦માં વિજેતા બનતા ગુજરાત વિધાનસભામાં શિક્ષણપ્રધાન બન્યા. શિક્ષણમાં નવીન આધુનિક ટેકનોલોજી અને કોમ્પ્યુટર શિક્ષણની બાબતમાં ભાર મૂકી શિક્ષણનું આધુનિકરણ કરવાનો પ્રયાસ કર્યો. પોતાના રચનાત્મક અભિગમને લઇ ગરીબો, દલિતો, વંચિતો અને પછાતોના મસીહા બની રહ્યા. વ્યક્તિગત લાભને અવગણીને સમગ્ર પ્રજાહિતના કાર્યો કર્યા.

ધનસુરા ગામમાં આજે મહિલા કૉલેજ વટવૃક્ષ બનીને ફૂલીફાલી રહી છે, તે ડોક્ટર કરસનદાસનો વતન પ્રેમ, શિક્ષણ પ્રીતિ અને દીર્ઘ દૃષ્ટિનું પરિણામ છે. જવાહર નવોદય વિદ્યાલય જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ધનસુરાની ભાગોળે લાવી તેને વિકસાવવાનો યશ ડોક્ટર સોનેરી સાહેબને ફાળે જાય છે. સંદેશના વરિષ્ઠ પત્રકાર દેવેન્દ્ર પટેલ તેમના પુસ્તક જીવન પ્રકાશમાં નોંધે છે, કે કરસનદાસ સોનેરી સાદગીભર્યા પરિવેશમાં એક મહામૂલા માનવી છે. તેઓ સમાજના દરેક વર્ગમાં સર્વ સ્વીકૃત બન્યા છે. જાહેર જીવનમાંથી એક અસલી ગાંધીવાદી પેઢી લુપ્ત થઈ રહી છે, ત્યારે ડૉક્ટર કરશનદાસ સોનેરીને જોઈ હૈયાને ટાઢક પ્રાપ્ત થાય છે. કાદવમાં કમળની જેમ ખીલી ડોક્ટર કરસનદાસ સમાજને નવો રાહ ચીંધ્યો છે. તેઓ સાચા અર્થમાં જ્ઞાનપિપાસુ, જ્ઞાનસંવર્ધક અને જ્ઞાનનાવિતરક બની રહ્યા છે.

## ૧૬. શ્રી શંકરભાઈ નાથાભાઈ પટેલ (પર્યાવરણનો જાગૃત પ્રહરી)



બાયડ તાલુકાના ભૂડાસણ ગામમાં ૧૨ ડિસેમ્બર ૧૯૨૮માં જન્મેલ શંકરભાઈ પટેલે શિક્ષક, આચાર્ય અને સંચાલકની શ્રેષ્ઠ ભૂમિકા અદા કરી છે. શિક્ષક અને આચાર્ય તરીકે ૨૫ વર્ષની સેવાઓ આપી નિવૃત્તિ લઇ તેઓ સમાજના સેવા કાર્યોમાં પ્રવૃત થયા હતા. તેઓ અનેક શૈક્ષણિક સંસ્થાઓના સ્થાપક પ્રણેતા છે. ઇ.સ. ૧૯૬૯-૭૦માં 'શ્રેયસ વિદ્યાલય ભૂડાસણ'ના આદ્ય સ્થાપક બન્યા. ઇ.સ. ૧૯૮૫માં દહેગામ તાલુકાના માછંગ(માથીપુર) ગામે ઉત્તર બુનિયાદી શાળા તથા આશ્રમશાળાની સ્થાપના કરી. આ વિસ્તારમાં શિક્ષણની જ્યોત જલાવી ઈ.સ.૨૦૦૨માં દહેગામ ખાતે દિવ્યાંગ બાળકો માટે 'વિકલાંગ હાઈસ્કૂલ' અને છાત્રાલયની સ્થાપના કરી. ઈ.સ.૧૯૮૯માં બાયડ તાલુકાના ડાભા ગામે ઉત્તર બુનિયાદી શાળાની સ્થાપના કરી. શ્રેયસ વિદ્યામંદિર ભૂડાસણનું અદ્યતન મકાન તેઓના સફળ પ્રયત્નો થકી સાકાર થયું છે. તેઓ 'સર્વોદય યોજના'ના કાર્યક્રમમાં અગ્રણી રહ્યા છે. બાયડ તાલુકાના સુલતાનપુર ગામે ૧૯૭૯માં ગુજરાત સરકારના સહયોગથી પૂજ્ય મણીબેન પટેલના (સરદારશ્રીના સુપુત્રી) હસ્તે શુભારંભ કરાવી ગ્રામ વિકાસ અને શિક્ષણ જાગૃતિના કાર્યક્રમો કર્યા. તેઓને તેમના ગ્રામ વિકાસના કાર્યો થકી અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. સને ૧૯૯૯માં નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ કલ્ચરલ એન્ડ ડેવલપમેન્ટ, ન્યુ દિલ્હી તરફથી

વિકલાંગ શિક્ષણ કલ્યાણ અને પર્યાવરણ સંરક્ષણ સંદર્ભે ડેવલપમેન્ટ એવોર્ડ પ્રાપ્ત થયો. ૨૦૧૫-૧૬ માં ભારત સરકારના 'આત્મા પ્રોજેક્ટ' અંતર્ગત 'બેસ્ટ આત્મા એવોર્ડ'થી સન્માનિત થયા. તેઓ 'ગ્રામલક્ષ્મી ખાદી સંસ્થાન,અમદાવાદ'ના પ્રમુખ તરીકે સેવારત હતા. ૨૦૦૭માં ભારત સરકારનાં યુવા અને ખેલકૂદ મંત્રાલય, ન્યુ દિલ્હી અને નહેરુ યુવા કેન્દ્ર ગુજરાત દ્વારા આયોજિત યુવા સંમેલનમાં તેમની ઉત્તમ સેવાઓને લઈને જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ પર્યાવરણ અને ખેતી ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરીને તેમણે વિક્રમી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

## ૧૭. શ્રી વલ્લભદાસ પી. દોશી (કસાણા ,તાલુકો. મેઘરજ)




સને ૧૯૫૪થી મેઘરજથી ઊંડાણના વિસ્તારના ગામ કસાણામાં શ્રી વલ્લભભાઈ દોશી છેલ્લા ૬૫ વર્ષથી અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પછાત આદિવાસી વિસ્તારમાં પૂજ્ય મહાત્મા ગાંધીજી અને વિનોબાજી તથા લોકનાયક જયપ્રકાશ નારાયણના વિચારો અને આદેશોને લક્ષમાં રાખી લોકસેવાનાં તથા શિક્ષણનાં કાર્યો કર્યા છે. શરૂઆતમાં મેઘરજ ગામે પૂજ્ય સંતબાવજીના આશીર્વાદથી તેમણે આ સંસ્થાનું કામ શરૂ કર્યું હતું.

પરંતુ ૧૯૫૯ ની ૧૪મી જાન્યુઆરીએ ભૂદાન નેતા અને ગાંધીજીના આધ્યાત્મિક વારસદાર તેમની ભૂદાન યાત્રા નિમિત્તે મેઘરજ તાલુકાના કસાણા ગામે આવ્યા હતા.ત્યારે તેમણે આ ગામમાં શિક્ષણ અને સમાજ સેવાનું કાર્ય કરવાનું સૂચન કરતાં આ ગામમાં સેવાયજ્ઞ શરૂ કર્યો. શરૂઆતમાં તેમણે શ્રમશિબિરો અને ભૂદાન, ગ્રામદાન દ્વારા લોકોમાં સેવા જગાડવાના કાર્યક્રમો યોજાયા હતા. ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડ મારફતે બાળશિક્ષણ અને સ્ત્રી જાગૃતિના કાર્યક્રમો શરૂ કર્યા. મેઘરજ મુકામે એક નાનું દવાખાનું શરૂ કર્યું.

મેઘરજ ગામમાં ૧૯૫૪માં હાઈસ્કૂલ શરૂ કરી ધીમે ધીમે ગામની કેળવણી સંસ્થા બનાવી તે કામ તેમને સોંપી દીધું. અને કસાણાને કાર્યક્ષેત્ર બનાવ્યું. કસાણા મુકામે અરવલ્લી જિલ્લાની સૌથી પહેલી આદિવાસી સેવા સંસ્થા સમિતિની સાથે રહી ૧૯૬૧માં એક આશ્રમ શાળા શરૂ કરી. ૩૦ બાળકોની સંખ્યાથી આશ્રમ શાળા શરૂ થઈ. આ સંસ્થાને આ પ્રદેશના વંથલી ગામના રાજપુત આગેવાનોએ ૧૦ એકર જમીન દાનમાં આપી તથા બીજી ૧૮ એકર જમીન વેચાતી લઇ, આજે આશ્રમશાળા આદિવાસી સેવા સંચાલિત કાર્યરત છે.

અહીં તેમણે ૧૯૬૩માં મુંબઈના દોરાબજી તાતા ટ્રસ્ટ મારફતે દાન મેળવી એક દવાખાનું શરૂ કર્યું છે. જે આજુબાજુના ૧૫ કિલોમીટરના વિસ્તારમાં આદિવાસી લોકોને આર્શીવાદરૂપ બન્યું છે. ૧૯૭૫માં ઉત્તર બુનિયાદી વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું અને સાત લાખ રૂપિયા દાન મળતાં શાળા સંકુલનું મકાન, છાત્રાલય તથા વોટર વર્કસ ઊભું કરવામાં આવ્યું. હાલ આ વિદ્યાલયમાં ૧૨૫ વિદ્યાર્થીઓ ધોરણ ૮ થી ૧૦ નો અભ્યાસ કરી રહ્યા છે. ૧૯૮૨માં ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. હાલ આ વિદ્યાલયમાં ૮૫ કન્યાઓ ધોરણ ૮ થી ૧૦ નો અભ્યાસ કરી રહી છે.

આ સંસ્થા મારફતે ૧૯૮૩ના વર્ષથી કસાણા વિસ્તારના ૧૩ ગામોમાંથી ૩૦૦ કુટુંબોને આવરી લઇ તેમના એક બાળકને કુટુંબના સામાજિક વિકાસ માટે દર મહિને દસ ડોલરની સહાય આપવામાં આવે છે . જે હાલ સંખ્યા વધારીને ૫૦૦ કુટુંબની કરવામાં આવી છે. અહીં ગૌશાળા પણ કાર્યરત છે . અનેક સામાજીક સંસ્થાઓના સહયોગથી દુકાળ અથવા અછતના સમયે લોકસેવાના કાર્યો કરવામાં આવે છે. લોક સમિતિઓની રચના કરી આસપાસના ગામોમાં સંગઠનોના કાર્યો કરવામાં આવે છે. પૂજ્ય રવિશંકર મહારાજ ,બાબુભાઈ જાલીયાવાળા અને ચુનીભાઈ વૈદ્ય દ્વારા આ સંસ્થાને પ્રેરણા અને પ્રોત્સાહન મળેલ છે. આ સંસ્થાએ વ્યવસાયિક તાલીમ માટે આઇ.ટી.આઇ.ની પણ શરૂઆત કરી છે.

## ૧૮. શ્રી વિનોદભાઈ પુરાણી



જન્મ : ૨૭/૦૬/૧૯૪૮

શ્રી ભારતીય તત્વજ્ઞાન મંદિર નામે સંસ્થાની સ્થાપના કરનાર શ્રી વિનોદભાઈ સાહિત્યનો અખૂટ ખજાનો છે. આ સંસ્થા દ્વારા ભારતીય સંસ્કૃતિને લગતા ગ્રંથોનું પ્રકાશન તથા સંશોધન કરે છે સૈકાઓ પહેલાં લખાયેલી સેંકડો હસ્તપ્રતો આજે પણ તેઓ પાસે ઉપલબ્ધ છે. ૭૦૦ ઉપરાંત હસ્તપ્રતોની માહિતી તો તેમણે છપાવીને પ્રગટ પણ કરી છે. કોઈ એક જ ઘરમાં આટલી બધી હસ્તપ્રતો સંગ્રહની રહી હોય તેવું દાખલો વિરલ છે. આ હસ્તપ્રતો વ્રજભાષા હિન્દી સંસ્કૃત અને કેટલીક ગુજરાતીમાં પણ છે.

શ્રી વિનોદભાઈ પાસેની હસ્તપ્રતોમાં મધ્યકાલીન ગુજરાતી કવિ ગિરધર કૃત "રાધાકૃષ્ણના રાસ" નામે કાવ્ય છે. તે સંવત ૧૮૭૫ (ઈ. સ. ૧૮૧૯) પોષ વદ ત્રીજે લખાયેલું છે. તેની ભાષા ગુજરાતી હિન્દી છે. આ હસ્તપ્રતથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં એક નોંધપાત્ર ઉમેરો થયો છે.

શ્રી વિનોદભાઈ ભાગવત ગીતાના અભ્યાસી છે. ગીતા વિશે તેમણે ઘણા ગ્રંથો લખ્યા છે. ગીતા વિશે મહાનિબંધ લખી તેમણે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ગુજરાતના સંસ્કૃત વિદ્વાનોમાં તેમની ગણના થાય છે. તેમણે સંશોધન ક્ષેત્રે ગુજરાતીમાં અને અંગ્રેજીમાં ગ્રંથો લખ્યા છે.

મોડાસાની પ્રાચીન કાષ્ઠકલા, શિલ્પકલા, ચિત્રકલા, ગદ્ય-પદ્ય સાહિત્ય વિશે તેમણે લાખો રૂપિયા ખર્ચીને ૨૦૦ ફોટોગ્રાફ જોઈ તૈયાર કરાવ્યા છે. તેમણે તેનું 'વતનની તાસીર' નામે જાહેર પ્રદર્શન પણ કર્યું હતું. આ ફોટોગ્રાફ્સ મોડાસાના પ્રાચીન અને અર્વાચીન ઈતિહાસનું એક અંગ બની રહ્યું છે.

## ૧૯. શ્રી પરાજિત પટેલ



શ્રી પરાજિત પટેલનું મૂળ નામ મણીભાઈ મગનભાઈ પટેલ છે. તેઓ પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામના વતની છે. તેઓએ એમ.એ, બી.એડ સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ હાયર સેકન્ડરી સ્કૂલમાં શિક્ષક તરીકે નિવૃત્ત થયેલ છે.

હાલ તેઓ મહાગુજરાત સાહિત્ય પરિષદ, નડિયાદના અધ્યક્ષ છે. તેમની ગુજરાત સમાચારમાં આવતી 'ઝાકળ ઝાંઝ' અને 'રણને તરસ ગુલાબની' આ કોલમ ખૂબ જ લોકપ્રિય બની છે. સમગ્ર ગુજરાતના સાહિત્યપ્રેમી વાચકોએ તેમની આ બે કોલમોને રસભરીને માણી છે.

તેમના અનેક પુસ્તકો પ્રકાશિત થયા છે ૭૦ નવલકથાઓ, ૨૦ વાર્તાસંગ્રહો, ૧૦ નાટકો, ૩૦ પોઝીટીવ થીંકીંગ પુસ્તકો, ૩૫ જીવન ચરિત્ર એમ કુલ ૧૬૫ પુસ્તકો પ્રકાશિત થયેલ છે. અનેક સામાજીક સંસ્થાઓમાં જઈ તેમણે યુવાનોને પ્રેરણાના પિયુષ પાયાં છે. જૈફ ઉંમરે પણ હજુ તેમની સાહિત્ય સેવા અવિરત પણે આગળ વધી રહી છે....

## ૨૦. કેશુભાઈ દેસાઈ



ડૉ. કેશુભાઈ દેસાઈનો જન્મ મહેસાણા જિલ્લાના ખેરાલુ ગામમાં ૩ મે, ૧૯૪૯ના રોજ થયો. તેઓ વતનની માટીમાં ઉછરીને પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી વ્યવસાયે ડૉક્ટર બનીને સાબરકાંઠાના તલોદ અને પ્રાંતિજને પોતાની કર્મભૂમિ બનાવીને પોતાના વ્યવસાયની સાથે સાહિત્યની યાત્રા કરી. તેમણે 'જોબનવન', 'સૂરજ બૂઝાવ્યાનું પાપ', 'મેડમ', 'લેડિઝ હોસ્ટેલ' જેવી લગભગ ૭૦ જેટલી સાહિત્યકૃતિઓનું સર્જન કરેલ છે. ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.એ.ના

પાઠ્યપુસ્તકમાં તેઓની નવલકથા ઊધઈ' પસંદગી પામી હતી. તેમની મેડમ' નવલકથાનો હિન્દી અનુવાદ તથા બીજા પુસ્તકોનો મરાઠી, પંજાબી, તમિલ તેમજ અંગ્રેજી ભાષામાં અનુવાદ થયેલો છે. ભારતનાં પ્રથમ મહિલા આઇ.પી.એસ. અધિકારી શ્રી કિરણબેદીની અંગ્રેજી આત્મકથાનો ગુજરાતીમાં 'પડકાર' ના નામે તેમણે અનુવાદ કરેલો છે. તેઓની એક નવલકથા ઉજળાંતિમિર' દિવ્યભાસ્કરમાં પ્રગટ થયેલી.

સાહિત્ય સર્જનની સાથે સાથે તેઓ સને ૧૯૯૯ થી ૨૦૦૨ સુધી યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના ચેરમેન પદે રહી ચૂક્યા છે. તેઓનું ઘણું સાહિત્ય ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલું છે. તેમનો વાર્તાસંગ્રહ 'ઝરમરતા ચહેરા' રાષ્ટ્રીય કલાકેન્દ્ર, સુરત દ્વારા તેમજ 'ધર્મયુદ્ધ' નામની નવલકથા મુંબઈ દ્વારા પુરસ્કૃત થયેલ છે. તેઓની હિન્દી અનુવાદિત 'મેડમ' નોવેલને આંતરરાષ્ટ્રીય બેસ્ટ સેલર તરીકે ફેડરેશન ઓફ પબ્લિશર્સનું પ્રથમ ઇનામ પ્રાપ્ત થયેલું છે. ડૉ. કેશુભાઈ દેસાઈ હાલ ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ સિલેક્શન કમિટિના બોર્ડ મેમ્બર છે.

## ૨૧. શ્રી પ્રતાપસિંહ એચ. રાઠોડ 'સારસ્વત'



પ્રાંતિજ તાલુકાના પશ્ચિમે આવેલા સીતવાડા ગામના વતની અને 'સારસ્વત'ના ઉપનામથી જાણીતા શ્રી પ્રતાપસિંહ રાઠોડનો જન્મ ૧-૭-૧૯૪૧ માં થયો હતો. તેઓ શિક્ષણમાં પ્રથમથી જ હોંશિયાર હતા. બાળપણથી જ તેઓ વાંચન, લેખનનો રસ ધરાવતા હતા. એમ.એ.બી.એડ. સુધીનો અભ્યાસ કરી તેઓ શિક્ષકના વ્યવસાયમાં જોડાયા.

હાઇસ્કૂલની નોકરીની સાથે સાથે તેઓ કવિતા, ગીત, ગઝલ, સોનેટ, અછાંદસ અને નવલિકાઓ લખતા, તેમની રચનાઓ પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થયેલી છે.

તેઓ સારા ગાયક, વાદક, દિગ્દર્શક, અભિનેતા અને કુશળ વક્તા હતા. તેમના કાવ્યસંગ્રહમાંથી ઘણા ગીતો ગુજરાતી ફિલ્મોમાં સ્થાન પામ્યાં છે. તેમના 'વાછરોટ અને જવારા' પુસ્તકો પ્રખ્યાત છે. તેઓ સને ૨૦૦૭માં સાબરરત્ન એવોર્ડથી સન્માનિત થયા હતા. તેમનો 'મથામણ' કાવ્ય સંગ્રહ ઈ.સ. ૧૯૮૪માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલ છે. શ્રી પ્રતાપસિંહે રાઠોડને વર્ષ ૨૦૦૮માં કવિ ઉમાશંકર જોષી સાહિત્ય સન્માન પ્રાપ્ત થયેલ છે.

## ૨૨. શ્રી દિનેશભાઇ દેસાઇ



શ્રી દિનેશભાઇ દેસાઇ પ્રાંતિજના વતની અને વ્યવસાયે પત્રકાર છે. તેમણે સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં પ્રદાન કર્યું છે. 'શ્યામા', 'શેષા', 'મોહરાજંક્શન' જેવી નવલ કથાઓ, 'પારોમિતા' વાર્તાસંગ્રહ, 'સાક્ષીભાવ' લઘુનવલ, 'સખી', 'સજની', અને જિંદગી ઝિંદાબાદ' જેવા લલિતનિબંધો, 'સમીભિત', 'અવલોકનીય' જેવા વિવેચન સંગ્રહો આપ્યા છે.

તેઓ વિવિધ એવોર્ડથી સન્માનિત થયેલ છે. રાજકોટ સાહિત્ય સભા એવોર્ડ-૧૯૮૮, - શ્રીજી કલાવૃંદ સાહિત્ય એવોર્ડ - ૧૯૮૮, ગુજરાત સાહિત્ય સંગમ - અશોક હર્ષ એવોર્ડ-૧૯૯૬, -સાક્ષરભૂમિ સાહિત્યરત્ન એવોર્ડ-૨૦૦૭ મળ્યા છે. એટલું જ નહીં ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેમનું નામ અંકીત થયેલું છે.

## ૨૩. કવિશ્રી આનંદરાય ભટ્ટ

'પ્રાપ્તિપુર' (પ્રાંતિજ નગર) પુસ્તકના રચયિતા શ્રી આનંદરાય ભટ્ટ પ્રાંતિજના સાહિત્યકારોમાં મહત્ત્વનું સ્થાન પામ્યા હતા. તેમણે અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી વગેરે ભાષાઓમાં કાવ્યો રચ્યાં છે. આ ઉપરાંત તેમણે હસ્ત લિખિત પ્રગતિ માસિક' તેમજ 'વિદ્યાર્થી સાપ્તાહિક'ના તંત્રી તરીકે સેવાઓ આપી છે. ઇ.સ. ૧૯૫૩માં તેમણે 'બુદ્ધચરિત' અને જલારામચરિત્ર' જેવાં મહાકાવ્યની નજીક બેસે એવાં કાવ્યો રચ્યાં હતાં. આ ઉપરાંત પિંગળગંગા નામનો મૌલિક ગ્રંથ કસોટી અને પ્રમોદ' નામે નવલકથાઓ પણ તેમણે આપી છે.

## ૨૪. કવિ મનસ્વી

પ્રાંતિજ તાલુકાના સાહિત્યકારોમાં કવિ મનસ્વી જાણીતું નામ છે. તેમનું મૂળ નામ શ્રી ચીમનલાલ ભીખાલાલ જોષી . તેઓ નાટકોનું સર્જન કરતા. તેમના કેટલાંક નાટકોએ તેમને સારો યશ અપાવ્યો છે. તેઓ નાટકો ઉપરાંત ફિલ્મો માટે ગીતો પણ રચતા હતા. પ્રસિદ્ધ ગીત 'ઝટ જાઓ, ચંદનહાર લાવો...', 'ઘુંઘટ નહીં ખોલું હું...' કવિ મનસ્વીનાં છે. આ ગીત 'વલ્લભીપતિ' નાટકમાં ગવાતું હતું. પછીથી આ ગીત અખંડ સૌભાગ્યવતી' નામની ફિલ્મમાં સ્થાન પામ્યું હતું.

## ૨૫. શ્રી જગદીશ પટેલ (તાજપુર)

'શ્યામરંગી' ઉપનામથી ઓળખાતા તાજપુરના વતની શ્રી જગદીશભાઇ પટેલે પોતાની લઘુકથાઓ, વાર્તાઓ, લઘુનવલ, હાસ્યવ્યંગ્ય લેખો, કવિતા જેવા સ્વરૂપો ખેડી ગુજરાતી સાહિત્યમાં સારૂ એવું કાઠું કાઢ્યું છે. તેમણે 'રખોપું' (લઘુકથાસંગ્રહ), 'સમેપ્રિય', (ચિંતન), 'ચીસ', 'ફેંસલો', 'અયોધ્યા કી ઓર જેવાં પુસ્તકો આપેલ છે.

## ૨૬. શ્રી કલ્પેશ પટેલ (સોનાસણ)



વાર્તાકાર, નવલકથાકાર, ચરિત્રકાર સોનાસણના વતની અને વ્યવસાયે આચાર્ય એવા શ્રી કલ્પેશ પટેલે સાહિત્યક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. તેઓ શિક્ષણ પ્રશિક્ષણની સામગ્રીના લેખનમાં રાજ્ય સ્તરે સેવા આપી રહ્યા છે. તેઓનાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયા છે. (૧) શ્રદ્ધા ભંગ (૨) મહારથી કર્ણ (૩) મામાનું ઘર (૪) વાડ (૫) વિકર્ણ (૬) શિખંડિ (૭) સર (૮) વિજયયાત્રા (૯) માતૃભાષા શિક્ષણ અને સજ્જતા (૧૦) શિક્ષણમાં ભાષાસજ્જતા અને લેખન કૌશલ્ય (૧૧) શિક્ષકદીપ (૧૨) અભિનવ વાર્તાઓ જેવી સાહિત્યિક કૃતિઓ રચી છે.

તેમની 'કાઠુંવરહ' નવલિકા ભાવનગર સર્જક-સંવાદ દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે. ઉપરાંત તેમણે 'સાબર-સૌરભ' એવોર્ડ વર્ષ-૨૦૦૮, બોરિયા સનાતન આશ્રમ દ્વારા તથા ગુજરાત ગૌરવ પારિતોષિક - નડિયાદ વર્ષ-૨૦૧૧માં મળેલ છે.

## ૨૭. શ્રી રમેશભાઈ કરોલકર



'રમેશ કરોલકર'ના નામે ઓળખાતા વ્યવસાયે એલ.આઈ.સી.માં ડેવલપમેન્ટ ઓફિસર તરીકે સેવા આપતા શ્રી રમેશભાઈએ ફાઇન આર્ટ્સનો અભ્યાસ કરેલ છે. પ્રોફેશનલ ક્ષેત્રમાં તેમનું પ્રદાન જોઇએ તો સ્ક્રીપ્ટ રાઇટીંગ, ફિલ્મ પ્રોડ્કશન અને દિગ્દર્શન છે. તેમના જાણીતા નાટકો શાંતાબા સમજ્યા નહિ', 'અછિન્ન', 'બોલ મેરે જમૂરે', 'આજા મેરી ગાડીમેં બૈઠ જા', 'રંગલાની રામ કહાની', 'રંગીલો રણછોડ', 'તમને પારકામાનું કે માનું પોતાના', 'કોઈને આંગણ તુલસીક્યારો', 'ચાલ સજની કરીએ કરાર, એક અડીખમ ગુજરાતી', 'ચિતરેલા મોરલાનો ટહૂકો' જેવા નાટકોનું લેખન તથા દિગ્દર્શન કરેલ છે. ફિલ્મ ક્ષેત્રે પણ તેમણે ટેલીફિલ્મ, ડૉક્યુમેન્ટ્રી ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન પણ કરેલ છે.

## ૨૮. શ્રી ભગવત ભાવસાર

આપણી માતૃભાષામાં કહેવત છે કે 'મોરનાં ઈંડા ચીતરવા ન પડે !' વાત કરવી છે ઓરાણ ગામના વતની સ્વ.અમરત ભગતના પુત્રશ્રી ભગવત ભાવસારની.

જેમનો જન્મ ૮, જુલાઈ, ૧૯૬૦ ના રોજ થયો. તેઓ અમદાવાદમાં વસતા હતા. પરંતુ વતન સાથેનો તેમનો નાતો અકબંધ રહ્યો. સને ૧૯૮૦થી તેઓનું રંગભૂમિ સાથે સગપણ બંધાયું. ઘણાં બધાં એકાંકી અને દ્વિઅંકી નાટકો તેમણે લખ્યાં. જેમાં રાષ્ટ્રપ્રેમ આધારિત, સામાજિક, હાસ્યપ્રધાન, ઐતિહાસિક અને વહેમ-અંધશ્રદ્ધાને પડકારતાં નાટકો મુખ્ય છે. તેમણે સિરીયલ લેખન પણ કર્યું. તેમણે ફિલ્મક્ષેત્રે નામના પ્રાપ્ત

કરી છે. તેમણે ૨૫૦થી વધુ કાવ્યો લખ્યાં છે. સોથી વધુ નવલિકાઓ પણ લખી છે. નાટકના દિગ્દર્શક તરીકે કામ કર્યું છે. તો ઘણાં નાટકોમાં અભિનય પણ આપ્યો છે.

તેમના નાટક 'પરાકાષ્ટા'ને ૧૧ એવોર્ડ, 'સપનું એક અધૂરૂ ને ૫ એવોર્ડ તથા અંતહીન' નાટકને ૮ એવોર્ડ પ્રાપ્ત થયા છે. ગુજરાત રાજ્ય સંગીત અકાદમી દ્વારા શ્રી ભગવતભાઇને કુલ ૨૫ એવોર્ડ મળ્યા છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના ગુજરાતી સામયિક પ્રતિધ્વનિ' દ્વારા નાટ્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ પ્રતિધ્વનિ મિડિયા એવોર્ડ વર્ષ ૨૦૦૫માં તથા સાબરકાંઠાનો પ્રતિષ્ઠિત સાબર સૌરભ એવોર્ડ' વર્ષ-૨૦૦૮માં અને ૪ 'સાબર રત્ન એવોર્ડ' વર્ષ-૨૦૦૯માં તેઓને પ્રાપ્ત થયેલ છે.રંગભૂમિ ક્ષેત્રમાં તો તેમણે નામના પ્રાપ્ત કરી જ છે. પરંતુ શ્રી અમૃત ભગત સેવા ટ્રસ્ટ દ્વારા શ્રી ભગવતભાઈએ ડાયાબિટીસની આયુર્વેદિક દવાનું નિઃશુલ્ક વિતરણ કરીને સાચા અર્થમાં પિતૃઋણ અદા કર્યું છે.સાંસ્કૃતિક અને કલાક્ષેત્રે રંગભૂમિ દ્વારા આ સપૂતે સમગ્ર દેશમાં પ્રાંતિજનું નામ ગુંજતું કર્યું.

## <u>૨૯. ડાહ્યાભાઈ સોમાભાઈ પટેલ</u>



**જન્મ : ૯ / ૧ / ૧૯૪૭** **નિ. આચાર્ય શ્રી એમ.પી.શાહ હાઈસ્કૂલ , જીતપુર**

**વતન : અમીયાપુર, બાયડ** **લાયકાત : એમ.એ. , બી.એડ. (ગુજરાતી)**

શ્રી ડાહ્યાભાઈ સોમાભાઈ પટેલનો જન્મ મધ્યમવર્ગીય ખેડૂત પરિવારમાં થયેલો છે. તેમના માતૃશ્રી તથા પિતૃશ્રી બિલકુલ અભણ હતા. તેમણે શરૂઆતમાં અમીયાપુર પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધું હતું અને માધ્યમિક શિક્ષણ તેમના મોસાળ ચોઈલા તથા દહેગામ તાલુકાના નાંદોલમાં લીધું હતું. ૧૯૬૫માં આંબલીયારા હાઈસ્કૂલમાં ક્લાર્ક તરીકે સેવારત થયા હતા. નોકરી કરતા કરતા ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખ્યું અને એક્સટર્નલ પરીક્ષા આપી અમીયાપુર ગામના પ્રથમ ગ્રેજ્યુએટ થયા. ૧૯૬૮માં જીતપુર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા અને ૧૯૭૯ થી ૨૦૦૨ સુધી ૨૩ વર્ષ શ્રી એમ. પી. શાહ હાઈસ્કૂલ જીતપુરના આચાર્ય તરીકે સેવાઓ આપી. શિક્ષણ કાર્ય કરતાં કરતાં તેઓ સાહિત્યના જીવ હોવાથી કાવ્યરચનાઓ કરતા રહ્યાં. ૧૯૯૩માં ' ઈપ્સિત 'નામે કાવ્યસંગ્રહ આપી ગુજરાતી સાહિત્યમાં અનોખુ પ્રદાન આપ્યું છે. શ્રી ડૉ.દાઉદભાઈ ઘાંચી સાહેબે તેમના આ કાર્યની અનેરી પ્રશંસા કરી છે. ઈ.સ.૧૯૯૨માં તેઓને રાજ્યકક્ષાના ' શ્રેષ્ઠ આચાર્ય ' તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. તેમના વતન અમિયાપુરમાં માધ્યમિક શાળા શરૂ કરવામાં તેમની મુખ્ય ભૂમિકા રહી છે. અને નિવૃત્તિ બાદ પણ તેઓ આ કેળવણી ટ્રસ્ટના પ્રમુખ તરીકે સેવારત છે. તેઓ એક સારા ઉદઘોષક પણ છે.

# પ્રકરણ – ૭

# શિક્ષણના આધારસ્તંભ સમી સંસ્થાઓ

કાકા કાલેલકર કહે છે : શ્રેષ્ઠ દાન, વિદ્યા છે. આવતીકાલની પેઢીનું ઘડતર એ આજની કેળવણીનો પ્રાણ પ્રશ્ન છે. આજે જે રીતે વિશ્વ વિકસી રહ્યું છે. તે જોતાં વિદ્યાવિહીન નર તો પશુ જ રહેવાનો. સંસ્કાર ઘડતર અને વ્યક્તિ ઘડતરના સ્તંભો પર જ સંસ્કૃતિની અગાશીઓ ઝળહળવાની છે. તેથી આ યુગમાં કોઇ સાત માળની હવેલી કે ગગનચુંબી ઇમારત રચી આપે એના કરતાં એક વ્યક્તિનું ઘડતર કરી આપે એ મોટી ઘટના છે. સજીવને સંસ્કારવાનો આનંદ અનેરો હોય છે. આવતીકાલની સંસ્કૃતિની સમૃદ્ધિ એક એક કેળવાયેલો માણસ છે. આવા એક એક માણસને કેળવવા જે પૈસો વાપરી શકે, દાન આપે એનો જ પૈસો અમરત્વ પામે છે.

અમેરિકન કેળવણીકાર - એડમન્ડ ગાર્ડ પણ લખે છે - શિક્ષણ દ્વારા જ સમાજ બેઠો થઈ શકે. વર્તમાન સામાજિક વ્યવસ્થાના ખેતરને નવેસરથી ખેડવું એ કેળવણીનો હેતુ હોવો જોઈએ. કેળવણી એ નવાં સ્વરૂપના અને નવી સમાજ વ્યવસ્થાનાં બીજ વાવવાનાં છે. ખેતરની માટી જ્યારે નવા પરિવર્તનોના છોડને ઊગવા ન દેતી હોય ત્યારે તેને ફળદ્રુપ કરવાનું કામ કેળવણીએ કરવાનું છે અને આ કામ માત્ર અને માત્ર શિક્ષણ જ કરી શકે છે.

સાબરકાંઠા - અરવલ્લી સંયુક્ત બંને જિલ્લાઓમાં આઝાદી પહેલાં અને આઝાદી પછી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં અનેક સ્થાનિક કેળવણી મંડળો અને સામાજિક સંસ્થાઓએ શિક્ષણની સુવાસ ફેલાવવા અને એક આમ આદમીને સંસ્કારોથી સભર બનાવવા ઉમદા પ્રયત્નો કર્યો છે . અનેક આર્થિક પડકારો સામે બાથ ભીડી હિંમત હાર્યા સિવાય આવનારી પેઢીના જતન માટે પોતાની ગાંઠના પૈસા ખર્ચીને શિક્ષણયજ્ઞનો પ્રારંભ કરાવ્યો છે. કોઈએ સંસ્થાઓના નિર્માણ માટે પોતાની બહુમૂલ્ય જમીનો દાનમાં આપી છે, કોઈએ મહામહેનતે બચાવેલ મૂડીને જગત કલ્યાણના ઉત્તમ જીવંત કાર્યોમાં સહાયરૂપ થવા તેનો સુચારુ ઉપયોગ કર્યો છે. આજીવન સેવાવ્રત ભેખધારીઓએ પોતાનું સમગ્ર ‘કેળવણીના કબીરવડને’ નવપલ્લવિત રાખવા સમર્પિત કર્યું છે. પોતાની અંતર્ગત ભાવનાઓને સુસંસ્કૃતસમાજ ઘડતરમાં આકાર આપનાર આવા અનેક શિક્ષણ વીરલાઓને શત શત વંદન છે.

આવો અનેરો ઇતિહાસ રચનાર સંસ્થાઓના ઘડવૈયાઓને તેમનાં કાર્યોની ઝાંખી દ્વારા જરા અવલોકીએ......

## મોડાસા કેળવણી મંડળ - મોડાસાનો ગૌરવવંતો ઇતિહાસ


ગુજરાત યુનિ.ના કુલપતિશ્રી ઉમાશંકર જોશી , મોડાસાના નગરપતિશ્રી રમણલાલ પી. સોની અને કૉલેજ સંચાલક મંડળના અધ્યાક્ષશ્રી જે.બી. શાહ

અરવલ્લીની ગિરિકંદરામાંથી વહી જતી માઝુમ નદીના કાંઠે સ્થિત મોડાસા નગર પોતાની અસ્મિતા માટે જાણીતું છે. આજે પણ આ નગરને શાંતિનિકેતન, ઓક્સફર્ડ કે વિદ્યાનીનગરી જેવાં અનેકાનેક ઉપનામથી ઓળખવામાં આવે છે. આજે આ નગરનો વર્તમાન ગૌરવવંતો અને એથીયે ઉજળો એનો અતીત છે.

ઈ.સ. ૧૮૯૯માં અંગ્રેજી માધ્યમની ‘એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ’ મોડાસામાં શરૂ થઈ હતી. તારીખ 30/09/૧૯૧૯ના રોજ મોડાસા કેળવણી મંડળનો પાયો નંખાયો હતો અને શાળાને મોડાસા હાઇસ્કૂલ નામાભિધાન કરવામાં આવ્યું હતું, જેના પ્રથમ હેડમાસ્ટર હતા માનનીય ભાઈચંદભાઈ એમ. શાહ. સરકારી નોકરી છોડી આ વિસ્તારમાં કેળવણીનો વિકાસ

થાય તે હેતુથી તેમણે આ નોકરી સ્વીકારી હતી. આ શાળાના પ્રથમ આચાર્ય હતા મોહનલાલ વી. ગાંધી. તેઓ મુંબઈમાં જઈને ભણીને વકીલ થયા હતા, પરંતુ વતનના પ્રેમે તેઓ અહીં શિક્ષણ સંસ્થામાં જોડાયા. બહેનોને ધાર્મિક શિક્ષણ આપવા માટે ઈ.સ. ૧૯૨૧ માં મંડળે 'વનિતાશ્રમની' સ્થાપના કરી હતી.

આ સંસ્થાના તત્કાલીન પ્રમુખ શ્રી મથુરદાસ લા. ગાંધી હતા. ત્યાર પછી પ્રમુખ તરીકે શ્રી ભોગીલાલ દામોદરદાસ ગાંધી, શ્રી હરિભાઈ મથુરદાસ ગાંધી, શ્રી હીરાલાલ વી. દેસાઈ અને રતિલાલ શાહના નેતૃત્વમાં આ સંસ્થા ધબકતી રહી છે. છેલ્લા ૨૬ વર્ષથી મોડાસા કેળવણી મંડળમાં દીર્ઘદ્રષ્ટિ ધરાવનાર વર્તમાન પ્રમુખ શ્રી બિપીનભાઈ આર. શાહ કાર્યરત છે. ઈ.સ. ૧૯૬૦ માં શાળાના પ્રથમ જ્ઞાનસત્રમાં પધારેલ કાકાસાહેબ કાલેલકરે આ કેમ્પસને ‘શાંતિનિકેતન ઓફ ગુજરાત’ તથા મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોષી એ ‘ગુજરાતનું ઓક્સફર્ડ’ તેવું ઉપનામ આપેલું છે.

મોડાસા કેળવણી મંડળના સાનીધ્યમાં શ્રી કે. એન. શાહ મોડાસા હાઈસ્કૂલ, શ્રી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલ, કલરવ હાઈસ્કૂલ, શ્રી બી- કનાઈ હાઈસ્કૂલ શિક્ષણની મધુર સુવાસ ફેલાવતી રહી છે. કુલ ૬૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે ઉચ્ચ સંસ્કાર મેળવી રહ્યા છે.કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલ અને સર્વોદય હાઈસ્કૂલને જિલ્લાની શ્રેષ્ઠ હાઈસ્કૂલ તરીકે એક-એક લાખના પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે, તથા બન્ને શાળાઓને 'અટલ ટીંકરીંગ લેબ' બનાવવા માટે વીસ-વીસ લાખની ગ્રાન્ટ મળી છે.

મોડાસાથી આશરે ત્રણ કિલોમીટર દૂર હિંમતનગર રોડ પર આ વિસ્તારની એક માત્ર CBSC (અંગ્રેજી માધ્યમ)ની સ્કૂલ ઈ.સ. ૨૦૦૬ માં શરૂ કરવામાં આવી છે. જે ‘ગ્રીન સ્કૂલ’ના હુલામણા નામથી પ્રસિદ્ધ છે. જે એક ‘ઈન્ટરનેશનલ સ્કૂલ’ છે. જેમાં પ્લે ગ્રુપથી લઇ ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ ચાલે છે. આ શાળાનું લોકાર્પણ ગુજરાતના તત્કાલિન રાજ્યપાલ શ્રી ઓ.પી કોહલીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. શાળાની પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈ તેને અનેક એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. ૨૦૧૯માં મોડાસા કેળવણી મંડળ તેમજ મોડાસા હાઈસ્કૂલને સો વર્ષ પૂર્ણ થતાં રંગે-ચંગે શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી. પાંચ કરોડના દાતાઓના દાનથી મોડાસા હાઈસ્કૂલનું અધ્યતન નવીન મકાન બનાવવામાં આવ્યું છે.

## વિશ્વ મંગલમ - અનેરા - વૃંદાવન

"ગાંધીજીના મૂલ્યો એ જ અમારી સંસ્થાના મૂલ્યો છે." એવો જે સંસ્થાનો મંત્ર છે તે સંસ્થા એટલે વિશ્વ મંગલમ અનેરા. આદરણીય સ્નેહી શ્રી ગોવિંદભાઈ રાવલ અને તેમનાં ધર્મપત્ની સુ. શ્રી સુમતિબેન રાવલે ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ હિંમતનગર તાલુકાના આકોદરા ગામ નજીક આ ગામના આગેવાનોએ આપેલ જમીનમાં 'અનેરા' નામની સંસ્થા ઊભી કરી છે. તે જ રીતે નનાનપુર, હાજીપુર અને ગઢોડા ગામે જે જમીન આપી તેમાં 'વૃંદાવન સંકુલ' ઊભું કર્યું છે.

આ સંસ્થાનો શુભારંભ હડિયોલ ગામના નીલકંઠ મહાદેવની ધર્મશાળામાં કરેલો. હડિયોલ આ વિસ્તારનું મોટું ગામ હોવા છતાં ગામ લોકોએ આ ગામમાં હાઈસ્કૂલ ન કરતાં અનેરાના કુમાર- કન્યા વિદ્યાલયમાં આજ લગી વિદ્યાર્થીઓને ભણવા મોકલ્યા છે. શરૂમાં શાળાની જમીન મળતાં ઘાસનાં છાપરાં બાંધી અને પછી માટીના ખોરડાં ચણી વર્ગો શરૂ કરેલ. ત્યારબાદ દાતાઓના સહયોગથી શાળા સંકુલમાં અનેક પાકા મકાનનું નિર્માણ થયું. આ સંસ્થાનો શિલાન્યાસ સાધુચરિત રાજપુરુષ મા. શ્રી ગુલઝારીલાલ નંદા એ કરેલ.

આ સંસ્થાનું સૌથી શ્રેષ્ઠ કાર્ય હોય તો તે છે સ્ત્રીશિક્ષણ. જે સમયે છોકરીઓને શાળામાં મોકલવાની સૂગ હતી તેવા કપરા સમયમાં ઉભય દંપતીએ ઘરે ઘરે જઈ વાલીઓનો પ્રત્યક્ષ સંપર્ક કરી, સમજ આપી કન્યા કેળવણી ક્ષેત્રે અથાગ પ્રયત્નો કર્યા છે. આ પ્રદેશમાંથી ૧૦૦૦થી વધુ બહેનો પીટીસી કરી ગુજરાતના ખૂણે ખૂણે શિક્ષિકા તરીકે તેમની સેવાઓ અદા કરી રહી છે. આ પીટીસી કૉલેજમાંથી આ જિલ્લાની તથા

ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી થઈ ૫૦૦૦થી વધુ શિક્ષિકાઓએ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પોતાનું યોગદાન આપ્યું છે. આ કાર્યમાં સુમતિબેન રાવલનો સૌથી વિશેષ ફાળો રહ્યો છે.



વિશ્વ મંગલમ - અનેરા

આ સંસ્થામાં દેશના અને ગુજરાતના અનેક સમાજ સેવકો, કવિઓ - લેખકો, સંત પુરુષોનાં પાવન પગલાં થયાં છે. પૂજ્ય રવિશંકર મહારાજ, આધ્યાત્મિક વિભૂતિ વિમલતાઈ, પૂર્વ વડાપ્રધાન માનનીય શ્રી મોરારજી દેસાઈ, કાકાસાહેબ કાલેલકર, કવિશ્રી ઉમાશંકર જોષી , આદરણીય મનુભાઈ પંચોળી (દર્શક), શ્રી રઘુવીર ચૌધરી, શ્રી પ્રકાશ ન. શાહ, શ્રી સુદર્શન આયંગર, સુ. શ્રી. ઈલાબેન ભટ્ટ, મા. શ્રી સી.કે.પટેલ, શ્રી સુરેશ સોની (સહયોગ સંસ્થા), ડૉ. દાઉદભાઈ ઘાંચીએ આ સંસ્થામાં મુલાકાત લઈ કાર્યક્રમોમાં સહભાગી થયા છે.

આ સંસ્થામાં - અનેરામાં નીચેની શૈક્ષણિક સંસ્થાઓ સહભાગી છે.

(૧) વિનય મંદિર ભવન (૨) સ્ત્રી અધ્યાપન મંદિર (૩) ઉ. બુ. કન્યા વિદ્યાલય ભવન (૪) ઉચ્ચતર વિદ્યાલય ભવન (૫) સ્ત્રી અધ્યાપન છાત્રાલય ભવન (૬) કન્યા છાત્રાલય (૭) ઉચ્ચતર કન્યા છાત્રાલય (૮) કોમ્પ્યુટર ભવન (૯) ઉપાસના મંદિર ભવન (૧૦) ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (૧૧) ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (૧૨) સમાજ કલ્યાણ યોજના (૧૩) ખાદી ભંડાર (૧૪) સર્વોદય યોજના (૧૫) બેકરી વિભાગ (૧૬) સજીવ ખેતી (૧૭) વર્મી કલ્ચર ટ્રેનિંગ સેન્ટર

વૃંદાવન મુકામે : વિનય મંદિર ભવન અને છાત્રાલય ભવન.

## હિંમતનગર કેળવણી મંડળ હિંમતનગર




હિંમતનગર એટલે હાથમતી નદીના પવિત્ર કિનારે અડીને આવેલું સાબરકાંઠા જિલ્લાનું ગૌરવશાળી પાટનગર. આઝાદી પૂર્વેની શ્રી હિંમતસિંહજી મહારાજ ની રાજધાની. સને ૧૯૪૨ માં હિંમત હાઈસ્કૂલ નો ગૌરવવંતો પ્રારંભ થયેલો. જેનું સંચાલન તે સમયની ઈડર સ્ટેટ સરકાર કરતી હતી . આઝાદી પછી ૧૯૪૭થી તેનું સંચાલન મુંબઈ રાજ્ય સરકાર કરતી હતી. ' મર્દ બનો અને મર્દ બનાવો' તથા 'હિંમતે મર્દા તો મદદે ખુદા' ના સૂત્રો સાથે મર્દાનગી ભર્યા અને સંસ્કારી જીવન ઘડતર માટે હિંમતનગરના જ્ઞાનપિપાસુ શ્રેષ્ઠીઓ એ ૧૯૫૨ના પ્રજાસત્તાક દિનની ઉષાએ હિંમતનગર કેળવણી મંડળની સ્થાપના કરી. આજ દિન સુધી હિંમત હાઈસ્કૂલ હિંમતનગર નું સંચાલન હિંમતનગર કેળવણી મંડળ ને સોંપ્યું છે. શાળા ધોરણ ૧ થી ૧૨ સુધીના

વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહી છે. આ ઉપરાંત હિંમતનગર કેળવણી મંડળ (૧) આર્ટ્સ કૉલેજ (૨) સાયન્સ કૉલેજ (૩) લો કૉલેજ (૪) બી.બી.એ કૉલેજ (૫) ફાર્મસી કૉલેજ (૬) કોમ્પ્યુટર સેન્ટર (૭)હિંમત હાઈસ્કૂલ નંબર ૨ (૮) મોતીપુરા પ્રાથમિક શાળા (અંગ્રેજી માધ્યમ) (૯) પીટીસી કૉલેજ જેવી અનેક સંસ્થાઓનું સંચાલન કરે છે . આશરે ૧૦ હજારથી વધારે વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંસ્કાર આપવાનું કાર્ય આ કેળવણી મંડળ કરી રહ્યું છે. ઉત્તર ગુજરાતના સૌથી મોટા શિક્ષણ સંકુલ પૈકીનું આ એક છે.

શરૂઆતમાં નામદાર રાજ્ય સરકારે હિંમત હાઈસ્કૂલ નું મકાન રૂપિયા ૧૫ અને હિંમત બોર્ડીંગ નું મકાન રૂપિયા ૧૦ ના ટોકન ભાડાથી મંડળને આપેલ હતું. આ મકાનો માલિકીના ધોરણે મેળવવા ઘણા લાંબા સમયથી રાજ્ય સરકારશ્રી પાસે મંડળે માંગણી કરેલી હતી . પરંતુ સફળતા પ્રાપ્ત થતી ન હોતી . માનનીય શ્રી આત્મારામભાઈ પટેલ( ભૂતપૂર્વ માજી મંત્રીશ્રી મહેસુલ વિભાગ) ના સંનિષ્ઠ પ્રયત્નો થી ૧૯૯૮માં શાળાનું મકાન માલિકીના ધોરણે મંડળ મેળવવા સદભાગી થયેલ છે. શ્રી જયંતીલાલ શીવલાલ મહેતા ની મોટી જમીન તથા મોટી રકમના ઉમદા દાનથી તેમના પિતાશ્રીના નામે ‘એસ.એસ. મહેતા આર્ટ્સ કૉલેજ’ તથા શાંતુભાઈ એમ. પટેલ તથા



પ્રવીણભાઈ એમ. પટેલ ના ઉમદા દાનથી તેમના પિતાશ્રીના નામે ‘એમ.એન. પટેલ કોમર્સ કૉલેજ’ ૧૯૬૫ થી શરૂ થયેલ છે. શરૂઆતમાં આ કોલેજો હિંમત હાઈસ્કૂલના મકાનોમાં ચાલતી હતી . પરંતુ નવાં અદ્યતન મકાન બનતાં ત્યાં શરૂ કરવામાં આવી છે. મહાવીરનગર વિસ્તારમાં આવેલ હિંમત હાઈસ્કૂલ નંબર-૨ ૧૯૮૧ થી શરૂ કરવામાં આવી છે. શરૂઆતમાં ભાડાના મકાનમાં ત્યારબાદ શ્રીનાગર વિસ્તારમાં આશરે ૩૫ લાખના ખર્ચે વિશાળ અદ્યતન મકાન તૈયાર થયેલ છે. ડૉ. સુમન પંડ્યા ફાઉન્ડેશન( યુ.એસ.એ) ના પુત્ર નિતીન અને પુત્રવધૂ કૌમુદીની ની યાદ માં તેમના સાત લાખના માતબર દાનથી આ શાળાને' નિતીન અને કૌમુદીની પંડ્યા હિંમત હાઈસ્કૂલ ૨ ' નું નમાભિધાન કરવામાં આવ્યું છે . હિંમતનાગર નાગરિક સહકારી બેન્કના ચેરમેનશ્રી તથા ડિરેક્ટરોશ્રીઓના નિર્ણયથી સાત લાખ એકાવન હજાર ના માતબર દાનથી આ શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગ ને 'હિંમતનગર નાગરિક સહકારી બેન્ક લિ. હાયર સેકન્ડરી' નામ આપવામાં આવ્યું છે. હિંમત હાઈસ્કૂલ પ્રાથમિક વિભાગ ને ડોક્ટર ચીમનભાઈ એસ.પટેલ તરફથી પાંચ લાખ એકાવન હજાર ના માતબર દાનથી 'શ્રી સાંકાભાઈ કાલીદાસ પટેલ હિંમત પ્રાઈમરી સ્કૂલ' નામ આપવામાં આવ્યું છે.

શાળા મંડળે હિંમત હાઈસ્કૂલ નું નવીન અદ્યતન મકાન તાજેતરમાં બનાવેલ છે.

- **શ્રી હિંમતનગર કેળવણી મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ**

- શ્રી મંગુભાઈ બી. ભટ્ટ(૧-૪-૫૩ થી ૩૧-૩-૭૧)
- શ્રી મહારાજા માનસિંહજી (૧-૪-૭૧ થી ૩૧-૩-૭૫)
- શ્રી જયંતીભાઈ એસ. મહેતા (૧-૪-૭૫ થી ૩૧-૩-૮૭)
- શ્રી કનુભાઈ એસ. શાહ (૧-૪-૮૭ થી ૩૧-૩-૯૫)
- શ્રી દિલીપભાઈ એન. ગાંધી (૧-૪૯૧ થી ૩૧-૩-૯૫)
- ડૉ. ચીમનભાઈ એસ.પટેલ (૧-૪-૯૫ થી ૩૧-૩-૨૦૧૦)
- શ્રી નાથાભાઈ મોહનભાઈ પટેલ (૨૦૧૦ થી .....)

## શ્રી એન .એચ. શાહ ( સાઠંબાવાળા) હાયર સેકન્ડરી સ્કૂલ , બાયડ

બાયડ કેળવણી મંડળ સંચાલિત શ્રી એન. એચ. શાહ ( સાઠંબાવાળા ) હાઈસ્કૂલ, બાયડ ની સ્થાપના સને ૧૯૫૦માં કરવામાં આવી હતી . ભારતની આઝાદી સુધી (૧૯૪૭ સુધી) બાયડ ગામ ઇડર સ્ટેટ નું ગામ હતું. અને માત્ર ધોરણ ૭ સુધી પ્રાથમિક શિક્ષણ ની સુવિધા હતી. બાયડ એ તાલુકાનું મુખ્ય કેન્દ્ર હોવાથી આ વિસ્તારમાં માધ્યમિક શિક્ષણની જરૂરીયાત ઊભી થઈ.

બાયડ ગામના શિક્ષણ પ્રેમી મુખી, રેવાભાઇ છગનભાઈ પટેલે પોતાની આગવી સૂઝબૂઝથી હાઈસ્કૂલની સ્થાપના કરવાનું બીડું ઝડપ્યું. તેઓ નિવૃત્ત પ્રાથમિક શિક્ષક હતા . આ અરસામાં બાયડ ગામના નિવૃત પ્રાથમિક શિક્ષકશ્રી ચીમનલાલ ભોગીલાલ શાહ તેમના આ કાર્ય સાથે જોડાયા. તે સમયે શાળાનું કોઈ મકાન ન હતું. માધ્યમિક શાળાનું પ્રથમ વર્ષ ધોરણ-૮ હાલની બાયડ મહાજનની વાડીમાં શરૂ કરવામાં આવ્યું. શાળાના પ્રથમ કાર્યકારી આચાર્ય ચીમનલાલ ભોગીલાલ શાહ બન્યા. સંખ્યા વધતાં આગળના ધોરણ ૯,૧૦ અને ૧૧ ના વર્ગો પરબડી પાસેની ચીમનલાલ ભોગીલાલની દુકાનમાં તથા હાલ બાયડ નગરપાલિકાની પાસે ના રૂમમાં શરૂ કરવામાં આવ્યાં.



શ્રી એન .એચ. શાહ ( સાઠંબાવાળા) હાયર સેકન્ડરી સ્કૂલ , બાયડ

બાયડના મુખી રેવાભાઈ છગનભાઈ, શાહ માધવલાલ મણીલાલ (નગરશેઠ), નટવરલાલ ઠાકોર, રેવાભાઇ છગનભાઈ, અમથાભાઈ, સોમાલાલ પ્રેમજીભાઈ વિગેરે આગેવાનોએ શાળાનું મકાન બાંધવા માટે જગ્યા શોધવાનું શરૂ કર્યું.

સર્વે નંબર ૭૬૨ તથા ૭૬ ની જમીન પુરોહિત મણીલાલ બળદેવપ્રસાદ, ઠાકોર નટવરલાલ ચુનીલાલ તથા ચુનીલાલ દેસાઈએ બક્ષીસ આપી. તારીખ ૨૨/૨/૧૯૫૬ના રોજ શાળાના હાલના મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું . ત્યારબાદ બારોટ નાથાભાઇ જીવાભાઈએ છાત્રાલય (બોર્ડિંગ) બાંધવા માટે જમીન આપી.

શાળાના પ્રથમ કાર્યકારી આચાર્ય ચીમનલાલ ભોગીલાલ હતા. ત્યાર બાદ સને ૧૯૫૫ થી સતત ૨૦ વર્ષ સુધી હરજીવનભાઈ ત્રીકમભાઈ પટેલ( એચ. ટી. પટેલ) આચાર્ય તરીકે સેવાઓ આપી શાળાને વિકાસને પંથે નોતરી. બાયડ કેળવણી મંડળના ચેરમેન તરીકે મુખી શ્રી રેવાભાઈ છગનભાઈ સતત 30 વર્ષ સુધી રહ્યા. અને શાળાના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું.૧૯૭૬ માં ૧૦ + ૨ + ૩ ની તરાહ આવી ત્યારે બાયડ તાલુકામાં માત્ર એન. એચ. શાહ હાઈસ્કૂલ બાયડમાં જ વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવામાં આવ્યો.

શાળાના બાંધકામ માટે સાઠંબાના રહીશ શેઠ નાનચંદ હીરાચંદ શાહે તે સમયે રૂ ૨૧000/- દાનમાં આપ્યા હતા. અને તેમના નામે શાળાનું નામ આપીને નામાભિધાન કરવામાં આવ્યું.

## શેઠ પી. એન્ડ આર. હાઈસ્કૂલ, પ્રાંતિજ

આઝાદી પછી પ્રાથમિક શિક્ષણને વેગ મળતાં પ્રાંતિજ શહેરમાં માધ્યમિક શિક્ષણની જરૂરિયાત ઊભી થઈ. એના ફળસ્વરૂપે તારીખ ૧૨/૧/૧૮૯૩માં સૌપ્રથમ આ તાલુકામાં માધ્યમિક શિક્ષણ આપતી સંસ્થા તરીકે પ્રાંતિજમાં શેઠ પી એન્ડ આર હાઇસ્કૂલ શરૂ કરવામાં આવી. જેનું સંચાલન પ્રાંતિજ નગરપાલિકા દ્વારા કરવામાં આવે છે . આ સ્કૂલનું નામ પહેલાં 'એડવર્ડ મેમોરિયલ એ. વી. સ્કૂલ' હતું. સને ૧૯૩૫માં આ શાળાના વિદ્યાર્થી શ્રી રમણલાલ ભોગીલાલ યુવાન વયે અવસાન પામતાં તેમના પિતાશ્રીએ તેમની યાદમાં માતબર દાન આપતાં આ શાળાનું નામ 'શેઠ પી એન્ડ આર હાઈસ્કૂલ' આપવામાં આવ્યું.

આઝાદી પહેલાં આ શાળામાં પ્રાંતિજ નગર અને આજુબાજુના આશરે ૨૫ જેટલા ગામોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવતા હતા. આ શાળામાં ઉચ્ચતર માધ્યમિક પણ સમય જતાં શરૂ કરવામાં આવ્યું. આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ કાર્યરત છે. પ્રાંતિજ તાલુકામાં ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહ માત્ર આ શાળામાં ચાલે છે. આ શાળા સાથે સંલગ્ન ધોરણ ૬ થી ૮ ની ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા પણ કાર્યરત છે.

આ શાળાએ સંસદસભ્યો, ધારાસભ્યો, ડોક્ટર, એન્જિનિયરો, વૈજ્ઞાનિકો , ધારાશાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ, પત્રકારો જેવા મહાનુભાવો સમાજને ચરણે ધર્યા છે. મુ. મગનભાઈ પટેલ જેવા સંસદસભ્ય , પુરુષોત્તમ સોલંકી , ગોપાલ પટેલ , ડૉ. મુકુંદરાય પંડ્યા જેવા ધારાસભ્યો, એમ.એમ. સુરતી જેવા ડેપ્યુટી કલેકટર અને મા. હર્ષદભાઈ રાવલ જેવા જિલ્લા શિક્ષણાધિકારી પણ આ જ શાળાની દેણ છે.

## સાબર ગ્રામ સેવા મહા વિદ્યાલય -સોનાસણ

આ સંસ્થા ૧૯૮૬માં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે સંસ્થાપિત કરવામાં આવી છે. ગાંધીયુગનાં મૂલ્યોને પોતાનું જીવન ધ્યેય બનાવી 'બૃહદ સાબરકાંઠા' જિલ્લાની પ્રજાને સહકારના તાંતણે જોડી ને જિલ્લાની અનેક ટોચની સહકારી સંસ્થાઓની સ્થાપના માં મહત્વની ભૂમિકા ભજવનાર પ્રામાણિક વહીવટકર્તા તરીકે અપ્રતિમ લોકચાહના મેળવનાર સોનાસણ ના વતની 'શ્રી ગોપાળકાકા'ના દેહવિલય બાદ તેમના જીવનકાર્યને સંસ્થાપિત કરવા 'શ્રી ગોપાલદાસ પટેલ ફાઉન્ડેશનની' સ્થાપના જિલ્લાના સહકારી આગેવાનોની પ્રતિબદ્ધતા થી ૧૯૮૬માં કરવામાં આવી. સોનાસણ કેળવણી મંડળની ઉદારતાથી ત્રણ રૂમના મકાનમાં શરૂ થયેલ ફાઉન્ડેશન આજે જિલ્લાની અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા તરીકે નામના મેળવી એક વિશાળ વટવૃક્ષ સમાન બની ગઈ છે. આ સંસ્થાના મકાન માટેની જમીન તત્કાલીન ગ્રામ પંચાયતના સરપંચ સ્વ. કાળાભાઇ ચતુરભાઈ પટેલ ના સહયોગથી પ્રાપ્ત થયેલ છે.



સાબર ગ્રામ સેવા મહા વિદ્યાલય -સોનાસણ

આ ફાઉન્ડેશનને વાસ્તવિક સ્વરૂપે અવતરીત કરવા માટે પોતાના જીવનના છેલ્લા શ્વાસ સુધી અથાગ પ્રયત્ન કરનાર સંસ્થાના સ્થાપક અને આજીવન પ્રમુખ સ્વ. શાંતુકાકાના અવિસ્મરણીય યોગદાને આ સંસ્થાને શરૂઆતના પડકાર રૂપ દશકામાં મજબૂત આધાર આપ્યો છે. શરૂઆતના દશકામાં ગ્રાન્ટના અભાવ વચ્ચે કર્મચારીઓના પગારનું ભારણ, જમીન સંપાદનની જટીલ કામગીરી, તથા માળખાગત સુવિધાઓના અનેક પડકારો હતા. પરંતુ સહકારી સંસ્થાઓ અને સહયોગી સાથીઓની મદદથી સ્વ. શાંતુકાકાએ પૂર્ણ કરી બતાવ્યું હતું. તેમણે અનેક પ્રયત્નો કરી ફાઉન્ડેશનના નામે જમીન કરાવી . ઇસ ૧૯૯૭માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ થતાં વિદ્યાપીઠનું મહાવિદ્યાલય માં રૂપાંતર થયું. આ સંસ્થા દ્વારા અપાતી પદવીને યુનિવર્સિટી ની માન્યતા મળતાં વિદ્યાર્થીઓની કારકિર્દીનાં નવાં દ્વાર ખૂલ્યાં. શૈક્ષણિક ક્ષેત્રે આવી રહેલાં આવાં પરિવર્તનોને પારખીને સમગ્ર જિલ્લામાં 'માસ્ટર ઓફ રૂરલ સાયન્સ (M.R.S.)'નો પ્રથમ અભ્યાસક્રમ અહીં શરૂ કરવામાં આવ્યો. સાથે-સાથે 'એમ.એસ.ડબલ્યુ'ની કૉલેજ શરૂ કરવામાં આવી.

સ્વ. શાંતુકાકાએ દેહવિલય બાદ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકેની જવાબદારી તત્કાલિન ધારાસભ્ય શ્રી ભગવાનદાસ પટેલને સોંપવામાં આવી. તેમના સમયગાળા દરમિયાન સ્ટાફ ક્વાર્ટર્સ બનાવી આ ગ્રામવિદ્યાપીઠને સાચા અર્થમાં નિવાસી વિદ્યાપીઠ બનાવવામાં આવી. આ ઉપરાંત સ્વ. શ્રી ભુરાભાઇ ખોડીદાસ પટેલ , સ્વ. શ્રી અમીચંદભાઈ પટેલ વગેરે આ સંસ્થાના વિકાસમાં સવિશેષ યોગદાન આપેલ છે. હાલમાં મહેશભાઇ અમીચંદભાઈ પટેલ આ સંસ્થાને પ્રગતિને પંથે અગ્રેસર કરી રહ્યા છે.

### એન. આર. એ. વિદ્યાલય – ભિલોડા

ઈડર સ્ટેટ વખતે ઈસ. ૧૯૪૬ સુધી ભિલોડામાં એંગ્લો વર્નાક્યુલર (ધોરણ:૭) સુધી શિક્ષણ આપાતી શાળા હતી . તેને હાઈસ્કૂલ સુધી લઈ જવા ગામલોકો તથા તે સમયે શિક્ષણ માટે કાર્ય કરતું 'ભિલોડા વિદ્યા ઉત્તેજક મંડળે' ખૂબ જ પ્રયત્નો કર્યા. તે વખતના રાજ્યના દીવાન સાહેબને આ માટે વિનંતીઓ કરવાનું ચાલુ રાખ્યું. તેમણે ગામ લોકો અમૂક સહારો આપે તો ભિલોડામાં હાઇસ્કૂલ માટેની વ્યવસ્થા કરવાનું વચન આપેલું. ગામલોકોએ દોઢ-બે વર્ષ મુંબઈથી ફંડ મેળવવા પ્રયત્નો કર્યા. સને ૧૯૪૮માં ગામ ના જુદા જુદા મંડળ જે એકસરખી વિચારસરણી ધરાવતાં હતાં. તેમણે મકાન ફંડ માટે ૧૪ ઉત્સાહી ભાઈઓની ટીમ તૈયાર કરી અને તારીખ ૨૭/૯/૧૯૪૮ના રોજ 'શ્રી ભિલોડા શાળા ફંડ સમિતિની' રચના કરી. શ્રી જયંતિભાઇ બી. જોષી અને બીજા ૧૩ મહાનુભાવો તેમાં સંમિલિત થયા . ફંડ એકઠું કરવાનું કામ સક્રિય બની સમિતિએ રૂપિયા ૧૨,000નું ફંડ એકઠું કર્યું . પણ



૧૯૪૯ના મે-જૂનમાં ઇડર રાજ્યનું મુંબઈ રાજ્યમાં વિલિનીકરણ થયું .આથી કામમાં અડચણ આવી. તે સમયે શ્રી બામણીયા નાથાભાઈ કેસરભાઈએ શાળાના મકાનબાંધકામ માટે દોઢ એકરનો પ્લોટ બહુ જ નજીવી કિંમતે સમિતિને આપ્યો . જે આજનું મકાન છે તે જગ્યા. ૧૯૫૦માં શ્રી મોહનલાલ ત્રિવેદીની આગવી સૂઝથી તમામ જૂના મંડળો નું એકત્રિકરણ કરી, તારીખ ૨૯/૩/૧૯૫૦ના રોજ 'જનસેવા સંઘ ભિલોડા'ની રચના થઈ. આથી આ મંડળે હાઈસ્કૂલના મકાન બાંધકામ માટે જરૂરી ફંડ ભેગું કરવાની કાર્યવાહી ચાલુ રાખી. આ મંડળે રૂપિયા ૩૧ હજારનું ફંડ એકત્રિત થતાં શરૂઆતમાં પાંચ ઓરડાનું શાળાનું મકાન બાંધવામાં આવ્યું . બાંધકામ સમિતિ એ તારીખ ૮/૩/૧૯૫૯ના રોજ હાઈસ્કૂલનું બાંધકામ પૂર્ણ થતાં બાકીની અનામત રકમ જન સેવા સંઘ ને પરત કરી સમિતિનું વિસર્જન કરવામાં આવ્યું . ૧૯૫૧ થી ધોરણ ૮નો એક વર્ગ નવા બંધાયેલા હાઈસ્કૂલના મકાનમાં શરૂ થયો. શરૂમાં આઠ વિદ્યાર્થીઓ ભણવા દાખલ થયા હતા. ૧૯૫૩માં ધોરણ ૯ શરૂ થયું .૧૯૫૭ થી મેટ્રિક

(ધોરણ ૧૧)નો વર્ગ શરૂ કરવામાં આવ્યો . શાળાનો વિકાસ થતો રહ્યો. દિનપ્રતિદિન વિદ્યાર્થીઓની સંખ્યા વધવા લાગી. આથી કાનજી મૂળજી ટ્રસ્ટની ધર્મશાળામાં વિદ્યાર્થીઓને બેસાડવા પડયા. આ સંઘના પ્રમુખ શ્રી કાલીદાસ પ્રભુજી જોષી ના પ્રયાસથી શ્રી ન.રા.આશર ટ્રસ્ટ મુંબઈએ રૂપિયા ૩૦૦૦૦/- (ત્રીસ હજાર) ભિલોડા હાઈસ્કૂલના આ વધારાના રૂમો બાંધવા માટે આપ્યા. ૨૮/૯/૧૯૫૮ ની જાહેર સભામાં આ દાન સ્વીકારી ભિલોડા હાઈસ્કૂલ નું નામ ન.રા.આ. વિદ્યાલય (એન .આર. એ. વિદ્યાલય) ભિલોડા રાખવાનું ઠરાવવામાં આવ્યું. તારીખ ૮/૨/૧૯૬૧ ના રોજ ગુજરાતના કવિવર **શ્રી ઉમાશંકર જોષી** ના પ્રમુખ સ્થાને શેઠ શ્રી દ્વારકાધીશ અને ખીમજી મુખીના વરદ હસ્તે નવા મકાનનું ઉદઘાટન તેમજ નામકરણ વિધિ કરવામાં આવી . આ ટ્રસ્ટે અત્યાર સુધી એક લાખ રૂપિયાનું દાન આપ્યું છે . શાળા બાંધકામનો કુલ ખર્ચ ૬,૬૫,૦૦૦/- રૂ. થયો છે. ૧૯૭૬માં ઉપરના માળે પ્રાર્થના ખંડ અને બીજા છ નવા ઓરડાઓ બાંધી તેની નામકરણ વિધિ અને ઉદ્ઘાટન સમારોહ ૫/૧૦/૮૨ના રોજ કરવામાં આવ્યો હતો. આજે સંસ્થામાં આશરે ૧૧૦૦ થી ૧૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ અભ્યાસ કરે છે. હાઈસ્કૂલ ને અડીને એક ખેતર ૪ એકર અને ૩૬ ગુંઠા હતું. તે સ્કૂલના ભાવિ વિકાસ માટે ખેતરનાં માલિક 'ગોવિંદજી લખાજી પંચાલે' પોતાની સ્વર્ગસ્થ પત્ની ‘ભૂરીબાઈ’ના પુણ્યાર્થે આ સંસ્થાને દાનમાં આપી દીધી. આ સંસ્થામાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ પણ ચાલે છે . શ્રી લાભુભાઈ પંડ્યા( શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા) અને શ્રી હરિભાઈ ત્રિવેદીએ આ મંડળને સક્રિય રાખી વિશેષ યોગદાન આપેલ છે.

### શ્રી પી. સી. એન. હાઈસ્કૂલ , મેઘરજ

આ સંસ્થા ૧૯૫૪માં સ્થાનિક મંડળ દ્વારા શરૂ કરવામાં આવી છે .જેના સંસ્થાપકો પૈકી શ્રી સોમાલાલ જે. પંડ્યા અને ભાનુશંકર પંડ્યા મુખ્ય રહ્યા છે . આ મંડળના બીજા અગત્યના કાર્યકરો શ્રી પૂનમચંદ લીલાચંદ મહેતા ,ચંદુભાઈ લલ્લુભાઈ ગાંધી, નાથજીભાઈ ભગવાનદાસ દોશી એ શાળા વિકાસમાં અગત્યનો ફાળો આપ્યો છે. આ શાળાના મકાન બાંધકામ ની જગ્યા સરકારી રાહે મળેલ છે. શરૂઆતમાં આ પ્રદેશના વિદ્યાર્થીઓ મોડાસા અને સાઠંબા અભ્યાસ કરવા જતા હતા. હાલ આ સંસ્થામાં ધોરણ ૧ થી ૧૨ માં ૨૧૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

### શ્રી પી.જી.મેહતા હાઈસ્કૂલ , માલપુર

ઈસ.૧૯૫૧માં શ્રી પાનાચંદ ગુલાબચંદ મહેતા હાઈસ્કૂલ માધ્યમિક વિભાગનો પાયો નંખાયો . માલપુર તાલુકા કેળવણી મંડળના અથાગ પ્રયત્નો, દાતાઓની ઉદારતા, આચાર્યશ્રીઓના કુશળ વહીવટ તથા શિક્ષકોની ઉદારતા અને ખંતે શિક્ષણ આપી રહેલા એક છોડને આજે વટવૃક્ષ બનાવ્યું છે. આટલી લાંબી સફરમાં આ સંસ્થાએ અનેક તડકા-છાંયડા જોયા છે અને સફર સર કરી છે.

શાળા કેમ્પસમાં ધોરણ ૯ થી ૧૨ માં ૨૦ જેટલા વર્ગોમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ જુદા જુદા વિભાગોમાં ૪૦ જેટલા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની કર્મનિષ્ઠ સેવાઓનો લાભ મેળવી રહ્યા છે. આ સંસ્થાની સ્થાપનાથી માંડી આજ દિન સુધીમાં માધ્યમિક વિભાગમાં ૧૪૦૦૦ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૧૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા પ્રાથમિક વિભાગમાં (ધોરણ ૬ થી ૮) ૬૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાની જ્ઞાનપિપાસા ને સંતોષી છે.

### શેઠ કે. ટી. હાઈસ્કૂલ , ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા નગરમાં બ્રાહ્મણો અને પટેલોની વસ્તી મોટી સંખ્યામાં છે. આઝાદી પ્રાપ્ત થયા પછી આ વિસ્તારમાં માધ્યમિક શિક્ષણ આપતી કોઈ સંસ્થા નહોતી. વિદ્યાર્થીઓને દૂર દૂર સુધી અભ્યાસ કરવા જવું આર્થિક રીતે પરવડે તેમ નહોતું. આ ગામના અગ્રણી એવા શ્રી શિવશંકર જોષી એડવોકેટ હતા. તેઓના માં સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના હતી. આથી ગામના અગ્રણી મહાનુભાવ શ્રી દેવજીકાકા,

મુખી ચીમનકાકા ,પોપટકાકા , શંકરકાકા, રણછોડલાલ ડોક્ટર સાહેબ તથા છોટાલાલકાકા જેવા વિદ્વાનો અને અગ્રણી નાગરિકોનો સહયોગ પ્રાપ્ત કરી ૧૯૫૨માં ખેડબ્રહ્મા ગામમાં શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી. થોડાક વર્ષો આ સંસ્થા ગામમાં ચાલી ત્યારબાદ મહારાજા સાહેબ ઈડરે સ્ટેશન વિસ્તારમાં શાળા માટે જમીન ફાળવી. શેઠ કેશવજી ઠાકરજીના માતબર દાનથી શૈક્ષણિક સંસ્થાનું નિર્માણ થયું. જે આજે શેઠ કે ટી હાઈસ્કૂલ નામે વિખ્યાત બની છે. સમગ્ર ખેડબ્રહ્મા પંથકના વિદ્યાર્થીઓએ આ સંસ્થામાં અભ્યાસ કરી જીવનમાં અગ્રેસર બન્યા છે. સને ૧૯૯૨થી ૧૯૯૯ સુધી શ્રી શિવશંકર જોષી એ પ્રમુખ સ્થાને રહી સંસ્થાના વિકાસમાં સક્રીય યોગદાન આપેલ છે. ત્યારબાદ શ્રી રણછોડભાઈ એચ. ત્રિવેદી અને હાલ શ્રી અશ્વિનભાઈ એસ. જોષી આ સંસ્થાનું સફળ સુકાન સંભાળી રહ્યા છે . આજે આ સંસ્થામાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગો ચાલે છે. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ ચાલે છે. શાળામાં સુંદર સભાખંડ સ્વ . મકનાભાઈ જીવાભાઈ ના દાનથી બાંધવામાં આવ્યો છે.




શેઠ કે. ટી. હાઈસ્કૂલ , ખેડબ્રહ્મા

## **શ્રી સૂરજબા હાઈસ્કૂલ ,ગાબટ ,તાલુકો : બાયડ**



શ્રી સૂરજબા હાઈસ્કૂલ ,ગાબટ ,તાલુકો : બાયડ

શ્રી ગાબટ કેળવણી મંડળ , ગાબટ દ્વારા સંચાલિત 'શ્રી સૂરજબા હાઇસ્કૂલ , ગાબટ' ની સ્થાપના ઈ.સ. ૧૯૩૬ માં થયેલ છે . આ સંસ્થા અંગ્રેજોના સમયમાં ઇડર સ્ટેટ ના તાબા હેઠળ સ્થપાઈ છે. ભારત દેશ સ્વતંત્ર થતાં ગામના મોવડી મંડળ દ્વારા આ સંસ્થાનું ટ્રસ્ટ ૧૯૫૪માં સરકાર માન્ય થયું આથી ૧૯૫૪ થી આજદિન સુધી 'ગાબટ કેળવણી મંડળ' આ સંસ્થાનું સંચાલન કરે છે . આ સંસ્થાના વિકાસમાં આ ગામના વતની અને પૂર્વ રાજ્યપાલ તમિલનાડુ તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી સ્વ કે. કે.શાહ નો ખૂબ જ સહકાર રહ્યો છે. તેમના માતૃશ્રી સ્વ. સૂરજબા નામે શાળાનું નામભિધાન થયેલ છે. હાલ યુએસએ સ્થિત તેમના પુત્ર શ્રીમાન પ્રકાશભાઈ કે. શાહ (CA) તથા 'એકલ ફાઉન્ડેશન (અમેરિકા) ના સંસ્થાપક શ્રી રમેશચંદ્ર પી. શાહ આ સંસ્થાના ઉત્તરોત્તર વિકાસ માટે સહભાગી થઇ રહ્યા છે.

આ શાળાના એસ.એસ.સી બોર્ડનાં પરિણામ ઉત્કૃષ્ટ રહ્યાં છે. વર્ષ ૧૯૮૯ થી ૧૯૯૧ સુધી રાજ્યમાં ત્રણ વર્ષ ગાબટ કેન્દ્રનું એસ.એસ.સી બોર્ડનાં પરિણામ પ્રથમ ક્રમે રહ્યાં છે. આ સંસ્થાના અનેક વિદ્યાર્થીઓ ડોક્ટર, ઉદ્યોગ ,ઈજનેર, બેન્કિંગ કોર્પોરેટ અને બિઝનેસ ક્ષેત્રે અમદાવાદ અને મુંબઈ ખાતે નામના મેળવી ચૂક્યા છે. કેટલાક વિદ્યાર્થીઓ અમેરિકામાં સ્થાયી થઈ તેમના કાર્યોથી આ ગામનું નામ રોશન કર્યું છે. આ સંસ્થાના વિકાસમાં સ્વ. ભાઈચંદકાકા ' ભામાશાએ' ભારે જહેમત ઉઠાવી છે. આ ઉપરાંત શ્રી નવનીતલાલ બી. શાહ , ડોક્ટર વી.વી. શાહ, શ્રી વિનયભાઈ કે. શાહે સંસ્થાના વિકાસ માટે ખુબ જ જહેમત ઉઠાવી છે.

## સર પ્રતાપ હાઈસ્કૂલ ઈડર

આ ખૂબ જૂની શાળા છે જેનો ૧૩૦ વર્ષ નો સુવર્ણ ઈતિહાસ છે.

સને ૧૮૯૦માં ઇડરના લોકવત્સલ, પ્રજાપ્રિય, વિદ્યાપ્રેમી સ્વ. મહારાજા કેસરીસિંહજીની પ્રેરણાથી નાનકડી શૈક્ષણિક સંસ્થાનું બીજ રોપાયું. ઇસ ૧૮૯૮માં ધોરણ ૪નો વર્ગ, ૧૮૯૯માં ધોરણ ૫નો વર્ગ શરૂ કરવામાં આવ્યો. સંખ્યા વધતાં શાળાના મકાનની જરૂર પડી. પ્રોફેસર મેકનાટન, સ્વ. કેસરીસિંહ જી.ના ગુરુ હતા. આથી તેમની યાદમાં તેમણે ઈ.સ. ૧૯૦૦ માં 'મેકનાટન સ્કૂલ'નો શિલારોપણ વિધિ શરૂ કર્યા. તે સમયે અતિથિવિશેષ તરીકે પધારેલ પોલિટીકલ એજન્ટ 'કર્નલ ફેરિસનાં' ધર્મપત્ની 'મિસિસ ફેરિસ'નાં હસ્તે ૨૯મી જાન્યુઆરી ૧૯૦૦ ના રોજ 'મેકનાટન સ્કૂલ'ની ઉદઘાટન વિધિ કરવામાં આવી હતી. તે સમયે ઇડર સ્ટેટની આ એક માત્ર શાળા હતી. આથી બહારથી ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જરૂરિયાત ઊભી થઈ. ઈ.સ. ૧૯૦૧માં મહારાજા કેસરીસિંહનું નિધન થતાં , તેમની કાયમી સ્મૃતિમાં 'કેસરીસિંહજી સ્મારક ફંડ' ની સ્થાપના કરવામાં આવી. તેના અનુસંધાને 'કેસરી બોર્ડિંગ' અસ્તિત્વમાં આવી. ૧૨ મી એપ્રિલ ૧૯૦૭ માં છાત્રાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું. જેમાં પ્રથમ વર્ષે ૬૩ વિદ્યાર્થીઓ દાખલ થયા હતા . સમય જતાં ૧૯૨૮માં 'મેકનાટન સ્કૂલ'ને બદલે 'મહારાજા શ્રી પ્રતાપસિંહજી'ના નામથી 'સર પ્રતાપ હાઈસ્કૂલ'નું નામકરણ કરવામાં આવ્યું. ઈ.સ ૧૯૪૮માં ઇડર સ્ટેટનું મુંબઈ રાજ્યમાં વિલિનીકરણ થયું. આથી આ શાળાનો વહીવટ અમુક સ્થાનિક લોકોને સોંપવામાં આવ્યો. 'ઇડર પ્રજાકીય વિદ્યોતેજક ફંડ' ને 'ઇડર પ્રજાકીય વિદ્યોતેજક સમિતિ' એવું નામ આપવામાં આવ્યું. શાળાનો સમગ્ર વહીવટ આ સમિતિને સોંપવામાં આવ્યો.



સર પ્રતાપ હાઈસ્કૂલ ઈડર

આ સંસ્થાની પ્રગતિમાં 'ઇડર પ્રજાકીય વિદ્યોતેજક સમિતિ'ના સુકાનીઓ સ્વ. હરિશંકર રાવલ, સ્વ. ડૉ. ચંપકલાલ મહેતા, સ્વ. કાંતિલાલ વોરા, સ્વ. મહેન્દ્રભાઈ પંડયા, સ્વ શ્રી ચીમનલાલ શેઠ, સ્વ. પુરુષોત્તમદાસ અમીન, શ્રી ડૉ. જે.સી.શાહ તથા શ્રી જે.ટી.ચૌહાણ (પૂર્વ

પ્રિન્સિપલ) નો વિશેષ ફાળો રહ્યો છે. શ્રી જે.ટી. ચૌહાણ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી , શિક્ષક અને આચાર્ય તરીકે અને હાલ પ્રમુખ તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

આ સંસ્થાને સ્વ. એને. એમ. ત્રિવેદી, સ્વ. એન. કે. ભટ્ટ, શ્રી જે.ટી. ચૌહાણ, શ્રી એમ. આર. પટેલ, શ્રી કે.આર. મહેતા, શ્રી બી.આર.પટેલ અને શ્રી પી.આર. દવે જેવા સુકાનીઓ મળ્યા છે. જેઓએ આ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ માટે મહત્તમ પ્રયત્નો કર્યા છે.

આ સંસ્થાનો ઈતિહાસ ગૌરવવંતો છે. આ શાળાએ અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ સમાજને ચરણે ધર્યા છે. શાળાએ જેમના માટે હરહંમેશ ગૌરવ અનુભવ્યું છે. તેવા મૂર્ધન્ય કવિ **શ્રી ઉમાશંકર જોષી** અને સાહિત્ય જગતનો ચમત્કાર એવા **શ્રી પન્નાલાલ પટેલ** આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેઓ માત્ર ગુજરાતના જ નહીં પરંતુ ભારતના અગ્રીમ હરોળના સાહિત્યકારોમાંના સાહિત્યકાર છે.

શાળાની સ્થાપનાને ૭૫ વર્ષ પુરા થતાં,આ સંસ્થાએ ૧૩,૧૪ ફેબ્રુઆરી ૧૯૬૫ના દિવસે 'અમૃત મહોત્સવની' ઉજવણી કરી હતી. આ દિવસો દરમિયાન અનેક વિવિધતા સભર શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ તત્કાલીન આચાર્યશ્રી એન. એમ. ત્રિવેદીના સાનિધ્યમાં ઉજવવામાં આવ્યા હતા. આજ સમિતિ દ્વારા ઇડર શહેરમાં કૉલેજની સ્થાપના પણ કરવામાં આવી હતી. આ શાળાના 'અમૃત મહોત્સવ' ની ફલશ્રુતિ રૂપે કન્યા કેળવણીને ઉત્તેજન આપવા ઇ.સ. ૧૯૬૭થી ફક્ત બહેનો માટે એક નવી શાળા 'શેઠ સી.કે. સરસ્વતી વિદ્યામંદિર'ની શરૂઆત કરવામાં આવી. ઇડર શહેરના અગ્રણી વકીલ શ્રી ચીમનલાલ કેશવલાલ શેઠ તરફથી માતબર રકમનું દાન મળતાં તેમના નામે સંસ્થાનું નામભિધાન થયું. તત્કાલીન આચાર્ય શ્રીમતી ઉષાબહેન ઉપાધ્યાયનું શરૂઆતના સમયમાં વિશેષ યોગદાન રહ્યું.

વર્ષ ૧૯૯૦માં સંસ્થાને સો વર્ષ પૂર્ણ થતાં શાળાની 'શતાબ્દીની વર્ષની' ઉજવણી કરવામાં આવી હતી. તે સમયના ઈડરના ધારાસભ્ય તથા ગુજરાતના શિક્ષણ મંત્રી ડૉ. કરસનદાસ સોનેરી તેમજ ધારાસભ્ય શ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદી નો સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો. તે સમયના આચાર્યશ્રી જે.ટી. ચૌહાણના તથા કેળવણી મંડળના સાનિધ્યમાં ભવ્ય કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગની ઉજવણી નિમિત્તે એકત્રિત થયેલ ફંડમાંથી ઇડર મુકામે 'ટી. એમ. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ' અસ્તિત્વમાં આવી.

આ સંસ્થાને ૧૨૫ વર્ષ પૂર્ણ થતાં સવા સતાબ્દી વર્ષની ઉજવણી કરવામાં આવી. કેળવણી મંડળના સદસ્યશ્રીઓ , આગેવાનો તરફથી સુંદર સહકાર પ્રાપ્ત થયો . આ પ્રસંગે સંસ્થાને શેઠ શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ વેણીચંદ મહેતા પરિવાર તરફથી રૂપિયા ૭૪ લાખનું માતબર દાન અંગ્રેજી માધ્યમની સ્કૂલ માટે મળ્યું . આથી ૧૪ ફેબ્રુઆરી ૧૯૨૧ના રોજ 'શેઠ શ્રી એમ.પી. મહેતા અંગ્રેજી માધ્યમ સ્કૂલ' ખાતમુહૂર્ત સરપ્રતાપ સ્કૂલના મેદાનમાં કરવામાં આવ્યું.

### **શ્રી કે. એમ. પટેલ વિદ્યામંદિર, ઈડર**

ભૂમિકા : આઝાદી પછીના સમયમાં ઇડર તાલુકામાં શૈક્ષણિક સગવડોના અભાવને કારણે તથા શહેરમાં આવવા જવાની વાહનોની અગવડને કારણે પટેલ સમાજ તથા અન્ય સમાજના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ શિક્ષણની તકોથી વંચિત રહેતા હતા. ૧૯૪૭માં ઇડર તાલુકાના પટેલ સમાજના અગ્રણીઓ સ્વ. માધવલાલ તુલસીદાસ, સ્વ. રેવાકાકા (ઉમેદપુર), સ્વ. ગિરધરભાઈ વાલજીભાઈ, સ્વ. ગોવિંદભાઈ સાંકાભાઈ (કપોડા), સ્વ. જશકરણભાઈ મોતીભાઈ (ઉમેદગઢ), સ્વ.ડાહ્યાભાઈ ગનજીભાઈ (ગઢા), સ્વ. શામળભાઈ દેવજીભાઈ (કાવા) વિગેરેએ સમાજના બંધુઓ સાથે સહકારથી 'શ્રી કડવા પાટીદાર કેળવણી હિતવર્ધક મંડળી'ની સ્થાપના કરી. આ મંડળના સંચાલન હેઠળ વિદ્યાર્થીઓના રહેવા માટે બોર્ડિંગ (છાત્રાલય) ની વ્યવસ્થા કરી. પાંજરાપોળના ભાડાના મકાનમાં શરૂઆત કરી. આ બોર્ડિંગમાં રહી હિંમતનગર, ઇડર, પ્રાંતિજ તાલુકાના વિદ્યાર્થીઓ સર પ્રતાપ હાઇસ્કૂલમાં અભ્યાસ કરવા જતા હતા. સમાજના ૨૧, ૧૨,૪૨ અને દેહ ગોળ (ઇડર)ના પ્રત્યેક કુટુંબ દીઠ રૂપિયા ૧૧નું દાન (ફરજિયાત) ઉઘરાવી શાળાનું મકાન બનાવ્યું. વર્ષ ૧૯૬૭માં શ્રેયસ વિદ્યાલયના નામે શાળાનું બીજ રોપાયું. અને ધોરણ પાંચથી શાળાની શરૂઆત કરી. જેમાં વર્ગોમાં ક્રમિક વધારો થતાં શાળામાં ૧૬૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. ત્યારબાદ સંસ્થાનું

સુકાન સ્વ. અંબાલાલ માધવલાલ ,દાનજીભાઈ પરષોત્તમદાસે સંભાળ્યું. સંચાલક મંડળે શેઠ શ્રી કોદરભાઈ મોતીભાઈ પટેલ પાસેથી રૂપિયા ૨૨૦૦૦/- (બાવીસ હજાર)ના દાનથી વર્ષ ૧૯૭૧માં શાળાનું નામ શ્રેયસ વિદ્યાલયમાંથી 'શ્રી કે. એમ. પટેલ વિદ્યામંદિર ઇડર' કર્યું.

સંસ્થાના પ્રથમ સુકાની શ્રી નર્મદાશંકર ત્રિવેદી ટૂંકા ગાળાના સમય માટે રહ્યા હતા. તેમના સઘન પ્રયત્નોથી શાળા ધોરણ ૫ થી ધોરણ ૧૨ સુધીની થઈ હતી. સ્વ. આર. આર. ઉપાધ્યાય, સ્વ. કે.બી.પટેલ, સ્વ. બી.બી.પટેલે વર્ષો સુધી સુકાન સંભાળી સંસ્થાને વિકાસને પંથે અગ્રેસર બનાવી હતી. વર્ષ ૨૦૦૨થી યુવાન અને બાહોશ આચાર્ય શ્રી કિરણભાઈ જે. પટેલે સંસ્થાનું સુકાન સંભાળ્યું. આ સંસ્થાના આંગણે તાલુકા, જિલ્લા કક્ષાના યુવા મહોત્સવ તથા ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયાં છે. વર્ષ ૨૦૦૮ થી ધોરણ ૧ થી ૪ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા શરૂ થતાં અત્યારે ધોરણ ૧ થી ૧૨ ની શાળા કાર્યરત છે. હાલ ૧૯૭૫ વિદ્યાર્થીઓ શાળામાં અભ્યાસ કરે છે. સંસ્થાના વિદ્યાર્થીઓ તાલુકા, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ ભાગ લઈ તેમના સર્વાંગી વિકાસને ઉજાગર કરી રહ્યા છે.

વર્ષ ૨૦૧૯ માં જિલ્લાની બેસ્ટ સ્કુલનો એવોર્ડ પ્રાપ્ત થતાં સંસ્થાને એક લાખ રૂપિયાનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. છેલ્લાં ૧૫ વર્ષથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં બોર્ડનાં પરિણામ ૯૦% ઉપર રહેલ છે. આજે ઇડર, વડાલી ,ખેડબ્રહ્મા તાલુકાના અનેક વિદ્યાર્થીઓ આ સંસ્થામાં અભ્યાસ કરી રહ્યા છે. આ સંસ્થામાંથી અભ્યાસ કરી ૫૪ ડોક્ટર અને ૧૨ CA સમાજના વિવિધ ક્ષેત્રે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

## સી. ડી. પટેલ હાઈસ્કૂલ, તલોદ

નહિવત ભણતર હોવા છતાં શિક્ષણ ક્ષેત્રની વિશાળ દ્રષ્ટિને કારણે શિક્ષણની સુવિધા વધારવા માટે ૧૯૫૨ ની સાલમાં શ્રી ચૂનીકાકા એ પોતાની જમીનમાં જ ૬ (છ) ઓરડા બનાવીને પોતાના પિતાશ્રી દેસાઈભાઈ વસ્તાભાઇ પટેલના નામે પ્રાથમિક શાળા તૈયાર કરાવડાવી ૧૯૬૦માં જિલ્લા શિક્ષણ સમિતિને સોંપી.

તે સમયના આગેવાનોએ ચુનીકાકાના માર્ગદર્શન અને આગેવાની નીચે અમદાવાદ જિલ્લાના જૂના લોકસંઘ દ્વારા ફક્ત ૧૩ વિદ્યાર્થીઓમાંથી ધી.તલોદ સ્ટેશન વેપારી મહાજનના મેડા ઉપર તારીખ ૧૧/૧૨/૧૯૩૮ થી પ્રાથમિક શાળા શિક્ષણનું પ્રથમ ધોરણ શરૂ કરાવીને શિક્ષણના બીજ વાવ્યાં. આ બીજનું વિશાળ વટ વૃક્ષ આજે સી. ડી .પટેલ હાઇસ્કૂલના નામે તલોદના વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિક્ષણ અને સંસ્કારની છાંયડી આપી રહ્યું છે. ધી.તલોદ કેળવણી મંડળના પ્રમુખ તરીકે લાંબા સમયની સેવા આપીને આ સંસ્થાના વિકાસમાં અગ્રેસર એવા મુરબ્બી શ્રી અંબુકાકા ના ભગીરથ પ્રયાસ ભૂલી શકાય તેમ નથી.

શ્રી ચુનીકાકા એ ૧૯૪૨-૪૪ માં ધી. તલોદ કેળવણી મંડળની સ્થાપના કરી. એ.વી. માધ્યમિક સ્કૂલ શરૂ કરાવી.દર વર્ષે ધોરણના ક્રમિક વધારાના કારણે આ એ.વી. સ્કૂલે જતા દિવસે હાઇસ્કૂલનું સ્વરૂપ ધારણ કર્યું. સને ૧૯૫૩માં ચુનીકાકાએ તેમના ભાઈ અને આગેવાનશ્રી નવનીતભાઈ પટેલના સ્વર્ગસ્થ પિતાજી સ્વ. મનુભાઇ દેસાઇભાઇ પટેલના નામે એમ.વી.સ્કૂલના ઓરડા બંધાવી આપ્યા હતા. તલોદ નગરમાં શિક્ષણ ક્ષેત્રે ચુનીકાકાના પ્રયાસો અને શિક્ષણકાર્ય ની સેવાની કદરરૂપ અને તેઓના કાર્યનું માન રહે તે હેતુથી આ હાઈસ્કૂલ સાથે ચુનીકાકા નું નામ જોડવાનો નિર્ણય થતાં એક સમારંભમાં તત્કાલીન શિક્ષણમંત્રીશ્રીના હસ્તે આ સ્કૂલનું નામ 'શ્રી ચૂનીભાઈ દેસાઈભાઈ પટેલ હાઈસ્કૂલ' નામકરણ કરવામાં આવ્યું.

## શ્રી મખદુમ એજ્યુકેશન સોસાયટી, મોડાસા

આ સંસ્થાની સ્થાપના ૧૯૭૪ માં થઇ હતી.આ સંસ્થા ના પ્રથમ પ્રમુખ શ્રી હાજી અ.રહીમ મહંમદહુસેન શેઠ હતા. તેમણે આ સંસ્થાની સ્થાપના અને વિકાસ માં મહત્વ નું યોગદાન આપ્યું છે.

શિક્ષણ નગરી ગણાતા મોડાસા શહેરમાં ધી મખદુમ એજ્યુકેશન સોસાયટી સંસ્થા મુસ્લિમ સમાજના શૈક્ષણિક વિકાસમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી રહી છે. સંસ્થા ભૌતિક અને શૈક્ષણિક સાધનોથી સજ્જ છે. શાળામાં પુસ્તકાલય, અટલ ટિંકરિંગ લેબ, શુદ્ધ પાણી માટેના આર.ઓ.પ્લાન્ટ, વિશાળ હોલ, કોમ્પ્યુટર લેબ, રમતગમત નું વિશાળ મેદાન ઉપલબ્ધ છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓએ એસ.એસ.સી. અને એચ.એસ.સી બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કરેલ છે શાળામાં એન.સી.સી.ની પ્રવૃત્તિ ચાલે છે.જેના દ્વારા બાળકોમાં શિસ્ત અને રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થાય છે. આ સંસ્થાના આચાર્યશ્રી તથા શિક્ષકો દ્વારા,"વર્ગથી ઘર અભિયાન" જેવી નૂતન પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જેના પરિણામે શાળાએ ઉત્તમ પરિણામ હાંસલ કરેલ છે. આ સંસ્થા દ્વારા શાળામાં ગરીબ અને તેજસ્વી બાળકોને દત્તક લઇ તેમને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આથી તેમનું ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ થાય.

હાલ આ સંસ્થામાં ધોરણ ૧ થી ૮ ના ૩૨ વર્ગો અને ધોરણ ૧૧-૧૨ ના સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહના ૧૯ વર્ગો કાર્યરત છે. શાળાના સંકુલમાં ૩૨૦૦ વિદ્યાર્થીઓ ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યાં છે. આ સંસ્થા સમાજ વિકાસની અનેક પ્રવૃત્તિઓ કરી રહી છે.

### માય ઓન હાઈસ્કૂલ, હિંમતનગર

આ શાળાની સ્થાપના ૧૯૬૧માં  હિંમતનગર મુકામે હાજીપુર વિસ્તારમાં ભાડાના મકાનમાં કરવામાં આવી હતી.  જે હિંમતનગરના રાજવી પરિવારના સહયોગથી પ્રાપ્ત થઈ હતી.  માજી સાંસદ મુ.સ્વ. મગનભાઈ પટેલ અને સ્વ.રસિકભાઈ શાહે આ સંસ્થાને સાબરકાંઠા જિલ્લાની  રમતગમત ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ શાળા તરીકે વિકસાવી છે.  આ સંસ્થામાંથી ‘બાસ્કેટબોલ’ની રમત ના ઈન્ટરનેશનલ ખેલાડી તૈયાર થયા છે.  જે અત્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રમી રહ્યા છે. શાળાએ એસ.એસ.સી અને એચ.એસ.સી ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામો હાંસલ કર્યા છે.  સંસ્થાને અદ્યતન સુવિધા યુક્ત વિશાળ મેદાન સહિતનું શાળાનું મકાન ઉપલબ્ધ છે. ઇ.સ. ૨૦૦૯ માં સાબરકાંઠા જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. શાળાના ભૂ.પૂ. આચાર્યશ્રી જગદીશભાઇ પટેલ, શ્રી ગીરધારીસિંહ એમ. વાઘેલા, શ્રી માનસિંહ ચૌહાણ અને શ્રી એમ.આઈ. પટેલે શાળા વિકાસમાં અનેરો સહયોગ આપ્યો છે.

### શ્રી એચ. એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય, મોડાસા જિ. અરવલ્લી

આશરે ૧૦૦ વર્ષ પહેલાં કચ્છમાંથી રોજીરોટી અર્થે આ વિસ્તારમાં આવી જુદા જુદા ગામોમાં કેમ્પ નાખી (પછીથી 'કંપા'  તરીકે ઓળખાયા) વસેલ કચ્છ કડવા પાટીદાર સમાજના લગભગ ૭૨ જેટલા કંપાઓના વડીલોએ શિક્ષણની ચિંતા કરી મોડાસાનગરની મધ્યમાં આ શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી.

મેઘરજ રોડ પર ૧૯૭૨માં ખરીદેલી ૧૦ એકર જમીનમાં ૧૯૭૮માં કુમાર છાત્રાલય અને ૧૯૮૧માં કન્યા છાત્રાલયની સ્થાપના કરવામાં આવી. બાળકોના યોગ્ય શિક્ષણ માટે જૂન ૧૯૮૫માં છાત્રાલયની પતરાવાળી રૂમમાં ૨૫ વિદ્યાર્થીઓ સાથે ધોરણ ૮ (માધ્યમિક શાળા)ની શરૂઆત કરવામાં આવી. સમયાંતરે સંસ્થા વિકાસ પામી અને આજે ત્રણ માળના વિશાળ શિક્ષણ સંકુલમાં બાલમંદિરથી ધોરણ ૧૨ સાયન્સ તથા જુનિયર કે.જી.થી ધોરણ ૧૦ સુધીની ઇંગ્લીશ મીડીયમ સ્કુલના અંદાજે ૨૫૦૦ વિદ્યાર્થીઓ અને ૧૦૦ શિક્ષકો શિક્ષણ સાધના કરી રહ્યા છે. સંસ્થાના મુખ્ય દાતા તથા સ્થાપક પ્રમુખશ્રી હરજીભાઈ લાલજીભાઈ પટેલના નામે 'શ્રી એચ. એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય' તથા 'સંતશ્રી નાથુરામ બાપા સરસ્વતી' (પ્રાથમિક વિભાગ) અને 'શ્રીમતી દિવ્યાબેન હરિભાઇ પટેલ સરસ્વતી શિશુવિહાર' કાર્યરત છે.

સંસ્થાના પૂર્વ આચાર્ય સ્વ. અરવિંદભાઈ પંડ્યાના કાર્યકાળમાં પ્રગતિ કરી અને વર્ષ ૨૦૦૦માં NCERTનો 'શ્રેષ્ઠશાળા એવોર્ડ' પ્રાપ્ત કર્યો. ત્યારબાદ નિમાયેલ પ્રિન્સિપાલ ડૉ.જીગ્નેશભાઈ સુથારના કાર્યકાળમાં ૨૦૦૭-૦૮ અને ૨૦૧૪-૧૫ માં 'શ્રેષ્ઠશાળા એવોર્ડ' તથા 'હેલ્થ

એવોર્ડ' પ્રાપ્ત કર્યો. પ્રાપ્ત કરેલ સિદ્ધિઓને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે ૨૦૧૯માં પ્રિ. ડૉ. જીગ્નેશભાઈ સુથારને 'શ્રેષ્ઠ આચાર્ય' પારિતોષિક અર્પણ કરેલ છે.

પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પદ્મ શ્રી પ્રવિણ દરજી, ડૉ. મણિલાલ હ. પટેલ, ડૉ. શરદ ઠાકર, ડૉ. નરોત્તમ સાહુ સહિત અનેક મહાનુભાવોએ આ સંસ્થાની મુલાકાત લીધી છે.

## આનંદીબેન પ્રેમુભાઈ ઠાકર હાઈસ્કૂલ, ગાંઠીયોલ

આ સંસ્થાની સ્થાપના ઈ. સ.૧૯૭૧માં પરમ પૂજ્ય સંત શ્રી જેશીંગબાપા તથા મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષીના વરદ હસ્તે થઈ. એક બીજમાંથી અંકુરિત થઈ આ સંસ્થા આજે વટવૃક્ષ બની ફૂલીફાલી છે. આ શાળાની ગણના સાબરકાંઠા જિલ્લાની નામાંકિત સ્કૂલોમાં થાય છે. વર્ષ-૨૦૦૭-૦૮માં 'થર્ડ પાર્ટી ઈવેલ્યુએશન' અંતર્ગત શાળા સાબરકાંઠા જિલ્લાની ગુણવત્તાયુક્ત શિક્ષણ આપતી 'શ્રેષ્ઠ શાળા' તરીકે પસંદગી પામેલ છે. આ શાળામાં હાલ ૫૦૦ બાળકો અભ્યાસ કરી ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે છે. બાળકોના સર્વાંગી અને સર્વતોમુખી શિક્ષણ માટે પ્રવૃત્તિલક્ષી અને સંસ્કાર વર્ધક કેળવણી આપવામાં આવે છે. શાળા પ્રકૃતિને ખોળે વસેલી છે. શાળા પ્રાચીન ગુરુકુલને શોભે તેવું પ્રાકૃતિક સૌંદર્ય અને હરિયાળી ધરાવે છે. શ્રીમદ જેશીંગબાપાની વિચારધારાની પ્રેરક, પોષક અને સંવર્ધક વ્યક્તિમય વાતાવરણ બાળકોને મળે છે.



વર્ષ દરમિયાન NTSC,NMMS,GKIQ,સ્વામી વિવેકાનંદ, ભારતીય સંસ્કૃતિ જ્ઞાન, શિષ્યવૃત્તિ અને ચિત્રની પરીક્ષાઓમાં બાળકો ભાગ લઈ રાજ્ય સ્તરે સિદ્ધિઓ મેળવે છે. ખેલ મહાકુંભ અને ગ્રામીણ ખો- ખોમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે અનેક રમતવીરોએ જ્વલંત સિદ્ધિઓ મેળવી છે. અહીં શાળા અંતર્ગત 'આનંદીબેન પ્રેમુભાઈ ઠાકર' આદિવાસી છાત્રાલયની સુવિધા પણ ઉપલબ્ધ છે. શાળાના આચાર્યશ્રી પ્રવિણસિંહ સિસોદિયા, સ્ટાફ તથા કેળવણી મંડળ શાળા વિકાસ માટે સતત ચિંતનશીલ અને પ્રયત્નશીલ રહે છે.

શાળાના મ.શિ. શ્રી કમલેશભાઈ શુક્લે વર્ષ ૨૦૨૦માં 'ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' મેળવી શાળાનું નામ રોશન કરેલ છે. શાળાના મુખ્ય દાતાશ્રી પ્રેમુભાઈ ઠાકર તથા શ્રીમતી આનંદીબેન ઠાકર દંપતીએ આ શાળાના વિકાસમાં અદભુત અને અસાધારણ ફાળો આપેલ છે.

## શેઠ હીરાલાલ પ્રભુરામ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત, શેઠ શ્રી જે.બી ઉપાધ્યાય હાઈસ્કૂલ - મહિયલ, તલોદ

આ સંસ્થાની શરૂઆત તા. ૧૫/૦૬/૨૦૨૧ના રોજ શાંતિનિકેતન ટ્રસ્ટ દ્વારા 'વિવેકાનંદ હાઈસ્કૂલ' નામાભિધાન સાથે ગામના તળાવની પાસે શરૂ કરવામાં આવી હતી. દાનવીર શેઠ શ્રી જયશંકરભાઈ બી. ઉપાધ્યાય દ્વારા દાનની રકમ મળતાં સને ૧૯૭૫માં 'શેઠ શ્રી જે.બી ઉપાધ્યાય હાઈસ્કૂલ - મહિયલ' નામાભિધાન કરવામાં આવ્યું. સને ૧૯૭૮થી ઉચ્ચતર માધ્યમિક વિભાગ (સામાન્ય પ્રવાહ) શરૂ કરવામાં આવ્યો.

સ્કાઉટ ગાઈડ 'રજત જયંતિ' પ્રસંગે તત્કાલીન ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી અંશુમાનસિંહ પધાર્યા હતા. તેમજ ૧૯૮૪માં ભૂતપૂર્વ વડાપ્રધાન મા. અટલ બિહારી બાજપેઈજીએ પણ આ સંસ્થાની મુલાકાત લીધી હતી. અનેક સરકારી આગેવાનો, શિક્ષણકારો

અને સાહિત્યકારોએ પણ આ સંસ્થાની શુભેચ્છા મુલાકાત લીધી છે. શ્રી રમણલાલ વોરા, શ્રી હસમુખભાઈ પટેલ (શિક્ષણ મંત્રી), શ્રી રઘુવીર ચૌધરી (સાહિત્યકાર), અરવિંદ ત્રિવેદી (સાંસદશ્રી), પ્રબોધ પંડ્યા (ગૃહ શિક્ષણમંત્રી, રાજ્યવિભાગ), શ્રી મંગુભાઇ પટેલ (આદિજાતિ કલ્યાણ વન વિભાગ), શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રી, નર્મદા અને મોટી સિંચાઇ) ઉપેન્દ્ર ત્રિવેદી (રંગભૂમિના કલાકાર) જેવા મહાનુભાવોએ આ સંસ્થાની મુલાકાત લીધી છે.

વર્તમાન સમયમાં સંસ્થાના પ્રમુખ શેઠ શ્રી હિતેન્દ્રભાઈ પટેલ અને મંત્રી શેઠ શ્રી મહેશભાઈ ઉપાધ્યાય સંસ્થાને વિકાસને પંથે અગ્રેસર બનાવી રહ્યા છે.

### 🏭 શ્રી કડિયાદરા કેળવણી મંડળ સંચાલિત, શ્રી જે.કે.એમ.તન્ના હાઈસ્કૂલ , કડીયાદરા, તા. ઈડર

આ શાળા ૧૯૫૫માં શરૂ થયેલ છે. તા. ૧૭/૦૬/૧૯૫૫ ના રોજ પ.પૂ. છગનદાદા, પ.પૂ. શ્રી પવનદાદા, પ.પૂ. શ્રી પુરુષોત્તમભાઈ આ ત્રિપુટીના પુરુષાર્થ,પ્રેરણા અને આશીર્વાદથી શ્રી કડિયાદરા કેળવણી મંડળની સ્થાપના થઈ. તા. ૧૮/૦૬/૧૯૫૫થી શ્રી સરસ્વતી માધ્યમિક શાળાની શરૂઆત થઈ. ૧૦×૧૦ ની એક નાનકડી ઓરડીમાં ૯ વિદ્યાર્થીઓથી શાળાની શરૂઆત ધોરણ ૮ થી થઈ. શ્રી કાલીદાસભાઈનો સહયોગ અમૂલ્ય રહ્યો છે. અહીં છાત્રાલયની પણ સુવિધા છે જેથી જિલ્લાના પછાત અને આદિવાસી બાળકો માટે તે આશીર્વાદરૂપ છે આ સંસ્થા- 'light house of Idar' ગણાય છે. ચોટાસણવાસી શ્રી મોહનભાઈ એમ. પટેલે તન-મન-ધનથી સેવારત રહી આ શાળા સંકુલમાં સુંદર બગીચાનું નવસર્જન કરેલ છે.

શ્રી જમનાદાસ માધવજી તન્ના (ભામાશા)એ માતબર દાન આપી સંસ્થાના વિકાસમાં અગ્રણી ફાળો આપ્યો છે. કર્મઠ વીરપુરુષ શ્રી કાલીદાસકાકા આ સંસ્થાના વિકાસ કાર્યના પ્રેરક છે.

અમેરિકા સ્થિત પટેલ નારાયણભાઈ, ભાઈલાલભાઈ, બાબુભાઈ, શાંતિલાલ અને અંબાલાલે પોતાના માતા-પિતાની સ્મૃતિમાં ૧૨ લાખ રૂપિયા દાનમાં આપ્યા હતા અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વર્ગો એ.સી./ડિજિટલ કર્યા હતા.

### 🏭 શ્રી ઉમેદગઢ કેળવણી મંડળ સંચાલિત ,શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર અને બી. એમ. પટેલ ઉ.મા. શાળા , ઉમેદગઢ ,તા- ઈડર

આ શાળાનો પ્રારંભ તારીખ ૧૩ જુલાઈ ૧૯૫૧ના રોજ થયો હતો. આ શાળાની સ્થાપના થઈ તેની પ્રથમ એડહોક સમિતિ (૧૯૫૧-૫૨)માં સ્વ. શેઠશ્રી દોશી ત્રીકમભાઈ (દેશોતર), સ્વ.શ્રી ચતુર્ભુજ દામોદર ઠાકર (ઉમેદગઢ), સ્વ. મહારાજાશ્રી ઉદયસિંહ સાહેબ (ઉમેદગઢ), સ્વ. ભાઈચંદભાઈ મોઘજીભાઈ પટેલ (ઉમેદગઢ), સ્વ. શાસ્ત્રી કાંતિલાલ જયશંકર (દેશોતર, સ્વાતંત્ર સેનાની), સ્વ. ઉમિયાશંકર ખેમરામ જોષી (ઉમેદગઢ) સંમિલિત હતા.

આ વિસ્તારના ૧૮થી વધારે ગામોના બાળકોની શિક્ષણની ભૂખ સંતોષવા કેળવણી પ્રેમી સ્વ. ચુનીલાલ ગણપતરાય મહેતાએ માતબર રકમનું દાન આપેલ છે. મહારાજાશ્રી ઉદયસિંહજીએ ભૂમિદાન કરેલ છે. શાળાના ઉચ્ચતર વિભાગના દાતાશ્રી ભાઈચંદભાઈ મોઘજીભાઈ તથા પ્રાથમિક વિભાગના દાતા શેઠશ્રી જશકરણભાઈ મોતીભાઈ પરિવારે પણ સુંદર સહકાર આપ્યો છે. આ ઉપરાંત અન્ય દાતાશ્રીઓએ શ્રી મદનસિંહજી સાહેબ, સ્વ. ડૉ. ચતુર્ભુજ જોષી, પટેલ વાડીલાલ આર, સ્વ. પટેલ માધવલાલ વી., સ્વ. બારોટ હરિભાઈ એ પણ સંસ્થાના વિકાસમાં અનેરું યોગદાન આપેલ છે.

આ શાળામાંથી આજદિન સુધી લગભગ ૭ હજારથી વધારે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક લાભ લીધો છે. શાળામાં યોગ શિક્ષણને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શાળામાં દરરોજ ૧૫ મિનિટનું યોગ શિક્ષણ આપવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લાના રાષ્ટ્રીય પર્વોની ઉજવણી સમયે આ શાળાના બાળકોએ યોગાસનો દ્વારા શિક્ષકોનાં દિલ જીતી લીધાં છે.

વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષને સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું. સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માતબર રકમનાં દાન પ્રાપ્ત થયેલ છે. મા. ગિરધરભાઈ ડી. પટેલ-ચિત્રોડી (સેન્ચ્યુરી ટાઈલ્સ) તરફથી અઢી લાખનું માતબર રકમનું દાન પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત અન્ય દાતાઓ તરફથી બીજાં બે લાખથી વધુ રકમના દાન પ્રાપ્ત થયેલ છે. શાળાના આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવે છે.

શાળામાં વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક, સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને ઉજાગર કરવામાં આવે છે.

શાળાને ગામના યુવક મંડળ, સુરસેવા મંડળ, કેળવણી મંડળ, ભૂતપૂર્વ આચાર્યશ્રીઓ, ભૂતપૂર્વ શિક્ષકો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા અનેરો સહકાર પ્રાપ્ત થાય છે. ભૂતપૂર્વ આચાર્ય શ્રી એ. એમ.ભટ્ટ તથા શ્રી કે.એચ.પટેલનું સંસ્થાને સતત માર્ગદર્શન મળેલ છે. શાળાના હાલના નવયુવાન આચાર્યશ્રી અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સદસ્ય શ્રી ભાનુભાઈ પટેલ સંસ્થાને વિકાસને પંથે દોરી રહ્યા છે.

## મદ્રેસા મોઈનુલ ઈસ્લામ ટ્રસ્ટ સંચાલિત, મદ્રેસા હાઈસ્કૂલ, હિંમતનગર

મદ્રેસા હાઈસ્કૂલ હિંમતનગરની સ્થાપના ૧૯૬૧માં થઈ છે. જેને સંલગ્ન ધોરણ ૧ થી ૮ ની પ્રાથમિક શાળા પણ આવેલ છે. પ્રાથમિક શાળા ૧૯૧૯ થી શરૂ થયેલ છે.

આ સંસ્થાના વિકાસમાં અહમદહુસેન આઈ.હરસોલીયા, અબ્દુલરસુલ એ. ડોઈ, ઈબ્રાહિમભાઈ સાબુગાર, ગુલાબહુસેન ગાંચી, મહમદહુસેન ડોઈ, અબ્દુલરઉફ એ. શેઠ, ગુલામનબી એમ. લાલા, અઝીઝ ડી ઝાંખવાલા, નિસાર અહેમદ વી. સાબુગર, રઉફ એમ. સાબુગર, કામિલ અહેમદ જી. ડોઈ વગેરેનો અગત્યનો ફાળો રહેલ છે.

મદ્રેસા હાઈસ્કુલમાં શરૂઆતમાં ૧૯૬૨માં ધોરણ ૮નો એક વર્ગ હતો, જેની સંખ્યા ૩૬ હતી. ઈ.સ.૧૯૭૬થી ન્યુ એસ.એસ.સી.ની શરૂઆત થઈ ત્યારે એસ.એસ.સી. માં ૮૦ વિદ્યાર્થીઓ હતા. ૧૯૭૮માં ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ કરવામાં આવ્યો. જેમાં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવામાં આવ્યા. આજે સંસ્થાનું ૪૧ રૂમવાળું અદ્યતન ભૌતિકસુવિધાવાળું મકાન આવેલું છે.

હાલ સંસ્થા પાસે તમામ પ્રકારની શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ છે. શાળામાં અદ્યતન સુવિધા યુક્ત પુસ્તકાલય, કોમ્પ્યુટરલેબ, વિજ્ઞાન પ્રવાહની ત્રણેય વિષયની લેબોરેટરી, ડિજિટલ ક્લાસની સુવિધા ઉપલબ્ધ છે. શાળાને રમતગમતનું વિશાળ મેદાન ઉપલબ્ધ છે. શાળામાં વિશાળ સ્ટેજ આવેલ છે, જ્યાં પ્રાર્થના, વિવિધ સ્પર્ધાઓ અને અન્ય કાર્યક્રમો આયોજિત થાય છે.

વર્ષ ૨૦૧૧માં શાળાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતા નવેમ્બર માસમાં સુવર્ણ મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં શાળાની વિવિધ પ્રવૃત્તિઓને ઉજાગર કરતો 'રોશની' સોવેનિયર પ્રગટ કરવામાં આવ્યો છે. શાળામાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ ઉપરાંત આર્થિક રીતે પછાત બાળકોને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. હાલ ધોરણ ૯થી ૧૨ના ૬૦૦થી વધારે બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શાળાના ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહના પરિણામ ઉત્કૃષ્ટ રહ્યા છે. દર વર્ષે આ શાળામાં બાળકો જિલ્લા કક્ષાએ ૧ થી ૧૦ ક્રમાંકમાં અવશ્ય આવે છે. શાળાની નોંધપાત્ર વિગતો આ પ્રમાણે છે.

- રામકૃષ્ણ મિશન અમદાવાદ મેમોરિયલ વડોદરા આયોજિત રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષયક સ્પર્ધામાં શાળાની ધોરણ ૯ની વિદ્યાર્થિની મેમણ અલશીફા ઝાકીરહુસેન તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે અને જિલ્લા કક્ષાએ દ્વિતીય ક્રમે આવતાં તત્કાલીન મહામહિમ રાજ્યપાલ શ્રીમતી કમલાદેવીના હસ્તે વિદ્યાર્થી તથા શાળાના આચાર્યનું એમ. એસ. યુનિવર્સિટી બરોડા દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

- ૨૦૦૯ના વર્ષમાં ૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિન નિમિત્તે ગાંધીનગર મુકામે તત્કાલીન મુખ્યમંત્રી મા.નરેન્દ્રભાઇ મોદી સાથે પ્રત્યક્ષ પ્રશ્નોત્તરી માટે સાબરકાંઠા જિલ્લામાંથી અત્રેની સંસ્થાની વિદ્યાર્થીની મુનઝઝા અ.કાદર ગઢાવાલા પસંદગી પામી હતી.
- મા.મુખ્યમંત્રીશ્રીની કન્યાકેળવણી નિધિ યોજના હેઠળ શાળાનું પરિણામ ૧૦૦ % આવતાં સરકાર તરફથી ૧૧,૦૦૦/- રૂપિયા ઈનામ મળેલ છે.
- 'ટાટા નિબંધ સ્પર્ધા'માં આ શાળાની વિદ્યાર્થીની મુતવલ્લી સોફિયાબાનુ જે. રનર્સ-અપ થતાં ટાટા કંપની દ્વારા દિલ્હી ખાતે તત્કાલીન માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિડ સાહેબ સાથે મુલાકાત કરી વિદ્યાર્થિનીને એવોર્ડ તથા ઈનામ આપી સન્માનીત કરેલ છે.

## પ્રકરણ – ૮

## કેળવણી ક્ષેત્રે કામગીરી કરતી વિશિષ્ટ, નિર્દિષ્ટ સંસ્થાઓ

### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,ઈડર (ઈડર ડાયટ)

સાબરકાંઠા જિલ્લામાં ઇડર મુકામે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આવેલું છે. સાબરકાંઠા જિલ્લાના આઠ તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓની શિક્ષણની ગુણવત્તા વધારવા તથા પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા પ્રાથમિક શિક્ષકોને શિક્ષણના પ્રવાહોથી વાકેફ કરવા તથા તેમની શૈક્ષણિક સજ્જતામાં વધારો કરવા જરૂરી માર્ગદર્શન તથા વિવિધ તાલીમ આપવા માટેનું કાર્ય જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ઇડર કરે છે. આ કાર્ય ગુજરાત રાજ્યના શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ થાય છે. બૃહદ સાબરકાંઠામાં ઇડર ડાયટ એક જ સંસ્થા હતી. સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લો છૂટો પડતાં હવે મોડાસામાં પણ ડાયટ શરૂ થઈ ગયેલ છે. તાજેતરમાં જ તેના નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત થયું. જેમાં ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી પણ ઉપસ્થિત રહ્યા.

ઇડર ડાયટની એ વિશેષતા રહી છે કે અહીં શૈક્ષણિક કાર્ય કરતા કર્મચારીઓ હોય કે અભ્યાસ કરતા તાલીમાર્થીઓ .. એ સૌની પ્રગતિ થઈ છે. અને જીવનમા ઊંચા મુકામ પ્રાપ્ત કરે છે.

### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અરવલ્લી (મોડાસા)

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા વધારવા નું શિક્ષકોને નૂતન પ્રવાહો થી વાકેફ કરવા નું નવા શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવાનું સંશોધન કાર્ય કરવાનું અને માર્ગદર્શન પૂરું પાડવાનું કાર્ય ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કરે છે પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકોની વ્યાવસાયિક સુસજ્જતા વધારવા અને શિક્ષણના નૂતન પ્રવાહો થી સતત સંપર્ક રાખવા માટે જિલ્લા કક્ષાએ વ્યવસ્થિત તંત્ર ઊભું કરવામાં આવે જેને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરીકે ઓળખવામાં આવે છે

અરવલ્લી જિલ્લામાં મોડાસા મુકામે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તારીખ ૧૯/૧૧/૨૦૧૯ના રોજથી કાર્યરત છે. અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકાઓમાં ૧૪૨૮ પ્રાથમિક અને ૨૪૫ માધ્યમિક શાળાઓની ગુણવત્તા વધારવા તથા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સાથે સંકળાયેલા શિક્ષકો, શિક્ષણનિરીક્ષકો, આચાર્યો વિગેરેને શિક્ષણના નવીન પ્રવાહોથી વાકેફ કરવા તથા તેમની શૈક્ષણિક સજ્જતામાં વધારો કરવા જરૂરી માર્ગદર્શન તથા વિવિધ તાલીમ આપવા માટેનું કાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અરવલ્લી, મોડાસા કરે છે. આ કાર્ય ગુજરાત રાજ્યના શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ થાય છે.

<u>આ સંસ્થાઓનાં ધ્યેયો :</u>

- પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધારવો, શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓ ની કાર્યની ગુણવત્તા કાર્યક્ષમતા વધારવી.
- સી.આર.સી.અને બી.આર.સી ના રિસોર્સ પર્સન તૈયાર કરી માર્ગદર્શન આપવું.
- શિક્ષકો માટે તાલીમ અને કાર્ય શિબિરોનું આયોજન કરવું.
- પ્રોજેક્ટ શાળાઓ વિકસાવવી અને જિલ્લાની શાળાઓ માટે નમૂનારૂપ બનાવવી.
- પી.એસ. ટી. ઈ. શાખાના તાલીમાર્થીઓમાં ગુણાત્મક સુધારો લાવવો.
- પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવાં.

<u>આ સંસ્થાઓની શાખાઓ:</u> તાલીમ ભવનમાં કુલ સાત શાખાઓ છે.

૧. પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ શાખા (P.S.T.E.)

આ શાખામાં અગાઉ પી.ટી.સી નો અભ્યાસક્રમ ચાલતો હતો. જેને અત્યારે આપણે ડી.એલ.એડ. થી ઓળખીએ છીએ. બે વર્ષથી બી.એડ. નો અભ્યાસક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. જે ગાંધીનગર આઈ.આઈ.ટી.ઈ. ના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવે છે.

૨. કાર્યાનુભવ શાખા (W.E.)

Teaching learning material બનાવવા માટે તાલીમાર્થીઓ અને શિક્ષકોને માર્ગદર્શન આપવું.

- ટીચિંગ મટીરીયલ બનાવવા અને તેનો ઉપયોગ કરવો.
- ડાયટ કેમ્પસનું ડેવલપમેન્ટ કરવું.
- સી.સી.આર.ટી. દ્વારા યોજાતી તાલીમો માં અધ્યાપકો અને શિક્ષકોને મોકલવા.
- આ તાલીમમાં મળેલી કીટનો તાલીમ કાર્યક્રમમાં ઉપયોગ કરવો.
- બાળમેળા , જીવન કૌશલ્ય મેળો અને ઇકો કલબની પ્રવૃતિઓ કરવી તેનું મોનીટરીંગ કરવું.
- શાળાના માધ્યમથી સમાજ સેવા કરવી.
- શાળા સ્વચ્છતા એવોર્ડ સમિતિ બનાવી વિજેતા શાળાઓને પ્રોત્સાહિત કરવી.
- તાલીમ મોડ્યુલ અને ડોક્યુમેન્ટ તૈયાર કરવા.
- શાળા, સી.આર.સી, બી.આર.સી, જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેવી અને માર્ગદર્શન આપવું.

3. જિલ્લા સંસાધન એકમ શાખા (D.R.U.)

- વસ્તી શિક્ષણ, નિરંતર શિક્ષણ ,વૈકલ્પિક શિક્ષણ ,સમાવેશી શિક્ષણ વગેરેને લગતા તાલીમી કાર્યક્રમો અને સંશોધનો કરવા.
- વિશેષ દિવસોની ઉજવણી કરાવવી.
- આંગણવાડી સાથે કાર્યક્રમો કરી શિક્ષણ પ્રવૃત્તિને વેગ આપવો.
- કલાઉત્સવ ઉજવણી અને અમલીકરણ કરવું.
- માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ માટે role-play , ફોક ડાન્સ અને પોસ્ટર કોમ્પીટીશનનું આયોજન કરી અમલીકરણ કરવું.
- તાલુકા પ્રમાણે લાઇઝનીંગ કરવું.

૪. સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ શાખા (I.F.I.C.)

- આ શાખા તાલુકા થી લઇ રાજ્ય કક્ષા સુધીના તાલીમ કાર્યક્રમો યોજે છે.
- ઇનોવેશન ફેર અને નાવિન્યપૂર્ણ કામગીરી કરે છે.
- વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત અને ઓન સાઇટ સપોર્ટ.
- જિલ્લાની વિવિધ એજન્સીઓ સાથે સંકલન કરી રિસોર્સ સેન્ટર ઉભા કરવાં.
- ફેકલ્ટી ડેવલોપમેન્ટના વિવિધ કાર્યક્રમોનું આયોજન.

૫. પાઠ્યક્રમ, શૈક્ષણિક સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા.

- માસવાર પાઠ્યક્રમમાં અભ્યાસક્રમ ફાળવણી કરવી.
- પ્રાદેશિક સાહિત્ય અને સંસ્કૃતિની જાળવણી કરવી.
- પરીક્ષાના પ્રશ્નપત્રોની સંરચના કરવી.
- શાળાઓનું મોનીટરીંગ કરવું.
- જિલ્લામાં થયેલા સંશોધન આધારિત સંશોધન સાર તૈયાર કરવો.
- મોડ્યુલ તૈયાર કરવા.
- તાલીમ સાહીત્ય નિર્માણ કરવું
- મૂલ્યાંકન પ્રણાલી તૈયાર કરવી.
- ક્રિયાત્મક સંશોધન કરવું.
- નેશનલ એચિવમેન્ટ સર્વેની કામગીરી કરવી.

૬. શૈક્ષણિક પ્રોદ્યોગિકી શાખા.(E.T.)

- ટેક્નોલોજીનો શિક્ષણમાં વિનિયોગ કરવો.
- ઓડિયો-વિઝ્યુઅલ શૈક્ષણિક સાધન સામગ્રી વિકસાવી તેનો ઉપયોગ કરાવવો.
- વિડીયો કોન્ફરન્સ, ટેલીકોન્ફરન્સ કરવા.
- ઈન્ટરનેટ સુવિધાની સારસંભાળ રાખવી.
- ICT સંદર્ભે કાર્યશાળાનું આયોજન કરવું.
- તાલુકા લાયઝનિંગની કામગીરી કરવી.

૭. આયોજન અને વ્યવસ્થાપન શાખા.(P & M)

- જિલ્લાનો ડેટાબેઝ નિભાવવો.
- કાર્યક્રમ સલાહકાર સમિતિની બેઠક યોજવી.
- વિવિધ શાખાઓ દ્વારા થતા કાર્યક્રમોનું આયોજન મેળવવું, તાલીમ ની જરૂરિયાત જાણવી.
- તાલીમ ભવનનું વાર્ષિક આયોજન અને વાર્ષિક અહેવાલ તૈયાર કરવો અને સ્ટાફ સાથે શેરિંગ કરવું.
- વાર્ષિક આયોજનનો દર ત્રણ મહિને રીવ્યુ કરવો.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિવિધ પ્રવૃતિઓ અને પ્રગતિ ની માહિતી અપડેટ કરવી.
- જુદી જુદી શાખાઓ દ્વારા યોજનાઓ બનાવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું અને સંશોધન હાથ ધરવું.
- અન્ય શાખાઓ દ્વારા થતા કાર્યક્રમોમાં સહયોગ આપવો.

ઈડર ડાયટ સંસ્થામાં બી.એડ. ના બે વર્ષ ની થઈ કુલ ૧૦૦ સીટ અને પી. ટી. સી. ની પણ બે વર્ષની કુલ ૧૦૦ સીટો ઉપલબ્ધ છે. 'બેટી બચાવો બેટી પઢાવો' આ અભિયાનને આ સંસ્થાએ ઉજાગર કર્યું છે. સાબરકાંઠાની દીકરીઓને ઉત્તમ શિક્ષક બનાવવાનું બીડું સંસ્થાએ ઝડપ્યું છે. અને સાબરકાંઠા નું ગૌરવ એવા ઈડરીયા ગઢને ગર્વથી વધુ ઊંચક્યો છે.

## કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કે.જી.બી.વી.)

આ યોજના ભારત સરકાર દ્વારા ઓગસ્ટ ૨૦૦૪ થી દુર્ગમ વિસ્તારોમાં શરૂ કરવામાં આવેલ છે. શૈક્ષણિક અને પછાત તાલુકાઓમાં એટલે કે જ્યાં સ્ત્રી સાક્ષરતા દર રાષ્ટ્રીય સાક્ષરતા દર કરતાં ઓછો હોય અને સાક્ષરતામાં લૈંગિક તફાવત રાષ્ટ્રીય દર કરતાં ઊંચો હોય, તેવા તાલુકાઓમાં ૧૦ થી ૧૬ વર્ષની કદી એ શાળામાં ન ગયેલી અને અધવચ્ચેથી શાળા છોડી ગયેલી કન્યાઓ માટે કાર્યરત છે.

સાબરકાંઠાના એ.એસ.એ. દ્વારા ચાલતી કે.જી.બી.વી. ની કુલ ચાર સંસ્થાઓ છે. જેનો ખેડબ્રહ્મા તાલુકામાં સને ૨૦૧૬થી અમલ ચાલુ કરવામાં આવેલ. ત્યાંથી બોરડી મુકામે ટ્રાન્સફર કરવામાં આવેલ છે. પોતાનું મકાન બન્યા બાદ હાલ બોરડી ગામે કે.જી.બી.વી. કાર્યરત છે. આ કે.જી.બી.વી. ટાઈપ ત્રણ પ્રકારની છે. જેમાં ધોરણ ૯ થી ૧૨ સુધીની સુવિધા છે. જેમાં તમામ આદિવાસી બાળાઓ અભ્યાસ કરે છે. અહીં બાળાઓની રજીસ્ટર સંખ્યા ૨૦૦ છે. અને ૯ શિક્ષિકા બહેનો છે. તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ ૯ નો છે. આમ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય જે બાળકોને શૈક્ષણિક ની સાથે સાથે તમામ જરૂરી ખર્ચ સરકાર દ્વારા પૂરો પાડે છે. શિક્ષિકા બહેનો દીકરીઓ સાથે ત્યાં જ રહી દીકરીઓની સાર સંભાળ રાખે છે. તથા જીવનલક્ષી એકમોને ધ્યાનમાં રાખી સ્વરક્ષણ તાલીમ, જીવન કૌશલ્ય, વોકેશનલ નોલેજ, અંક સંયોજન વિગેરેથી વાકેફ રાખે છે.

- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિશેષ સુવિધાઓ
  - ઉત્તમ શિક્ષણની સાથે રહેવા જમવાની વ્યવસ્થા
  - જીવન કૌશલ્યોની તાલીમ
  - સીવણ કામ
  - બ્યુટી પાર્લરનો કોર્સ

- સ્વરક્ષણની તાલીમ
- જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ
- નિયમિત હેલ્થ ચેક
- ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ

આ તમામ સુવિધાઓ મફત પૂરી પાડવામાં આવે છે




કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય,બોરડી

આ પ્રકારની બીજી સંસ્થાઓ ઢીમડા તાઃ મેઘરજ, કોયલીયા તાઃ માલપુર, મગોડી તાઃ માલપુરમાં આવેલી છે.

## સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ , ખેરંચા ( તાલુકો. ભિલોડા)

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ખોડંબા ક્લસ્ટરમાં સમાવિષ્ટ સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ આદિજાતિના વિદ્યાર્થીઓ માટેની ઉત્તમ ગુણવત્તા યુક્ત શાળાકીય શિક્ષણ પ્રદાન કરનારી ગુજરાતની નિવાસી શાળાઓ પૈકી નામાંકિત સંસ્થાઓમાંની એક અગ્રેસર શાળા છે. જેમાં વિદ્યાર્થીઓને સૈનિક તાલીમ સહિત ૧૦+૨ પદ્ધતિ આધારિત શિક્ષણ આપવામાં આવે છે.




સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ , ખેરંચા

સૂર્યા ફાઉન્ડેશન આદિજાતિ વિકાસ વિભાગ અને ગુજરાત સરકાર, જાહેર ખાનગી ભાગીદારી (પી.પી.પી.) મોડલ પર, ગુજરાત આદિજાતિ બાળકો માટે સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ (SESS) નું સંચાલન કરી રહી છે. આ શાળા ૨૦૦૪માં ગુજરાત ગવર્મેન્ટ સૈનિક સ્કૂલ તરીકે અસ્તિત્વમાં આવી અને ૨૦૧૦માં સૂર્યા ફાઉન્ડેશન , દિલ્હી દ્વારા આ શાળાનું સંચાલન હાથ લેવામાં આવ્યું છે. સૂર્ય ફાઉન્ડેશનના દૂરદર્શી ચેરમેન પદ્મશ્રી જયપ્રકાશ અગ્રવાલે આદિજાતિના બાળકોના ઉજ્જવળ ભવિષ્યની કલ્પના કરી હતી, જે જીવનના પડકારોનો સામનો કરવા માટે અલભ્ય હિંમત ધરાવે છે. તેઓ આ શાળાના પથદર્શક છે. સૂર્ય ફાઉન્ડેશનના નિવૃત્ત આર્મી અધિકારી બ્રિગેડિયર ડી.સી.પંતના માર્ગદર્શન હેઠળ શાળાનું સફળ સંચાલન થઇ રહ્યું છે. શિક્ષણ, શૌર્ય અને સંસ્કાર એમ ત્રણે વેદીઓ પર શાળા કાર્યરત છે.

ધોરણ ૭થી અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ શરૂ થઈ ધોરણ-૧૨ સુધી ચાલે છે. આ શાળા શૈક્ષણિક, રમત-ગમત અને યુવા વિકાસ ક્ષેત્રે ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ શાળા તરીકે પોતાની ખ્યાતી સ્થાપિત કરી ચૂકી છે. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ અત્યાર સુધીમાં લગભગ ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરેલ છે.

❖ શાળાનું ધ્યેય

- વિદ્યાર્થીઓને મુખ્ય પ્રવાહમાં ઉચ્ચ અભ્યાસની તકો માટે લાયક બનાવવા, સજ્જ બનાવવા, ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવું.
- તેમના વ્યક્તિત્વનો વિકાસ કરવો.
- સારા નાગરિકો બનાવવા પ્રોત્સાહન આપવું.

❖ સ્થળ :

સૂર્ય એકલવ્ય સૈનિક સ્કૂલ-ખેરંચા એ શામળાજી નજીક અરવલ્લી પર્વતોની હારમાળા વચ્ચે મનોહર સૌંદર્યથી પરિપૂર્ણ પરિસરમાં આવેલ છે.

અહીં નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવે છે. આ નિવાસી શાળા છે. અહીં પ્રકૃતિની વચ્ચે જીવનનું વાસ્તવિક શિક્ષણ આપવામાં આવે છે. અહીં શ્રેષ્ઠ અધ્યાપન કાર્ય કરાવવામાં આવે છે. અધ્યેતા કેન્દ્રી શિક્ષણ એ સંસ્થાનો ધ્યેય છે. સારા નાગરિકોનું ઘડતર થાય અને પ્રતિકૂળ સંજોગોનો સામનો કરી શકે એવા દ્રઢ મનોબળવાળા ભાવિ નાગરિકો તૈયાર કરવાનો છે . વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા તેમના કૌશલ્યનો વિકાસ થાય અને વાસ્તવિક જીવનમાં ટકી રહી તે પ્રકારનું શિક્ષણ અહીં આપવામાં આવે છે.

❖ રમત-ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પરિણામો:

- રમત-ગમત ક્ષેત્રે આ શાળાના વિદ્યાર્થીઓએ એ એથ્લેટિક્સ અને આર્ચરી (ધનુર્વિદ્યા ) માં જિલ્લા,રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામીને પોતાની આગવી છાપ ઉપસાવી છે. આજ સુધી ખેલ મહાકુંભમાં ૨૩ લાખના માતબર ઈનામો પ્રાપ્ત કર્યા છે.
- સરકાર દ્વારા આયોજિત સ્પોર્ટ્સ ઈવેન્ટ વર્ષ ૨૦૧૪-૧૫માં આ શાળાએ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ(EMRS) ગુજરાત રાજ્યમાં ઉત્તર ઝોનના પાંચ જિલ્લાઓની સ્પોર્ટ મીટનું આયોજન કર્યું હતું. તેમાં આ શાળાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.
- વર્ષ ૨૦૧૪-૧૫માં ૫ થી ૭ ફેબ્રુઆરી ૨૦૧૫માં નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે રમત-ગમત સંકુલમાં ગુજરાત રાજ્યના ચારેય ઝોનની વાર્ષિક રમતગમત સ્પર્ધા યોજાઇ હતી. આ સમયે આ સંસ્થાનો ધોરણ ૧૦માં ભણતો કેડેટ્સ રામસીંગ રાઠવા- રાજ્ય ચેમ્પિયન ઘોષિત થયો હતો. તેને શ્રેષ્ઠ સ્પોર્ટ પર્સનની એકંદર ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યો હતો. તે
  - સો મીટર દોડમાં પ્રથમ
  - ચક્રફેકમાં બીજા નંબરે
  - રીલેદોડ માં બીજા નંબરે આવ્યો હતો.
- વર્ષ ૨૦૧૪-૧૫માં રાષ્ટ્રીય સ્પર્ધામાં બે ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ અને કાંસ્યપદક મેળવેલ છે.
- વર્ષ ૨૦૧૩-૧૪માં એન.સી.સી. ટુકડીએ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

- નવી દિલ્હી ખાતે એન.સી.સી. રાષ્ટ્રીય રાયફલ શૂટીંગ સ્પર્ધામાં ધોરણ ૧૦ના કેડેટ્સ જયદીપ નિનામા એ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ૨૦૧૮માં નવી દિલ્હી ખાતે થલસેના કેમ્પ(TSC) યોજાયો હતો. જેમાં આ સંસ્થાના ૫ કેડેટ 'ઇન્ટર ડીરોહરરેટ શૂટિંગ' સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરી કાંસ્ય પદક પ્રાપ્ત કર્યો હતો.
- વર્ષ ૨૦૧૧ માં ૨૭ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન જયપુર ખાતે ૧૯મા રાષ્ટ્રીય ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં ધોરણ૧૦ ના કેડેટ રામસીંગ રાઠવા એ ગુજરાતનું સફળ નેતૃત્વ કર્યું હતું.
- સંસ્થાની ઈકો કલબને ૨૦૧૨-૧૩ , ૨૦૧૩-૧૪,૨૦૧૪-૧૫ એમ સતત ત્રણ વર્ષ સુધી તાલુકા કક્ષાએ ઉત્તમ કામગીરી બદલ ઈનામો પ્રાપ્ત થયેલ છે.
- ૧૯ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ સમક્ષ તેમની પ્રતિભા દર્શાવી હતી.
- ૩૦ નવેમ્બર ૨૦૧૯ ના રોજ અત્રેની સંસ્થામાં માસ મડ બાથ પ્રોગ્રામમાં ૭૦૨ વ્યક્તિઓએ નેચરોપેથી એશિયા બૂક ઓફ રેકોર્ડ સ્થાપિત કર્યા હતો.

❖ <u>અત્રેની સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અનેક ક્ષેત્રે હરણફાળ ભરી છે.</u>

- આર્મી, પોલીસ, એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી( કોમ્પ્યુટર), વિજ્ઞાન ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત કરી છે.
- ગુજરાત સેવા આયોગ તથા અન્ય સરકારી ક્ષેત્રે પ્રવેશ મેળવેલ છે.
- એમ.બી.બી.એસ. , બી.એચ.એમ.એસ. ,ફાર્મસી, ફિઝિયોથેરાપી જેવી મેડિકલ અને પેરા મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવેલ છે.
- દરેક શાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં અગ્રેસર બન્યા છે.
- ખાનગી ક્ષેત્રની નોકરીઓ, આઇટીઆઇ , નર્સિંગ તથા સ્પોર્ટ્સ કોચ વિગેરેની કામગીરીમાં પૂર્વ છાત્રોએ અદભુત પરિણામો હાંસલ કરેલ છે.

❖ <u>તાલીમી કાર્યક્રમો / અન્ય કાર્યક્રમ :</u>

- વ્યક્તિગત વિકાસ કેમ્પ (PDC) તે અંતર્ગત શારીરિક, નૈતિક, વ્યવહારિક,આધ્યાત્મિક, માનસિક અને બૌદ્ધિક ક્ષમતાઓનો વિકાસ પ્રાપ્ત કરવો.
- યોગ, ધ્યાન , સમૂહ કવાયત, નિસર્ગોપચાર જેવા કાર્યક્રમો.
- વૃક્ષારોપણ, જન્મદિવસની ઉજવણી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રેરક ચલચિત્રો બનાવવા, પત્રલેખન, આર્ટ અને ક્રાફ્ટની તાલીમ, ટ્રેકિંગ કાર્યક્રમ.

❖ <u>શિક્ષકોની વ્યક્તિગત વિકાસ શિબિર (TPDC)</u>

દર વર્ષે શિક્ષકોની કુશળતાને પારદર્શી બનાવવા વ્યક્તિત્વ વિકાસ શિબિર યોજવામાં આવે છે. શિબિરાર્થીઓના શારીરિક, નૈતિક, વ્યવહારિક, માનસિક, બૌદ્ધિક વિકાસ માટે તાલીમ આપવામાં આવે છે.

આ કાર્યક્રમ અંતર્ગત

- યોગ અને મેડિટેશન
- નેચરોપેથી શિક્ષણ
- કોમ્યુનિકેશન સ્કીલ
- વિવિધ વિષયો પર બૌદ્ધિક ચર્ચાઓ યોજવામાં આવે છે.

<u>આ સંસ્થામાં અપાતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ:</u>

❖ <u>લશ્કરી તાલીમ</u>

અહીં કેડેટ્સને નેતૃત્વના ગુણોનો વિકાસ કરવા માટે તાલીમ આપવામાં આવે છે. જેના દ્વારા તેનામાં શિસ્ત,વફાદારી, સેવાભાવ, આત્મવિશ્વાસ અને સમૂહભાવના (ટીમવર્ક)નો વિકાસ થાય છે. તેનામાં રાષ્ટ્રીય ભાવના ઉજાગર થાય છે. આથી જીવનના વિવિધ ક્ષેત્રોમાં એ ઉમદા નાગરિક તરીકે તેનું કર્તવ્ય અદા કરી શકે છે. તેનો માનસિક, શારીરિક અને નૈતિક વિકાસ થાય છે.

❖ <u>એન.સી.સી. (નેશનલ કેડેટસ કોટર્સ)</u>

તેનો ધ્યેય છે, ‘એકતા અને અનુશાસન’

આ પ્રવૃત્તિ તેના વ્યક્તિત્વનો વિકાસ કરે છે. આ શાળાને ૨૦૧૦માં એન.સી.સી.ના જૂનિયર વિભાગમાં ૫૦ કેડેટ્સની માન્યતા મળી છે. ધોરણ ૯ પછી દરેક કેડેટ્સ એન.સી.સી. ‘A’ પ્રમાણપત્ર પરીક્ષા આપે છે. આ સંસ્થાના પાંચ વિદ્યાર્થીઓ ૨૦૧૮માં થલસેના કેમ્પ, દિલ્હીમાં રાષ્ટ્રીય સ્તરે ભાગ લીધો હતો. અને એક વિદ્યાર્થીએ ‘રીપબ્લિક ડે કેમ્પ દિલ્હી’ ખાતે ૨૬મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય સ્તરે પણ ભાગ લીધો હતો.

❖ <u>સ્કૂલ બેન્ડ :</u>

અત્રેની સંસ્થા પાસે એક ઉત્તમ બેન્ડ યુનિટ છે. જે યુવા કેડેટ્સને બ્યુગલ, ડ્રમ, વાંસરી વિગેરે સંગીતવાદ્યોમાં નિપુણતા મેળવવામાં સહાય કરે છે. શાળાના તમામ કાર્યક્રમોમાં પરેડ અને જિલ્લા/ રાજ્ય કક્ષાના પ્રસંગોમાં આ સંસ્થાનું બેન્ડ યુનિટ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બને છે. ૨૦૧૭-૧૮માં અત્રેની સંસ્થાના સ્કૂલ બેન્ડે જિલ્લા કક્ષાની હરીફાઈમાં પ્રથમ નંબર હાંસલ કરેલ છે.

## <u>જવાહર નવોદય વિદ્યાલય – ધનસુરા</u>

ભારતીય ગ્રામીણ વિસ્તારના શ્રેષ્ઠ પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડી વિદ્યાર્થીઓના ઊજ્જવળ ભવિષ્ય માટે દેશના તમામ જિલ્લાઓમાં જવાહર નવોદય વિદ્યાલય સ્થાપના કરવાનો વિચાર પ્રસ્તુત કરવામાં આવ્યો.

જવાહર નવોદય વિદ્યાલય અથવા નવોદય વિદ્યાલય , ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત સેન્ટ્રલ માધ્યમિક શિક્ષણ બોર્ડ , નવી દિલ્હી સાથે સંકળાયેલ એક સંપૂર્ણ નિવાસી, સહ-શૈક્ષણિક, શૈક્ષણિક પ્રોજેક્ટ છે. રાષ્ટ્રીય નીતિ - 1986 માં દરેક જિલ્લામાં આવી નિવાસી શાળાઓને 'જવાહર નવોદય વિદ્યાલય' તરીકે નામ આપવાની કલ્પના કરવામાં આવી હતી.

સાબરકાંઠા- અરવલ્લી જિલ્લામાં વર્ષ 1992-93.માં તત્કાલીન શિક્ષણમંત્રી કરસનદાસ સોનેરીના પ્રયત્નોથી ધનસુરા ખાતે 'જવાહર નવોદય વિદ્યાલય ' શરૂ કરવામાં આવી. પરીક્ષા આધારે મેરિટમાં સમાવેશ પામેલાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નિ:શુલ્ક બોર્ડિંગ અને રહેવા, મફત શાળા ગણવેશ, પાઠય પુસ્તકો, સ્ટેશનરી અને મફત રેલ અને બસ ભાડા જેવી તમામ સુવિધાઓ આપવામાં આવે છે.




જવાહર નવોદય વિદ્યાલય – ધનસુરા

આશરે 27 એકરમાં વિસ્તાર પામેલી આ સંસ્થા અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનાં ધોરણ 6 - 12 નાં કુલ 558 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. ધનસુરા ખાતે આવેલી નવોદય વિદ્યાલયે શૈક્ષણિક તેમજ રમત ગમત ક્ષેત્રે રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવી છે.

## કેન્દ્રીય વિદ્યાલય, હિંમતનગર

કેન્દ્ર સરકારના કર્મચારીઓના સંરક્ષણ અને સૈન્ય કર્મચારીઓ સહિતના કર્મચારીઓનાં બાળકોના શિક્ષણ માટે સીબીએસસી બોર્ડ પ્રમાણે ચાલતી શાળા ‘કેન્દ્રીય વિદ્યાલય હિંમતનગર- મહેતપુરા’માં આવેલી છે . જેની સ્થાપના ૧૯૯૨ કરવામાં આવી છે. આ સંસ્થામાં ધોરણ ૧ થી ૧૨ સુધીના બે-બે વર્ગો ચાલે છે.

સંસ્થાના હેતુઓ આ પ્રમાણે છે.

(૧) શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી અને શાળા શિક્ષણ ક્ષેત્રે ગતિ સ્થાપિત કરવી. જેનું સૂત્ર છે ‘તત્વ પુણુકયા અપપ્રણામું’

(૨) શિક્ષણમાં પ્રયોગ અને નવીનતા નો પ્રારંભ કરવો અને પ્રોત્સાહન આપવું.

(3) સંરક્ષણ અને પેરા-સૈન્ય કર્મચારીઓ સહિતના તબદીલી શકાય તેવા કેન્દ્ર સરકારના કર્મચારીયોના બાળકોની શૈક્ષણિક આવશ્યકતાઓને શિક્ષણ નો એક સામાન્ય કાર્યક્રમ પૂરો પાડવો.

આ શાળા કેન્દ્રીય વિદ્યાલય સંગઠન (KVS) નો એક ભાગ છે. જે માનવ સંસાધન વિકાસ મંત્રાલય- સરકાર હેઠળ રચાયેલી એક સ્વાયત સંસ્થા છે.

## ‘ભગવાન યાજ્ઞવલ્ક્ય વેદ તત્વજ્ઞાન યોગાશ્રમ ટ્રસ્ટ’ સંચાલિત,
## શ્રી ભગવાન યાજ્ઞવલ્ક્ય વેદ સંસ્કૃત મહાવિદ્યાલય, મુડેટી, તા. ઇડર, જી. સાબરકાંઠા

સંસ્થાનો સંક્ષિપ્ત પરિચય :

શ્રી ભગવાન યાજ્ઞવલ્ક્ય વેદ સંસ્કૃત મહાવિદ્યાલય -મુડેટી ,તાલુકોઃ ઈડર, જિલ્લોઃ સાબરકાંઠા, આ સંસ્કૃત મહાવિદ્યાલય આજથી અંદાજિત ૧3૦ વર્ષ પૂર્વે નર્મદાશંકર ભવાનીશંકર શુકલે કાર્યરત કરી હતી. જેમાં મુડેટી ગામ તથા આસપાસના ગામના ભૂદેવો, સસ્વર શુક્લ યજુર્વેદનું અધ્યયન કરતા હતા. કાલાંતરે આ પાઠશાળા બંધ થઈ, પરંતુ તેમના પૌત્ર ‘સાંખ્ય યોગ વ્યાકરણ આચાર્ય ’ શ્રી અનંતદેવ હરિશંકર શુક્લ, જેઓએ પરમ પૂજ્ય પાંડુરંગશાસ્ત્રી (પૂજ્ય દાદાજી)ની પ્રેરણાથી વેદ શિબિરો દ્વારા ૧૯૮૭થી પુનઃ (શિબિરો દ્વારા) વેદ અધ્યાયનો પ્રારંભ કરાવ્યો. ત્યારબાદ ૧૯૮૮માં તેમણે ‘શ્રી ભગવાન યાજ્ઞવલ્ક્ય વેદ તત્વજ્ઞાન યોગાશ્રમ ટ્રસ્ટ’ની સ્થાપના કરી. અને વર્ષ ૧૯૯૭-૯૮માં તેમણે વિધિવત શ્રી ભગવાન યાજ્ઞવલ્ક્ય વેદ સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના કરી.

આ મહાવિદ્યાલયને સને ૧૯૯૯-૨000 માં ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ. આ સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રથમા-૧ ( ધોરણ :૯ ) સમકક્ષ થી આચાર્ય-૨ (એમ.એ) સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. જે ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંલગ્નતા પ્રાપ્ત છે. ચાલુ વર્ષે ૨૦૨૦-૨૧માં આ મહાવિદ્યાલયમાં ૧૨3 છાત્રો અભ્યાસ કરે છે. અહીં અભ્યાસ કરતા છાત્રોને આવાસ , નિવાસની વ્યવસ્થા નિઃશુલ્ક આપવામાં આવે છે. સરકારમાન્ય અભ્યાસક્રમ સિવાય અહીં શુક્લયજુર્વેદસંહિતા, કર્મકાંડ, જ્યોતિષ, પુરાણ, ઉપનિષદ તેમજ ધર્મ શાસ્ત્રોનું અધ્યયન કરાવવામાં આવે છે.

હાલ આ મહાવિદ્યાલય તેમજ છાત્રાવાસ, ટ્રસ્ટ દ્વારા આપેલ મકાનમાં કાર્યરત છે. સરકારશ્રીમાં સંસ્થા માટે જમીનની માંગણીના પ્રયત્નો ચાલુ છે. જેમાં સંસ્થા દ્વારા નવનિર્માણ અંતર્ગત વિદ્યાલય, છાત્રાલય, લાઇબ્રેરી, અધ્યાપક નિવાસસ્થાન, અતિથિનિકેતન, કમ્પ્યુટરલેબ, સભાખંડ, ક્રીડાંગણ, યજ્ઞશાળા ,ગૌશાળાની વ્યવસ્થા કરવાનું આયોજન કરેલ છે.

આજ દિન સુધી આ મહાવિદ્યાલયમાં પૂર્વ કલેકટર શ્રી બી.એચ ઘોડાસરા (સાબરકાંઠા જિલ્લો), માનનીય શ્રી એ. કે.શર્મા ચીફ સેક્રેટરીશ્રી પી.એમ.ઓ., શિક્ષણ સચિવશ્રી અંજુબેન શર્મા, પૂર્વ કલેકટર શ્રી પી. સ્વરૂપ (સાબરકાંઠા જિલ્લો), યોગગુરુ બાબા રામદેવ મહારાજ તથા અન્ય મહાનુભાવોએ મુલાકાત લીધેલ છે. તેમજ આ સંસ્થામાં સૌપ્રથમ કાર્યરત પાઠશાળામાં કરપાત્રજી મહારાજ, જગતગુરુ શંકરાચાર્યજી , પૂજ્ય વિનોબા ભાવે, પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી ( પૂજ્ય દાદાજી) જેવા વિશ્વ વંદનીય મહાનુભાવોએ પ્રત્યક્ષ પધારી તેમનાં પુનિત પગલાંથી આ ભૂમિને પવિત્ર કરી છે.

### <u>લાયન્સ ક્લબ સોસાયટી મોડાસા, સંચાલિત , શ્રી વાડીલાલ હીરાલાલ ગાંધી બહેરા-મૂંગા વિદ્યાલય</u>

આ સંસ્થા ૧૯૭૯માં ભાડાના મકાનમાં ૨૧ બાળકોની સંખ્યાથી શરૂ કરવામાં આવી હતી. આજે આ સંસ્થા વટવૃક્ષ સમી બની વિકસી રહી છે. આ સંસ્થામાં હાલ ૧૪૩ બાળકો અભ્યાસ કરે છે. ધોરણ ૧ થી ૮ સુધીના અભ્યાસક્રમની સુવિધા સાથે સાથે શાળામાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીને નિઃશુલ્ક રહેવાની ,જમવાની ,ડોક્ટરી તપાસ, સ્કૂલ યુનિફોર્મ તેમજ અવાર નવાર શૈક્ષણિક પ્રવાસ કરાવવામાં આવે છે.

<u>આઈટીઆઈ દ્વારા તાલીમ</u> : શાળાના અભ્યાસ પછી આવા દિવ્યાંગ બાળકો વ્યવસાયલક્ષી અભ્યાસ કરી શકી તેવા ઉમદા હેતુથી વર્ષ ૨૦૦૨માં લાયન્સ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. જેમાં નીચે પ્રમાણેના સાત ટ્રેડમાં તાલીમ આપવામાં આવે છે .

I. આર્મેચર મોટર રીવાઈન્ડીંગ
II. કટીંગ એન્ડ ટેલરિંગ
II. ઑફસેટ પ્રિન્ટર
IV. પ્લંબીગ આસિસ્ટન્ટ
V. ટુ-વ્હીલર ઓટો રીપેરર
VI. સ્કીન કેર
II. ડી.ટી.પી (કોમ્પ્યુટર)

આ સંસ્થામાં કુમાર છાત્રાલયમાં ૧૦૦ વિદ્યાર્થીઓ, કન્યા છાત્રાલયમાં ૫૦ વિદ્યાર્થીનીઓ , આઇટીઆઇ છાત્રાલયમાં ૫૦ તાલીમાર્થીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ તમામ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક રહેવા-જમવાની વ્યવસ્થા સંસ્થાના ખર્ચે કરવામાં આવે છે. આ સંસ્થાના આઇ.ટી.આઇ.ની વ્યવસાયલક્ષી તાલીમ દ્વારા અત્યાર સુધીમાં ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આત્મનિર્ભર થઈ સ્વરોજગારી મેળવી રહ્યા છે.

### <u>શિશુ સેવા કલ્યાણ મંડળ સંચાલિત, હિંમતનગર નાગરિક સહકારી બેંક બહેરા મૂંગા વિદ્યાલય, મોતીપુરા, બાયપાસ રોડ , હિંમતનગર</u>

આ સંસ્થાની સ્થાપના જુલાઇ ૧૯૭૯માં કરવામાં આવી છે. શરૂઆત ૧૨ બાળકોથી કરવામાં આવી હતી.

હિંમતનગર નાગરિક સહકારી બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી નામકરણ માટે માતબર દાન મળતાં સંસ્થાનું નામ ‘હિંમતનગર નાગરિક સહકારી બેંક બહેરા મૂંગા વિદ્યાલય’ રાખવામાં આવ્યું છે. સ્વ.શ્રી મનુભાઇ પટેલે શરૂઆતમાં મંડળના પ્રમુખ તરીકે વિશેષ યોગદાન આપ્યું છે. ત્યારબાદ સાબરકાંઠાના પ્રતિષ્ઠિત દાનવીર સ્વ. શેઠશ્રી દેવચંદભાઈ સંઘવીએ પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેમણે શાળાના અદ્યતન મકાન તેમજ છાત્રાલય નિર્માણ માટે વિશેષ જહેમત ઉઠાવી હતી. તેમના પરિવાર તરફથી માતબર દાન મળતાં સમગ્ર સંકુલને ‘દેવચંદ જેઠાલાલ સંઘવી વિદ્યાસંકુલ’ નામકરણ કરવામાં આવ્યું છે.

❖ <u>સહયોગ</u>

- હિંમતનગરના મોતીપુરા જેવા નયનરમ્ય વિસ્તારમાં ત્રણ એકર જેટલી વિશાળ જમીન શ્રી અંબાલાલભાઈ દેવાભાઈ પ્રજાપતિ તરફથી રાહતના ભાવે મળી.
- તારીખ ૨૪/૫/૧૯૯૨ થી નવા અદ્યતન મકાનમાં શાળાનો પ્રારંભ થયો.
- શાળા સંકુલમાં વર્ગખંડો, વહીવટી કાર્યાલય તેમજ બાળકો માટે સુવિધાયુક્ત કુમાર તથા કન્યા છાત્રાલયનું નિર્માણ થયું.
- શાળામાં બાળકોને વાણી, વાણી વાંચન, ગણિત ,ભાષા, વિજ્ઞાન, પર્યાવરણ, સમાજવિદ્યા, હિન્દી,અંગ્રેજી જેવા વિષયો ઉપરાંત સિવણ કામ અને ચિત્રકામ જેવા ઉદ્યોગોની તાલીમ આપવામાં આવે છે.
- બાળકોની તંદુરસ્તીની ચકાસણી માટે વીઝીટીંગ મેડિકલ ઓફિસરની નિમાણુંક કરવામાં આવી છે.
- શાળાના વર્ગખંડૉ. ઉત્તરોત્તર અદ્યતન સુવિધાયુક્ત અને બહેરા મૂંગા બાળકોના શિક્ષણ માટે અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ કરવામાં આવ્યા છે.

❖ <u>વિશેષ નોંધ</u>

- અખિલ ભારતીય બધીરોની નૃત્ય સ્પર્ધામાં ૧૯૮૯-૯૦માં આ શાળાના વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે અને ૧૯૯૦- ૯૧માં દ્વિતીય ક્રમે વિજેતા થયા.
- ગુજરાત રાજ્ય યુવક મહોત્સવમાં સમૂહ નૃત્યમાં ૧૯૯૧માં તાલુકા કક્ષાએ પ્રથમ, ઝોનમાં દ્વિતીય ક્રમે અને રાજ્યકક્ષાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું.
- રોટરી ક્લબ હિંમતનગર આયોજિત આંતર જિલ્લા ક્રિકેટ સ્પર્ધામાં પાંચ વર્ષ ચેમ્પિયનશીપ મેળવી.
- સ્કાઉટ ગાઇડની જીવન લક્ષી પ્રવૃત્તિમાં ૨૯ બાળકોએ રાજ્ય પુરસ્કાર મેળવ્યો.
- ગુજરાતમાં આવેલ વિનાશક ભૂકંપથી અસર પામેલ આદિપુર કચ્છની બહેરા મૂંગા શાળાને મદદરૂપ થવાના આશયથી આ શાળાના બાળકોએ તૈયાર કરેલ ચિત્રોના પ્રદર્શન અને વેચાણથી ઉભી થયેલ રકમ તે શાળાને મોકલી આપવામાં આવી.
- શાળાની શરૂઆતથી જ સંસ્થાના બાળકો સાથે આત્મીય ભાવે સંકળાયેલા સેવાભાવી કર્મઠ આચાર્ય શ્રી જયંતિભાઇ એમ.પટેલને વર્ષ ૨૦૦૦ માટે શ્રેષ્ઠ શિક્ષકનું રાષ્ટ્રીય એવોર્ડ તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ શ્રી કૃષ્ણકાન્તના હસ્તે દિલ્હી ખાતે એનાયત થયો.
- વર્ષ ૨૦૦૦માં ગુજરાત રાજ્ય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી વિકલાંગોના કલ્યાણક્ષેત્રે સર્વોત્તમ કાર્ય બદલ આ સંસ્થાને રૂપિયા ૨૫૦૦૦/- નું રાજ્ય પારિતોષિક અને પ્રશસ્તિ પત્ર માનનીય રાજ્યપાલશ્રીના હસ્તે સંસ્થાના ઉપપ્રમુખશ્રી માનનીય ડોક્ટર શ્રી ચીમનભાઈ પટેલને એનાયત થયું.
- ઈન્ડો-જાપાન એસોસિએશન પુના દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધા ૧૯૯૬માં શાળાના નવ વિદ્યાર્થીઓના ચિત્રો પસંદ થતાં ઓહયો ( જાપાન ) મોકલવામાં આવ્યા.
- શાળામાંથી વ્યવસાયિક તાલીમ મેળવેલ બાળકોમાંથી ૭૦થી વધુ બાળકોએ સ્વતંત્ર વ્યવસાય કર્યા છે અને બીજાં પંદર જેટલાં બાળકો નોકરી કરી સામાજિક, આર્થિક રીતે પગભર બન્યાં.

○ શાળામાં બાળકોને અભ્યાસક્રમ સાથે નીચેની વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે.

I. કમ્પ્યુટર ટ્રેનિંગ
II. ચિત્રકામ
III. હસ્તકલા
IV. ભરતગૂંથણ
V. સિવણ કામ
VI. વેસ્ટ માંથી બેસ્ટ
VII. પગલૂછણીયાં બનાવવા

## શ્રી માનવ કલ્યાણ મંડળ તલોદ સંચાલિત , શેઠ શ્રી જયશંકરભાઈ ઉપાધ્યાય બહેરા મૂંગા શાળા

શ્રી માનવ કલ્યાણ મંડળ તલોદના નેજા હેઠળ તા. ૧૯૭૩ના રોજ માત્ર ૨૩ બાળકોથી ભાડાના મકાનમાં શરૂઆત કરવામાં આવી હતી. આ સંસ્થાના સંસ્થાપકો શેઠ શ્રી જયશંકર ભીખાલાલ ઉપાધ્યાય અને મા. શાંતુભાઇ ચુનીલાલ પટેલ (પૂર્વ સાંસદ) રહ્યા છે. શેઠ શ્રી જયશંકર ઉપાધ્યાય (ચેવલા બીડી વાળા) તરફથી ૨ એકર અને ૧૨ ગુઠા જમીન સંસ્થાના મકાન માટે દાનમાં આપી હતી. શેઠ શ્રી જયશંકર ઉપાધ્યાયે આ સંસ્થા મકાન બનાવવા માટે ખર્ચની તમામ રકમ દાન પેટે આપી હતી.




શેઠ શ્રી જયશંકરભાઈ ઉપાધ્યાય બહેરા મૂંગા શાળા

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રીમતી શારદાબેન મુખરજીના વરદ હસ્તે શાળા અને છાત્રાલયના મકાનનું ભૂમિપૂજન તારીખ : ૪/૯/૮૧ ના રોજ કરવામાં આવ્યો હતો. આ સંસ્થાનું અદ્યતન સુવિધાવાળું મકાન તૈયાર થતા કેન્દ્ર સરકારના તત્કાલીન નાણામંત્રી ભૈરવદાન ગઢવીના વરદ હસ્તે તા: ૨/૫/૮૭ ના રોજ ઉદઘાટન વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે શેઠ શ્રી શંકરલાલ ઉપાધ્યાય, શેઠ હીરાલાલ પરશુરામ ચેરીટેબલ ટ્રસ્ટના તરફથી રૂ. ૨,૫૧,000/ માતબર દાન પ્રાપ્ત થયું છે. જેથી છાત્રાલય સાથે તેમના નામકરણ તથા તેનો ઉદઘાટન સમારોહ પ.પૂ.સંત શ્રી સચ્ચિદાનંદ મહારાજ (દંતાલી વાળા)ના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભાગવત સપ્તાહનાં આયોજન દ્વારા દાતાઓ દ્વારા દાનની રકમ પ્રાપ્ત થઈ હતી. ગીતાંજલી ટ્રસ્ટના પ્રમુખશ્રી કનુભાઈ પટેલ તરફથી ૧,૧૧,૧૧૧/- રૂપિયા દાન પ્રાપ્ત થયા હતા.

શ્રીમતી મધુબેન હર્ષદરાય પંડ્યા તરફથી 30 લાખ રૂપિયાનું દાન પ્રાપ્ત થયું હતું. આથી તેમના "માતૃશ્રી અનસૂયાબેન જયશંકરભાઈ ઉપાધ્યાય મૂકબધિર કન્યા છાત્રાલય" નું નામકરણ તા ૧૩/૧૦/૨૦૧૮ ના રોજ ગુજરાત રાજ્યના તત્કાલિન રાજ્યપાલ શ્રી નવલકિશોર શર્માના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે મહાનુભાવોની વિશેષ હાજરી રહી હતી. ૫ મી ડીસેમ્બર ૧૯૭૭ ના રોજ શાળા ના પ્રમુખશ્રી જયશંકર ઉપાધ્યાય નું અવસાન થતા સંસ્થાની ધૂરા તેમના લઘુબંધુ શ્રી શંકરલાલ ઉપાધ્યાય સાંભળી છે. શેઠ શ્રી શંકરલાલ ઉપાધ્યાયની સ્મૃતિમાં આ સંસ્થાનું નામ શેઠ "શ્રી જયશંકર ઉપાધ્યાય બહેરા મૂંગા શાળા" તલોદ નામાભિધાન કરવામાં આવ્યું. અત્યાર સુધી આ સંસ્થામાંથી ૧૨૧૩ વિદ્યાર્થીઓ અભ્યાસ અને તાલીમ પૂર્ણ કરી છે.

આ સંસ્થામાં ભણીને જે બાળકો સમાજમાં પોતાનું કાર્યક્ષેત્ર અપનાવે છે. ત્યારે તેમના લગ્ન કરાવવાની જવાબદારી આ સંસ્થાએ અદા કરી છે.એમનો તમામ ખર્ચ સંસ્થા ઉઠાવે છે. આ સંસ્થામાં બાળકો પાસેથી કોઈ ફી લેવામાં આવતી નથી. શાળામાં કોમ્પ્યુટર શિક્ષણ, બ્યુટી પાર્લર, સિવણ વર્ગો ચલાવવામાં આવે છે.

ભવિષ્યમાં સંસ્થામાં I.T.I. સંકુલ બનાવવાનું આયોજન અમલમાં છે.તે અંગેની ૨ એકર જમીન પણ શંકરભાઈ ભીખાભાઈ ઉપાધ્યય દ્વારા દાન મળી ગઈ છે. શેઠ શ્રી મહેશભાઈ ઉપાધ્યાય અને પ્રમુખ શેઠ શ્રી હિતેન્દ્રભાઈ દેસાઇ સંસ્થાના વિકાસમાં અગ્ર ફાળો આપી રહ્યા છે.

## સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત , માતૃશ્રી લક્ષ્મીબેન મંગળદાસ ઠક્કર મંદબુદ્ધિના વિદ્યાર્થીઓની સંસ્થા, મોતીપુરા , હિંમતનગર

ઉત્તર ગુજરાતના પછાત ગણાતા એવા સાબરકાંઠા જિલ્લામાં સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિના બાળકોની સંસ્થા ૧૯૯૧થી સ્થાપિત થયેલ છે. સંસ્થાની શરૂઆત ૧ જુલાઈ ૧૯૯૧ના રોજ દેવચંદનગર વિસ્તારમાં, હિંમતનગર મુકામે ભાડાના મકાનમાં શરૂ કરવામાં આવી હતી.

મંદબુદ્ધિના બાળકો કે જે મગજ શક્તિના અભાવે ભણી શકતા નથી, પોતાની જીવન જરૂરિયાતો પણ જાતે કરી શકતા નથી, સામાજિક દરજ્જા થી વંચિત રહે છે, જેમને સામાન્ય માણસો સહાનુભૂતિ આપવાને બદલે હાંસી ઉડાવે છે, અને જેવો સમાજમાં સતત અપમાનીત થતા રહે છે. આવા બાળકો જાતે નાહી-ધોઈ શકતાં નથી કે જાજરૂ પેશાબ પણ યોગ્ય જગ્યાએ જઈ શકતાં નથી. આવા બાળકોને બીજાના સહારાની જરૂર પડે છે. આવા બાળકો પ્રેમ અને લાગણીની ભાષા સમજી શકે છે.

આ સંસ્થામાં ફક્ત સાબરકાંઠા જિલ્લામાંથી જ નહીં પરંતુ આખા ગુજરાત રાજ્ય માંથી તેમજ રાજસ્થાન અને મહારાષ્ટ્રથી પણ બાળકો શિક્ષણ અને તાલીમ લેવા આવી રહ્યા છે. આ સંસ્થામાં ઊંચનીચના ભેદભાવ કે પૈસાદાર ગરીબના ભેદભાવ વગર વિનામૂલ્યે શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. અહીં રહેવાની તથા જમવાની વ્યવસ્થા પણ વિનામૂલ્યે આપવામાં આવે છે.

આ સંસ્થા દેવચંદનગર ,હિંમતનગર મુકામે ભાડાના મકાનમાં છેલ્લા ૨૨ વર્ષથી ચાલતી હતી. પરંતુ જગ્યાના અભાવે વધુ મંદબુદ્ધિના બાળકોને તથા બાળાઓને રાખી શકાતા ન હતા. આથી ટ્રસ્ટી મંડળે સતત પ્રયત્નશીલ રહી હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં જમીન ખરીદી અને અદ્યતન સુવિધાવાળું નવીન મકાન બનાવવામાં આવ્યું છે. હાલ સંસ્થાના પ્રમુખશ્રી કુંજબિહારીભાઈ જે. પટેલ (નાનુભાઈ) કાર્યરત છે. ઉપપ્રમુખ જશવંતલાલ એમ. શાહ મે. ટ્રસ્ટી ડૉ. વી.એ.ગોપલાણી તથા ટ્રસ્ટીઓ તરીકે શ્રી રામાભાઈ ડી. પટેલ , ડોક્ટર મહેન્દ્રભાઈ બી. સોની, ડોક્ટર ભગુભાઈ પટેલ અને ડોક્ટર નટુભાઈ એચ. પટેલ સેવા આપી રહ્યા છે.

## હ્યુમન રીસર્ચ ફાઉન્ડેશન હિંમતનગર સંચાલિત
## મમતા વિકલાંગ શિશુ વિદ્યામંદિર, રામજી મંદિર પાસે , વિનાયકનગર છાપરીયા, હિંમતનગર

સમાજના અવિભાજ્ય અંગ એવા શારીરિક વિકલાંગ બહેરા, મૂંગા, અશક્ત ,નિરાધાર, મંદબુદ્ધિ ધરાવતા, બહુ વિકલાંગ બાળકો શિક્ષણ અને તાલીમ મેળવી સમાજમાં પગભર થાય તે હેતુસર સાબરકાંઠાના મુખ્ય શહેર હિંમતનગરમાં છાપરીયા, વિનાયકનગર વિસ્તારમાં રામજી મંદિર પાસે સરકાર માન્ય નોનગ્રાન્ટેડ નિવાસી શાળા હ્યુમન રિસર્ચ ફાઉન્ડેશન, હિંમતનગર સંચાલિત મમતા વિકલાંગ શિશુ વિદ્યામંદિર કાર્યરત છે. જ્યાં કોઈપણ જાતના ભેદભાવ વિના હાલ ધોરણ ૧ થી ૮ માં ૫૯ વિકલાંગ બાળકો અભ્યાસ કરે છે. જેમાં બાળકોને શિક્ષણ ઉપરાંત છાત્રાલયમાં રહેવાની જમવાની મફત સુવિધા આપવામાં આવે છે. આ હેતુસર બાળકો પાસેથી કોઇ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. તેમજ સરકાર તરફથી કોઈપણ પ્રકારની આર્થિક મદદ મળતી નથી.

આ સંસ્થા ૨૦૧૧-૧૨માં શરૂ કરવામાં આવી છે. અત્યારે હિંમતનગરમાં છાપરીયા વિસ્તારમાં ભાડાના મકાનમાં સંસ્થા કાર્યરત છે. શરૂઆતમાં ધોરણ ૧ થી ૫ માં ૧૫ બાળકો સાથે શાળા શરૂ કરવામાં આવી હતી. હાલ ધોરણ ૧ થી ૮ માં ૫૯ બહુ વિકલાંગ બાળકો શિક્ષણ ઉપરાંત અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પ્રવૃત્ત રહ્યા છે. આ સંસ્થાનો યશ શ્રી જયંતિભાઇ એમ.પટેલ તથા તેમના ધર્મપત્ની લીલાવતીબેનના શિરે જાય છે. શ્રી જયંતીભાઈ આ પહેલાં હિંમતનગર બહેરા મૂંગા વિદ્યાલયમાં આચાર્ય તરીકે દીર્ઘકાલીન સેવાઓ આપી નિવૃત્ત થયા છે. તેઓને તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ શ્રી કૃષ્ણકાંતના હસ્તે દિલ્હી ખાતે વર્ષ ૨૦૦૦નો શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રપતિ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે.

આ સંસ્થાને સમાજના મહાનુભાવો દ્વારા આર્થિક યોગદાન પ્રાપ્ત થાય છે. યુ.એસ.એ . સ્થિત સાંપડ ગામના મહાનુભાવોએ આ સંસ્થાને આર્થિક યોગદાન આપી સહયોગ આપેલ છે.

### રાષ્ટ્રીય અંધજન મંડળ- ઈડર

ઇસ ૧૯૮૩માં ઇડર શહેરમાં એક પ્રોફેસર ભાસ્કરભાઈ મહેતા આવ્યા. લોકોમાં કુતૂહલ હતું કે એક અંધ વ્યક્તિ સામાન્ય બાળકોને કેવી રીતે ભણાવી શકશે? પરંતુ તેમણે ભાસ્કર એટલે સૂર્યની માફક અંધ બાળકો માટે ઉજાસ પાથર્યો. તમે પોતે પોતાના જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. આથી મારા જીવનમાં છે તેવી બીજી અન્ય વ્યક્તિઓને ન પડે તે માટે તેમણે અંધ બાળકો માટે એક સંસ્થા સ્થાપવાનો વિચાર કર્યો. તેમણે પોતાના ઘરે અંધ બાળકો ને બોલાવી તેમજ તાલીમ આપવાનું શરૂ કર્યું. આ માટે તેમણે ઇડર મુકામે એક મંડળની સ્થાપના કરી. પ્રમુખ તરીકે માં જે જે શાહ તથા હિંમતનગર અંબાલાલ પ્રજાપતિ ઉપપ્રમુખ તરીકે નિયુક્ત થયા. ભાસ્કરભાઈ માનદ મંત્રી તરીકે રહ્યા. શહેરના અન્ય અગ્રણીઓ મહાનુભાવો અને મંડળના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ફેબ્રુઆરી 1986ના રોજ શ્રીમાન નટવરભાઈ ના હસ્તે સંસ્થાની સ્થાપના કરવામાં આવી. અને વિદ્યાર્થીઓથી આ શાળા શરૂ કરવામાં આવી. બે પ્રવાસી શિક્ષકો અને ૧૬ વિદ્યાર્થીઓ થી શાળા શરૂ કરવામાં આવી. આ સંસ્થાએ જે તે ગામના બાળકો ગામની શાળામાં સામાન્ય બાળકો સાથે જ અંધ બાળકોને પ્રવાસી શિક્ષકો દ્વારા શિક્ષણની વ્યવસ્થા કરી. પ્રવાસી શિક્ષક દ્વારા અભ્યાસ અને તાલીમ ની શરૂઆત કરી. ત્યારબાદ મોટી ઉંમરના અન્ય વ્યક્તિઓને પણ વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવી. ધીમે ધીમે સંસ્થાના પરિવારમાં શિક્ષકોની વધારે ભરતી કરવામાં આવી. સરકાર શ્રી દ્વારા સંકલિત શિક્ષણ યોજના નો લાભ લઇ અને વિદ્યાર્થીઓના શિક્ષણ નું કામ પૂરજોશમાં ચાલવા લાગ્યું.

સંસ્થા એ અંધ વિદ્યાર્થીઓ માટે બ્રેઈલ પુસ્તકાલય,લો વિઝન સેન્ટર, અંધજન રિસોર્સ સેન્ટર જેવી નિશુલ્ક સેવા શરૂ કરી. સાથે બહેરા-મૂંગા બાળકોનું સેન્ટર, મંદ બુદ્ધિ વાળા બાળકો નું રિસોર્સ સેન્ટર ફિઝિયોથેરાપી સેન્ટર, બહુ વિકલાંગ વ્યક્તિઓ માટેના સેન્ટર જેવી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. ભાસ્કરભાઈ ના અથાક પ્રયત્નો દ્વારા સંસ્થા વિકાસના પંથે અગ્રેસર બનવા લાગી. 35 અંધ અપંગ બહેનો માટે અભ્યાસની સાથે સાથે એક હોમ મેનેજમેન્ટ સેન્ટર પણ ઊભું કરવામાં આવ્યું, સાબરકાંઠા જિલ્લા તથા અરવલ્લી જિલ્લામાં ૩૫ વિશિષ્ટ શિક્ષકો, ૨૫ મંદબુદ્ધિના અને ૬ બહેરા મૂંગા વિદ્યાર્થીઓ માટે અભ્યાસની કામગીરી શરૂ કરવામાં આવી.

સંદેશા સાથે સાથે વિદ્યાર્થીઓમાં રહેલી આગવી પ્રતિભાને ઓળખી રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્રેઈલ વાંચન, લેખન સ્પર્ધા, ચેસ ટુર્નામેન્ટ, ગરબા-નાટક જેવી ઈતર પ્રવૃત્તિઓ દ્વારા દિવ્યાંગ બાળકોને તાલુકા કક્ષાએથી લઈ આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી વિજેતા બનાવ્યા. વ્યક્તિઓને સ્વરોજગાર માટે સંસ્થાઓએ ટેલિફોન બૂથ તથા અન્ય રોજગાર માટે લોન સંસ્થા દ્વારા આપવામાં આવી.

સંસ્થાની અવિરત પ્રયત્નો દ્વારા સામાન્ય વ્યક્તિઓની જેમ જ દિવ્યાંગજનો સરકારના વિવિધ ક્ષેત્રો જેવા શિક્ષક ,ફિઝિયોથેરાપિસ્ટ,સંગીતકાર બેન્કિંગ ક્ષેત્રે ખાનગી વ્યવસાયમાં કંપનીઓમાં અસરકારક કામગીરી બજાવી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના શારીરિક અને માનસિક વિકલાંગ વ્યક્તિઓ માટે ભાસ્કરભાઈ ભીષ્મ પિતામહની માફક કામ કરી રહ્યા છે. ત્યારે તેમના આ કાર્યમાં તેમના ધર્મપત્ની પ્રવિણાબેન મહેતાનું પણ મહત્વનું યોગદાન રહ્યું છે.

અનેક વિદ્યાર્થીઓને આ સંસ્થામાંથી અભ્યાસ કરી સમાજના અગ્ર ભાગ ભજવી રહ્યા છે. અશોકભાઈ પરમાર આ સંસ્થા ના માર્ગદર્શન હેઠળ ઘરમાં પોતાનું ફિઝિયોથેરાપી સેન્ટર ચલાવે છે.પૂર્વેશ પંડ્યા આ સંસ્થાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી નો અભ્યાસ કરી કેન્દ્રીય વિદ્યાલય હિંમતનગર ખાતે ફરજ બજાવે છે. બહુ વિકલાંગ સંજય ભાઈ મિસ્ત્રી આજે ભારતના પ્રથમ બહુ વિકલાંગ વ્યક્તિ શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. આ સંસ્થાના અને શિક્ષકોએ પોતાની બહુમુખી પ્રતિભા જિલ્લા કક્ષાએથી લઈ રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

અત્યારે આ સંસ્થાના માનદ મંત્રી તરીકે તરીકે સોનલબેન દોષી નિયુક્ત થયેલ છે. અને માર્ગદર્શન હેઠળ સંસ્થા અવિરત ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે.

## કામધેનુ યુનિવર્સિટી - રાજપુર, તાલુકો: હિંમતનગર

આ સંસ્થાની સ્થાપના ૨૦૧૧ના વર્ષમાં થઈ છે આ સંસ્થાના પાયાનું ખાતમુર્હત તત્કાલીન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે થયું હતું. આ સંસ્થાનું બાંધકામ ફેબ્રુઆરી ૨૦૧૭માં પૂર્ણ થયું હતું.

આ સંસ્થાનો વિસ્તાર ૭૮ હેકટર જમીનમાં પથરાયેલો છે. આ જમીન રાજપુર, હિંમતનગરના ગામતળની છે. જે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સરકારશ્રીને અર્પણ કરેલ છે.

આ સંસ્થામાં

(૧) પશુપાલન પોલીટેકનિક આવેલી છે. જેમાં ધોરણ ૧૦ પછીનો ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ અંગ્રેજી માધ્યમમાં ચાલે છે.

(૨) લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર એટલે કે કારકિર્દી પશુધન નિરીક્ષકનો અભ્યાસક્રમ ચાલે છે.

(3) ઈન્સ્ટ્રકશનલ લાઈવ સ્ટોક ફાર્મ એટલે કે વૈજ્ઞાનિક પદ્ધતિથી દુધાળા પશુઓના વ્યવસ્થાપન અંગેનો અભ્યાસક્રમ ચાલે છે. જેમાં પશુઓના ખોરાક, રહેઠાણ અને અન્ય બાબતોના શિક્ષણનો સમાવેશ થાય છે.

(૪) અનુસ્નાતક પશુચિકિત્સા શિક્ષણ અને સંશોધન સંસ્થા (પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટયુશન ઑફ વેટનરી એજ્યુકેશન એન્ડ રીસર્ચ) કાર્યરત છે. જેમાં પશુચિકિત્સા ક્ષેત્રે માસ્ટર ડિગ્રીનો અભ્યાસક્રમ (MVSC) ચાલે છે.

આ સંસ્થામાં ૧૫૦ વિદ્યાર્થીઓના રહેઠાણ માટે ઉત્તમ સુવિધા પુર્ણ હોસ્ટેલ તૈયાર થઇ રહી છે. નજીકના ભવિષ્યમાં તેનું ઉદ્ઘાટન થશે.આ ઉપરાંત ૫૦ બહેનોના રહેઠાણ માટે 'ગર્લ્સ હોસ્ટેલ'નું બાંધકામ પણ કાર્યરત છે. આચાર્યશ્રીના રહેવા માટે પણ અદ્યતન સુવિધા યુક્ત ભવનનું પણ નિર્માણ થઇ રહ્યું છે.

આ સંકુલમાં ૫૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ પશુપાલન ,પશુચિકિત્સા, મત્સ્યપાલન, વિજ્ઞાન ડિપ્લોમા-ડિગ્રી તથા માસ્ટર ડિગ્રી મેળવવા માટે એક ઉત્તમ તક પ્રાપ્ત થનાર છે. અહીં વેટનરી હોસ્પિટલનું પણ નિર્માણ થયું છે. જેમાં પશુઓની સોનોગ્રાફી, એક્સ-રે, એન્ડોસ્કોપી અને ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ છે, અહીં અનુસ્નાતક મત્સ્ય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થા કાર્યરત થનાર છે. (પોસ્ટ ગ્રેજ્યુએટઈન્સ્ટીટયુશન ઑફ ફિશરીઝ સ્ટડીઝ એન્ડ રિસર્ચ) જેના અંતર્ગત મત્સ્ય પાલન માટે બે ફિશ પોન્ડ (મત્સ્ય ઉછેર માટે) તૈયાર થયેલ છે.ગત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ડિગ્રી પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયનું બાંધકામ પણ ૪૫ કરોડ રૂપિયાના ખર્ચે થયું છે.

## સરકારી આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર હિંમતનગર , ઇડર હાઈવે બાયપાસ રોડ સામે ,હાંસલપુર, વિરપુર

સરકારી આદર્શ નિવાસી શાળા હિંમતનગર એ વિકસતી જાતિ કલ્યાણખાતું ગુજરાત રાજ્ય ,ગાંધીનગર દ્વારા સંચાલિત છે. આ શાળાને તારીખ ૨૭/૦૯/૧૯૮૯થી મંજુરી મળેલ છે. અહીં ધોરણ ૯ ના બે વર્ગો, ધોરણ ૧૦ નો એક વર્ગ, ન ધોરણ ૧૧,૧૨ (સામાન્ય પ્રવાહ)ના એક-એક વર્ગ એમ કુલ પાંચ વર્ગો ચાલે છે. શાળામાં કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

આ સરકારી આદર્શ નિવાસી શાળાનું મકાન અદ્યતન સુવિધાવાળું છે. અહીં ૫૦ કન્યાઓની રહેવાની ક્ષમતાવાળું કન્યા છાત્રાલય તથા ૫૦ કુમારોની રહેવાની સુવિધાવાળુ કુમાર છાત્રાલય આવેલું છે. અહીં રહેવા તથા જમવાની તમામ વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક વ્યવસ્થા છે. આ શાળામાં અત્યાર સુધીમાં માધ્યમિક વિભાગમાં ૨૧૧૨ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૨૦૯ વિદ્યાર્થીઓએ અભ્યાસનો લાભ લીધો છે.

હવે આ શાળામાં ઓનલાઈન પ્રવેશ આપવામાં આવે છે. વેબસાઇટ ઉપરથી વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અરજી કરવાની હોય છે. esamujkalyangujarat.gov.in. વેબસાઈટ પરથી વિદ્યાર્થી વાલીએ અરજી કરવાની હોય છે. મેરીટના આધારે સરકારશ્રી દ્વારા પ્રવેશ આપવામાં આવે છે. ઉનાળુ વેકેશન દરમિયાન તમામ સમાચાર પત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. અહીં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે ૬૦% ,આર્થિક રીતે પછાત માટે ૧૫%, અનુસૂચિત જાતિ માટે ૧૨.૫% અને અનુસૂચિત જનજાતિ માટે ૧૨.૫% બેઠકો ફાળવવામાં આવે છે. આ શાળામાં વિદ્યાર્થીઓને શિક્ષણ, ભોજન ગણવેશ, બુટ-મોજા, સ્ટેશનરી અને નિવાસની વ્યવસ્થા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.



**સરકારી આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર હિંમતનગર**

પ્રવેશ માટે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની પિતાની વાર્ષિક આવક ૧.૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦/- નિયત કરેલ છે. આ અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે.

## અનોખી સેવાકીય સંસ્થા , શ્રી કૃષ્ણાશ્રમ બોલુન્દ્રા , મોડાસા

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાથી માત્ર ૧૫ કિલોમીટરના જ અંતરે બોલુન્દ્રા ગામમાં આવેલ શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત અને ભારતીય સંકૃતિની વિરલ વિરાસત સાચવીને બેઠો છે. સંસ્કૃત અને સંસ્કૃતિનું સંવર્ધન કરતા આ શ્રીકૃષ્ણાશ્રમ તરફ બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે. ગુજરાતમાં કુલ ૫૨ સંસ્કૃત પાઠશાળાઓ આવેલી છે. તેમાંની અરવલ્લીની એકમાત્ર માન્યતા પ્રાપ્ત સંસ્કૃત પાઠશાળા અહીં આવેલી છે.

આ પાઠશાળામાં પ્રવેશતાં જ દિવ્ય અને અલૌકિક વાતાવરણનો અહેસાસ થાય છે. આશ્રમમાં પ્રવેશતાં કાને પડતા ઋષિ કુમારોના વેદમંત્રોના ઉચ્ચારોના ધ્વનિ વાતાવરણને દિવ્ય બનાવે છે. માત્ર ગુજરાતના જ નહીં પરંતુ ભારતભરમાંથી ઋષિ કુમારો અહીં સંસ્કૃતના અભ્યાસ માટે આવે છે.

બ્રહ્મલીન અગ્નિહોત્રી શ્રી કૃષ્ણરામ બાવાજી નિઃસ્વાર્થ ભાવથી વિદ્યાદાન તથા અન્ય સામાજિક સેવાકાર્ય કરતા . ભારતીય સનાતન પરંપરામાં રહેલું પ્રાચીન જ્ઞાન લુપ્ત ન થાય તેવા શુભ હતુથી વિદ્યાર્થીઓને પોતાના સંતાનની જેમ જ આશ્રમમાં રાખવામાં આવતા. ગુરુકુલ પરંપરાથી સંસ્કૃત અને સંસ્કૃતિનું નિઃશુલ્ક શિક્ષા અને દીક્ષા અપાતી. વિદ્યાર્થીઓ માટે રહેવા જમવાની તમામ વ્યવસ્થા નિઃશુલ્ક આપવામાં આવતી.

પૂ. દાદાજી અગ્નિહોત્રી શ્રી શુકદેવપ્રસાદ ગૌરીશંકર વ્યાસે ભારતની પ્રાચીન વૈદિક પરંપરાની જાળવણી માટે પ્રાચીન ગુરુકુલ પરંપરાથી ચાલતી સંસ્કૃત પાઠશાળાઓને મદદ કરી છે. તેઓશ્રીની પ્રેરણાથી "શ્રીકૃષ્ણાશ્રમ વૈદિક સંસ્કૃત પાઠશાળા " બોલુન્દ્રા ને ગુજરાત સરકાર ના શિક્ષણ વિભાગ દ્વારા ૨૪ મે ૨૦૧૦ ના રોજથી માન્યતા પ્રાપ્ત થઈ છે. તાજેતરમાં શાસ્ત્રી સુધીના અભ્યાસ ક્રમ માટેની મંજૂર મળી ગઈ છે.



અહીં વૈદિક વિષયોના સંસ્કૃતના પ્રકાંડ પંડિતો દ્વારા ઋષિ કુમારોને વેદ શાસ્ત્રોનું અધ્યાપન કરાવે છે. ઋષિ કુમારો ટ્રસ્ટ દ્વારા સંચાલિત છાત્રાલયમાં રહે છે. આ વિષય ઉપરાંત ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડના તમામ વિષયોનું પણ અધ્યયન કરાવવામાં આવે છે. વેદ, વ્યાકરણ, જ્યોતિષ, છંદ, કલ્પ, નિરિક્ત અને શિક્ષા આ છ એ વેદાંગોનું અધ્યપન કરાવવામાં આવે છે. અહીં શિક્ષણનું માધ્યમ સંસ્કૃત રહે છે. હાલ કુલ 80 જેટલા ઋષિકુમારો અહીં અભ્યાસ કરે છે.અહીં અભ્યાસ માટે આવતા ઋષિકુમારો એક તપસ્વી જેવું સંયમી અને કઠોર તપશ્ચર્યા વાળું જીવન જીવે છે. સવારે ૪:૦૦ વાગ્યાથી ઋષિકુમારોની દિનચર્યા શરૂ થાય છે. જે રાત્રીના ૧૦:૦૦ કલાક સુધી અવીરત ચાલે છે.

પાઠ શાળાના વિદ્યાર્થીઓએ અનેકવિધ શૈક્ષણિક કસોટીઓમાં તાલુકા, જિલ્લા, રાજ્ય તથા રાષ્ટ્ર કક્ષાએ હરિફાઇઓમાં ભાગ લઈ સુવર્ણ, રજત, કાંસ્ય ચંદ્રકો તથા વિશેષ યોગ્યતા પ્રાપ્ત પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા છે.

છેલ્લાં ૧૧૨ વર્ષથી અગ્નિહોત્ર કર્મ યજ્ઞનારાયણનો નિત્ય સાયં પ્રાતઃ હોમ થાય છે. અહીં સંસ્કૃત પાઠશાળા ઉપરાંત અન્નક્ષેત્ર,ગૌશાળા, પાણીની પરબ,કન્યાદાન સહાય, અંતિમક્રિયામાં સહાય જેવી અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ ચાલે છે. પૂ. બ્રહ્મલીન કૃષ્ણરામ બાપુજીના કાર્યોને મૂર્તિમંત કરવા ૧૯૬૪માં “અગ્નિહોત્રી કૃષ્ણારામ ગુલાબરામ ચેરીટેબલ ટ્રસ્ટ” અમદાવાદ(ઈ ૧૨૧૩) ની સ્થાપના કરવામાં આવી. ૧૧ એપ્રીલ ૨૦૧૩ના રોજ આ ટ્રસ્ટ દ્વારા “શ્રી કૃષ્ણાશ્રમ અન્નક્ષેત્રની” શરૂઆત કરવામાં આવી છે. જેના દ્વારા અતિજરૂરીયાત વાળા લાભાર્થીઓને ઘરે ટીફીન સેવા વર્ષના ૩૬૫ દિવસ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ગરીબ દર્દીઓ માટે નિઃ શુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવાંમાં આવે છે. આશ્રમનો તમામ ખર્ચ દાતાશ્રીઓના દાન પર નિર્ભર છે સરકારશ્રી તરફથી કોઈ અનુદાન મળતું નથી.

## બૃહદ સાબરકાંઠાના શ્રેષ્ઠ પુસ્તકાલયો

### <u>શ્રી ચંદુલાલ શંકરલાલ બુટાલા બ્રધર હુડ લાઈબ્રેરી મોડાસા</u>

મોડાસા નગર આજે વિદ્યા પ્રચાર-પ્રસારનું કેન્દ્ર છે. આના મૂળ ૧૯મી સદીમાં નખાયેલા છે. આ નગરમાં ૧૮૫૦ પછીના સમયગાળામાં વિદ્યાકીય માહોલ વિકસિત બન્યો હોવાનું જણાય છે. ૧૮૫૮માં ગુજરાતી શાળા, ૧૮૬૫માં કન્યાશાળા અને ૧૮૯૬માં મોડાસા-વર્નાક્યુલર સ્કૂલની સ્થાપના થતાં માધ્યમિક શાળાનું શિક્ષણ સુલભ બન્યું. આગળ જતાં ૧૯૧૨માં સ્કૂલ મોડાસા કેળવણી મંડળને સોંપવામાં આવી. ૧૮૯૮માં વ્યાયામ શાળા અને ડિકસન લાઈબ્રેરીના નામે શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત બની. આવા સાહજિક શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતાં વાંચનભૂખ જાગતાં વાચક વર્ગ વધવા લાગ્યો. આ માટે ડિકસન લાયબ્રેરી એક હાથવગું ઉપકરણ બની રહી. ૧૯૨૫માં ડિકસન લાઈબ્રેરીને બદલે બ્રધરહૂડ લાઈબ્રેરી તરીકે નામાભિધાન પામી.

<u>ડિકસન લાઈબ્રેરી ભૂમિકા : -</u>

અંગ્રેજી શાસન દરમિયાન ગોરા અધિકારી ડિકસન તે વખતના મહાલકારી હતા. તેમણે ૧૦૦૦/- રૂપિયાનો ફાળો એકત્રિત કરી મકાન બનાવી. ૧૮૯૮-૯૯ના વર્ષથી વાંચન-જ્ઞાનની પ્રવૃત્તિ શરૂ કરી હતી. આ મકાન મોડાસા પંચાયત હસ્તક ગણાતું હતું. સમય જતાં આ કાર્યમાં વિશેષ પ્રગતિ ન થતાં અને વિકાસ રૂંધાતાં આ નગરના જાગૃત યુવાનો એ ૧૨ ડિસેમ્બર ૧૯૧૦ના રોજ સભા બોલાવી ને 'મોડાસા બ્રધરહૂડ' (મોડાસા બંધુસમાજ) ની સ્થાપના કરી. ૧૯૧૨માં આ સંસ્થાને ગુજરાત વિદ્યાસભામાં રજિસ્ટર્ડ કરવામાં આવી. અને આ સંસ્થા અંતર્ગત જનસેવાના પ્રશસ્થ કમો નવા રચાયેલા બંધુ સમાજ એ ઉપાડ્યાં.

સને ૧૯૨૫માં આ સાર્વજનિક સંસ્થાએ બહુમુખી પ્રવૃત્તિઓના ભાગરૂપે લાઈબ્રેરીનું મકાન પોતાના હસ્તક લઈ પૂર્ણ કક્ષાનો વહીવટ શરૂ કર્યું. આ સમય દરમિયાન શ્રી પુરુષોત્તમ ગોકળદાસ શાહ સેવા પ્રવૃત્તિ કરવાની ધગશ અને પ્રતિજ્ઞા લઈને પોતાની સારી નોકરી છોડીને મોડાસા આવ્યા. તેમના પ્રયત્નોથી લાઈબ્રેરીનો વધુ વિકાસ થયો. ત્યારબાદ તેઓ રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય થતાં આ લાઈબ્રેરીનું સુકાન શ્રી ચુનીલાલ વિઠ્ઠલદાસ બુટાલાને સોંપવામાં આવ્યું. તેઓએ પ્રાંતિજ ખાતે યશવંત પ્રિન્ટીંગ પ્રેસ શરૂ કરતાં તેમની સેવાકીય પ્રવૃત્તિઓ બંધ થઈ. ત્યાર બાદ તત્કાલીન ચેરમેન શ્રી ચંદુલાલ શંકરલાલ બુટાલા સમાજસેવાને અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને વરેલા હોવાથી આ સંસ્થાની ધૂરા સંભાળી. તેમની અદ્વિતીય સેવાઓના પરિણામે આ પ્રદેશમાં આ ગ્રંથાલય પ્રસિદ્ધિ પામ્યું. તેમની અવિરત સેવાઓના પરિણામ રૂપે તે સમયના હોદ્દેદારો, નગરજનોએ બ્રધરહૂડ લાઈબ્રેરી સાથે શ્રી ચંદુલાલ શંકરલાલ બુટાલા નામ જોડવાનો શુભ સંકલ્પ કર્યો. અને તે નામથી આ લાઈબ્રેરી કાર્યરત બની. તેઓશ્રીના અવસાન બાદ તેમના પરિવારે લાઈબ્રેરીના મકાન માટે ૬૦૦૧/- રૂપિયાનું દાન આપ્યું. અન્ય મહાજન સંસ્થાઓ નગરજનોના દાનથી લાયબ્રેરીને વિકસાવવામાં આવી.




નગરનું ગૌરવ કેન્દ્ર :- શ્રી ચંદુલાલ શંકરલાલ બુટાલા બ્રધરહૂડ લાઈબ્રેરીએ ઘણા વર્ષો સુધી આ નગરની શૈક્ષણિક-સામાજીક અને સર્વાંગી જાગૃતિનું કેન્દ્ર બની રહી છે. સ્વાતંત્ર સંગ્રામ વખતે દેશભક્તિ અને શૌર્યની સરિતા વહેવડાવવામાં પૂજ્ય મથુરદાસ ગાંધી અને પૂજ્ય મોહનલાલ ગાંધી જેવાઓની પ્રેરણા મળી છે. એ જમાનામાં સાહિત્ય સભાઓ, ચર્ચા, ગોષ્ઠિઓ, વાર્તાલાપો યોજાયા હતા. આ પ્રદેશનું પ્રથમ સામયિક ' સુવંછન શરૂ કરેલ. ઉપરાંત પડઘમ નામની પત્રિકા પણ પ્રગટ થતી હતી. આવા ગૌરવરૂપ શૈક્ષણિક અને ચારિત્ર્ય ઘડતરના કેન્દ્ર માટે આપણા પૂર્વજો અભિનંદનને પાત્ર છે.

આ લાઈબ્રેરીનું પોતાનું ભવન સંપૂર્ણ સુવિધાયુક્ત, હવા ઉજાસવાળું, પૂરતી માંકળાશવાળું, સુઘડ-આકર્ષક રાસરચિલાવાળું, ઉત્તમ પુસ્તકો અને ઉત્તમ સેવાથી યુક્ત નગરના મધ્યમાં કાર્યરત છે. મકાન હાલ બે માળનું છે. પ્રથમ અને બીજા માળનો ઉપયોગ ગ્રંથાલય-વાંચનાલય તરીકે થઈ રહ્યો છે. આ સંસ્થાને કલકત્તાની રાજારામ મોહનરાય લાઈબ્રેરી તથા મોડાસા ના.સ. બેંક લી. દ્વારા આવકારદાયક અનુદાન મળેલ છે. મોડાસા નાગરિક બેંક આ ગ્રંથાલય માટે અવારનવાર ઉદાર સખાવત આપી સહાયક બને છે.

મહિલાઓમાં વાંચનની ભૂખ જાગતાં અલગ મહિલા પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું છે. સાબરકાંઠાના ગાંધી એવા પૂજ્ય મથુરદાદાના સુપુત્ર શ્રી હરિલાલભાઈ ગાંધી તરફથી શ્રીમતી ચંચળબેન ચુનીલાલ ગાંધી મહિલા પુસ્તકાલય માટે દાન મળતા મુખ્ય ગ્રંથાલયની પાછળના ભાગમાં આ મકાન અસ્તિત્વમાં આવ્યું છે.

બાળ પુસ્તકાલયનાં અલગ વિભાગ માટે શ્રી છગનલાલ દેવચંદદાસ ધુવાડ પરિવાર તરફથી દાન મળતાં તેઓના નામ સાથે જોડી બાળ પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું છે.

આ એક શતાયુ શૈક્ષણિક સંસ્થા જ્ઞાનપિપાસા ને પરિતૃપ્ત કરવાનું શ્રેષ્ઠ અને શ્રેયસ્કર કાર્ય કરી રહી છે.

(શ્રી બીપીનભાઈ ર. શાહના સંકલન આધારથી)

## સરકારી જિલ્લા પુસ્તકાલય, હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના પાટનગર હિંમતનગરમાં શહેરના મધ્યમાં અદ્યતન સુવિધા યુક્ત સરકારી જિલ્લા પુસ્તકાલય આવેલ છે. ઈડર સ્ટેટની હકુમત હેઠળ ૧૯૪૨માં મહારાજા હિંમતસિંહજીના સાનિધ્યમાં આ પુસ્તકાલયના મકાનનું નિર્માણ થયેલું છે. ૧૯૫૦ સુધી ઈડર સ્ટેટની દેખરેખ હેઠળ આ પુસ્તકાલયનું સંચાલન થયેલ છે.



તારીખ ૧૮ ફેબ્રુઆરી ૧૯૭૫ના રોજ લાઈબ્રેરીનું સંચાલન થયેલ માલુમ પડે છે. નિયામકશ્રી ગ્રંથપાલની કચેરી ગુજરાત રાજ્ય ગાંધીનગરની નિગરાની હેઠળ આ પુસ્તકાલયનું સંચાલન થાય છે. આ પુસ્તકાલયમાં ગુજરાતી ભાષામાં ૧૬૮૭૦ પુસ્તકો, હિન્દી ભાષાનાં ૧૪૮૩૫ પુસ્તકો, અંગ્રેજી ભાષાનાં ૨૦૦૮૮ પુસ્તકો, ઈતર ભાષાનાં ૩૫ અને અન્ય ૪૫ એમ કુલ ૫૧૮૭૩ પુસ્તકો આવેલાં છે. હા પુસ્તકાલયની સભ્ય સંખ્યા ૫૯૫૨ છે. આ પુસ્તકાલયમાં ૧૦ દૈનિકપત્રો તથા ૬૧ સામયિકો (ભેટ સાથેનાં) નિયમિત રીતે વાંચકો માટે ઉપલબ્ધ થાય છે. વ્યવસ્થા આ પુસ્તકાલયમાં વાચકો માટે સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. તે અંતર્ગત

- સિનિયર સિટીઝન વિભાગ
- વિદ્યાર્થીઓ માટે અધ્યયનખંડ
- ન્યૂઝપેપર/ મેગેઝિન વિભાગ
- બાળવિભાગ
- મહિલાવિભાગ
- પુસ્તક આપ-લે વિભાગ
- ગ્રંથભંડાર

એમ અલગ અલગ વિભાગમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

આ સરકારી જિલ્લા પુસ્તકાલય હસ્તક સાબરકાંઠા જિલ્લામાં ૩૩ ગ્રામ ગ્રંથાલયનો વહીવટ કરવામાં આવે છે. તથા ૮ ગ્રામ સાંસ્કૃતિક કેન્દ્રો ચલાવવામાં આવે છે. આ ૩૩ ગ્રંથાલયોને ૨૮૯૪૮ પુસ્તકો વિતરણ કરવામાં આવ્યા છે તથા તેના કુલ ૧૧૫૦૨ સભાસદો નોંધાયેલા છે. આ કેન્દ્રો દ્વારા ૨૦૭૦૮ પુસ્તકોનું પરિભ્રમણ થાય છે.

❖ <u>વિશેષ પ્રવૃત્તિ</u>

- નવેમ્બર ૧૪ થી ૨૦ દરમિયાન ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.
- ૧૨મી ઓગસ્ટે લાઇબ્રેરી ડે ઉજવવામાં આવે છે.
- ૨૩મી એપ્રિલને પુસ્તક દિવસ ઉજવવામાં આવે છે.

## સરકારી તાલુકા પુસ્તકાલય ખેડબ્રહ્મા

સ્થાપના : ૧૬ ઓગસ્ટ ૧૯૭૮

આ પુસ્તકાલય ખેડબ્રહ્મા મુકામે શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ની સામે નદી કિનારે આવેલું છે.

આ સંસ્થામાં બાળ વિભાગ, મહિલા વિભાગ, સિનિયર સિટીઝન વિભાગ, વિદ્યાર્થી વાંચનાલય ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ પુસ્તકાલયમાં કુલ પુસ્તકોની સંખ્યા ૧૮૯૭૪ આવેલી છે. સભ્ય સંખ્યા ૧૮૮૬ છે, તથા દૈનિક ૧૫૦વાંચકો આ પુસ્તકાલયનો લાભ લે છે.

આ પુસ્તકાલયમાં નવલકથા, ધાર્મિકપુસ્તકો, ગણિત વિજ્ઞાન વિષયક પુસ્તકો, હાસ્યને લગતાં પુસ્તકો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનાં પુસ્તકો, ઈતિહાસ ભૂગોળને લગતાં, કલાસંસ્કૃતિને લગતાં પુસ્તકો આવેલા છે. દૈનિક સરેરાશ ૫૦ પુસ્તકોનું પરિભ્રમણ થાય છે.



સરકારી તાલુકા પુસ્તકાલય ખેડબ્રહ્મા

આ પુસ્તકાલયમાં ૭ દૈનિક વર્તમાનપત્રો તથા ૨૧ સામયિકો વાચકો માટે ઉપલબ્ધ થાય છે. આ પુસ્તકાલયમાં ૧૪ થી ૨૦ નવેમ્બરના સમય દરમિયાન રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તે અંતર્ગત પુસ્તક પ્રદર્શન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે, આ ઉપરાંત નિબંધ સ્પર્ધા અને શિષ્ટ વાંચન સ્પર્ધા પણ કરવામાં આવે છે. અવાર નવાર સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમિનારનું પણ આયોજન કરવામાં આવે છે. તથા નવા સભ્યોની નોંધણી પણ કરવામાં આવે છે.

## સાર્વજનિક પુસ્તકાલય ભિલોડા

ભિલોડા મુકામે 'જનસેવા સંઘ' નવું પુસ્તકાલય ઉભુ કરવા માંગતું હતું. પરંતુ ભિલોડા મુકામે 'શ્રી ભિલોડા બ્રહ્મ હિત વર્ધક મંડળી લાઈબ્રેરી' સ્થાપેલી આથી તેનો જ વિકાસ કરવાનું અગત્યનું માન્ય આથી સર્વાનુમતે તેનું સંચાલન 'જનસેવા સંઘ'ની સોંપવામાં આવ્યું. ત્યારબાદ સંગીતા પુસ્તકાલય ની સરકાર પાસે તાલુકાના સાર્વજનિક પુસ્તકાલય તરીકે માન્ય કરાવ્યું. અને સરકારી ધારાધોરણ મુજબ તેનો વહીવટ કરવાનું ઠરાવવામાં આવ્યું. ત્યારબાદ પણ એક પ્લોટ આપ્યો. શરૂઆતમાં આ પુસ્તકાલય જૂના બજારમાં ચાલતું હતું. ત્યારબાદ તે જૂના બસ સ્ટેન્ડ (મુધાણે) ભાડાના મકાનમાં હતું. પ્રગતિ થતા તેનો વિકાસ કરવાનું કામ શ્રી હરગોવિંદભાઈ ત્રિવેદીએ કર્યું. મુંબઈ સ્થિત શેઠ શ્રી જમનાદાસ માધવજી તન્નાએ પુસ્તકાલય બનાવવા દાન જાહેર કર્યું. પ્રાથમિક શાળાના આગળના ભાગમાં અનુકૂળ આવે તેઓ ૬૫×૩૦નો લોટ નામદાર સરકારશ્રી પાસેથી ૧૯૬૭ના માર્ચ મહિનામાં મળ્યો અને તારીખ ૧૯ મે ૧૯૬૭ના રોજ જન સેવા સંઘના પ્રમુખ શ્રી જયંતીલાલ ભગવાનદાસ જોષી ના હસ્તે ખાતમુહર્ત કરવામાં આવ્યું. જેનું બાંધકામનું કામ ૧૯૭૦માં પૂર્ણ કરવામાં આવ્યું. દાતાશ્રી જમનાદાસ તન્નાએ શરતીદાન ૧૫૦૦૦/- રૂપિયા આપ્યું. તેની ઉદઘાટન વિધિ તેમજ નામકરણ વિધિ તેમના દ્વારા કરવામાં આવી. આ પુસ્તકાલયનું નામ શ્રી જમનાદાસ માધવજી તન્ના રાખવામાં આવ્યું.

આજે આ પુસ્તકાલય તેના મકાનની બાંધણીને લીધે ભિલોડામાં ભવ્ય લાગે છે. સંસ્થાને વાર્ષિક ૧૨ હજાર રૂપિયા ગ્રાન્ટ મળે છે. દર વર્ષે રૂપિયા ૬૦૦૦/- ના પુસ્તકો નો ઉમેરો થતો રહે છે.

## સરકારી તાલુકા પુસ્તકાલય- પ્રાંતિજ :

રમતગમત યુવા સાંસ્કૃતિક વિભાગના ગ્રંથાલય નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા પ્રાંતિજમાં ખોડીયાર કુવા પાસે પહેલી ડિસેમ્બર ઈ.સ.૧૯૯૯ના રોજ સરકારી તાલુકા પુસ્તકાલયનો પ્રારંભ કરવામાં આવ્યો. જે જાહેર ગ્રંથાલય પ્રકારનું પુસ્તકાલય છે. આ ગ્રંથાલયમાં જુદાજુદા

છ જેટલા વિભાગો છે. જેમાં પુસ્તક આપ-લે વિભાગ,વાંચનાલય વિભાગ, કાર્યાલય વિભાગ, બાળ વિભાગ, સંદર્ભ સાહિત્ય વિભાગ અને દૃશ્ય-શ્રાવ્ય વિભાગ. ગ્રંથાલયમાં વિવિધ પ્રકારના પુસ્તકો ઉપલબ્ધ છે. જેવા કે જ્ઞાનકોશ, ધર્મ, વિજ્ઞાન, ફિલસૂફી, સામાન્યજ્ઞાન, રસોઈ, લલિતકળા, પ્રવાસવર્ણન જીવનચરિત્રો, આત્મકથા, નવલિકાસંગ્રહો, કાવ્યસંગ્રહો, આયુર્વેદિક, બાળ સાહિત્ય, નિબંધ સંગ્રહો.

માત્ર તાલુકા મથકે જ નહીં પરંતુ ગ્રામ્ય કક્ષાએ પણ કેટલાક ગ્રંથાલય સહ સાંસ્કૃતિક કેન્દ્રોની રચના કરવામાં આવી છે. જેમાં સદાનામુવાડા, ઘડી, કરોલ, પલ્લાચર, નનાનપુર, મજરા, સાંપડ, મેમદપુર રાસલોડ અને મહાદેવપુરા જેવા ગામોનો સમાવેશ થાય છે. જ્ઞાનની પરબ સમાન સરકારી તાલુકા પુસ્તકાલય પ્રાંતિજ નગર તથા આસપાસના વાચકવર્ગની ઉત્તમ સેવા કરી રહ્યું છે.

## રમણ પુસ્તકાલય પ્રાંતિજ

પ્રાંતિજ નગરમાં આજથી લગભગ એક સો ચાલીસ વર્ષ પૂર્વે એટલે કે સને.૧૮૮૦માં રમણ પુસ્તકાલયની સ્થાપના થયેલ છે. તેની સ્થાપના વિશેનો ઈતિહાસ જોઈએ તો પ્રાંતિજમાં રમણલાલ દેસાઈનું નાની ઉંમરે અવસાન થતાં તેમના પિતા શ્રી હિંમતલાલ દેસાઈએ તેમની સ્મૃતિમાં આ પુસ્તકાલય બંધાવ્યું. અને મફત વાંચનાલયની સુવિધા ઊભી કરી. હાલ પુસ્તકાલયનો વહીવટ વ્યાયામ શાળા દ્વારા કરવામાં આવે છે. આ પુસ્તકાલયમાં સારા પુસ્તકો વાંચવા માટે જે તે સમયે વેઈટિંગ લિસ્ટ ચાલતું.

આજે પણ આ પુસ્તકાલયમાં દૈનિક સમાચારપત્રો, વિવિધ સામયિકો તથા ઘણી મોટી સંખ્યામાં પુસ્તકો ઉપલબ્ધ છે. જેનો નગરના વાંચનપ્રિય વ્યક્તિઓ લાભ લે છે.

## આકરૂન્દ પ્રા. શાળા લાઈબ્રેરી

એક સરકારી પ્રાથમિક શાળામાં અંદાજે એંશી લાખના માતબર રકમના લોકસહિયોગથી નિર્માણ પામેલ અદ્યતન લાઈબ્રેરી એટલે "સંદેશ લાઈબ્રેરી".

ગુજરાતની  કોઈ સરકારી પ્રાથમિક શાળામાં અંદાજે ૮૦ લાખ જેટલી માતબર રકમના લોકસહિયોગથી લાઈબ્રેરી નિર્માણ પામે આ વાતની કલ્પના પણ  અત્યંત રોમાંચક છે. પરંતુ વરિષ્ઠ પત્રકાર આદરણીય દેવેન્દ્રભાઈ પટેલ સાહેબની પ્રેરણાથી  કલ્પના સમાન લાગતી વાત અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના અકરુન્દ ગામમાં હકીકત બની  સામે ઊભી છે. આકરુન્દ ગામની સરકારી પ્રાથમિક શાળાના પરિસરમાં જ   મોર્ડન આર્કિટેક પ્લાન મુજબ વેલ ફર્નીસ્ડ, ઉત્તમ સુવિધા યુક્ત  ભવ્ય અને આલીશાન બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યું છે. ઉનાળા દરમિયાન વિદ્યાર્થીઓ આરામદાયક રીતે વાંચી શકે તે માટે લાઈબ્રેરી વાતાનુકુલીત (એર કન્ડિશન્ડ ) સુવિધા ઉપલબ્ધ છે.અંતરિયાળ ગામડામાં વસતા ગરીબ વિદ્યાર્થીઓ માટે  શહેરમાં પણ ન મળે એવી અત્યાધુનિક સુવિધાઓથી "સંદેશ લાઈબ્રેરી"  સજ્જ છે.

કે.જી. થી કૉલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી તમામ સાહિત્યથી "સંદેશ લાઈબ્રેરી" ને સમૃદ્ધ કરવામાં આવી છે. સવિશેષ UPSC, GPSC, NIIT, SLET, TET, TAT જેવી વિવિધ  સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ઉપયોગી સંદર્ભગ્રંથો  વસાવવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની  જરૂરિયાત મુજબનાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષાના પુસ્તકો ઉપલબ્ધ છે. સાથે નાના બાળકો માટે ચિત્રવાર્તાઓ, બોધવાર્તાઓ, બાળવિશ્વકોશ, પ્રસન્નીકા, ભગવદ્ગોમંડલ,  એનસાક્લોપીડિયા  જેવા અતિ કિંમતી અને સાહિત્યના અણમોલ ખજાના સમાન અંતરંગ પુસ્તકોની વિશાળ શ્રેણી  લાઈબ્રેરીમાં વસાવવામાં આવી આવી છે.  મૂર્ધન્ય સાહિત્યકારોની અમર કૃતિઓ આ લાઈબ્રેરીની શોભા છે. ગામના નાગરિકો માટે ધાર્મિક સાહિત્ય પણ લાઈબ્રેરીમાં રાખવામાં આવ્યું છે.

પુસ્તકો ઉપરાંત વિદ્યાર્થીઓ ડીઝીટલ પ્લેટફોર્મથી અભ્યાસ કરી શકે એ માટે ઈન્ટરનેટની સુવિધા સાથે કોમ્પ્યુટર, પ્રિન્ટર અને ફોટોકોપી મશીન પણ મોજુદ છે. જેથી વિદ્યાર્થીઓ ઓનલાઈન રિસર્ચ સ્ટડી કરી શકે છે.

વિદ્યાર્થીઓ ઓનલાઈન મોટિવેશન સ્પીચ, મુવી કે કોઈ લાઈવ કાર્યક્રમ નિહાળી શકે એ માટે વિશાળ Android Smart TV અને Projector પણ મુકવામાં આવ્યું છે.




"સંદેશ લાઈબ્રેરી" પુસ્તક અને ડીઝીટલ ઉપકરણો થકી અભ્યાસ કરવા મોકળું મેદાન તો પૂરું પાડે જ છે. સાથે સાથે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન મળી રહે એ માટે દર મહિનાના બીજા શનિવારે "પ્રેરણા પરબ" નામે વ્યાખ્યાન માળા શરૂ કરી છે. જેમાં IAS, IPS જેવા ઓફિસર્સ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરે છે. આવનાર ઓફિસર વિદ્યાર્થીઓ સાથે મોકળા મને કારકિર્દી ઘડતર માટે માર્ગશન આપે છે. અને વિદ્યાર્થીઓને સફળ થવા માટે પ્રોત્સાહિત કરે છે. લાઈબ્રેરીમાં અભ્યાસ માટે આવનાર તમામ વિદ્યાર્થીઓને રોજ બપોરે નિઃશુલ્ક ચા-કોફી અને પૌષ્ટિક નાસ્તો પણ આપવામાં આવે છે.

લાઈબ્રેરીના પ્રથમ માળે મલ્ટીપલ યુઝ થઈ શકે એવું અદ્યતન સાઉન્ડ સિસ્ટમથી સજ્જ ઓડિટોરિયમ બનવવામાં આવ્યું છે. જ્યાં વિદ્યાર્થીઓ માટે વિવિધ સેમિનારનું આયોજન કરવામાં આવે છે. સાથે સાથે બ્રેઈન સ્ટ્રોર્મિંગને લાગતી વિવિધ ઈન્ડોર ગેમ્સ ત્યાં મુકવામાં આવી આવી છે. મેટ્રો સિટીની શાળા - મહાશાળાઓમાં રમત-ગમત માટેનાં જેવાં મોંઘા સાધનો ઉપલબ્ધ હોય, એવાં ટેબલ ટેનિસ, ચેસ, સ્કેટિંગ, કેરમ જેવી વિવિધ ગેમ્સ અહીં ઉપલબ્ધ કરાવ્યાં હોવાથી, અંતરિયાળ ગામડાના બાળકો પણ વિવિધ બૌદ્ધિક રમતોનો આનંદ માણે છે. બહાર ગામથી અભ્યાસ કરવા માટે આવતા વિદ્યાર્થીઓ માટે ભવિષ્યમાં અહીં રોકાવવાની વ્યવસ્થા કરવાનું વિચારેલ છે.લાઈબ્રેરી અને આખું શાળા પરિસર Wi-Fi Contacted CCTV કેમેરાથી સુરક્ષિત છે. વ્યવસ્થાપક બહાર હોય તો પણ મોબાઈલ દ્વારા લાઈબ્રેરીની દેખરેખ રાખી શકે છે.

લાઈબ્રેરી સવારના ૭:00 વાગ્યા થી સાંજના ૭:00 વાગ્યા સુધી આબાલવૃદ્ધ સૌ માટે ખુલ્લી છે. ગામડાની કેટલીય પ્રતિભાઓ સુવિધા અને માર્ગદર્શનના અભાવે ગામડાની કેટલીય પ્રતિભાઓનું ભાવિ અંધકાર મય બની જતું હોય છે. એટલે આવા પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓના જીવન ઉત્કર્ષ માટે "સંદેશ લાઈબ્રેરી" એ યજ્ઞકાર્યનો શુભારંભ કર્યો છે. અને એટલે જ નોંધનીય બાબત એ છે કે શ્રેષ્ઠત્તમ સુવિધાઓ માટે એક પણ રૂપિયો ફી લેવામાં આવતી નથી. સૌ કોઈ માટે સઘળી સુવિધા વિનામૂલ્યે !

લાઈબ્રેરી નિર્માણ માટે દાતાઓ ધોધમાર વરસ્યા છે. લાઈબ્રેરીના નિર્માણ માટે "સંદેશ" અખબારના CMD આદરણીય ફાલ્ગુનભાઈ પટેલ સાહેબે ૧૧,00,000/- (અગિયાર લાખ ) રૂપિયાનું માતબર દાન આપ્યું છે. આવા વિરલ દાતાઓના દાનની સરવાણીથી જ અરવલ્લીના નાના અમથા ગ્રામીણ વિસ્તારમાં બેજોડ લાઈબ્રેરીનું નિર્માણ કાર્ય શક્ય બન્યું.

- ❖ સાબરકાંઠા જીલ્લામાં આ ઉપરાંત નીચેના પુસ્તકાલયો પણ વાચકોની વાંચન ભૂખ સંતોષે છે.
- ✍ કુટુંબ અને બાળ કલ્યાણ સમિતિ સંચાલિત વુડ હાઉસ લાઈબ્રેરી,  મુ. તા. ઈડર, જિલ્લો – સાબરકાંઠા (મહિલા)
- ✍ વડાલી નગરપાલિકા સંચાલિત, સાર્વજનિક પુસ્તકાલય , મુ.તા. વડાલી , જિલ્લો – સાબરકાંઠા (નગરકક્ષા – ૧ )
- ✍ કોહરલાલ હાથીચંદ ગાંધી સાર્વજનિક પુસ્તકાલય, તલોદ, જિલ્લો – સાબરકાંઠા
- ✍ સરકારી તાલુકા પુસ્તકાલય , મુ.તા. વિજયનગર, જિલ્લો- સાબરકાંઠા
- ✍ ગ્રામ પંચાયત સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય, પોશીના, જિલ્લો- સાબરકાંઠા

## ❖ સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના નામની યાદી

| સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના નામની યાદી | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | કાર્યકાળ ક્યારથી | કાર્યકાળ ક્યાં સુધી |
| 1 | શ્રી પ્રિયવદન એમ.જોષી | 02/06/1952 | 08/02/1955 |
| 2 | શ્રી મહેન્દ્ર બી. દવે | 09/02/1955 | 27/09/1955 |
| 3 | શ્રી ડાયાભાઇ જે પટેલ | 01/01/1958 | 09/04/1960 |
| 4 | શ્રી ગુનોમલ કે . હર્તા | 01/01/1960 | 10/07/1962 |
| 5 | શ્રી દિનકરાય એમ. વોરા | 11/07/1962 | 02/02/1964 |
| 6 | શ્રી ચંદ્રપ્રસાદ એમ. દેસાઈ | 03/02/1964 | 28/12/1964 |
| 7 | શ્રીમતી કમળાબેન એલ. થોરાત | 06/01/1965 | 04/04/1968 |
| 8 | શ્રી સુમનલાલ પી.શુક્લ | 05/04/1968 | 25/11/1971 |
| 9 | શ્રી રજનીકાંત એલ. ભટ્ટ | 29/11/1971 | 15/06/1976 |
| 10 | શ્રી હરિશ્ચંદ્ર બી. ચૌધરી | 16/06/1976 | 11/11/1981 |
| 11 | શ્રી નટવરલાલ એમ.શાહ | 07/12/1981 | 16/04/1982 |
| 12 | શ્રી મગનગીરી આર.ગૌસ્વામી | 17/04/1982 | 01/03/1984 |
| 13 | શ્રી દિનેશ ઓ.પંડ્યા | 20/03/1984 | 29/06/1985 |
| 14 | શ્રી ગુણવંતભાઈ જે.રાવલ | 01/07/1985 | 06/12/1989 |
| 15 | શ્રી પાનાચંદ એસ. વણકર | 07/121989 | 13/02/1992 |
| 16 | શ્રી શંકરભાઈ એમ. પરમાર | 04/06/1992 | 20/04/1994 |
| 17 | શ્રી રમેશભાઈ આર. પટેલ | 16/08/1994 | 11/09/1995 |
| 18 | શ્રી જયંતિલાલ ડી.મહેતા | 19/09/1995 | 23/05/1999 |
| 19 | શ્રી કેવળરામ પી. જોષી | 24/05/1999 | 31/01/2001 |
| 20 | શ્રી એ.બી.પટેલ | 08/02/2001 | 31/05/2004 |
| 21 | શ્રી પી.ટી. ડામોર ( ઇન્ચાર્જ) | 01/06/2004 | 01/07/2004 |
| 22 | શ્રી આર કે પટેલ | 02/07/2004 | 16/07/2007 |
| 23 | શ્રી એ.કે.રાઠોડ | 17/07/2007 | 26/05/2010 |
| 24 | શ્રી જે.ડી કાનાણી | 27/05/2010 | 30/06/2011 |
| 25 | શ્રી પી.એફ.પારગી | 01/07/2011 | 26/12/2011 |
| 26 | શ્રીમતી જે.એ.સોલંકી | 27/12/2011 | 31/12/2013 |
| 27 | શ્રી એમ.પી.પરમાર | 01/01/2014 | 04/03/2014 |
| 28 | શ્રી વી.એમ.ચૌધરી | 05/03/2014 | 17/11/2014 |
| 29 | શ્રી પી.કે.ત્રિવેદી | 18/11/2014 | 19/01/2016 |
| 30 | શ્રી બી.કે.ત્રિવેદી | 20/01/2016 | 30/05/2016 |
| 31 | શ્રી એચ.એમ રાજ્યગુરુ | 01/06/2016 | 30/06/2016 |
| 32 | શ્રી આર.એસ.ઉપાધ્યાય | 01/07/2016 | 11/12/2018 |
| 33 | શ્રી એસ.કે.વ્યાસ | 12/12/2018 | હાલ કાર્યરત |

❖ **સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓના નામની યાદી ( વર્ષ -૧૯૯૯ થી ...)**

| સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓના નામની યાદી ( વર્ષ -૧૯૯૯ થી ...) | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | કાર્યકાળ ક્યારથી | કાર્યકાળ ક્યાં સુધી |
| 1 | શ્રી સી.એમ.વાઘેલા | 17/05/1999 | 20/05/1999 |
| 2 | શ્રી પી.એચ દેવડા | 21/05/1999 | 24/05/1999 |
| 3 | શ્રી વી.જે.વાળંદ | 25/05/1999 | 21/10/1999 |
| 4 | શ્રી કે. પી. જોષી | 01/11/1999 | 15/12/1999 |
| 5 | શ્રી એમ.વી .પટેલ | 16/12/1999 | 31/01/2000 |
| 6 | શ્રી વી.જે.વાળંદ | 01/02/2000 | 09/05/2000 |
| 7 | શ્રી એ.બી.પટેલ | 10/05/2000 | 25/07/2001 |
| 8 | શ્રી આઈ. એમ. પટેલ | 26/07/2001 | 13/02/2002 |
| 9 | શ્રી એમ .કે. રાવલ | 14/02/2002 | 30/09/2003 |
| 10 | શ્રી એ.બી.પટેલ | 01/10/2003 | 31/05/2004 |
| 11 | ડૉ. સી .એસ .વ્યાસ | 01/06/2004 | 04/08/2005 |
| 12 | શ્રી જી.એમ.રબારી | 05/08/2005 | 20/06/2010 |
| 13 | શ્રી પી. એફ.પારગી | 21/06/2010 | 09/01/2012 |
| 14 | શ્રી પી.કે. ત્રિવેદી | 10/01/2012 | 18/01/2016 |
| 15 | ડૉ. બી.કે. ત્રિવેદી | 19/01/2016 | 31/05/2016 |
| 16 | શ્રી એચ.એલ.રાવલ | 01/06/2016 | 30/06/2016 |
| 17 | શ્રી આર. એસ. ઉપાધ્યાય | 01/07/2016 | 05/12/2018 |
| 18 | સુ. શ્રી એમ.એમ ગઢવી | 06/12/2018 | 26/08/2020 |
| 19 | શ્રી એચ. એચ .ચૌધરી | 27/08/2020 | હાલ કાર્યરત... |

# પ્રકરણ -૯

# સંદર્ભ સાહિત્ય


- " સામગા" - માણેક મહોત્સવ ( બી. ડી.શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન)
- "સમન્વય"- સંત શ્રી રામજી બાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય)
- કેળવણી ની કેડીએ સંપાદક- એમ. આઈ. પટેલ- નિવૃત્ત આચાર્ય માય ઓન હા. હિંમતનગર.
- અડધી સદી ની અનોખી શિક્ષણપાત્ર : મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા.
- શતાબ્દી મહોત્સવ : મોડાસા કેળવણી મંડળ.(૧૯૧૯-૨૦૧૯)
- Important statactics of sabarkantha district,૧૯૬૧,૧૯૭૧,૧૯૮૧,૧૯૯૧,૨૦૦૧
- અરવલ્લી દર્શન- સાબરકાંઠા પ્રકાશક: જિલ્લા વહીવટી પ્રશાસન વિકાસ સમિતી, હિંમતનગર, સાબરાંઠા. વર્ષ: નવેમ્બર ૨૦૦૬
- "રજત જયંતી સ્મરણીકા"- શ્રી જાદર વિભાગીય કેળવણી મંડળ- જાદર
- "સુવર્ણ જયંતિ સ્મરણીકા"- 'હિંમત'- હિંમત હાઈસ્કૂલ, હિંમતનગર.
- _આલોક"- 'અર્ધ શતાબ્દી યાત્રા': સુવર્ણ જયંતિ વર્ષ : ૧૯૫૯-૨૦૦૯ વિશ્વમંગલમ - અનેરા - વૃંદાવન
- સંભારણા સંસદનાં :- સાબરકાંઠા સંસદીય ક્ષેત્ર ૧૫ મી લોકસભા ( ૨૦૦૯ થી ૨૦૧૪) ડૉ મહેન્દ્રસિંહ ચૌહાણ સાંસદ- સા.કાં.
- "સોનેરી માનવી" ડૉ કરશનદાસ સોનેરી અભિવાદન ગ્રંથ
- સંભારણા:- વર્ષ ૨૦૦૯-૧૦ સંતશ્રી રામજીબાપા ક.ક.પા. કન્યા વિદ્યાલય શ્રી કચ્છ કડવા પાટીદાર કન્યા છાત્રાલય.
- https://ishwarprajapati1983.blogspot.com
- અરવલ્લીની અસ્મિતા – શ્રી ઈશ્વરભાઈ પ્રજાપતિ



















જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અરવલ્લી (મોડાસા)
કોલેજ કેમ્પસ, ધનસુરા રોડ,
મુ.પો.તા. મોડાસા, જિ.અરવલ્લી.
પીન- 383315
ઇ-મેલ: dietaravalli@gmail.com

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ઇડર (સાબરકાંઠા)
લાલોડા રોડ,
મુ.પો.તા. ઇડર, જિ. સાબરકાંઠા.
પીન- 383430
ઇ-મેલ: dietidar@gmail.com